# હિમગિરિમાં યોગી

**('A hermit in the Himalayas' નો ગુજરાતી અનુવાદ)**




## મુળ લેખકઃ પોલ બ્રન્ટન

## અનુવાદઃ યોગેશ્વર

## NOTICE

**સર્વ હક્ક લેખકને સ્વાધીન**

**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.

E-Book

Title : Himgiri ma Yogi

Language : Gujarati

Version : 1.1

Pages : 99

Created : April 12, 2008.



### NOTE

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version. However, if you find any error or omissions, please let us know. Your comments are welcome.

☼ ☼ ☼ ☼ ☼

## શ્રી યોગેશ્વરજી

(૧૫ ઓગષ્ટ, ૧૯૨૧ - ૧૮ માર્ચ, ૧૯૮૪)



"મનુષ્ય જીવનનું એકમાત્ર ધ્યેય પરમાત્માની પ્રાપ્તિનું છે."



## શ્રી યોગેશ્વરજીના હસ્તાક્ષર



## <u>પ્રસ્તાવના</u>

જીવનના ઉચ્ચોચ્ચ આધ્યાત્મિક રહસ્યોના ઉદ્દઘાટનની ઈચ્છાવાળા, આત્મિક ઉન્નતિની સાધનાના સર્વોત્તમ શિખર પર પહોંચીને સનાતન શાંતિની અભિરુચિવાળા, અસાધારણ સંસ્કાર-સંપન્ન આત્માઓનો આવિર્ભાવ જેમ ભારતમાં થાય છે તેમ અન્યત્ર પણ થતો રહે છે. એ સત્યના સાક્ષાત્કાર માટે કૃતસંકલ્પ બનીને ઉત્સાહપૂર્વક આગળ વધે છે અને વૈજ્ઞાનિક વિચારધારાને વફાદાર રહીને અવનવા પ્રયોગો કરે છે, કષ્ટો વેઠે છે, અને અનુભવો મેળવે છે. પ્રસ્તુત પુસ્તકમાં એવા એક અસાધારણ પ્રતિભાસંપન્ન પ્રયોગવીરના અનુભવનો ઈતિહાસ છે. એ પ્રયોગવીર પૉલ બ્રન્ટન, હિમાલયના દિવ્ય મહિમાથી આકર્ષાઈને ત્યાં ગયા, વસ્યા, અને કેવા કેવા અનોખા અનુભવોમાંથી પસાર થયા, તેનો અદભૂત આહ્લાદક ઈતિહાસ ખરેખર પ્રેરક તથા રસપ્રદ છે.

'ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં' નામના પુસ્તકના લેખક શ્રી પૉલ બ્રન્ટન એ પુસ્તકમાં વર્ણવેલ અનેકવિધ અનુભવોમાંથી પસાર થયા પછી હિમાલયની દૈવી ભૂમિમાં આત્મિક શાંતિ માટે રહેલા. એમણે એ સમયનાં સંસ્મરણોને જે રીતે લિપિબદ્ધ કર્યાં છે તે રીત અન્ય સાધકોનો ઉત્સાહ વધારનારી અને ઉપયોગી છે. એથી અનેકને લાભ થશે અને માર્ગદર્શન મળશે.

'ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં'ની પેઠે પ્રસ્તુત પુસ્તક પણ લોકપ્રિય બનશે એવી આશા છે.

- યોગેશ્વર
મસૂરી (હિમાલય)

☼ ☼ ☼ ☼ ☼

## અનુક્રમણિકા


૧. હિમાલયમાં ઘોડાની પીઠ પર
૨. પવિત્ર દેવમંદિર
૩. શાંતિની સાધના
૪. પ્રકૃતિનો મહિમા
૫. બે યોગીઓની અણધારી મુલાકાત
૬. પત્રો તથા સંદેશાઓ
૭. ભવિષ્યવાણી
૮. સ્વતંત્ર વિચારધારા
૯. કુદરતનો આનંદ
૧૦. યોગી પ્રણવાનંદનો મેળાપ
૧૧. ચાર્લી ચેપલીનની તસવીર
૧૨. અનુભુતિ
૧૩. ચિત્તાનો પ્રસંગ
૧૪. નેપાળના રાજકુમાર
૧૫. પ્રવાસનો પ્રારંભ
૧૬. પ્રતાપનગરમાં
૧૭. રીંછનો પ્રસંગ
૧૮. ઉપસંહાર


☼ ☼ ☼ ☼ ☼

## ૧. હિમાલયમાં ઘોડાની પીઠ પર

મારી મુસાફરીનો અંતિમ તબક્કો પૂરો થવાની તૈયારીમાં હતો. દક્ષિણ ભારતનો ત્રિકોણાત્મક ગરમ પ્રદેશ છોડ્યા પછીનાં સપ્તાહોની સાર્થક સફર પછી એ રાતે હું મારી પથારીમાં એવી સુખદ સભાનતા સાથે પ્રવેશવાનો હતો કે સંભવતઃ ઘણા લાંબા સમય સુધી મારે મારા બદામી રંગના કામળાઓને ને સફેદ ચાદરોને બિસ્તરમાં બંધ નહિ કરવાં પડે.

મુસાફરીનો એ ફેરફાર આવકારદાયક નહોતો એમ નહિ. ક્રમશઃ નીચે જતાં થર્મોમીટરથી સૂર્યથી શેકાતા શરીરને રાહત મળતી, અને વિવિધરંગી ચિત્રવિચિત્ર દ્રશ્યો તથા સ્થળો મંદ બુદ્ધિવાળા માનવની કુતૂહલવૃત્તિમાં પણ વધારો કરતાં. ઉનાળાની ભયંકર ગરમીવાળા ગૂંગળાવી નાખતા મેદાની પ્રદેશમાંથી અન્યત્ર પ્રવેશનારા અંગ્રેજ પ્રવાસીને રાહત મળે અને આઝાદીનો અનોખો અનુભવ થાય એ સ્વાભાવિક હતું.

મુસાફરી દ્વારા જૂના મિત્રોને મળવાની ને નવા મિત્રો બનાવવાની તક મળતી. જેની મિત્રતાનું નિર્માણ વ્યક્તિગત સ્વાર્થ અથવા સાંસારિક સર્જનોના આધાર પર થવાને બદલે આધ્યાત્મિક સંબંધને અનુલક્ષીને થતું હોય છે એના મિત્રો વધારે નથી હોતા એ સાચું છે. એવી મિત્રતામાં આત્માના આદેશને અનુસરવું પડે છે, અને જુદી જુદી જાતની સમજ તથા ગેરસમજને લીધે ઈશ્વર જેમને મિત્રો તરીકે સાથે રહેવાનો આનંદ આપ્યો એમની વચ્ચે ઓળંગી ન શકાય એવા અંતરાયો ઊભા કરે છે. મારા વર્તમાન પ્રવાસ દરમિયાન થયેલા છૂટાછવાયા ઉપલક પરિચયો અને ગાઢ મેળાપોમાં મેં જે આત્મીયતા જોઈ એનો પુનઃ વિચાર કરતાં મને આશ્ચર્ય થાય છે અને લાગે છે કે આત્માની સાથેના તૂટ્યાફૂટ્યા અને સાધારણ અનુસંધાનથી પણ જીવનમાં અનેક પ્રકારની શક્યતાઓ ઊભી થાય છે. મારા અનેકવિધ સ્થૂળ અનુભવોની સ્મૃતિ એની સાક્ષી પૂરે છે.

ભરચક બજારમાં જેમની દુકાનનો ભાગ્યોદય થયેલો એ મૂલ્યવાન રેશમી વસ્ત્રોમાં શોભતા ચશમાંવાળા વેપારી; હું બરફવાળું ઠંડું પીણું પીતો હતો ત્યારે રાજકારણ અને અર્થશાસ્ત્રની વાતો કરનારા વર્તમાનપત્રના સુતીક્ષ્ણ બુદ્ધિસંપન્ન સહતંત્રી; અતિશય ટૂંકા પગાર માટે આખા અઠવાડિયા દરમિયાન વહેલી સવારથી મોડી રાત સુધી મહેનત કરનારો નિરક્ષર કારીગર; જેની કમનસીબ કંગાલિયત એ હકીકત પ્રત્યે અંગુલિનિર્દેશ કરતી કે જીવનના સંગ્રામમાં જે પ્રસ્વેદનો અનુભવ કરે છે પરંતુ રક્તસ્ત્રાવ નથી કરતા એટલે કે સમર્પિત નથી બનતા એ જીવનના વાસ્તવિક અર્થને નથી જાણતા, નૈતિક મૂલ્યોની માવજતમાં તથા સંયમમાં પ્રામાણિકપણે માનનારા અને આજની યુવાન પેઢી પર પડેલી એના અધઃપતનની અસર વિશે દુઃખદ શબ્દો દ્વારા ટીકાટિપ્પણી કરનારા, વિક્ટોરિયન યુગના વારસ જેવા, મધ્યમ વયના, ઉદાત્ત મનના, મહારાજા; શિક્ષણની ચીલાચાલુ પુરાણી પ્રથા સુધારવા માટે આધુનિક મૌલિક દૃષ્ટિથી અને અદમ્ય ઉત્સાહથી પરિશ્રમ કરનારા યુવાન અંગ્રેજ હેડમાસ્તર; ભારતના એક મોટા રાજ્યની સરકારમાં પોતાની શક્તિથી કેન્દ્રસ્થાને પહોંચેલા, પોતાના પ્રવાહી અસ્ખલિત વાર્તાલાપ દ્વારા બૌદ્ધિક સંતોષ પ્રદાન કરનારા, શક્તિ-સંપન્ન, પ્રભાવશાળી મંત્રી મહોદય; અમને એકમેકની સાથે જોડનારા આદરભાવની આગળ આવતા વિચારભેદોને યોગ્ય રીતે જ મહત્વના ન માનનારા એક શંકરાચાર્ય; ત્યાગી, યોગી અને યાત્રીઓ જ્યાં

કાયમી અથવા કામચલાઉ મુકામ કરે છે તે ઋષિકેશની આગળના ગંગાકિનારે બેસીને રહસ્યમય આત્માઓનું ધ્યાન કરનારા નિર્ધન અપરિગ્રહી યોગી; એમણે ખૂબ જ શાંતિપૂર્વક મને કહી બતાવેલું કે આત્માને શરીરથી અલગ કરીને એ દૂરના કલકત્તાનાં દ્રશ્યો કેવી રીતે દેખી શકતા અને લંડનના ટ્રાફિક પર દૃષ્ટિ પડતાવેંત એનો અવાજ સાંભળી શક્યા : અને પેલી આત્મસાક્ષાત્કારના અપવાદરૂપ ઉચ્ચ અવસ્થા પર પહોંચેલી, પોતાના મુખ દ્વારા સાધ્વી ટેરેસાની પરમશાંત ધન્ય મુખમંડળનું સ્મરણ કરાવતી, ભક્તોના વિશાળ વૃંદથી વીંટળાઈને અર્ધ ઉઘાડેલી આંખે બેઠેલી યુવાન બંગાળી સન્નારી; એક ધોળી દાઢીવાળો, પાતળો, વાંકો વળેલો વયોવૃદ્ધ મુસલમાન, જે મને દિલ્હીની ગંદી ગલીઓમાંથી અને સાંકડાં બજારોમાંથી ભારતની મોટામાં મોટી મસ્જિદ જુમ્મા મસ્જિદમાં લઈ ગયેલો. ત્યાં લઈ જઈને એણે મક્કાની યાત્રાનાં પોતાના સાહસોનું વર્ણન કરેલું ને કહેલું કે સંસારમાંથી વિદાય થતાં પહેલા મારી પ્રસન્નતા માટે એક બીજી યાત્રાની તૈયારી કરી રહ્યો છું : એ શ્વેત દાઢીવાળા સદ્દગૃહસ્થ તત્વજ્ઞાન સાથે થોડાક વિનોદનું સંમિશ્રણ કરી શકતા તેથી પ્રિય થઈ પડતા.

કેટલાક વરસોની ગેરહાજરી પછી પરદેશમાં મારે એક નગરની મુલાકાત લેવાનો અવસર આવ્યો ત્યારે મારા એક મિત્રે નગરનાં નામાંકિત મનુષ્યોને મળી શકાય તે માટે મારા માનમાં પાર્ટી યોજવાનો પ્રસ્તાવ રજૂ કર્યો. મેં ઘસીને ના પાડી. કોઈ પણ નગરનાં નામાંકિત મનુષ્યોને મળવાની મને ઈચ્છા જ નહોતી. એવી ઉપાધિમાં શા માટે પડવું જોઈએ ? મેં પત્રકાર તરીકે, તંત્રી તરીકે, અને થોડાંક સારાં પુસ્તકોના લેખક તરીકે અલ્પ કામ કરેલું. મેં થોડીક અસામાન્ય શોધો પણ કરેલી. એ સિવાય બીજું કશું જ નહોતું કર્યું. અસંખ્ય માનવોએ એવું અને એથી પણ વધારે કર્યું છે. હું કશુંક મહત્વનું મેળવવા જેવું મેળવી લઉં, આત્માના હિમગિરિશિખરને સર કરું, ત્યારે પાર્ટી આપવાનો વિચાર કરજો. એવી પરિસ્થિતિ કદાચ પેદા થશે તો પણ એ વખતે મને શંકા છે કે નગરના નામાંકિત માનવો મને મળવાની મરજી નહિ બતાવે !

જેમને મળવાનું મન થાય એવાં બીજા માનવો છે. પરંતુ એમને મળવાના સમયનો અભાવ છે. મારે મારા ઉત્તર માર્ગે આગળ વધવામાં વિલંબ ન કરવો જોઈએ. કારણ કે મારે એક ધ્યેય છે, પ્રયોજન છે, અને એ પણ જેનું મહત્વ મારે મન સૌથી વધારે છે એવું છે.

*

હવે હું મજબૂત, માટી જેવા રંગના પર્વતીય ઘોડાના જીન પર પગ પહોળા કરીને બેઠો, એની ગરદનની આજુબાજુ બાંધેલી ઘંટડીઓનો તાલબદ્ધ સુસંવાદી રણકાર સાંભળવા લાગ્યો. અને પાતળી હવાથી ભરેલા હિમાલયના શિખરો તરફ લઈ જતા ઊંચા, લપસી પડાય તેવી પગદંડીવાળા રસ્તા પરથી મંદ ગતિએ આગળ વધવા માંડ્યો. અમને બન્નેને થાક નહોતો લાગ્યો અને અમારા અંતિમ પડાવને જ્યારે પણ આવે ત્યારે વધાવી લેવા માટે અમે તૈયાર નહોતા અથવા મારા નોકરના નેતૃત્વ નીચે સામાન લઈને આવનારી અડધા માઈલ જેટલે દૂર રહી ગયેલી મજૂરોની મંડળીને પણ એમનું નક્કી કરેલું ભાડું લેતાં અને અમારી પાસેથી વિદાય થતાં આનંદ નહોતો થવાનો એવું કહેવાનું બરાબર નહોતું. ઘોડાએ સ્વચ્છંદતાપૂર્વક સાંકડા પગદંડી જેવા રસ્તાની ધાર પર ચાલવાની ક્લેશકારક કમનસીબ ટેવ પાડેલી. એ ધારની નીચે છૂટાંછવાયા વૃક્ષોવાળી ત્રણ હજાર ફૂટ ઊંડી ખીણ દેખાતી. માર્ગની બીજી બાજુએ વાંકીચૂકી કોરી કાઢેલી સીધી પર્વતપંક્તિ હતી. ઘોડા માટે એ ભયંકર પગદંડી પરથી ઊથલીને અતિશય વેગપૂર્વક નીચે પડવાનું

અને આખરે ધરતી પર ઢળવાનું કામ સહેજ પણ કઠિન ન હતું. નીચેની ઊંડી ખીણમાં ગબડી પડવાનો વિચાર મને પસંદ નહોતો પડતો, મને થયા કરતું કે ઘોડાને દૃઢતાપૂર્વક પકડવો જોઈએ. હું એની ડાબી લગામ વારંવાર ખેંચ્યા કરતો તો પણ સહેજ પણ મોકો મળતાં એ અવારનવાર પર્વતીય રસ્તાની ધાર તરફથી ચાલવા લાગતો. એને એના સર્વનાશ તરફ શા માટે આકર્ષણ થતું તેની મને ખબર નહોતી પડતી, પરંતુ ઊંડા ખીણપ્રદેશમાં પડવાના એના ભાવિ ભાગ્યના ભાગીદાર થવાની ઈચ્છા પણ હું નહોતો રાખતો.

જીવનના એવા અગત્યના અવસરે એને એના અસ્તિત્વનો અંત આણવાનો વિચાર શા માટે થતો હશે તેની ખબર મને નહોતી પડતી, પરંતુ તે દિવસે બપોરે એણે જાણી જોઈને એના જમણા પગના ઘૂંટણને રસ્તાની ધાર પર વાળી દીધું. એને પરિણામે હું લપસી પડ્યો, મને ઠેસ વાગી, હું જમીન પર પડી ગયો, મારા મુખમાંથી આર્ત અવાજ નીકળ્યો, અને મને ખભે વાગ્યું પણ ખરું. મને થયું કે અમારે બન્નેને માટે મન મૂકીને ગંભીરતાપૂર્વક વાતચીત કરવાનો વખત આવી પહોંચ્યો છે, અને મેં એ હઠાગ્રહી દુઃખી પ્રાણીને આડમાર્ગે આગળ વધવાની ભૂલ બતાવવાનો પ્રયાસ કર્યો. મારા વાર્તાલાપનું પરિણામ દેખીતી રીતે કાંઈક સારું આવ્યું. કારણ કે એણે એનું શોકમગ્ન છતાં સુંદર મસ્તક થોડુંક ઉપર ઉઠાવ્યું અને એના પગને વાંકા વાળ્યા. એ પછી એના ડાબલાને ખૂબ જ સંભાળપૂર્વક સીધા કરીને ક્ષણમાત્રમાં જ અમને બન્નેને એ ભયંકર અધઃપતનમાંથી ઊગારી લીધા. મેં એને પુરસ્કારરૂપે કેટલાક ચમચા ખાંડ ખવડાવી. મજૂરોના નેતાએ મને જણાવ્યું કે ઘોડાની અનાવકારદાયક અશુભ આદત એને એનાં તિબેટનાં માતાપિતા તરફથી વારસામાં મળી છે. એમની પીઠ પર લાદવામાં આવતા માલના થેલાઓના ભારને લીધે એ પગદંડીની બહારની બાજુએ ચાલવા ટેવાયેલા. એવી રીતે ચાલવાથી એ થેલાઓ બીજી બાજુની પર્વતપંક્તિથી બચી શકે.

સૂર્ય દિવસભર આશ્ચર્યકારક તાપ સાથે તપતો રહ્યો. એ તાપ એટલો બધો સખત નહોતો પરન્તુ સહન કરી શકાય તેવો હતો. એ યુરોપના ઓગસ્ટ મહિનાના અનુકૂળ હવામાનનું સ્મરણ કરાવતો. મેદાની અશાંત પ્રદેશની ભયંકર, કંટાળાજનક, અસહ્ય ગરમીની સરખામણીમાં એ વાતાવરણ સાચેસાચ સ્વર્ગીય લાગતું.

વળાંક પર વળાંક લેતો પર્વતમાર્ગ ઉપર ને ઉપર ચડતો જતો હતો. એ માર્ગ પરથી પસાર થતાં જે અસાધારણ આશ્ચર્યકારક અવનવા સૌંદર્યનું દર્શન થતું એ મારી મંત્રમુગ્ધ આંખ માટે ઉત્સવરૂપ બનતું. પ્રકૃતિ આટલા બધા ઉદાર દિલે છૂટા હાથથી આટલી બધી વૈવિધ્યપૂર્ણ આકારવાળાં ગગનચુંબી પર્વતશિખરો અને અનેકવિધ પર્વતમાળાઓની રચના કરી શકે છે એ હકીકતનો સ્વીકાર પ્રકૃતિનું નિરીક્ષણ કરવા ટેવાયેલી અંગ્રેજની દૃષ્ટિ ભાગ્યે જ કરી શકે. જે તરફથી ને જ્યારે પણ એનું અવલોકન કરવામાં આવતું તે તરફથી ને ત્યારે હિમાલયની પહેલવાની પર્વતમાળા પેખીને સ્તબ્ધ બની જવાતું. ઉત્તર-પૂર્વ દિશામાં હિમનો સનાતન સમૂહ દેખાતો. બરફની એ ગગનગામી વિશાળ દીવાલને લીધે, યાતાયાતના પ્રત્યેક શક્ય સાધન દ્વારા મૈત્રીપૂર્ણ વ્યવહાર સંબંધથી સંધાયેલા સંસારમાં તિબેટનો પ્રદેશ સંદેહાત્મક, રહસ્યમય, એકાંત અને વિદેશી જેવો બની ગયેલો. એ પ્રદેશ પોતાના અંગોપાંગો જેવી પર્વતપંક્તિઓને પોષતો, અને પડછાયાવાળી ખીણોના પાયામાંથી આગળ વધીને બરફથી ઢંકાયેલી સફેદ ગરદનને અને બરફવાળા વાદળી મસ્તકને આકાશ તરફ ઊંચા કરતો. એની ઉપર તેજસ્વી બરફના પુંજ પ્રકાશ્યા કરતા. પૂર્વમાં જંગલથી ઢંકાયેલી

લાંબી અનિયમિત પર્વતપંક્તિઓ અને ટોચના વારાફરતી દર્શન થતાં. એક પછી એક દેખાતી એ સુંદર પર્વતપંક્તિઓ આખરે ક્ષિતિજમાં વિલીન થતી. પશ્ચિમમાં નીચે દૃષ્ટિપાત કરવાથી ઊંડી વનરાજિથી ભરેલી લીલીછમ ખીણ દેખાતી. એ હજારો ફૂટ નીચે ફેલાઈને પૃથ્વી તથા પર્વતનો સમાગમ સાધતી અને એમને વિશાળ પ્યાલાનો આકાર આપતી. દક્ષિણે મસ્તક ઊંચું કરી, ગરદન વાળીને નજર નાખતાં મારા ઘોડાની બાજુમાં સમીપવર્તી પ્રદેશમાં પોતાનું પ્રભુત્વ સ્થાપિત કરતું જાંબુડિયા રંગનું ઉત્તુંગ પર્વતશિખર દેખાતું. એ અનંત, પાર વિનાની પર્વતમાળામાં મેદાની પ્રદેશનાં સપાટ ખેતરો અને ભૂમિખંડોની સરખામણીમાં નક્શો બનાવવાનું કાર્ય વધારે કઠિન લાગતું.

એ આખું દૃશ્ય એના અસાધારણ આનંદને લીધે મેં જોયેલા બીજા કોઈ પણ કુદરતી સૌંદર્યદૃશ્ય કરતાં વધારે આકર્ષક લાગ્યું. પ્રકૃતિના પારિતોષિકને મેં સાભાર વધાવી લીધું. એ દેશને બનાવનારા દેવો સૌંદર્યનું આકંઠ પાન કરી ચૂક્યા હોવા જોઈએ. ત્યાંનું અદભૂત સૌંદર્યદૃશ્ય કલ્પનાતીત હતું. એની દ્વારા મનને પ્રેરણા મળી અને આત્મા ઉદાત્ત બન્યો. મને શેલી થવાનું સૌભાગ્ય સાંપડ્યું હોત તો એ પ્રદેશના દર્શનથી ઊર્મિશીલ બની જાત. પરંતુ અફસોસની વાત છે કે હું શેલી ન હતો. મહાન હિમાલયના અણુએ અણુમાં અવર્ણનીય શાંતિ છવાયેલી ને પ્રેરણાત્મક ભવ્યતા ભરેલી. હિમાલયના એ પાવન પ્રદેશમાં સભ્યતા એટલી બધી પ્રાચીન હતી, શહેરોનું અંતર એટલું બધું દૂરનું હતું, અને શાંતિ એટલી બધી વ્યાપક હતી કે વાત નહિ. એમાં પર્વતારોહણનો સાચો આનંદ અનુભવી શકાતો. એ પર્વતો અનંતતાનો સંદેશો આપતા. દક્ષિણમાં એવી પણ પર્વતમાળાઓ જોવા મળી જે ભૌગોલિક રીતે વધારે પુરાણી કહેવાતી. એ પ્રદેશમાં માનવને વિશ્વની પરમસત્તાના સાક્ષાત્કારનું સૌભાગ્ય સાંપડ્યું. એ પરમદિવ્ય સત્તાએ માનવસર્જિત કોલાહલયુક્ત ગીચ શહેરોની પાછળ સંતાવાને બદલે પોતાના પ્રશાંત પ્રભાવોત્પાદક મધુર મુખમંડળને પ્રત્યક્ષ રીતે પ્રકટ કરેલું અને જંગલી રૂપ ધારેલું. હિમાલય પ્રકૃતિના ભવ્ય પરમોદાત્ત તત્વોના પ્રતીક જેવો જણાયો.

*

અમે સાંકડી પગદંડી પરથી ઉપર ચડવાનું ચાલુ રાખ્યું. હિમાલયના ચઢાઈવાળા રસ્તા જીવનના ચઢાઈવાળા માર્ગોને મળતા આવતા. એ વાંકાચૂકા કઠિન રસ્તા પરથી મેં મારા કાનમાં સંગીતશ્રવણ સાથે આગળ વધવાનું સાહસ કર્યું. ઈશ્વર મને આગળ અને આગળ આકર્ષવા લાગ્યા. હું ઘોડા પર આગળ વધી રહેલો, કેવલ હિમાલયમાં નહિ પરંતુ સ્વર્ગમાં. એક દુનિયા છોડીને બીજી વધારે સારી દુનિયાની ખોજમાં નીકળેલો. મને કોઈ મુશ્કેલી નહોતી નડી અને નડવાની પણ ન હતી, કારણ કે સૌથી પહેલાં એણે મારા હૃદયપ્રદેશમાં પ્રવેશવાનું હતું અને એ સહેજ પણ શક્ય નહોતું. પરમાત્મામાંથી પ્રવાહિત થતા પ્રેમથી વાયુમંડળ મધુર લાગતું. પર્વતો એમના પોતાના સૌંદર્યથી નહિ પરંતુ પરમાત્માના સૌંદર્યથી સુપ્રકાશિત લાગ્યા. મારો સમસ્ત પ્રવાસ પરમ યશસ્વી કાવ્યના પ્રતીક જેવો થઈ ગયો. એ જાણે કે પરમસત્વની શોધ માટે થઈ રહેલો.

જંગલોથી વીંટળાયેલી પ્રચંડ પર્વતમાળામાંથી એક ઝરણું વહી રહેલું. આગળ જતાં એની કાયા સહેજ ઊંડી થઈને ખીણ તરફ વહેવા લાગેલી. એને જોઈને ઘોડો એકાએક ઊભો રહ્યો. એણે જમીન તરફ નીચા નમીને પાણી પીવા માંડ્યું. મેં જો એનો વિચાર અગમચેતી વાપરીને અગાઉથી ન જાણી લીધો હોત

તો હું નીચે પડીને ઝરણાંમાં વહેવા માંડત. મેં પ્રથમથી જ નીચે ઊતરી પડવાની સાવચેતી રાખી. એ સ્થળથી આગળનો રસ્તો તદ્દન સીધો હોવાથી અમે જરા ઝડપી ગતિથી આગળ વધ્યા.

આખરે સૂર્યાસ્તનો સમય સમીપ આવ્યો એટલે ગરમી ત્વરિત ગતિથી ઘટવા લાગી. આકાશે પારદર્શક વસ્ત્ર પહેરવા માંડ્યું. એટલે આજુબાજુના સમસ્ત પ્રદેશ પર પીળા રંગની તેજસ્વી છાયા ફરી વળી.

એકાદ વાર કોયલનો સ્વર સંભળાયો. એણે મને યુરોપમાં વસંતઋતુના પુનરાગમનના વિચારે ચડાવ્યો.

સૂર્યાસ્તને લીધે રંગોના ઝડપી ફેરફાર થવા લાગ્યા. હિમાચ્છાદિત દિવ્ય ગગનચુંબી શ્વેત પર્વતશિખરો અને ખીણો સૂર્યના સંકેલાઈ રહેલાં કિરણોને લીધે પરવાળા જેવાં સફેદ તથા ગુલાબી લાગવા માંડ્યાં. એ દૃશ્ય પણ કામચલાઉ નીવડ્યું. અસ્તાચલ પર પહોંચતા સૂર્યને લીધે ચાંદી જેવી સફેદ બરફ પર જાતજાતના રંગો પ્રકટવા લાગ્યા અને નીચેની વનસ્પતિથી વીંટળાયેલી ખીણમાં ભગવો રંગ ફરી વળ્યો. લાલ રંગમાંથી સોનેરી રંગ થયો અને સોનેરી રંગ એક વાર પુનઃ પીળામાં પરિણમ્યો. અંતિમ સૂર્યકિરણોએ વિદાય લીધી ત્યારે રંગોએ પણ પર્વતમાળાનો પરિત્યાગ કર્યો. પર્વત પર સફેદ દૂધ જેવા બરફ સિવાય બીજું કાંઈ જ ન રહ્યું. સમસ્ત પર્વતીય પ્રદેશમાં તરત જ એક પ્રકારની અનિશ્ચિતતાની હવા ફરી વળી. પરંતુ પર્વતપંક્તિ પાછળથી વહેલી તકે ચંદ્રોદય થયો. એ ચારુ ચંદ્રપ્રકાશમાં મારી આંખ આજુબાજુનાં અંધકારથી ટેવાઈ ગઈ'તી ત્યારે, અમે અમારો માર્ગ સ્પષ્ટ રીતે જોઈ શક્યાં. લાંબા વખતના વાંકાચૂકા પર્વતપંથના પ્રવાસ પછી અમે વનરાજીથી વીંટળાયેલી પર્વતની ધાર પર પહોંચી ગયા ત્યારે અંધકારથી ઘેરાઈ ગયા અને વૃક્ષોની વચ્ચેથી માર્ગ કાઢવાનું કપરું થઈ પડ્યું. છેવટે અમે એક વાર ફરીથી ચાંદનીમાં પ્રવેશ્યા, અને ઘોડાએ પોતાની આગળ ત્રણ માઈલનો સીધો સપાટ રસ્તો જોયો.

એવા માર્ગનો મુખ્ય દેખીતો, વ્યવહારુ લાભ એ હોય છે કે તમે બનતા સુધી તમામ રસ્તો નથી ભૂલતા. ત્યાં કોઈ માર્ગદર્શક થાંભલા કે પાટિયા નથી હોતાં કારણ કે એમની આવશ્યકતા નથી હોતી. તમે આગળ વધો, પાછળ ચાલો અથવા પીછેહઠ કરો તો પણ પર્વતના ઊંચા શિખરો સર કરતાં અને અવનવી ખીણો પાર કરતાં શીખ્યા હો તો બીજે ક્યાંય ન જઈ શકો. અજાણ્યા શહેરમાંથી પસાર થતી વખતે ભૂલા પણ પડી જવાય. એની સાથે સરખાવતાં એ વસ્તુ વધારે સારી કહેવાય.

હવે પ્રવાસનો છેલ્લો તબક્કો શરૂ થયો. અમે એક ભયંકર છતાં સુંદર પ્રેતસૃષ્ટિમાંથી પસાર થવા માંડ્યા. ચંદ્રની ચારુ ચાંદનીમાં વૃક્ષોના પાંદડાં રૂપેરી દેખાયાં અને થડ તુષારાચ્છદિત શિલાખંડમાંથી કોરેલાં જણાયાં. ઉત્તુંગ પ્રચંડકાય પર્વતો પર પથરાયેલી ચાંદની અવનવું અવર્ણનીય દૃશ્ય પેદા કરતી. મેં નવેક વાગ્યા હશે એવું અનુમાન કર્યું. એ અનુમાન ચોક્કસ કહી શકાય નહિ. મારું કાંડાઘડિયાળ કમનસીબ અકસ્માતમાં તૂટી ગયું હોવાથી, સભ્યતાના સંસારમાં પુનઃપ્રવેશ કરું ત્યાં સુધી મારે ટાઈમ વગર જ રહેવાનું હતું. મને એને લીધે કોઈ નોંધપાત્ર નુકશાન થવાનું ન હતું કારણ કે થોડા મહિના સુધી હું તથા કાળ એકમેકથી અલગ રહી શકીએ તેમ હતા. પૃથ્વી પોતાની દૈનિક પ્રવૃત્તિ કોઈને ખબર ન પડે તેવી રીતે ભલે કર્યા કરે.

વ્યોમના શ્યામ વિતાન પર રાત્રીના દૂત જેવા ટમકતા અસંખ્ય તારાઓ સત્વર પ્રકાશવા લાગ્યા. એમને લીધે પર્વતશિખરો વધારે સુશોભિત દેખાયાં. હું અધિક આતુરતાપૂર્વક આગળ વધ્યો. અમારું સદ્દભાગ્ય હતું કે અમને દોરવણી આપવા પૂરતા પ્રમાણમાં ચાંદની પથરાયેલી. એના સિવાય અમારું ગંતવ્યસ્થાન ઘોર જંગલમાં ભૂલી જઈએ અને અનાવશ્યક રીતે ઘોડા પર આગળ વધી જઈએ એવો ભય હતો. એ ભય સાચો ઠર્યો એવું કબૂલતાં મને શરમ આવે છે. અમે પોણો માઈલ જેટલે આગળ વધ્યા એટલે ખોટે માર્ગે આગળ વધ્યાની લાગણી મને ઘેરી વળી. ઘોડા પરથી નીચે ઊતરવા માટે બાધ્ય બનીને મેં ઘોડાનું મુખ જે દિશામાંથી આવેલા એ જ દિશા તરફ ફેરવી લીધું. મારી બેટરી મારા સામાનમાં નિષ્ક્રિય પડી રહેલી, એને માટે ધીમી અને સંભાળપૂર્વકની ખોજ આરંભી. એ ખોજ પૂરી કર્યા પછી મેં શોધી કાઢ્યું કે રસ્તો એક તરફ પર્વતની ધારની પાસે જઈને પૂરો થતો હતો, એ ઠેકાણે ગીચ જંગલમાં થોડીક સાફસૂફી કરવામાં આવેલી અને પર્વતના એક ભાગને ઉપરથી નીચે પથ્થરના ચણતરથી ઢાંકવામાં આવેલો.

ઘોડાને એક વૃક્ષ સાથે બાંધીને હું મહામુશ્કેલીથી પર્વતની ટોચ પર ચડી ગયો. ત્યાં પર્વતોના શિખર પર આછી ચાંદનીમાં પ્રકાશનો એક એકાંત બંગલો જોયો. હું મારા નવા મુકામે પહોંચી ચૂક્યો હતો !

મકાનની પાછળ થોડાંક ડગલાં ચાલ્યો એટલે ઊંડી ખીણની કિનારી આવી. ભવિષ્યમાં મારે એ સ્થળ પાસેથી ખૂબ જ સાવધાનીપૂર્વક પસાર થવું પડશે એનો ખ્યાલ આવ્યો. મેં ઘોડાવાળાને ફરી વાર પુરસ્કાર પ્રદાન કર્યો. ઘોડાએ મને થોડીક ઈજાઓ પહોંચાડેલી તો પણ આખરે એ અનોખા આકર્ષક આવાસ પર પહોંચાડી દીધેલો. એ અવસર પર મેં મારા ખિસ્સામાં ઊંડે હાથ નાખ્યો અને એ મારી સાકરની ઉદાર સહાયતાને ગળી ગયો.

બરફ પરથી ઠંડા વાયુ વાવા માંડવાથી મેં મારા જાકીટનો કોલર ઊંચો કર્યો. મસ્તક પર એના સૌંદર્યભંડાર સાથે આકાશ અલૌકિત બનેલું. એના ફલક પર ગ્રહો અસામાન્ય શક્તિપ્રકાશથી પરિભ્રમણ કરતા. સ્વર્ગમાં શ્વાસ લેતા તારાઓ રાત્રીના મસ્તકના મુકુટ પરના જવાહરના ઝૂમખા જેવા દેખાતા. કલાકો પહેલાં મારાથી છૂટી પડેલી પાછળ રહી ગયેલી મજૂરમંડળીની પ્રતીક્ષા કરતાં હું માર્ગની બાજુમાં બેસી રહ્યો. મારું મન રાતના સ્વપ્ન જગતમાં ખોવાઈ ગયું. છેવટે સ્વાગતસૂચક શબ્દો તથા પોકારોને લીધે હું જાગી ગયો. સમૂહમાં રહેવા ટેવાયેલી વૃત્તિ ફરી વાર જાગી ઊઠી અને અમે સૌ સાથે છીએ એ જાણીને આનંદ થયો. મેં મારી મજૂરમંડળીને ગણી જોઈ. નોકરને એમાં ઉમેર્યો, અને સફરમાં સૌ સલામત છે એની નોંધ લીધી. મેં એમને જણાવ્યું કે 'આપણે સાત છીએ !' ત્યારે એમની પ્રસન્ન મુખમુદ્રા પર સ્મિત પ્રકટ્યું.

સામાન બહાર કાઢીને બંગલામાં મુકાવ્યો. પેટીઓ ઉઘાડવામાં આવી. મીણબત્તીઓ અને દીવાસળીની પેટીઓ શોધી કાઢી, અને મજૂરોને મહેનતાણું આપવાની વિધિ પૂરી કરી. એ બધા સુદૃઢ શરીરના ઠીંગણા કદના પર્વતીય જાતિના મજબૂત માણસો હતા. એ સવિશેષ સશક્ત અને ખડતલ હતા. એમની જાતિના મજૂરો દિનપ્રતિદિન પોતાની પીઠ પર સો પાઉન્ડ જેટલું વજન ઉપાડી શકતા; જોકે એમનું સરેરાશ વજન પચાસ પાઉન્ડ હોવાથી મેં એમને એવું અમાનવીય વજન ઉપાડવાનું કદાપિ નહોતું કહ્યું. એમનો ખોરાક પણ સાધારણ દાળ, ભાત અને થોડાક દૂધ સિવાય મોટે ભાગે કાંઈ નહોતો દેખાતો. એટલું જ કામ કરવા માટે એક યુરોપિયન મજૂરને દિવસમાં કેટલું બધું માંસ ખાવું પડે અને કેટલી બધી વાર ભોજન

કરવું પડે ! મારા મજૂરો એમનું મુખ્ય ભોજન સવારે કરતા અને બીજું સૂક્ષ્મ ભોજન એ પછી. એમનાં કૃશ શરીરો પરથી કલ્પી શકાતું. એનાથી એ ખડતલ પર્વતવાસીઓ વિશેષ શીતોષ્ણને સહી શકતા, વધારે વજન ઉપાડતા, અને ધાર્યા કરતાં વધારે પ્રમાણમાં પર્વતરોહણ કરતા.

એમની બક્ષીસ માટેની માગણી મેં સારી એવી રકમ આપીને સંતોષી. એ રકમથી એમનો વાતોડિયો આગેવાન શાંત થયો. એમણે જણાવ્યું કે થોડી વાર નિદ્રા લઈને સવાર પડતાં પહેલાં એ બધા ઘોડા લઈને વિદાય થશે.

મારા નોકરે પથારી કરી. અમારાં શરીર થાકેલાં અને મેલાં હતાં અને અમારી જગ્યાથી અમે અપરિચિત હતા. અમારી આજુબાજુનું વાતાવરણ વિચારવાનો વખત ન હોવાથી અમે બીજી બધી જ પ્રવૃત્તિઓને નગણ્ય અથવા સારરહિત સમજીને અમારી જાતને પેલી રહસ્મય છતાંયે સદાને સારું સ્વાગત કરવા યોગ્ય અવસ્થાવિશેષને સુપરત કરી : જે અવસ્થાવિશેષને જગત નિદ્રાના નામથી ઓળખે છે એને.

☼ ☼ ☼ ☼ ☼

## ૨. પવિત્ર દેવમંદિર

એક દિવસ કોઈક વિજ્ઞાની આપણી આગળ, કેટલા પ્રમાણના થાક માટે કેટલી અચેતાવસ્થાની આવશ્યકતા હોય છે એના ચોક્કસ અંશનો નિર્ણય કરીને, નિદ્રાનું બીજગણિત રજૂ કરશે. પરંતુ જિજ્ઞાસુજનોને આનંદ આપવા માટે એ ગમે તેવું પરિમાણ પસંદ કરશે તો પણ મને ખાતરી છે કે હિમાલયના પર્વતીય પ્રદેશના નિવાસીઓના સંબંધમાં એણે એના આંકડા સુધારવા પડશે.

કારણ કે અમે બંને સામાન્ય રીતે જેટલી નિદ્રાનો ઉપયોગ કરતાં એના કરતાં ઓછી નિદ્રા લઈને જાગ્રત થયા તો પણ વધારે તાજગી, સ્ફુર્તિ અને જીવનશક્તિનો અનુભવ કરવા લાગ્યા. એનો સૂચિતાર્થ એવો પણ હોય કે અંદર લીધેલી તાજી તથા ચોખ્ખી હવાથી બીજી પરિસ્થિતિ કરતાં શરીરને પોતાની પુરાણી પ્રવૃત્તિઓનું અનુષ્ઠાન વધારે ઝડપથી કરવામાં મદદ મળે છે. ગમે તેમ પણ દિવસની પ્રવૃત્તિનો પ્રારંભ અમે ખૂબ વહેલો કરી શક્યા, અને ઘેરા વાદળી આકાશની આગળનાં પર્વતશિખરોના તેમ જ તાજાં સૂર્યકિરણોથી ચમકતા બરફની હારના દર્શનનો લાભ આપતા પરોઢની ફાનસ સળગાવીને પ્રતીક્ષા કરવા લાગ્યા.

મેં બંગલામાં ફરવા માંડ્યું. એ સ્થાન પર્વત પરના એકાંત આશ્રયસ્થાનને અનુરૂપ સાદું અને બેઠા ઘાટનું હતું. મારા ઓરડામાં ત્રણ પ્રવેશદ્વાર પડતાં. એક ભોજનખંડમાંથી, બીજું બાથરૂમ તરફ અને ત્રીજું સીધું જ જંગલની દિશામાં. ત્રીજા પ્રવેશદ્વારની ઉપરના જાળિયામાંથી પ્રકાશ આવતો. એ મારું નવું ઘર બનવા સરજાયેલું. મને અચાનક પેલી ચેતવણીસૂચક સૂચનાનું સમરણ થયું કે મકાન ભૂતના ઉપદ્રવથી ભરેલું છે. પરંતુ એ વિચારને મેં ખાસ દાદ ન આપી. મકાન કદાચ પહેલાં એવું હશે તો પણ હવે તો નહિ જ હોય. મૃતાત્માએ એકાદ બેવાર એના પરિચિત વાયુમંડળમાં વિહરવા માટે જ આછાપાતળા સૂક્ષ્મ શરીરને ધારીને દર્શન દીધું હશે એ વાત માની શકાય તેમ હોવા છતાં, એનું અસ્તિત્વ આજે પણ હશે એવું ચોક્કસપણે કહી શકાય તેમ ન હતું. એવા પવિત્ર પર્વતીય વાયુમંડળમાં કોઈ પણ પ્રેત લાંબા સમય સુધી વિકસી શકે નહિ અને કોઈની કદર વિના કંટાળીને દુઃખી થયા સિવાય પણ ન રહી શકે. કોઈ પણ પ્રકારના ઉપયોગ વગર એકી સાથે વરસો સુધી બંધ પડી રહેલા એ એકાંત આશ્રયસ્થાનમાં એ બિચારું પ્રેત કયા પ્રોત્સાહનની આશા રાખી શકે ? સ્વમાની પ્રેતને કોઈનો સાથ જોઈએ. એવા સ્થળમાં ચીડ-દેવદારનાં વૃક્ષો, રુંવાટીવાળા રૌદ્ર રૂપધારી રીંછો અથવા સૂસવાટા કરતા સમીરો સિવાય બીજા કોનો સાથ મેળવી શકાય ? એના સ્નાયુઓને સ્વસ્થ રાખવા માટે એને કોઈનો સાથ જોઈએ, મને અપાયેલી ચેતવણી નિરાધાર સાબિત થશે એવી ખાતરી થઈ.

મારી પ્રવૃત્તિઓમાં શાનો સમાવેશ થવાનો હતો ? મુખ્યત્વે શાંતિપૂર્વક બેસવાનો. એ કામ ખરેખર વિચિત્ર હતું એ મારે કબૂલ કરવું જોઈએ. બ્રિટિશ સમુદ્રતટ પરથી મારી સ્ટીમર આગળ વધી ત્યારથી માંડીને અત્યાર સુધીનું સૌથી વિચિત્ર કામ. એ કામના બદલામાં મને કોઈ પણ પ્રકારનો સ્થૂળ પાર્થિવ પુરસ્કાર-એક રૂપિયો નહોતો મળવાનો. તો પણ સામાન્ય જનસંપર્કથી સંબંધવિચ્છેદ કરીને થોડાક વખત માટે હું હિમાલયના એ એકાંત પ્રદેશમાં રહેવા ગયેલો એની પાછળનું એકમાત્ર સત્ય, એનું એકમાત્ર પ્રયોજન એ જ

હતું. મારા એ અભિનવ સાહસમાં મને કોઈ પ્રકારના ઉશ્કેરાટની, રોમાંચિત કરનારી પરિસ્થિતિઓની અને ભીતિની સંભાવના નહોતી દેખાતી.

મારી અંદર અનેક પ્રકારની સંમિશ્રિત ઊર્મિઓ કામ કરવા લાગી.

આ શાશ્વત પર્વતમાળાઓની વચ્ચે વસીને સમયનું મૂલ્ય સમજવાનું અને એને પરિણામે મને બહારની દુનિયામાં દોડવા માટે છૂટો દોર આપવાનું કામ કઠિન લાગ્યું.

'શાંત બનો અને સમજો કે તમે ઈશ્વર છો.'

એ હિબ્રુ બાઈબલના શબ્દો હતા. એ કોઈ સંશોધક કે પુરાતત્વવિદ્ તરીકે નહિ પરંતુ બાહ્ય પ્રવૃત્તિઓ બંધ કરીને મનને પ્રસન્નતાપૂર્વકની પ્રશાંતિમાં મશગૂલ બનાવવા માટે મને હિમાલયમાં પ્રવેશવાનો આદેશ આપી ચૂકેલા. મારે ધ્યાન માટે મારો પુરાતન સભાન પરિશ્રમ પણ નહોતો કરવાનો. કેવળ શાંતિપૂર્વક બેસી રહેવાનું હતું ! મારે અંદરના અથવા બહારના કોઈ પણ પ્રકારનાં સાહસો પાછળ નહોતું પડવાનું. પ્રકૃતિને પરમગુરુ તરીકે સ્વીકારવાની હતી, એની આજુબાજુની અસીમ શાંતિમાં આત્માને લીન કરવાનો અને પ્રત્યેક સંકલ્પવિકલ્પને શૂન્ય દશામાં સરકાવી દેવાનો હતો. મારે એક જીવંત વિરોધાભાસ જેવા બનવાનું હતું. મારે કોઈ પણ પ્રકારનો પ્રયત્ન ન કરવાની અનોખી પદ્ધતિ દ્વારા આત્માની ઉચ્ચતર અવસ્થા અનુભવવાની હતી. સંક્ષેપમાં કહું તો, બાઈબલના શબ્દોને સંપૂર્ણપણે અનુસરવાના હતા. એટલે પરમાત્માની દિવ્ય સત્તાની સહાનુભૂતિ માટે, મારે ક્યાં અટકવું પડશે એની પૂર્વમાહિતી વિના, મેં મારી ઉત્તરાખંડની સફર શરૂ કરેલી. હિમાલયની મહાન પર્વતમાળાની લંબાઈ એક છેડાથી બીજા છેડા સુધી પંદરસો માઈલ જેટલી મનાતી હોવાથી, એની અનોખી દુનિયામાં બેસીને આત્માના ઊંડાણમાં અવગાહન કરવા માટેનું એકાંત અને સંપૂર્ણ સાનુકૂળ સ્થળ મને સહેલાઈથી શી રીતે મળી શકે ?

ભારતના સર્વોત્તમ સંતો, તપસ્વીઓ તથા યોગીઓએ પ્રાગૈતિહાસિક પુરાતન કાળથી સુસંવાદી દ્રશ્યોની વચ્ચે વસવા અને ધ્યાન ધરવા માટે હિમાલયની જંગલની ખીણોનો અને હિમાચ્છાદિત પર્વતોની ગુફાઓનો આધાર લીધેલો. એમની પ્રામાણિક પરંપરામાં હું એમના ઉદાહરણને અનુસરી રહેલો. મારા મનમાં સૌથી પ્રથમ વિચાર પવિત્ર કૈલાસ પર્વતનો પેદા થયો. હિંદુઓ તથા બૌદ્ધો બન્નેની દૃષ્ટિએ એ અતિશય પવિત્ર મનાતો. તિબેટવાસીઓ એને કંગ-રી-પોચે અથવા બરફ-જવાહરના નામથી ઓળખતા. એમના મધ્યયુગીન પ્રસિદ્ધ યોગી મિલારપ્પાએ એ પર્વતની ગુફામાં ધ્યાન ધરેલું.

*

કૈલાસ મારો સ્વપ્નપ્રદેશ બની ગયો, પરંતુ નવી દિલ્હીમાં એકઠા કરાયેલા કાગળો પરથી મને જાણવા મળ્યું કે તિબેટની સીમા ઓળંગવાની મંજૂરી નહિ મળી શકે. તિબેટવાસીઓ કૈલાસને નાસ્તિક અંગ્રેજો એની મુલાકાત ન લઈ શકે એટલો બધો પવિત્ર માનતા, અને ઈ.સ. ૧૯૦૮ ની સંધિના કોઈક કલમ પ્રમાણે બ્રિટિશ રાજ્યે બાંયધરી આપેલી કે કૈલાસની પવિત્રતાનો પોતાની ઉપસ્થિતિથી ભંગ કરવાની ઈચ્છાવાળા અંગ્રેજોની મંજૂરી અટકાવી દેવામાં આવશે.

વખત ખૂબ જ મૂલ્યવાન હોવાથી મેં વાઈસરૉયને વિનંતી કરી.

વાઈસરૉયે 'ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં' નામનું મારું પુસ્તક વાંચેલું, અને એના પ્રત્યક્ષ પરિણામરૂપે એના એક પ્રકરણમાં મેં જેનો ઉલ્લેખ કર્યો છે તે આધ્યાત્મિક આધારશિલા પર નિર્માયેલા સહકારી નગર દયાલબાગની મુલાકાત લીધેલી. ત્યાં જે જોવા મળ્યું એનાથી એ એટલા બધા પ્રસન્ન થયેલા કે નવા વરસના બહુમાનની માનાવલિ બહાર પડી ત્યારે નગરના નિર્માતા સાહેબજી મહારાજને ખાસ ખિતાબ આપવામાં આવ્યો.

પરંતુ તિબેટવાસીઓ એમના સૌથી પવિત્ર યાત્રાધામની મુલાકાત કોઈ પણ અંગ્રેજ લે એ હકીકતના કટ્ટર વિરોધી હોવાથી, ખાસ પરવાનગી મેળવવા માટેની મારી વિજ્ઞપ્તિ શિષ્ટાચારપૂર્વક સખેદ પાછી વાળવામાં આવી.

મેં લંડનમાંના ભારત માટેના સેક્રેટરી ઑફ સ્ટેટને તાર કર્યો. એમનો ઉત્તર સીધો અને નિખાલસ હતો. સરકાર માટે તિબેટના સૂત્રધારોને વિનંતી કરવાનું, એનો ચોક્કસ રીતે અસ્વીકાર થાય તેમ હોવાથી, મુંઝવણભર્યું હતું. એવી વિનંતી કરવામાં આવે તો પણ એથી મારી સૂચિત સફરમાં કોઈ પણ પ્રકારની સહાય સાંપડે તેમ ન હતું. એમણે જણાવ્યું કે સરકાર મારે માટે તિબેટના સત્તાધીશો પાસેથી એવી મંજૂરી મેળવી આપશે કે હું સરહદ ઓળંગીને દાર્જીલિંગ પાસેના કાલિમ્પોંગથી આગળ વધીને લ્હાસાના વેપારી રસ્તે મુસાફરી કરી શકું, પરંતુ તે પણ ફક્ત ગ્યાનસે સુધી, એનાથી આગળ નહિ. એથી મને નિરાશા થઈ. ગ્યાનસે સુધીની મુસાફરીની મંજૂરીનો અર્થ મારે મન કશો જ ન હતો. ગ્યાનસે તિબેટની ઠીકઠીક અંદર વસેલું છે અને લ્હાસાથી ભારત આવતા તિબેટી વ્યાપારીઓ માટે મહત્વના મથક જેવું છે. એ પૂર્વ મધ્ય તિબેટમાં આવેલું છે જ્યારે કૈલાસ પર્વત તિબેટના પશ્ચિમ ભાગમાં છે. પરંતુ હું કોઈ વ્યાપારી કે ભૂગોળશાસ્ત્રી ન હતો. ફક્ત ઘેટાં-બકરાંના ઊનના વસ્ત્રોવાળા થોડાક વેપારીઓને અને થોડાક શાંત સુંદર ધ્વજથી સુશોભિત મઠો જોવા માટે જ તિબેટમાં નહોતો જતો. મારા પ્રવાસની પાછળ એના કરતાં વધારે ઊંચું પ્રયોજન સમાયેલું અને કૈલાસ એનું કેન્દ્રબિંદુ બનેલું. મારા જીવનના અવિભાજ્ય અંગરૂપ સમયનો સદુપયોગ એ જ પ્રયોજનની પૂર્તિ માટે કરવાનો હતો; બીજા કોઈ પણ પ્રયોજન માટે નહોતો કરવાનો.

મેં કૈલાસની યાત્રા કરી ચૂકેલા મારા એક યોગી મિત્રને સઘળા સમાચાર તાર મારફત પહોંચાડ્યા. એમણે ઉત્તરમાં જણાવ્યું કે પૂરેપૂરી ચોકસાઈપૂર્વક મારો પ્રવાસ કરી શકાય એવો એક ઉપાય હજુ પણ બાકી છે. એમનું સૂચન એવું હતું કે જો હું કાષાયવસ્ત્રધારી યોગીનો વેશ ધારણ કરું, વદન અને હાથ પર બંધબેસતો રંગ લગાડું, અને ભગવો ઝભ્ભો પહેરી લઉં, તો બીજી બધી ગોઠવણ એ પોતે કરી લેશે અને આખા પ્રવાસ દરમિયાન સાથે રહેશે. યાત્રામાર્ગમાં બધે જ એમના મિત્રો હોવાથી એમણે મને સરહદને પેલે પાર તિબેટમાં અને છેક કૈલાસ સુધી પહોંચાડવાની બાંયધરી આપી. મેં એમના સૂચનનો અસ્વીકાર કર્યો. મને લાગ્યું કે મારા પર વિશ્વાસ રાખનારા સરકારી મિત્રોની સાથે એવી રીતે કપટ કરવું ઉચિત નથી. યાત્રા કાં તો સન્માન સહિત કરવી જોઈએ, નહિ તો કરવી જ ન જોઈએ. વધારામાં, એને લીધે અનોખી અનુચિત રાજકીય સમસ્યાઓ અથવા ગૂંચવણો પેદા થાય તેમ હતું.

હવે એક અંતિમ આશા બાકી રહી. મારા હાથમાં રાખેલું હુકમનું છેલ્લું પત્તું. મારા એક તિબેટી મિત્રને મારા કાર્ય પ્રત્યે તથા સંશોધન માટે સહાનુભૂતિ હતી. તિબેટ સરકારની સમિતિઓમાં અમુક પ્રકારની ચોક્કસ

લાગવગ હતી. એમને શ્રદ્ધા હતી કે હું મારી યાત્રા કરી શકીશ. એ આત્મવિશ્વાસથી પ્રેરાઈને એમણે મને તિબેટી ભાષામાં લખેલા સીલબંધ પત્રો પહોંચાડેલા. એ પત્રો દ્વારા મારા માર્ગમાં આવતા બધા જ મઠોના મુખ્ય લામાઓને મારી ઓળખાણ આપેલી અને સઘળા સ્થાનિક અમલદારોને મને આવશ્યક આહાર અને બળતણ મેળવવામાં મદદરૂપ બનવાની ભલામણ કરેલી. મેં કૈલાસ પર્વતની નીચેના કોઈક મઠમાં થોડા વખત માટે વસીને શાંતિપૂર્વક ધ્યાનની સાધનામાં લાગી જવાની આશા રાખેલી.

મેં એમને સઘળી હકીકતથી વાકેફ કરતો તાકીદનો સંદેશો મોકલ્યો.

મારી પ્રતીક્ષાના રહસ્યનો આખરે એક ગુલાબી રંગની તારની કાપલી દ્વારા અંત આવ્યો, એમાં જણાવેલું:

ખૂબ જ ખેદ. સરકારને જણાવ્યું. ત્યાંની આંતરિક અશાંતિને લીધે હાલની કટોકટીમાં લ્હાસા પર લાગવગ લગાડવાનું અશક્ય છે.

એ શબ્દોને મેં વિધિના ચોક્કસ વિધાન તરીકે સ્વીકારી લીધા.

મારા ગુરુએ મને મારા પ્રસ્થાનના એકાદ બે દિવસ પહેલા માર્મિક રીતે કહેલું. 'કૈલાસ તમારી અંદર જ છે.' એમને હું કૈલાસ નહિ પહોંચું એવી ખબર પડેલી ? એ પછીથી શંકુના સ્વરૂપનો સફેદ કૈલાસ પર્વત મારા આદર્શનો વિષય ન રહ્યો અને મેં મારી દૃષ્ટિને બીજી દિશામાં ફેરવી લીધી. મારો સ્વીકાર વિકલ્પરહિત હોવા છતાં સમજપૂર્વકનો હતો. કારણ કે પ્રારબ્ધે ધ્યાનાદિ માટે ખાસ સ્થાન નક્કી કરેલું. નકશા પર મેં હિમાલયની વાંકીચૂકી પંક્તિને જોઈ અને પવિત્ર ગંગાના પ્રાદુર્ભાવ સ્થાન જેવા ટિહરી ગઢવાલ રાજ્ય પર આંગળી મૂકી ત્યારે મને અંતઃપ્રેરણા દ્વારા સમજાયું કે એ સ્થળ કૈલાસ પર્વતના બદલામાં કામ કરી શકે તેમ હતું. એ રાજ્યમાં ભારતનાં સૌથી વધુ પવિત્ર દેવમંદિરો આવેલાં. ત્યાંના એકાંત દિવ્ય પ્રદેશમાં રહી ચૂકેલા દેવો, સંતો તથા યોગીઓની કથાઓ પરંપરાગત રીતે વહેતી થયેલી. એ પ્રદેશમાં સંસારનાં સર્વોત્તમ ભવ્યાતિભવ્ય સૌંદર્યદૃશ્યો પથરાયેલાં હોવાથી મારા ધ્યાનાદિ માટેના સાનૂકુળ સ્થાનની પ્રાપ્તિની સંભાવના વિશેષ લાગી.

*

સૂર્યોદય પહેલાંના સફેદ પડછાયા દૂર થયા. ઉષા ગુલાબી મોતીની સ્મૃતિ કરાવતી પૂર્વમાં બધે ફરી વળી. પ્રસન્ન પક્ષીઓના કલરવ, કૂંજન અને સુખદ સંગીતસ્વરો કૈંક અંશે શમી ગયા ત્યારે મેં પેટીઓ ઉઘાડી જોઈ. એ પછી હું આજુબાજુના વાયુમંડળનો અભ્યાસ કરવા, એનાથી પરિચિત બનવા, અને જ્યાં બેસીને ખાસ કશું જ નહિ કરવાનું કઠિન કાર્ય સારી રીતે કરી શકાય એવા સ્થાનની પસંદગી કરવા ચાલી નીકળ્યો.

આખરે બે ઊંડી ખીણોને સાંધનારી પર્વતની પાતળી ધાર પર પહોંચી ગયો. મારી પ્રથમ દૃષ્ટિ જંગલ પર પડી અને બીજી દૃષ્ટિ બરફ પર. એ દૃશ્ય મંત્રમુગ્ધ કરે તેવું અને સર્વોત્તમ હતું. મારા શયનખંડના ઉત્તર-પૂર્વ તરફ પડતા બારણામાંથી વિશ્વની ઉચ્ચોચ્ચ પર્વતમાળાનું દર્શન થતું. ત્યાં બારણાથી થોડેક દૂર અને પર્વતની બાજુએથી ઊગેલાં ને બહાર નીકળેલા દેવદાર તથા ચીડનાં વૃક્ષોની ઉપર હિમાચ્છાદિત પર્વતમાળાનું અને શ્વેત શિખરોનું દર્શન થતું. એ આખા પ્રદેશની એ ઉત્તુંગ પર્વતમાળા ટિહરી

રાજ્યને તિબેટથી છૂટું પાડતી. પર્વતના કેટલાક પ્રદેશો એટલા બધા સાંકડા અને ચડાણવાળા હતા કે એમના પર બરફ ટકી શકે નહિ. એવા પ્રદેશો સંપૂર્ણ સફેદ દેખાવાને બદલે રાખોડી રંગના દેખાતા.

આકાશ તરફ અનેકવિધ રંગોનો સમુચ્ચય દેખાતો.

એકસો વીસ માઈલ સુધી અને મારી દૃષ્ટિને પેલે પાર એક હજાર ને ચારસો માઈલના વિસ્તારમાં જમણી અને ડાબી તરફ ફેલાયેલી હિમાચ્છાદિત શિખરોવાળી પર્વતમાળાનું દર્શન કરી શકાતું. મારી દૃષ્ટિ સમક્ષ એ ઉત્તરમાં આવેલા બુરાનઘાટી પાસેના સોળ હજાર ફૂટની ઊંચાઈ કરતા પ્રદેશથી પસાર થઈને પૂર્વમાં પચીસ હજાર ફૂટ જેટલી ઊંચાઈ પરના નંદાદેવી આગળ આખરે પૂરી થતી. નંદાદેવી બીજાં બધાં જ પર્વતશિખરોની ઉપર, ખૂબ જ ઉપર અતિ વિશાળ ભવ્ય મંદિરના મિનારા જેવું દેખાતું. આ પૃથ્વી પરની હજારો ફૂટ બરફના થરથી છવાયેલી ઊંચામાં ઊંચી પ્રખર પર્વતમાળા : એને અવલોકતાવેંત જ સમજી શકાતું કે તિબેટ દુનિયાથી અલગ શા માટે પડી ગયું છે. કેટલાંક શિખરો પરથી જવાલામુખીમાંથી નીકળતા અને પવન દ્વારા આકાશમાં ફેલાવવામાં આવતા ધવલરંગ ધુમ્મસના ગોટાઓ હતા.

હિમાચ્છાદિત શ્વેત અનિયમિત પર્વતપંક્તિની પાછળથી બહાર નીકળીને એના શિરમુકુટ જેવાં દેખાતાં કેટલાંક ઊંચા પર્વતશિખરો પણ જોઈ શકાતાં. એમની અસામાન્ય ઊંચાઈ પર કશું વધારે રહેતું નહિ. કશું વધારે રહી જ ન શકતું. પ્રકૃતિએ એમને એમનાં શ્વેત સિંહાસનો પર ગૌરવાન્વિત રાજાઓની પેઠે પ્રતિષ્ઠિત કરેલા. એમના ખીણપ્રદેશ સિવાયના બીજા બાદશાહી છતાં ઉજ્જડ જેવા સામ્રાજ્યમાં માનવ કે પશુજાતિના કોઈ જીવો પ્રવેશવાની અથવા ઘર બનાવવાની હિંમત નહોતા કરી શકતા, કારણ કે એમનાં હિમાચ્છાદિત મસ્તકો સમુદ્ર સપાટીથી ઉપર વીસ હજાર ફૂટ અને એથીય વધારે ઊંચાઈ પર બહાદુરીપૂર્વક ઉન્નત બનીને વિહાર કરતા. એ પ્રદેશમાં એવા ઉત્તુંગ પર્વતશિખરો મોટી સંખ્યામાં જોવા મળતાં. ઉત્તર-પૂર્વમાં પવિત્ર પતિતપાવની ગંગાનો બરફમાંથી ઉદભવ થાય છે ત્યાં ગંગોત્રીની પાસે એવા પ્રચંડકાય પર્વતોની હારમાળા એકઠી થયેલી. મારી બાજુમાં બંદરપુંછ નામે બીજુ પ્રચંડ પર્વતશિખર હતું. એ વીસ હજાર ફૂટ ઊંચા પર્વત શિખરની પશ્ચિમે ભારતની બીજી શક્તિશાળી સરિતા યમુનાનો સમુદભવ થયેલો. સૂર્યકિરણોથી કાંતિવાન બનતાં બદરીનાથ, કેદારનાથ અને શ્રીકાંતના પવિત્ર પર્વતશિખરો અભ્રરહિત આસમાનમાં ચમકતા તથા પર્વતોની ધારદાર પરંપરા ચાલુ રાખતાં.

બીજા ગ્રહ પરથી આપણી પૃથ્વી પર પહોંચનારા પ્રવાસીને સૌથી પ્રથમ હિમાલયની પ્રશાંત પર્વતપંક્તિ પેખવાનું સૌભાગ્ય સાંપડે એ વિચાર કેટલો બધો અવનવો અને આશ્ચર્યકારક છે ! વીસ હજાર ફૂટ કરતાં વધારે ઊંચાઈવાળા હજારો શિખરોવાળો હિમાલય પર્વત આપણા આ ગ્રહ પરનો સૌથી આગળ પડતો વિલક્ષણ પદાર્થ છે. ઉત્તર અમેરિકાના પર્વતો પણ એની બરાબરી ન કરી શકે. કારણ કે એમનામાં વીસ હજાર ફૂટ જેટલો ઊંચો પર્વત એક જ છે-માઉન્ટ મૅકકીનલે.

પર્વતીય પ્રદેશમાં મારે આગળ વધવાની આવશ્યકતા નહોતી. દેવોએ મને એ અનુકૂળ આશ્રયસ્થાન પૂરું પાડેલું. તિબેટવાસીઓની પેઠે હિંદુઓ પણ હિમાલયને દેવોનું પવિત્ર નિવાસસ્થાન માને છે અને ઋષિઓ આજે પણ ત્યાં એમના અદૃષ્ટ અલૌકિક સૂક્ષ્મ શરીરે વાસ કરે છે એવો વિશ્વાસ રાખે છે. એ દેવો અથવા

ઋષિઓમાંના કોઈને લીધે જ હું એ પ્રદેશમાં પ્રવેશી શકેલો. એવું પણ હોય કે એ અતિશય કલ્પનાતીત સુંદર એકાંત સ્થાન એમનું નિવાસસ્થાન હશે. મારું અંતર આનંદી ઊઠ્યું.

ટિહરી રાજ્યના વિશાળ પર્વતો ખૂબ જ પવિત્ર છે. એમાં શંકા નથી. હિંદુઓ એ પર્વતમાળાનાં તીર્થધામોને કાશી, પુરી અને નાસિક કરતાં પણ વધારે પવિત્ર માને છે. શિવ, કૃષ્ણ અને અન્ય અનેક અવતારો અથવા આરાધ્યદેવોએ એ પ્રદેશમાં વિહાર કર્યો છે. અને એ જમાનાની પ્રજા પર પડેલો એમનો પ્રભાવ આજેય અલ્પાંશે પણ અકબંધ છે.

એ મારું બદામી અને નીલમના મિશ્રિત રંગવાળું પવિત્ર દેવમંદિર. પેલો પાંદડાંનાં ઢગલા પર પડેલો, પ્રાર્થના કરતી વખતે ઓઢવાનો મારો રંગબેરંગી સુંદર કામળો. દિવસમાં બે વાર, સવારે ને સાંજે મારી લાકડીની મદદથી એ પર્વતની ઉપરના સપાટ લીલાછમ મેદાન પર ચડીને હું શાતિપૂર્વક બેસીને શીખવાનો હતો કે શાંત થવાની કળામાં કુશળ કેવી રીતે થઈ શકાય અને સંજોગવશાત્ છેવટે ઈશ્વરને શી રીતે ઓળખી શકાય.

હિમાલય મારા સ્વર્ગના ઉમેદવારીપત્રક અથવા સોપાન જેવો બનવા સરજાયેલો. એના ભવ્ય અલૌકિક એકાંતમાં રહીને હું પરમાત્માના પરમ અદભુત, અધિક ઉદાત્ત, એકાંતના અનુભવ માટે મારી જાતને તૈયાર કરી શકું તેમ હતો.

☼ ☼ ☼ ☼ ☼

## ૩. શાંતિની સાધના

મધ્યાહ્ન પછી સીધા ચડાણના રસ્તા પરથી પસાર થઈને હું મારા પવિત્ર સાધના સ્થળ પર પાછો ફર્યો. પર્વતરોહણ કરનારાની લોઢાની અણિયારી લાકડી જેવી સંપૂર્ણ ન હોવા છતાં મારી પર્વત પર ચડવા માટેની લાકડીએ પોતાનું પ્રયોજન પૂરું કર્યું. મેં શાંતિથી બેસવા અને વિચારવા માટે એક જગ્યા પસંદ કરી. જે આત્મિક શાંતિની અથવા નીરવતાની મને ઈચ્છા હતી તેની પૂર્વતૈયારી રૂપે એવી રીતે બેસવાની આવશ્યકતા હતી.

મેં પર્વતની ધાર પાસે બેઠક લીધી. ત્યાંથી નીચેની વૃક્ષોથી ભરપૂર ખીણનું અને એની અસાધારણ ભવ્યતાનું દર્શન થયું. એ સ્થાનમાં દેવમંદિરની શાંતિ અનુભવાતી. પૃથ્વી પર ક્યાંય શાંતિ તથા પવિત્રતાનો અનુભવ થઈ શકતો હોય તો એવા થોડાક વિસ્તારોમાંનો એ એક હતો. ભારતના પ્રાચીન દેવો અને ઋષિઓએ જેને પોતાની પવિત્ર પદરજથી પુલકિત કરેલું તે ટિહરીનું સીમાવર્તી રાજ્ય ભારતનાં બીજા રાજ્યોથી તદ્દન જુદું જ તરી આવતું.

આખરે મારી દૃષ્ટિ એક ઊંચા દેવદાર વૃક્ષની ધનુષાકાર શાખાઓ પર પડી. એનું થડ લીલી ભૂખરા રંગની ભેજવાળી લીલથી ગીચ રીતે ઢંકાયેલું. એના પર પાંદડાંનાં ઝૂમખાં પણ ફરી વળેલાં. મને યાદ આવ્યું કે મોગલ સમ્રાટો દેવદારનાં વૃક્ષોનાં લાકડાં એમની અસાધારણ સુવાસને લીધે એમના અને એમની સ્ત્રીઓના સ્નાન માટેનું પાણી ગરમ કરવા માટે વાપરતા. બે નાનાંસરખાં પર્વતીય પુષ્પો પોતાની તાજી ખીલેલી પાંખડીની મદદથી દેવદારના પવિત્ર ચરણે ચુંબન કરતાં. દંતકથા પ્રમાણે દેવદાર વૃક્ષોમાં સૌથી વધારે આધ્યાત્મિક અને દેવોને પ્રિય ગણાતું.

મેં કલ્પના કરી કે સુંદર ઉત્તુંગ દેવદાર વૃક્ષ અને હું બંને એકમેકને વધારે સારી રીતે સમજી શકીશું અને ગાઢ મિત્રતાને પરિણામે એવી અસાધારણ આત્મીયતા અનુભવી શકીશું કે જેનો ભંગ મારી એક દિવસની અનિવાર્ય વિદાયથી પણ નહિ થઈ શકે. ગમે તેમ પણ, પ્રારબ્ધના લેખ એવા જ હોવાથી, અમારે એ વખતથી એકમેકની મિત્રતા કેળવવાની હતી. શહેનશાહી દેવદાર ! મારા હૃદયમાં છુપાયેલાં રહસ્યોની હું તારી આગળ રજૂઆત કરીશ અને કોઈ માનવ લેખક હોય તો પણ જે વિલુપ્ત થઈ ગયેલા હર્ષ, શોક અને પ્રખર પરિતાપોની કથા જાહેર રીતે ન કહી બતાવે તે કથા તને કહીશ. આપણાં સંભાષણો એટલી બધી સૂક્ષ્મ રીતે થતાં હશે કે દુનિયા મારી હાંસી ઉડાવતા કહેશે કે હું મારી જાતને છેતરી રહ્યો છું. આપણે બન્ને દુનિયાની દયા ખાતાં સ્મિત કરીને એને માફ કરીશું. કારણ કે આપણે સારી રીતે સમજીએ છીએ કે કુદરત આપણા સૌની સર્વસામાન્ય માતા હોવા છતાં, સંસાર એના ગૂઢાતિગૂઢ ગુપ્ત રહસ્યોથી આજે પણ અસાધારણ રીતે અજ્ઞાત છે.

મારા વિચારો, મેં પાછળ છોડેલા ગરમ ભારતવર્ષ તરફ વહેવા માંડ્યા. દૂરના મેદાની પ્રદેશમાં નગરોનાં, જ્યાં સૂર્યમાં શેકાતી પથ્થરની દીવાલ પર રાખેલો હાથ ઝડપથી પાછો લઈ લેવો પડતો, અને જ્યાં થોડાક સૂર્યતાપથી સંતપ્ત ગોરાઓ પોતાની બાંધેલા પગની પ્રવૃત્તિઓમાંથી છૂટી નહોતા શકતા, ઉનાળાના તાપથી અકળાઈ ઊઠતા અને મચ્છરોના સતત ત્રાસથી હેરાન થતાં ત્યાં, રાજકીય આંદોલન

કામચલાઉ સમય માટે ઘટવા માંડેલું. કારણ કે એકસો દસ અંશ ઉષ્ણતામાનમાં કોઈ પોતાને ગમે તેવો આદર્શવાદી માનતો હોય તો પણ દૂરના આદર્શો માટે ઉત્સાહ અકબંધ રાખવાનું કામ કપરું હતું.

દુનિયામાં અહંતાનો અને બુદ્ધિનો વિકાસ થવાથી વ્યાવહારિક ડહાપણની કાલ્પનિક વૃત્તિનો ઉદય થયો છે. પરંતુ પ્રાચીન કાળના સંતપુરુષોના ઉદ્દગારોની પાછળ માનવજાતિના ઈતિહાસનું જે વધારે નક્કર અને વાસ્તવિક જ્ઞાન દેખાય છે એ જ્ઞાન આપણા કોઈ પણ પુસ્તકપ્રેમી ઈતિહાસકાર કરતાં ચડિયાતું છે. જે થોડાંક હજારો વરસોનો અનુમાન ઉપર આધારિત ઈતિહાસ આપણે રજૂ કરીએ છીએ એ તો માનવજાતિના લાંબા ભૂતકાળના અંતિમ અલ્પાંશને જ રજૂ કરે છે. જ્યારે બુદ્ધ જેવા માનવ-અને એમણે માનવ કરતાં વધારે હોવાનો કદાપિ ઢોંગ નથી કર્યો-જાહેર કરે છે અને અવારનવાર જાહેર કરે છે કે 'ધિક્કાર ધિક્કારથી નથી શમતો, ધિક્કાર કેવળ પ્રેમથી જ શમે છે.' ત્યારે એ કોઈક સાર્થ છતાં ક્ષુલ્લક ઊર્મિઓને વાચા આપનારા કોરા લાગણીપ્રધાન સિદ્ધાંતવાદી તરીકે વાત નથી કરતા. એ પોતાના કાને ટેલિફોન રાખીને અને પોતાની આંખને ટેબલ પરના કાગળો પર સ્થાપીને કામ કરનારા વ્યાપારી જેવા જ વ્યવહારુ છે. એ સમજે છે કે ધિક્કાર જે ધિક્કારે છે અને જેને ધિક્કારવામાં આવે છે એ બન્નેને માટે દુઃખ પેદા કરે છે, અને એનું સ્થાન જ્યાં સુધી કરુણા નથી લેતી ત્યાં સુધી એનો અને એને પરિણામે પેદા થનારી પીડાનો અંત કદી નથી આવતો. આપણને કરુણાથી સંપન્ન બનવાની પ્રેરણા પહોંચાડનારી પરમ શક્તિ શાશ્વત તથા અતૂટ હોવાથી એ આપણને એનું શરણ લેવાનો તેમજ બિનજરૂરી પીડામાંથી છૂટવાનો સંકેત આપે છે. અવ્યવહારુ કોણ છે ? એ કે ધિક્કારનાર ?

ઈશુંનું જીવનદર્શન પણ ચોક્કસ રીતે એવું જ છે.

'જે તમારી નિંદા કરે છે, તમને અભિશાપ આપે છે, એમને આશીર્વાદ આપો, અને જે તિરસ્કારતા હોય એમને માટે પ્રાર્થના કરો. કાજી ન બનો ને તમારા કોઈ કાજી નહિ બને. કોઈને હડધૂત ન કરો ને તમે હડધૂત નહિ થાઓ. ક્ષમા કરો ને તમને ક્ષમા કરવામાં આવશે. જે માપથી બીજાને તમે માપશો તે જ માપથી તમને ફરી વાર માપવામાં આવશે.'

એ સમજે છે.

પરંતુ સંસારના સપાટી પર ફરનારા માનવો નથી સમજતા, નથી જાણતા, અને એટલા માટે ભૂલ કરીને દુઃખના ભોગ બનતા જાય છે. માનવ બીજાની સાથે જેવો વ્યવહાર કરે છે તેવો વ્યવહાર આખરે એને પાછો મળે છે એ અફર કુદરતી કાનૂન સમજવામાં આવશે ત્યારે જ કટ્ટર વિષમય વિરોધો સમજપૂર્વકના સહયોગમાં પરિણમશે. વિશ્વબંધુત્વ અથવા સમસ્ત વિશ્વ પ્રત્યેની કરુણા એ એટલા માટે સૌથી વધારે ડહાપણ ભરેલી બુદ્ધિસંગત નીતિ છે. આ અશાંત યુગમાં એની સાથે આપણો તાકીદનો અને સૌથી સમીપનો સંબંધ છે.

તો પણ, આજે સદાચારની અને સદ્દુપદેશની કોને આવશ્યકતા છે ? એવા માનવો મારી વાતને સહેલાઈથી હસી કાઢશે જે પલટાયેલા છે. એમને ઉપદેશવાનું નકામું છે. કારણ કે જે આ વાતોમાં વિશ્વાસ રાખે છે એમને કહેવાની આવશ્યકતા નથી અને જેમને વિશ્વાસ નથી તે કોઈ રીતે સાંભળશે નહિ. રાષ્ટ્રો પર ભાગ્ય પોતાનો ભાગ ભજવશે અને એમને જે શીખવાની આવશ્યકતા હશે તે શીખવશે. એટલા માટે મારે

માટે સૌથી સારો વ્યવહારુ માર્ગ તો એ જ છે કે મારી શક્તિઓનું કેન્દ્રીકરણ કરીને તથા મારા ધ્યાનને એકાગ્ર બનાવીને એવી નહેરમાં પલટાવવું જોઈએ કે એનો ઉપયોગ ખૂબ જ કરકસરપૂર્વક કરી શકાય.

મારી અંદર એવી નહેરનું અસ્તિત્વ હતું. સંસાર સુધારવા માટેનું આરંભસ્થાન મારું પોતાનું જ જીવન હોવું જોઈએ એમાં શંકા ન હતી. કરુણા ફેલાવવાની શરૂઆત મારે મારી જ જાતથી કરવાની હતી. મેં મારા વિચારોને સ્થિર કરીને બૌદ્ધ ધર્મની વિશ્વકલ્યાણની પેલી ભાવના શબ્દોના થોડાક ફેરફાર સાથે છતાં એમના ભાવાર્થને વફાદાર રહીને વહેતી કરીઃ ‘પૃથ્વીના ચારે ખૂણાઓમાં હું કરુણાને વહેતી કરું છું. પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, ઉપર અને નીચે કરુણાને વહાવું છું. ધરતીના બધાં જ પ્રાણીઓને કાજે કરુણા વહાવું છું.’

મારું મન ધીમેધીમે એ ઉદાત્ત ભાવનાથી ભરાવા લાગ્યું. મારામાં દયાની ઊર્મિ ફરી વળી, જ્યારે અંતિમ આશીર્વાદવચન ઉચ્ચાર્યું ત્યારે મને પોતાને ઓછી ધન્યતાનો અનુભવ ન થયો.

મારા એક કઠોર આલોચકનું મુખમંડળ મારી આગળ આવીને એકાએક ઊભું રહ્યું. એ સ્ત્રી સ્થૂળ રીતે હાજર હોય એમ મેં એના તીખા તમતમતા શબ્દો સાંભળ્યા તો પણ એ જુદા જ ગોળાર્ધમાં વસે છે એનું મને ભાન રહ્યું. મારું જ્ઞાન કાયમ રાખીને અને મારું રહસ્ય સાચવીને જે પણ શબ્દો સંભળાતા તેમને માટે ગેરસમજ કરવાને બદલે હું સામાન્ય રીતે શાંત ઉદાસીન ભાવ ધારણ કરતો. પરંતુ તે દિવસે સન્નારીની સમજશક્તિ ઓછી છે એવું સમજીને મેં એની તરફ ક્ષમાસૂચક સ્મિત કર્યું અને એનું મંગલ ઈચ્છયું. એની દૃષ્ટિમાં દૃષ્ટિ સ્થાપીને એના આત્માને સત્યના સાક્ષાત્કારનો અને મધુરતા તથા પ્રકાશ પામવાનો આદેશ આપ્યો. મેં એને ત્રણ વાર આર્શીવાદ આપ્યો અને એ પછી એના વિચારો તથા મારી વચ્ચે સૂક્ષ્મ જગતની દીવાલ બાંધી દીધી.

મારી આગળથી એક ઝેરી માખી એની તંતુવાળી પાંખ સાથે પસાર થઈ.

*

સંધ્યાસમય પહેલાંની ઠંડી હવાએ મને મારાં ચિંતન-મનન-નિદિધ્યાસન બંધ કરીને શારીરિક શાંતિની પેઠે માનસિક શાંતિની પ્રાપ્તિ માટે સાવધાન કર્યો. મેં ચારે તરફ નજર નાખી. પોતાની તેજસ્વિતા ખોઈ બેઠેલી અને ફિકાશને વરેલી પર્વતશાળાઓની પાછળ સરકવાનું સૂર્યે શરૂ કરેલું.

મેં મારી વૃત્તિને અંતર્મુખ કરીને સંસારની સભાનતા ઓછી કરી અને આરામપૂર્વક આસન જમાવ્યું. જેમાંથી મને મારી જીવનશક્તિ સાંપડતી તે અલૌકિક આત્મા, શાશ્વત સત્તા, પરમાત્માનો નિવાસ મારી અંદર ક્યાંક હતો.

‘શાંત બનો.’ મારા સદગુરુએ મને ભલામણ કરેલી, ‘એ પછીથી તમે આત્માને ઓળખી શકશો. આત્મા અને પરમાત્મા એક જ છે.’

મારા શ્વાસની ગતિ ધીમી પડી. એકાદ મિનિટ માટે મેં મારું સમસ્ત ધ્યાન શ્વાસોચ્છવાસની પ્રક્રિયા પર કેન્દ્રિત કર્યું. એને પ્રયોજનપૂર્વક વશ કરીને શ્વાસ તથા પ્રશ્વાસનો સંવાદ સાધવાનો, એમને વધારે ને વધારે ધીમા કરવાનો ને નહિવત્ બનાવવાનો હતો.

મગજ અનંત ફેરા ફરનારા અને પ્રત્યેક ફેરા વખતે અભિનવ વિચારો ગ્રહણ કરનારા પૈડા જેવું છે. એ પૈડાને મેં ધીમું પડતું જોયું. મારી વૃત્તિને અંતર્મુખી કરીને એક મધ્યબિંદુમાં કેન્દ્રસ્થ કરવાનો જેમજેમ પ્રયત્ન

કરતો ગયો તેમતેમ મારી વિચારપરંપરા ઘટતી ગઈ ને શાંત થઈ. મને સમજાયું કે બુદ્ધિના એ વિશ્રામમાંથી મને પ્રજ્ઞાના પાવન પંથની પ્રાપ્તિ થશે.

જેમની સિદ્ધિઓ અથવા પ્રાપ્તિઓ વિશે મારો અભિપ્રાય અત્યંત ઊંચો હતો એ શક્તિશાળી યોગીપુરુષે એક વાર જે કહેલું તે મને યાદ આવ્યું. એ યોગીપુરુષ એક પ્રાચીન હૃદયંગમ સુંદર મંદિરની નાનકડી ઓરડીમાં વાસ કરતાં. હું નીચે જમીન પર બેસતો ત્યારે એ જેના પરથી ભાગ્યે જ ઊઠતા એવા ખાટલા પર અર્ધોન્મિલિત આંખે અઢેલીને બેસી રહેતા. મનને એકાગ્ર કરતી વખતે આરંભના સાધકોને પડતી અભ્યાસવિષયક મુશ્કેલી વિશે અમે વાર્તાલાપ કરતાં. એ સિદ્ધપુરુષ જણાવતાઃ 'આપણે એમ માની લઈએ કે અમુક વખતમાં માનવના મગજમાંથી પસાર થતા વિચારોની સંખ્યા સોની છે અને સતત અભ્યાસથી એ એમની સંખ્યા એંસી સુધી કરી શકે તો એણે મનની એકાગ્રતાની શક્તિ વીસ ટકા સુધી મેળવી એમ કહી શકાય. એટલા માટે એવું એકાગ્રતાનું સામર્થ્ય મેળવવાનો સીધો ઉપાય અથવા રાજમાર્ગ પોતાના વિચારોની સંખ્યા ઘટાડવાનો અભ્યાસ કરવાનો છે. '

મારા મગજની પ્રવૃત્તિ વધારે ને વધારે મંદ પડતી ગઈ, છતાં મારી આત્મજાગૃતિ અખંડ રહી, ત્યારે મને વીંટી વળેલી ગાઢ શાંતિની અનુભૂતિનો આનંદ થયો. વિચારોની લાંબા વખતની એકધારી એકાગ્રતાને લીધે આખરે અધિક સુંદર આત્મિક અવસ્થાની પ્રાપ્તિ થઈ.

બુદ્ધિ તો કેવળ સાધન છે. એ કાંઈ માનવના વ્યક્તિગતનું સારસર્વસ્વ નથી. એ સ્વાશ્રયી નથી. એ તો રોજબરોજનું એક સ્વાભાવિક અંગ છે. આધુનિક માનવ ઊર્મિ અથવા અંતઃસ્ફુરણા પર યાંત્રિક બુદ્ધિના વિજયનું પ્રતિનિધિત્વ કરે છે. જ્યારે ભવિષ્યનો માનવ કેવળ બુદ્ધિ પરના અલૌકિક અંતઃપ્રેરણાના વિજયનું પ્રતિનિધિત્વ કરતો હશે.

*

અદ્દષ્ટ વિરોધી વિચારો સાથે વધારે યુદ્ધ કરવા માટે હું હિમાલયમાં પ્રવેશેલો. મારા જીવનનું આધ્યાત્મિક સિદ્ધિશિખર હજુ સર કરવાનું હતું. વિરોધી વિચારો સાથે સખત અને એક અથવા બીજા યોદ્ધાને સંગ્રામ છોડીને જવાનો વખત ન આવે ત્યાં સુધી સંગ્રામ ચાલુ રાખવાનો અવસર આવી પહોંચેલો. એવા સંગ્રામ માટે હિમાલયનાં એકાંત સુંદર અરણ્યો કરતાં અધિક સુંદર અને સારું સ્થળ બીજું કોઈ પણ ન હોઈ શકે. મેં જેમની મુલાકાત લીધી છે એવા દેશોમાંના કોઈ પણ દેશમાં આધ્યાત્મિક સમુન્નતિ તથા શાંતિ માટેનું હિમાલય જેવું અનુકૂળ વાયુમંડળ નથી દેખાયું. એ પર્વતીય પવિત્ર વાયુમંડળમાં શાંતિથી બેસીને ઈશ્વર સાથેની એકતા અનુભવવાનો સદુપદેશ સહેલાઈથી સફળ કરી શકાય છે.

આસન પર બેસીને શાંત બનવા જેવી સરસ સાધના મને બીજી કોઈ જ ન લાગી. બુદ્ધિની હિમાલય પર્વતરૂપી દીવાલની પાછળ પડેલી દૈવી દુનિયામાં પ્રવેશવા માટે કોઈ પ્રકારની સરકારી મંજૂરીની જરૂર નહોતી. મારા ગુરુદેવ તરફથી મળતી મદદ કરતાં વધારે મૂલ્યવાન મદદની બીજા માનવો પાસેથી અપેક્ષા ન હતી. એમની શક્તિ એવી અસાધારણ હતી કે અમારી વચ્ચેના બે હજાર અથવા એથી ઓછા માઈલનું અંતર એમના સંકલ્પથી ઘટીને માત્ર બે ફૂટ જેટલું જ થઈ જાય. એથી વિશેષ મારે બીજું શું જોઈએ ?

સંધ્યાની છાયાઓ પોતાના પ્રિયતમના મકાનમાં ચોરીછૂપીથી પ્રવેશતી શરમાળ પ્રેમિકાની પેઠે મારા સાધનામંદિરમાં પ્રવેશવા માંડી. સૂર્યાસ્ત પછીનો ફીકો ચળકાટ શાંત થયો. દિવસ થાકી ગયો. તારાઓનો પ્રકાશ થોડા વખત પછી પર્વતશિખરો પર પડીને સૂવાની તૈયારી કરવા લાગ્યો.

રાત્રી અથવા સમીસાંજની એવી કઈ ગહન વિલક્ષણતા છે જેને લીધે એ મને આટલી બધી આકર્ષક લાગે છે ? મને એવો વિચાર થયો. ભૂતકાળના બધા જ મહાન યોગીઓ અને સદગુરુઓએ બ્રાહ્મમુહૂર્તમાં ધ્યાનમાં બેસવાની ભલામણ કરી હોવા છતાં, મારી માનસિક શાંતિના સાનુકૂળ સમય તરીકે હું મારી પ્રેરણા પ્રમાણે સાંજનો ઊલટો સમય પસંદ કરું છું અને ધ્યાનમાં બેસું છું. તેનું કારણ ? પ્રત્યેક વૈજ્ઞાનિક તથ્ય, પ્રત્યેક સાધનાત્મક સિદ્ધાંત, દરેક બુદ્ધિગમ્ય દલીલ એમને પક્ષે છે. તો પણ સંધ્યાસમય મને સૌથી વધારે મદદરૂપ બને છે. એ શાંત સમય દરમિયાન સાંપડતી અદ્દભુત આહ્લાદક અભિવ્યક્તિ અથવા અનુભૂતિનો મારે સ્વીકાર કરવાનો હતો; બીજાનું એકલું અંધાનુકરણ નહોતું કરવાનું.

મારા નિર્વાણની નિર્ધારિત ક્ષણ મને એક ધન્ય દિવસે સંધ્યા સમયે જ સાંપડવાની હતી. જીવનમાં નિષ્કાસનને બદલે હવે ઘર તરફના પ્રવાસનો પ્રારંભ થઈ ચૂકેલો.

મારા અરણ્યના લતામંડપથી ઢંકાયેલા બંગલા તરફ પાછા ફરવાનો વખત થઈ ગયો હોવાથી હું ઊભો થયો.

☼ ☼ ☼ ☼ ☼

## ૪. પ્રકૃતિનો મહિમા

પીઠમાં સતત દુઃખાવો થતો હોવા છતાં, છેલ્લા થોડાક દિવસો સુધી હું મારા કુદરતી ગોળાકાર રંગભૂમિ જેવા એકાંત પવિત્ર સાધનાસ્થળ પર ચડતો રહ્યો. શાંતિ સાથેનું મારું સંમિલન મેં વફાદારીપૂર્વક ચાલુ રાખ્યું. અમારી ઓળખાણ જેમજેમ વધતી ગઈ તેમતેમ દેવદારે પોતાની અમીરને છાજે એવી અક્કડતાનો અંત આણીને મારું સ્વાગત કરવા માંડ્યું. થોડા જ વખતમાં એણે કોઈ પણ પ્રકારની શંકા સિવાય એના પવિત્ર મિત્રમંડળમાં મારો સમાવેશ કર્યો. એનાં ઝાંખા રતુંબડા રંગના પાંદડાંએ મારે માટે જગ્યા કરીને જગતને જાણે કે જણાવ્યું કે એ સ્થાન કોઈક શાંત થવા માગતા સાધકને સારું સુરક્ષિત રખાયેલું છે. પર્વતના થોડાંક પાતળાં મુખવાળા પુષ્પો સૂર્યના પ્રકાશમાં ચમકી ઊઠતાં અને એમની પીળી સુકોમળ પાંખડીઓ પોતાની મંદ સૌરભ છોડીને હવાને વધારે મીઠી કરવાની હરિફાઈ કરતી. એકાદ અઠવાડિયા પહેલાં ભયભીત બનીને નાસી ગયેલી સુંદર શિંગડાવાળી મૃગલી પણ એકાંત અરણ્યમાં વિદાય થતાં પહેલાં એના મોટા કાન અને ભેજવાળા નાકને આંચકો મારી પૂરી એક મિનિટ સુધી મારી તરફ નિહાળી રહી.

મેં મારા વિવિધ વિચારો કચડી નાખવાનો પ્રયાસ ન કર્યો. મેં મારી ધ્યાનની સાધના શાંતિપૂર્વક કરવા માંડી. એ સાધનામાંથી નિવૃત્ત થઈને હું વિશ્રામ કરતો. કોઈ પણ પ્રકારના દબાણનો આધાર લીધા સિવાય વિચારોને સહજ રીતે ઊઠવા દેતો. મને ઉતાવળ કરવાની કશી આવશ્યકતા નહોતી લાગતી. મારી સાંસારિક ફરજોની વાત જવા દઈએ તો પણ, હિમાલયના હવામાનને વિચારીને મેં મારા કામચલાઉ મુકામની સમયમર્યાદા નક્કી કરેલી. તો પણ નિરર્થક ઉતાવળથી કશો હેતુ સરે તેમ ન હતો. મારા આરામપ્રિય આરબ મિત્રો મારી પશ્ચિમી ઝડપે હું એમની વચ્ચે ફરતો ત્યારે ઠપકો આપતા કહેતાઃ 'ધીરજ આનંદની કૂંચી છે અને ઉતાવળ શોકની કૂંચી.' મને લાગ્યું કે એમના શબ્દો સાચા હતા. મને થયું કે મારા સાધારણ સાધના સાહસના પરિણામની મારે ચિંતા ન કરવી જોઈએ, કારણ કે મારા ધ્યેય પ્રાપ્તિના પ્રયત્નમાં મને સંપૂર્ણપણે નિષ્ફળતા મળશે તો પણ સંભાળ રાખનારી પરમાત્માની સર્વોપરી શક્તિ તો રહેશે જ અને એના નિર્ણયો મારે કોઈ પણ પ્રકારના વિરોધ કે વિદ્રોહ વિના સ્વીકારવા પડશે.

આધ્યાત્મિકતાના વધારે વિકાસ માટે પરિશ્રમ કરવાની મારી ઈચ્છા ન હતી. ખવાઈ ગયેલા ફેફસાવાળાં કવિ કીટ્સે પોતાની કવિતા વિશે કાઢેલા ઉદગારો મને યથાર્થ લાગતા કે 'વૃક્ષને પાંદડાં આવે છે એમ કવિતા જો કુદરતી રીતે જ ન કરાતી હોય તો તે કરાય જ નહિ એ વધારે સારું છે.'

તે દિવસે મારા ધ્યાનના આરંભમાં એક પ્રાચીન વિષય ટપકી પડ્યો. પૂર્વને માટે એ વિષય પ્રાચીન હોવા છતાં મોટા ભાગના પશ્ચિમના માનવો એથી કદાચ અપરિચિત હતા. એ વિષય અથવા સિદ્ધાંત આત્માના પુનરાવતાર અથવા પૂનર્જન્મનો છે અને પ્રાગૈતિહાસિક કાળની પ્રજાના અસ્તિત્વ જેટલો પુરાણો છે.

માનસિક અને આધ્યાત્મિક રહસ્યોના ભંડારમાં પૂર્વીય પ્રજાઓની પાસે પરંપરાગત રીતે પ્રાપ્ત થયેલું, યુરોપ અને અમેરિકાના જ્ઞાન કરતાં પણ ઉત્તમ કક્ષાનું, જ્ઞાનભંડોળ છે. એનું એક સામાન્ય કારણ એ છે કે યુરોપ અને અમેરિકાના ખંડોએ ભૌતિક તથા બૌદ્ધિક વિકાસનાં ક્ષેત્રોમાં આગેકૂચ કરી છે અને એને પરિણામે કેટલીક અનિશ્ચિત વસ્તુઓને અવગણી છે અને બીજું કારણ એ છે કે પૂર્વીય પ્રજાઓ કાળની દૃષ્ટિએ

જોતાં ખૂબ જ પ્રાચીન છે. પૂર્વીય પ્રથાઓ અથવા પરંપરાઓ, દંતકથાઓ, વહેમો અને અંધવિશ્વાસોની વલ્લરીઓથી ભરાઈ તથા અસ્પષ્ટ રીતે ગૂંથાઈ ગઈ છે તો પણ અસલ વૃક્ષ તો છે જ. એનો નાશ નથી થયો. એ ઉત્તમ જ્ઞાન સર્વસાધારણને આપવાને બદલે થોડાકની પાસે જ સુરક્ષિત રાખવામાં આવેલું.

દીન, હીન અને અધઃપતનથી ભરેલા ભારતમાં પણ થોડાક વધારે માણસોમાં આજે પણ આધ્યાત્મિકતાનું અસ્તિત્વ જોઈ શકાય છે. આપણી રંગભેદની ભાવના જ્યાં સુધી આપણને ઘઉંવર્ણી પ્રજામાં પેદા થયેલા ગુરુનો સદ્ઉપદેશ સ્વીકારવાની મના કરશે ત્યાં સુધી આપણે પશ્ચિમવાસીઓ ઉચ્ચોચ્ચ જ્ઞાન નહિ મેળવી શકીએ. કારણ કે પ્રાચીન કાળની પેઠે બુદ્ધના સમયથી માંડીને ઈશુના સમય સુધી સર્વોત્તમ પ્રજ્ઞાનું પ્રાકટ્ય થોડાંક પૂર્વીય શરીરો દ્વારા જ થઈ શક્યું છે.

પોતે આ પૃથ્વી પર પહેલાં પણ વાસ કરેલો એવો વિચાર પશ્ચિમના સામાન્ય માનવને પ્રથમ દૃષ્ટિએ હાસ્યાસ્પદ લાગે છે તો પણ પૂર્વના પુરુષોએ એ વિષય સંબંધી પોતાના પૂર્વજો દ્વારા પ્રાપ્ત થયેલા જ્ઞાનની યથાર્થતાની શંકા સ્વપ્નમાં પણ નથી કરી. મને બૌદ્ધધર્મમાં દીક્ષિત કરનારા વિદ્વાન બૌદ્ધ સાધુએ બુદ્ધે પોતે જ પ્રથમ વાર પ્રબોધેલી અને એમના વિહારમાં ચોક્કસ પરિણામો સાથે અમલમાં મુકાયેલી મનોવૈજ્ઞાનિક પદ્ધતિ વિશે જણાવેલું. એ પદ્ધતિ દ્વારા સાધક પોતાના જન્માંતરોની માહિતી મેળવી શકતો. રોજના સાધનાત્મક અભ્યાસ દ્વારા સ્મૃતિને ઉલટાવીને પ્રત્યેક દિનની, અઠવાડિયાની, મહિનાની, અને એવી જ રીતે આખાય વરસની ઘટનાઓનું જ્ઞાન પ્રાપ્ત કરાતું. એ અભ્યાસ ઉત્તરોત્તર આગળ વધારીને વીતેલા બીજા વરસોની પણ ઝાંખી કરાતી. આખરે સ્મરણશક્તિને અને અનુભૂતિને એટલી બધી વિકસાવવામાં આવતી કે શૈશવાવસ્થામાં વરસોનું જ્ઞાન મેળવી શકાતું. એ પદ્ધતિ પ્રમાણે અશક્ય જેવું લાગે તો પણ જન્મતારીખ સુધીની સઘળી માહિતી પાછી મેળવી શકાતી.

પરંતુ મારા પ્રિય બૌદ્ધ સાધુ એટલેથી જ નહોતા અટક્યા. એ કહેતા કે એવી અસાધારણ રીતે સૂક્ષ્મ બનેલી સ્મરણશક્તિ જન્મના દ્વારથી આગળ વધીને એક જુદી જ વ્યક્તિની, પૃથ્વી પરની પહેલાંના જન્મની, સ્મૃતિનું જ્ઞાન કરાવતી. એવા અનોખા માનસિક અને આધ્યાત્મિક અભ્યાસક્રમને પરિણામે મૃત્યુથી માંડીને એની પહેલાંના જન્મ સુધીની સઘળી વિગતો એકઠી કરી શકાતી. એમણે જણાવેલું કે એ અભ્યાસ ખૂબ જ અઘરો હોવાથી ઘણા ઓછા સાધકો એમાં આગળ વધી શકતા. એમણે પોતે તે અભ્યાસનો આધાર વીસ વરસ સુધી લીધેલો અને એની અસરકારકતા અનુભવેલી. પ્રતિકૂળ પ્રકૃતિના ઉદરમાંથી એ બધી સ્મૃતિઓને બહાર કાઢવા માટે ઘણા લાંબા પ્રયત્નોની આવશ્યકતા પડે છે.

હું જે દેશમાંથી આવેલો એ દેશમાં એ સાધનાપદ્ધતિના પ્રયોગ માટે ભાગ્યે જ કોઈ તૈયાર થાય તેમ હતું. કારણ કે કેવળ મૃત સ્મૃતિઓને જગાડવા માટે પોતાના અડધા જીવનના કેટલાક કલાકોનું રોજરોજ બલિદાન દેવાની ઈચ્છા કોઈકને જ થાય તેમ હતી. વીતી ગયેલા વખત પાછળ વર્તમાન જેટલો શ્રમ કરવો ઉચિત નથી. ભૂતકાળના એ બધાં રેખાચિત્રોને એમની અંધારી ગુફામાંથી બહાર કાઢવાથી કશો લાભ થાય તેમ નથી લાગતું.

એનો અર્થ એવો નથી કે એની સ્મૃતિઓ બક્ષીસરૂપે ન સાંપડે. મને એ અણધારી, અસાધારણ અને અત્યંત અનોખી રીતે પ્રાપ્ત થયેલી. એ સ્મૃતિઓ બીજાને માટે નક્કર પુરાવા પૂરા ન પાડે તેથી તેમની વાત

કરવી અસ્થાને અને નિરર્થક છે. હું એટલું અવશ્ય કહીશ કે પરમાત્માની કૃપાથી મને જ ભારતભૂમિ પર પદાર્પણ કરવાનું સદભાગ્ય સાંપડેલું. એ ભૂમિ પર હું મારા પાછલા જન્મોમાં પણ ચાલી ચૂકેલો.

*

મારા વિચારોમાં એક વિચિત્ર લાગતા અવાજે ભંગ પાડ્યો. પર્વતની ભેખડ તરફથી કશુંક મારી દિશામાં ઉપર ચડી રહેલું. એના અવાજ પરથી એ કોણ હશે, માનવ કે જનાવર, તેની ખબર ન પડી, તો પણ હું સંપૂર્ણ શાંત રહ્યો. મારી દૃષ્ટિ તરત જ એક પક્ષી પર પડી. એનું શરીર ઘેરા વાદળી રંગનું હતું. એની પૂંછડી બદામી રંગની. એ પક્ષીએ મારી તરફ એકાદ દૃષ્ટિપાત કર્યો અને ભયભીત બનીને પાછા વળીને ખીણમાં પ્રબળ ગતિથી દોડવા માંડ્યું. એણે જોરથી અવાજ કર્યો અને ઉશ્કેરાઈને ચીસો પાડી. મુલાકાતીઓ અને દેખીતી રીતે જ ખાસ કરીને માનવ મુલાકાતીઓ ત્યાં ખૂબ જ વિરલ હતા.

*

આપણે જો કેવળ શરીર હોઈએ, અને એનાથી અધિક કાંઈ પણ ન હોઈએ, તો આપણા અણુઓ ધીમેધીમે પરિવર્તન પામે અને આપણાં કૂકર્મોના ઉપભોગ માટે મૃત્યુ પછી બીજા શરીરો ધારણ કરે એવી આશા રાખવાનું એકદમ અસ્થાને છે. પરંતુ આપણે શરીર ઉપરાંત કાંઈક વધારે છીએ. એ કાંઈક વધારે એટલે ચેતના.

જીવનની પ્રક્રિયા પ્રકૃતિના કયા પ્રયોજનની પૂર્તિ માટે ચાલી રહી છે ? એનો ઉત્તર આપવાની હિંમત કરું ? એ ધ્યેયને એવા સરળ સુસ્પષ્ટ શબ્દોમાં કેવી રીતે વર્ણવી શકાય કે જેથી એની પ્રાપ્તિ બુદ્ધિસંગત અને સહજ લાગે ? એટલો નિર્દેશ કરવો પર્યાપ્ત થશે કે પ્રકૃતિનો પ્રયત્ન આપણને ભૌતિક જગતના બંધનમાંથી મુક્ત કરવાનો અને આપણા એકમાત્ર મૂળભૂત ઉદભવસ્થાન આત્મામાં સ્થિતિ કરાવવાનો છે. દૈવનાં હાથે ફરતા જીવનના ચક્ર સાથે આપણે આપણી જાતને બાંધી દીધી હોય તો એને છોડી પણ શકીએ. પ્રકૃતિની એવી આકાંક્ષા છે અને એ આપણને સુખ આપશે. આપણી દુન્યવી ચિંતાઓ આપણને નિરાશાવાદ તરફ ખેંચી જાય એવું થતું હોય તો પણ પ્રકૃતિ શાંતિની દિશામાં દોરી જાય છે. આપણે આ પૃથ્વીના ભૌતિક કલેવરની સપાટી છોડીને એના કેન્દ્રસ્થાનમાં પહોંચવું જોઈએ. સંપૂર્ણ બહિર્મુખતાને બદલે સ્વસ્થ અંતર્મુખતા વધારવી જોઈએ. જ્યાં સુધી આપણે આપણા કેન્દ્રને પકડ્યું ન હોય ત્યાં સુધી ઘટનાચક્રની દયા પર જીવવું પડે છે. જે કેન્દ્રમાં સ્થિતિ કરે છે તે જ ભય તથા ફિકરથી ઉપર ઊઠી શકે છે.

આ વિશ્વનું બાહ્ય કલેવર એક દિવસ નાશ પામશે. આપણાં શરીરનો પણ નાશ થશે, તો પણ આપણું અસ્તિત્વ ચાલુ રહેશે.

*

છેલ્લે છેલ્લે શાંતિના મારા સાધના-પ્રવાસને લીધે આજુબાજુના વાયુમંડળ સાથેની મારી આત્મીયતા વધવા લાગી. કવિ શેલીના શબ્દોમાં કહું તો, મને કુદરતની સાથે એક થવાનો અનુભવ થવા લાગ્યો. આજુબાજુના વાયુમંડળની સાત્વિકતા તથા સુંદરતાનું પાન કરતો હું પર્વતની ધાર પર અનંત ધીરજ સાથે બેસતો ત્યારે અનુભવતો કે હું પણ એ શાંત પ્રદેશના એક અવિભાજ્ય અંગ જેવો બની ગયો છું. મારા વ્યકિતત્વમાં હિમાલયની નીરવતાનો પ્રવેશ થતો. મારા શરીરનો સમુદભવ કોઈક નાનકડા વૃક્ષની પેઠે

ભૂખરી પથરીલી જમીનમાંથી થયેલો દેખાતો. મારી સામેના દેવદાર વૃક્ષની પેઠે જમીનમાંથી નીકળ્યો હોઉં એમ હું પૃથ્વી પર પલાંઠી વાળીને બેસી રહેતો. મારી શિરાઓમાંથી ધબકતું જીવન મારી આસપાસના વનસ્પતિજગતના રસમાં રહેતા જીવન જેવું જ હતું. મારી આગળનો ને પાછળનો પર્વત પણ કેવળ સખત સ્ફટિક સમૂહ અને પાતળી માટીનો સમુચ્ચય નહોતો રહ્યો. મારું પંચમહાભૂતનું સ્થૂળ શરીર જેવા નિશ્ચિત નિયમોનું અનુસરણ કરતું એવા જ નિયમોનું અનુસરણ કરનારો એ પણ એક જીવંત પદાર્થ હતો.

એકતાની એ ભાવના મારી અંદર જેમજેમ વધારે ને વધારે પ્રવેશતી ગઈ તેમતેમ એના એક સ્વાભાવિક પરિણામ રૂપે કરુણાની ભાવના પ્રકટતી રહી. હું અને એ બધા મૈત્રીપૂર્ણ વૃક્ષો, એ સહૃદય ધરતી, ક્ષિતિજપટ પર પથરાયેલાં પેલાં સફેદ ચળકતાં પર્વત-શિખરો, સઘળું એક સચેતન શક્તિ સાથે સંબદ્ધ હતું. એ બધાનો અંતરાત્મા ચોક્કસપણે સારો હતો. વિશ્વ જડ નથી, ચેતન છે, સંકુચિત નથી પણ ઉદાર છે, ખાલી સ્થાનને બદલે વિશ્વાત્માનું સુવિશાળ શરીર છે, એવું અનુભવાયું. જે જડવાદીઓ પ્રામાણિકપણે પરંતુ મર્યાદિત તથ્યોના આધાર પર મૃત્યુને જગતનો સમ્રાટ સમજતા અને સૌના હૃદયમાં શયતાન વસે છે એવો વિશ્વાસ રાખતા તેમને માટે મને અફસોસ થયો. પોતાના વધારે પડતાં સક્રિય મગજને શાંત કરીને એ જો કુદરતની સાથે આત્મીયતાનો અનુભવ કરતાં શીખશે તો પોતાની ક્ષતિ શોધી શકશે. પ્રગતિશાળી વિજ્ઞાનીઓનાં અદ્યતન અન્વેષણો પછી કેવળ અર્ધદગ્ધ અભ્યાસીઓ અને શુષ્ક સિદ્ધાંતવાદીઓ જ જડવાદના સિદ્ધાંતનું સમર્થન કરી શકશે.

મારા આદરણીય ગુરુદેવ ધ્યાનની કોઈ વિશિષ્ટ પ્રક્રિયા નહોતા સૂચવતા અને યોગની કોઈ ચોક્કસ પદ્ધતિને અનુસરવા અથવા આત્મસાત્ કરવાનો ઉપદેશ નહોતા આપતા તેનું કારણ મને સમજાવા લાગ્યું. એ ઈચ્છતા કે કોઈ ઉચ્ચતર વ્યવસ્થાની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવાને બદલે કેવળ પ્રયત્ન સિવાય બેસી રહેવું. મારે કેવા બનવું જોઈએ એ વિશેનું કોઈ રેખાચિત્ર રજૂ કરવાને બદલે એ એટલું જ કહેતા કે બનો. સંક્ષેપમાં, મારા જીવનમાં કાંઈક થઈ શકે એટલા માટે મારે કશું જ નહોતું કરવાનું.

પ્રકૃતિ આપણી અંદર કાર્ય કરવા માગે છે અને એના એ પ્રયોજનની પૂર્તિમાં મદદરૂપ થવા માટે આપણે થોડાક સમય સુધી આપણી ઈચ્છાઓના સતત અમલને રોકતાં શીખવું જોઈએ. આપણે એને એવી નિઃસ્વાર્થ રીતે મદદ કરીએ તો આશ્ચર્ય સાથે જાણી શકીએ કે એની પાસે એના પ્રયોજનને શાંતિપૂર્વક છતાં પણ મક્કમતાથી પૂર્ણ કરવાનો રસ્તો છે.

સંસાર એક વિશાળ હોટેલ છે. પ્રકૃતિરૂપી માતા આપણને એમાં રાખે છે અને જમાડે છે. આપણે એનું બિલ ચૂકવીને વિદાય થઈએ છીએ.

એ બધાં સત્યોનું દર્શન મને પહેલાં થયેલું, પરંતુ હવે મારા પર્વતના પવિત્ર સાધનાસ્થળમાં એ માતાના ગાઢ સંબંધ દરમિયાન મારી સમક્ષ એમનું સંપૂર્ણ સ્પષ્ટીકરણ થઈ શક્યું.

*

સ્વતંત્ર રીતે કરાતા પ્રયત્નની નિરર્થકતા મારા ગુરુદેવ પોતાના સચોટ સારવાહી સ્મિત મારફત સમજાવી દેતા. એ પૂછતા, ‘જે માણસ માથા પર પેટી લઈને રેલગાડીમાં ચડે, ડબ્બામાં બેસે, અને એ પછી પણ એ પેટીને માથા પરથી નીચે મૂકવાની ના પાડે, એ માણસને તમે કેવો સમજશો ? એ માણસને ભ્રાંતિ

થઈ છે કે એની પેટીને ઉપાડનાર રેલગાડી નથી પરંતુ એ પોતે છે. એવી રીતે લોકોને ભ્રાંતિ થાય છે કે એમના સિવાય એમના બોજાને બીજું કોઈ જ ઉપાડી શકે તેમ નથી. એવી ભ્રાંતિને લીધે એ ઈશ્વરને પોતાના જીવનરૂપી બોજાનું સમર્પણ નથી કરતા. સમસ્ત સંસારને સહાય કરનારા ઈશ્વર આપણને પણ સહાય કરે છે, આપણો બોજો ઉપાડે છે, અને આપણા આધાર બને છે. પ્રકૃતિના આપણા પ્રતિકારને લીધે કેટલાં દુઃખો ઉત્પન્ન થાય છે ? પ્રકૃતિ આરંભમાં આપણા પર પોતાનો હેતાળ હાથ મૂકે છે પરંતુ આપણે એને અવગણીએ છીએ. પરમાત્માને આધારે જીવવાનો સૂક્ષ્મ સંદેશ આપણા કાને અથડાય છે પરંતુ આપણે કાન બંધ કરીએ છીએ. શાંતિ આપનારો સમર્પણભાવ આપણાથી દૂર છે. આપણો આત્મિક અહંકાર આપણને છેતરે છે અને બાંધે છે.

મેં ખૂબખૂબ સહન કર્યું છે અને કપોલકલ્પિત મીઠી લાગણીઓમાં પડીને મોટા ભાગનો વખત વ્યતીત કર્યો છે. તો પણ આજે મારે મરવાનું હોય તો નોંધપોથીમાં આ શબ્દો લિપિબદ્ધ બનો અને સમસ્ત સૃષ્ટિમાં ફરી વળોઃ

‘પ્રકૃતિ તમારા મિત્ર જેવી છે. તમારી શાંતિની પળોમાં એના પ્રત્યે આદરભાવ રાખીને એને પ્રેમ કરતાં શીખો. એ તમને અદૃષ્ટ રીતે અમોઘ આશીર્વાદ આપશે.’

એવા એવા અલૌકિક ભાવતરંગોથી મારું મન ભરાઈ ગયું.

☼ ☼ ☼ ☼ ☼

## ૫. બે યોગીઓની અણધારી મુલાકાત

મારા એકાંતવાસ પર આક્રમણ કરવામાં આવ્યું. પહેલવહેલા મુલાકાતીઓ આવી પહોંચ્યા. એમની અણધારી આકસ્મિક મુલાકાતે મને આપણા આ ભૌતિક જગતની સંકલ્પનાની પરિપૂર્ણ પ્રતીતિ પૂરી પાડી. માણસ દરિયાપારનાં પશ્ચિમી પ્રદેશોનાં ભરચક વસતિવાળાં શહેરોના રસ્તા પરથી પસાર થાય કે પછી પૂર્વના કોઈ નાનકડા ગામડાની સાંકડી શેરીમાંથી આગળ વધે તો પણ પોતાના પૂર્વ પરિચિત એવા કોઈકને મળવાની તૈયારી એણે રાખવી જ પડે છે. આખરે કોઈક એવું પણ મળી જાય છે જે એનાથી પરિચિત હોવાનો દાવો કરે છે. મને મારા નામથી બોલાવનારા અને ઓળખીતાની પેઠે સલામ ભરનારા સાદા પોશાકવાળા પ્રવાસીઓએ મધ્ય અને ઉત્તર ભારતમાં ત્રણ વાર અટકાવેલો. આશ્ચર્યની વાત તો એ હતી કે હું એમની મુખમુદ્રાથી કે એમના નામથી લેશ પણ પરિચિત ન હતો. દિલ્હીમાં લશ્કરના એક એવા નિવૃત્ત મેજર સાથે મેં કોઈ પણ પ્રકારની પૂર્વધારણા વિના ભોજન કરેલું જે પંદર વરસની ગેરહાજરી પછી એકાએક પ્રકટેલા વિચારતરંગથી પ્રેરાઈને ભારતમાં પુનઃ પધારેલા અને જેમની સાથે છેલ્લે છેલ્લે મેં એમના લંડનના આરામદાયક ઐશ્વર્યપ્રધાન ફ્લૅટમાં અઢાર માસ અગાઉ ભોજન કરેલું. દહેરાદૂનમાં આકસ્મિક રીતે ઑક્સફર્ડ યુનિવર્સિટીના એક સ્નાતકનો સમાગમ થયેલો. એમની સાથેના પૂર્વ વાર્તાલાપનો શેષ રહેલો પ્રવાહ અમે આગળ વધારેલો. એવું જ બીજા સંબંધી સમજી લેવું.

ત્યાં હિમાલયના એ નિતાંત એકાંતમાં આજ સુધી મને એવું જ લાગતું કે મારે માટે એકદમ એકાંતવાસની સંપૂર્ણ શક્યતા છે. પરંતુ પરિસ્થિતિ પલટાયેલી લાગી. દુનિયાથી દૂર દોડવાની ગમે તેટલી કોશિશ કરીએ તો પણ, આપણે છોડેલી દુનિયા સાથેનો આપણો સંબંધ કાયમ રાખવા અદૃષ્ટ શક્તિઓ અથવા પ્રબળ પરિબળો સઘળા દોરીસંચારો કર્યા કરે છે.

તે દિવસે પ્રભાતના પાછલા પ્રહરમાં મારા બંગલાની બાજુની ઘાસ અને પથ્થરવાળી ભૂમિ પર બેસીને, દેવદારની સુંદર શાખાઓની નીચે, મારા અસ્તવ્યસ્ત કાગળો, પત્રો અને નોંધો હું વ્યવસ્થિત રીતે ગોઠવવાનો પ્રયત્ન કરી રહેલો ત્યારે નોકરે અચાનક આવીને, મોં મલકાવીને, બે મુલાકાતીઓ આવ્યાની માહિતી આપી.

મેં એ મુલાકાતીઓને એની પાછળ જ ઊભેલા જોયા. મકાનની પાસે પહોંચનારી નાની પગદંડી પરથી પસાર થઈને એ ઉપર આવેલા. એમની ઉપર મધ્યાહ્નનો સૂર્યપ્રકાશ પડી રહ્યો હતો. એ બન્નેએ એમને યોગી, વિરક્ત, સંન્યાસી, સાધુ, પરિવ્રાજક, રમતારામ કે ચોર તરીકે ઓળખાવતાં કાષાય કપડાં ધારણ કરેલાં. વર્તમાન ભારતમાં એક પ્રામાણિક, સંસારથી ઉદાસીન, પોતાના સમસ્ત જીવનને કેવળ પ્રાર્થના અને ધ્યાનને માટે સમર્પિત કરવાની ઈચ્છાવાળા સંતપુરુષની પેઠે પોતાની આજીવિકા માટે મહેનત કરવા ન માગનારા આળસુ માણસો પણ એ સગવડિયાં વસ્ત્ર વીંટીને ફરતા હોય છે. એ બન્ને ભિક્ષા માગી શકે છે, અથવા ભાગ્યશાળી હોય તો, પોતાના પોષણની જવાબદારી ઉપાડનારા કોઈ સંરક્ષકને મેળવી લે છે.

મારી સામેના બંને સાધુઓની કક્ષા સહેજ ઊંચી લાગી. એમાંના મોટી ઉંમરના સાધુ સુદૃઢ શરીરવાળા, હસમુખા અને ખાનદાન દેખાયા. એમની પીઠ પાછળ વાંકડિયા વાળવાળી જટા હતી. એમના

સાથીદાર નાની ઉંમરના, પાતળા છતાં એમના જેવા પ્રસન્ન હતા. એમને માથે પણ જટા દેખાતી હતી. એમણે બોલવાનો આરંભ કર્યો, મને મારા નામ સાથે અભિનંદન આપ્યાં, અને મારા આશ્ચર્ય વચ્ચે પ્રણિપાત કર્યા.

મેં જણાવ્યું કે હું તમને નથી ઓળખતો તો તેમણે ઉત્તર આપ્યો કે હું તમારે વિશે બધું જ જાણું છું ને તમારા ગુરુને પણ ઓળખું છું. એમણે પોતાનું નામ કહ્યું. એ મલબાર પ્રદેશના વતની હતા. એમણે આપેલી માહિતી મુજબ, એમના સાથી ગોરખપુરના હતા. એ ગુરુપદે પહોંચેલા ને પોતાના પ્રદેશમાં સારો એવો પ્રભાવ ધરાવતા હતા. વક્તા પોતે સ્વતંત્ર રીતે વિચરનારા વિદ્યાર્થી હતા. એ બધી માહિતી મારી વારંવારની પૂછપરછ પરથી મળી શકી. થોડા વખત પછી મોટી ઉંમરના સાધુ મારી પાસે આવ્યા, મને સ્પર્શ્યા, અને મારી આગળ જેના નામને હું ભૂલી ગયેલો તેવું મોટું, કેરી જેવું કીમતી ફળ ધર્યું. એક પણ અક્ષર ઉચ્ચાર્યા સિવાય એમણે મને સ્મિતપૂર્વક મૂંગે મોઢે એ આપવા માંડ્યું. એમના સાથીદારે જણાવ્યું કે એમને બાર વરસથી મૌનવ્રત ચાલે છે.

મેં એમનો આભાર માની ફળ લેવાની ના પાડી જણાવ્યું કે આવા એકાંત પ્રદેશમાં એમને જે મળી શકે તે બધા જ ખાદ્ય પદાર્થની આવશ્યકતા છે.

'ના. ના.' યુવાન સાધુએ ઉદ્દગાર કાઢ્યા. 'અમે ગંગોત્રીની યાત્રાએ જઈએ છીએ, અને અમારી પાછળ સઘળી આવશ્યક વસ્તુઓ લઈને કેટલાક મજૂરો આવી રહ્યા છે.'

પરંતુ મુસાફરીમાં પડતી મુશ્કેલીઓની માહિતી હોવાથી મેં ફળ લેવાની ના પાડી. બન્ને સાધુઓ સહેજ ઉશ્કેરાઈ ગયા અને ફળ ગ્રહણ કરાવવા માટે બનતું બધું જ કરવા લાગ્યા. સાધુએ જણાવ્યું કે ફળનું પ્રદાન તો એમના સહયાત્રી જેવા યોગીની પરંપરાગત પવિત્ર પ્રથા પ્રમાણે થઈ રહ્યું છે અને એનો અસ્વીકાર કરાતાં એમને અતિશય દુઃખ થશે. એમને ખરેખર દુઃખ થશે એવું સમજીને મેં એનો નાખુશી સાથે સ્વીકાર કર્યો પરંતુ એને કાપીને સૌને સરખે ભાગે વહેંચવામાં આવે એવી શરત મૂકી. નોકરે છાલ ઉતારીને ફળ કાપવા માંડ્યું ત્યારે મેં વિનોદ કરતાં જણાવ્યું કે તમારી ભૂલ થઈ છે. મારા વસ્ત્રો પરથી સહેલાઈથી સમજી શકશો કે હું યોગી નથી.

ગુરુએ ગંભીરતાપૂર્વક ઉત્તર આપ્યોઃ 'કાષાય વસ્ત્રો પરથી કોઈ યોગી છે એવું નથી કહેવાતું. એ તો કાંઈ જ નથી. મુખ્ય વસ્તુ તો હૃદય છે. એને જોતાં તમે અમારામાંના જ એક છો.'

મેં રમૂજ ભરેલા શબ્દોમાં જણાવ્યું : 'તો પછી આ પહેલો જ પ્રસંગ છે કે હિમાલયના જંગલમાં એક યોગીએ હૅટ તથા પાટલૂન પહેરીને પ્રવેશ કર્યો છે. એ જમીન પર વૉટરપ્રુફ વસ્ત્ર પર બેઠો છે, સહેલાઈથી ફેરવી શકાય એવું ટાઈપરાઈટર ચલાવી ચૂક્યો છે, અને ગળે લટકાવેલા સાંકડા મોં વાળી પારદર્શક બાટલીમાંથી ગરમ ચાના ઘૂંટડા ભરી રહ્યો છે !'

મારા એ અવનવા વિનોદયુક્ત શબ્દોનો પ્રભાવ મોટા સાધુ પર એવો તો પ્રખર પડ્યો કે એકાદ મિનિટ સુધી એણે એટ્ટહાસ્ય કર્યું. મૌનવ્રતને લીધે એ દેખીતી રીતે હાસ્ય જ કરી શક્યા. હાસ્ય એક પ્રકારની વાણી છે કે નથી એની ચર્ચાવિચારણા કરવાનું કામ વાદવિવાદમાં માનનારા ફિલસૂફોનું છે. તે કામ કરી શકે છે.

ફળનો ટુકડો ખાતી વખતે મેં પૂછ્યું : 'મારા અહીંના આવાસ વિશે તમે કેવી રીતે જાણ્યું ?'

'અમે જાણ્યું નહોતું પરંતુ અમને જણાવવામાં આવેલું.'

'કોની દ્વારા ?'

બોલનારે સ્મિત કર્યું અને આકાશ તરફ અંગુલિનિર્દેશ કર્યો. મારે એટલાથી સંતોષ માનવાનો હતો. તો પણ મેં એક અંતિમ પ્રયત્ન કરી જોયો.

'તમે ગંગોત્રી જતો હો તો આ રસ્તો યાત્રાનો સામાન્ય રોજીંદો રસ્તો નથી એ જાણતા હશો. એ રસ્તો તો ધરાસુ અને ઉત્તરકાશી થઈને આગળ વધે છે. અહીં તો તમે એ રસ્તેથી આડા ફંટાઈને તમારા રસ્તાને અનાવશ્યક રીતે લાંબો કર્યો છે.'

'પરંતુ અમે તમને મળવા માગતા'તા.' એમણે સ્મિતપૂર્વક ઉપસંહાર કર્યો.

એ બન્ને મારી વિદાય લેવા ઊભા થયા. એમની ઈચ્છા એમના મજૂરોને મળવાની અને ભોજનવિધિ પતાવવાની હતી. ગુરુએ કાગળ અને પેન્સિલની મદદથી લખીને મને સાંજની પ્રાર્થનામાં જોડાવાનું અને બીજે દિવસે એમની સાથે ભોજન કરવાનું આમંત્રણ આપ્યું. એ એક દિવસ આરામ કરીને બીજે દિવસે વહેલી સવારે આગળ વધવાના હતા. મેં એમના આમંત્રણનો સ્વેચ્છાથી સ્વીકાર કર્યો અને એને માટે એમનો આભાર માન્યો. એમની મર્યાદિત ભોજનસામગ્રીનો મારે માટે ઉપયોગ કરવાની તૈયારી બતાવીને એમણે મારે માટેનો સદભાવ બતાવ્યો એવું સમજતા મને વાર ન લાગી.

*

ભોજનવિધિથી પરવાર્યા પછી થોડા વખતે યુવાન સાધુ મારી પાસે બીજી વાર આવી પહોંચ્યો. એમનું નામ બંધુ શર્મા. મેં એમની આગળ ફરવા જવાનો પ્રસ્તાવ મૂકયો. એમને લઈને હું એકાદ માઈલ ફરતા પર્વતશિખર પર જઈ પહોંચ્યો. ત્યાં પીળા સુલલિત વિશુદ્ધ વાતાવરણમાં ખીલી ઊઠેલા શિલાખંડથી છવાયેલા સાંકડા પંથ પરથી પસાર થતાં અમે આધ્યાત્મિક વાતો કરવા માંડ્યા અને એ આત્મકથાત્મક વૃત્તાંતરમાં ઊતરી પડ્યા. એમના મુખમાંથી એમની આત્મકથાના અંશો નીકળવા લાગ્યા.

જુદાજુદા ગુરુઓનાં શ્રીચરણોમાં બેસીને આત્મજ્ઞાનનું અધ્યયન કરતાં, તે યોગવિદ્યામાં પ્રવીણ બનતાં, વસતિના કોલાહલયુક્ત ભરચક વાતાવરણમાં અને અરણ્યના એકાંત આશ્રમોની કુટિરોમાં, ગંધાતા ઘીના ધુમાડાથી ભરેલી યજ્ઞવેદીઓવાળાં મંદિરોમાં અને વિશુદ્ધ વાયુમંડળવાળી પર્વતની તળેટીઓમાં, સમગ્ર ભારતના ભિન્ન ભિન્ન ભાગોમાં એમણે છ વરસ સુધી ભ્રમણ કરેલું. એમનામાંના કેટલાક ગુરુઓને અમે બન્ને જાણતા હોવાથી અમે અમારા અનુભવોની આપલે કરી, એમણે જણાવ્યું કે તિરુવન્નામલાઈના મહર્ષિનો પ્રભાવ એમના પર સૌથી વધારે પડ્યો છે. એ યોગીપુરુષે કહ્યું : 'એમની સંનિધિમાં મને સત્વર શાંતિ સાંપડતી. એમના આશ્રમના મારા ચાર દિવસના નિવાસ દરમિયાન મને અભૂતપૂર્વ આધ્યાત્મિક અનુભવોની પ્રાપ્તિ થઈ. એક દિવસ હું ત્યાં પાછો જઈશ. મારે પાછા જવું જ પડશે.'

મેં એમને એમના વર્તમાન જીવન વિશે અને એ અનુકૂળ આવે છે કે નહિ તે વિશે પૂછી જોયું.

એમણે ઉત્તર આપ્યો. 'મને એ બરાબર અનુકૂળ આવે છે, કારણ કે અધ્યયન અને ધ્યાન કરવાની સ્વતંત્રતા રહે છે. એવી સ્વતંત્રતા તો હું ભૂતકાળમાં સરકારી નોકરી કરતો અને સારો પગાર મેળવતો ત્યારે પણ નહોતી મળતી.'

'તો પણ તમારા જેવા માનવને માટે આ જીવન કઠોર કહેવાય.'

'મારે જો ભિક્ષાન્ન પર જીવવાનું હોત તો મારું જીવન કષ્ટપ્રદ બની જાત ખરું. મારાથી એવી રીતે જીવાય તેમ હતું જ નહિ. મારું સદભાગ્ય છે કે મને મારા આશ્રયદાતા ગુરુઓની પાસેથી અન્ન અને આવાસની પ્રાપ્તિ થાય છે. ગંગોત્રીની વર્તમાન યાત્રામાં પણ જેમની સાથે હું જઈ રહ્યો છું તે ગુરુદેવ મારો સઘળો ખર્ચ પૂરો પાડે છે.'

'મોટા ભાગના માણસો માને છે તેમ, અધિકાંશ સાધુસંતો ને પરિવ્રાજકો સત્વ વગરના રમતારામો હોય છે એ સાચું છે ? અમે તો એમનાથી દૂર રહીએ છીએ. પરંતુ તમે તો એમની સાથે વિચરો છો એટલે એમને વિશે અમારા કરતાં વધારે અધિકારપૂર્વક બોલી શકો.'

યોગીએ ખેદપૂર્વક માથું હલાવ્યું. એમની આંખમાં ગંભીરતા વ્યાપી.

'હા, કમનસીબે એ સંપૂર્ણ સાચું છે. હું તો આગળ વધીને ત્યાં સુધી કહું છું કે એમનામાંના નેવું ટકાથી પણ વધારે સાધુસંતો, એદી, આળસુ, ભિક્ષુકો તથા ભટકનારાઓ હોય છે. મેં એમને ભારતના પ્રત્યેક પ્રદેશમાં જોયા છે, એમની વચ્ચે વસવાટ પણ કર્યો છે, અને હું તમને ખાતરી આપું છું કે અધ્યાત્મમાર્ગના સાચા સાધકો પાંચ ટકાથી વધારે નથી મળતા.'

'ગ્વાલિયર સ્ટેશન પર હું ટ્રેનની પ્રતીક્ષા કરતો ઊભેલો એ વખતની ઘટનાનું સ્મરણ થાય છે. લાકડી તથા કમંડળ સિવાય જેની પાસે બીજું કાંઈ જ નહોતું દેખાતું એવા એક પરિવ્રાજક સાધુએ રેલવે પોલીસ અને ટિકિટ કલેકટરને ધાકધમકી આપીને ટ્રેનમાં પ્રવેશ કર્યો. એની પાસે ટિકિટ નહોતી. એની મોટા અવાજે અપાતી રહસ્યમય ધાકધમકીની આગળ કોઈ આંગળી પણ ન ઉઠાવી શક્યું. એ જ્યાં પહોંચશે ત્યાં પણ એ જ રીતરસમ અપનાવશે એ ચોક્કસ હતું. એની આંખ પરથી સમજી શકાયું કે એ તાજેતરમાં જ કરાયેલા માદક પદાર્થના સેવનની અસર નીચે છે.'

બંધુ શર્માએ દુઃખમય શબ્દો દ્વારા એમનો અણગમો દર્શાવ્યો.

'મારી મુસાફરી તથા યાત્રાઓ આવતે વરસે પૂરી થઈ જશે.' એમણે મને માહિતી આપી. 'એ પછી એવાં અનિષ્ટકારક તત્વોનો સાથ હું છોડી દઈશ. હું કોઈક અનુકૂળ સ્થળમાં ખૂબ જ સાદાઈથી રહેવાનું શરૂ કરીશ અને મિત્રો મારફત મળતી અલ્પ મદદ દ્વારા નિર્વાહ ચલાવીશ. પછી મારી જાતને અભ્યાસમાં લગાડી દઈશ.'

એમના અંતરંગ જીવનમાં એમણે પ્રાપ્ત કરેલી અવસ્થાવિશેષ વિશે મારી આગળ રજૂઆત કરી. એ ધ્યાનમાં બે થી ત્રણ કલાક સુધી શાંતિપૂર્વક બેસી શકે છે અને બાહ્ય જગતને સંપૂર્ણપણે ભૂલી જાય છે એવું જણાવ્યું. આત્માનું અનુસંધાન સાધીને એ રહસ્યમય યોગસમાધિમાં પ્રવેશી શકતા. વિચારોને એકાગ્ર કરવાની શક્તિનો વિકાસ એમણે સમુચિત રીતે સાધેલો. એમણે અંતરંગ શાંતિની આંશિક રીતે અનુભૂતિ કરેલી અને એથી એ સુખી હતા.

જેમનો સંતોષકારક ઉત્તર એમને એકલાને નહોતો મળતો એવા બે પ્રશ્નોની અમે ચર્ચા-વિચારણા કરી. મારી અંતઃપ્રેરણાને અનુસરીને આખરે મેં કેટલાંક સ્પષ્ટીકરણ કર્યાં. એથી આનંદમાં આવીને એ બોલી

ઊઠ્યો : 'હવે મને સમજાયું કે મારે તમારી પાસે શા માટે આવવું પડ્યું. હું એ જ પ્રશ્નોના પ્રત્યુત્તરની પ્રતીક્ષામાં હતો.

મેં જણાવ્યું કે એનો યશ મને નથી ઘટતો પરંતુ મારા ગુરુદેવને ઘટે છે. મને જે થોડુંઘણું ચોક્કસ જ્ઞાન સાંપડ્યું છે તેને માટે હું તેમનો ઋણી છું.

બંધુ શર્માએ સૂચવ્યું કે એમને આ પ્રદેશમાં દિવ્ય પ્રેરણાની પ્રાપ્તિ થાય છે. લગભગ બધા જ હિન્દુઓ હિમાલયના અલૌકિક દિવ્ય પ્રદેશને અસાધારણ આદરભાવે શ્રદ્ધાભક્તિ સાથે જુએ છે અને સાચા સંતોના અભાવવાળા આધુનિક યુગમાં એમના અંતિમ આશ્રયસ્થાન જેવો સમજે છે.

સાંજે ફાનસના આછા અજવાળામાં હું એમની સાથે આગળ વધ્યો અને એમના ગુરુ પાસે પહોંચીને પ્રાર્થનામાં જોડાયો. કેટલાક મંત્રો ને શ્લોકો બોલીને એમણે પરમાદરપૂર્વક પ્રણિપાત કર્યા. એ બધું પરિસમાપ્તિ પર પહોંચ્યું એટલે ભોજનવિધિ આરંભાઈ. સઘળી સામગ્રી પિત્તળના મોટા થાળમાં મૂકવામાં આવી. એથી આરંભથી અંત સુધીની બધી ક્રિયા જોઈને મને વિસ્મય થયું. રોટલીથી માંડીને રસગુલ્લાં સુધીના ભારતવાસીઓને પ્રિય કેટલાય પદાર્થો ત્યાં મૂકવામાં આવ્યા. ગુરુ દેખીતી રીતે જ સદ્ધર હતા. એમની સાથે કેટલાય નોકરો અને મજૂરો રહેતા.

ભોજન પૂરું કરીને મેં એમને મારે બંગલે છેવટના વાર્તાલાપ માટે આવવાનું આમંત્રણ આપ્યું. બીજે દિવસે વહેલી સવારે એ આગળ વધવાના હતા. ભારતમાં અનેકવાર ચર્ચાઈ ચૂકેલા અધ્યાત્મજીવનના અનેક પુરાતન પ્રશ્નોની અમે ચર્ચા કરી, અને ગુરુએ એમની ત્વરિત ગતિએ ચાલતી પેન્સિલની મદદથી એમની વ્યક્તિગત સાધનાપ્રણાલિ સાથે સંકળાયેલા કેટલાક નાના મુદ્દાઓની સ્પષ્ટતા કરી. પછી એ ઊઠ્યા. અમે પરસ્પર સ્મિતપૂર્વક પ્રણામ કર્યા અને એ વિદાય થયા. એ બન્ને કાષાય વસ્ત્રધારી પ્રવાસીઓનું એ અંતિમ દર્શન હતું.

*

એ સમય યાત્રાનો હતો. ઉનાળાના ચાર મહિના દરમિયાન હિમાલયના પર્વતીય પંથ અથવા પગદંડી પરથી સહેલાઈથી પસાર થઈ શકાય છે, પરંતુ પાછળથી તે ચાર-પાંચ તથા છ ફૂટ જેટલા બરફથી ઢંકાઈ જાય છે, અને પ્રવાસ જોખમકારક અને અધિકાંશે અશક્ય બની જાય છે. યાત્રીઓનાં દર્શન કેવળ ઉનાળામાં જ થતાં હોય છે. એમનામાંના મોટા ભાગના યાત્રીઓ સંતો, તપસ્વીઓ તથા યોગીઓ હોય છે.

ભારતના પ્રખર તાપથી તપાવતા આગઝરતા મેદાની પ્રદેશમાંથી બરફથી છવાયેલા કષ્ટસાધ્ય કઠોર ઠંડા પ્રદેશમાં પહોંચનારા પ્રવાસીઓ એમના સુદૃઢ સંકલ્પ, શૌર્ય અને આદર્શ ધાર્મિક ભક્તિ ભાવ માટે આદરના અધિકારી છે. ગંગોત્રીનું મંદિર બરફનાં સનાતન ગિરિશૃંગોથી ઘેરાયેલું છે. પોતાના દેશમાં ઠંડા શિયાળા સહન કરવા ટેવાયેલા અંગ્રેજ માટે હિમાલયની ઠંડી સહન કરવાનું સહેલું છે પરંતુ પાતળા પોશાકોવાળા હિંદુઓ માટે આવા પ્રદેશમાં પ્રવેશવાનું કાર્ય કાંઈક કષ્ટકારક અને કઠિનતાથી કરી શકાય તેવું છે. અસાધારણ સૌંદર્યનું પાન કરતાં હજારો સ્ત્રીપુરુષો આ હિમાચ્છાદિત પર્વતમાળામાં દર વરસે ઉનાળામાં યાત્રાએ આવે છે. એમનો ધર્મ એમને શીખવે છે કે આ પ્રદેશમાં એમના સુપ્રસિદ્ધ સંતોએ અને પૌરાણિક દેવોએ વાસ કરેલો અને આજે પણ અદૃષ્ટ રીતે વાસ કરે છે. હિમાલયનો પુણ્યપ્રદેશ ભારતનો સૌથી વધારે

પવિત્ર પ્રદેશ છે. એ પવિત્ર પ્રદેશમાં આવેલા બદરીનાથમાં મહાભારત ગ્રંથના રચયિતા મહર્ષિ વ્યાસે વાસ કરેલો. ગંગાના પ્રશાંત તટ પરના હૃષીકેશમાં પવિત્ર વેદોને એમના અંતિમ ચતુર્વિધ સ્વરૂપમાં વહેંચી નાખવામાં આવેલા. યોગવાસિષ્ઠના રચયિતા મહામુનિ વસિષ્ઠ ઉત્તરાખંડની આ પુણ્યભૂમિમાં રહેતા. બરફથી ઢંકાયેલા ઉચ્ચોચ્ચ કૈલાસશિખર પર રહેતા ભગવાન શંકર આજે પણ ઊંડી સમાધિમાં મગ્ન મનાય છે. વૃક્ષોની છાયાવાળા અગસ્ત્ય મુનિના નાનકડા ખીણપ્રદેશમાં મહામુનિ અગસ્ત્યે પ્રાચીનકાળમાં કઠોર તપ કરેલું. એ પ્રદેશમાંથી પસાર થતી પવિત્ર ભાગીરથીનો પરિચય પુરાણોમાં પણ પ્રદાન કરવામાં આવ્યો છે. એનું નામ સંતપ્રકૃતિના પવિત્ર રાજા ભગીરથની સ્મૃતિ તાજી કરાવે છે. તુષારાચ્છાદિત પર્વતપંક્તિની વચ્ચે વસેલા બદરીનાથ મંદિરને બુદ્ધો પણ પવિત્ર માને છે. તિબેટના કેટલા મઠો તરફથી આજે પણ એને ભેટ મોકલવામાં આવે છે.

યાત્રી એ દેવમંદિરોમાં પ્રવેશે છે ત્યારે એને લાગે છે કે પોતે દેવસ્થાનના દેવોની સંનિધિમાં જ ઊભેલો છે. અસાધારણ ભક્તિભાવપૂર્વક ભજનો તથા સ્તોત્રો ગાતા ને પ્રાર્થનાઓ કરતા તથા કેવળ ભાત ને મસુરની દાળ જેવા સાદા ભોજન પર નિર્વાહ કરતા યાત્રીઓ પર્વતોના વાંકાચૂકા ચડાણ-ઉતરાણવાળા પથ પરથી પરમપ્રેમ, શ્રદ્ધા અને ધીરજપૂર્વક પસાર થતા બદરીનાથ, કેદારનાથ, ગંગોત્રી તથા જમનોત્રીની પગપાળા કરાતી યાત્રા કરે છે. દોઢથી બે મહિનાના પર્વતીય પ્રવાસ દરમિયાન અનેક પ્રકારની પ્રતિકૂળતાઓ, મુસીબતો, વ્યાધિઓ અને અકસ્માતોનો સામનો કરે છે. એમના પ્રખર પરિશ્રમના પરિણામે, પર્વતો પર યુગો પહેલાં બંધાયેલાં દેવસ્થાનોમાં થાકીને લોથપોથ થઈને જ્યારે પહોંચે છે ત્યારે એમનાં આશીર્વાદ ઊતર્યા છે એવું લાગ્યા વિના નથી રહેતું. મને લાગે કે એમની માન્યતા સાચી છે. મંદિરો પથ્થરોના આવશ્યક ચણતર હોય અને દેવતાઓ આદિ માનવની કલ્પનાઓના આવિષ્કારો હોય તો પણ, હિમાલયની પવિત્ર ભૂમિમાં અલ્પ વખત માટે રહેવાનો અવસર મળે એ એક સર્વોત્તમ સૌભાગ્ય અથવા આશીર્વાદ છે.

*

ત્યારે હું એક અનોખા અનુભવમાંથી પસાર થયો. પર્વતના એક સપાટ શિલાખંડ પર હું પદ્માસન વાળીને બેઠેલો અને શ્વાસ તથા પ્રશ્વાસની ગતિ ધીમેધીમે ઘટાડતો જતો'તો ત્યારે એ એકાગ્ર અવસ્થામાંથી એકાએક પ્રકટેલા પ્રખર શક્તિપ્રવાહથી જાગી ઊઠ્યો. એ શક્તિપ્રવાહનું પ્રાગટ્ય મારા પ્રયત્નના પરિણામે નહોતું થયું. કારણ કે હું પથ્થરની પેઠે પ્રયત્નહીન હતો. મારા અંગમાં એક અસાધારણ વિદ્યુતપ્રવાહ પેદા થયો અને એને લીધે મારું કરોડરજ્જુ ધનુષની પેઠે ટટાર થઈ ગયું. શરીરમાં સર્વત્ર અસાધારણ શક્તિપ્રવાહનો સંચાર થયો. એને રોકવાનો પ્રયાસ કરતાં મેં મારા દાંત દબાવ્યા અને મૂઠીઓ વાળી દીધી. શૂન્યમાંથી સહસા સર્જન પામેલી લાગતી એ શક્તિ શારીરિક હતી અને માનસિક પણ. મારા નાજુક શરીરમાં એવું પરિવર્તન આવ્યું કે મને લાગવા માંડ્યું કે હું પહેલવાનોની પેઠે પ્રખર પરાક્રમ તથા પ્રાપ્તિ કરી શકું તેમ છું ને સહનશક્તિથી સંપન્ન છું. મારા વ્યકિતત્વમાં નવી હિંમત, નવો સંકલ્પ, અસંખ્ય દેવદૂતો અને સહાયક આત્માઓ એકઠા થયા છે. હું જે જે કામને હાથમાં લઈશ તેની સિદ્ધિપ્રાપ્તિ માટે એ બનતી બધી જ રીતે મદદ કરશે.

એવા રહસ્યમય ગૂઢ મનોભાવો એકાદ કલાક અથવા એથીયે વધારે વખત સુધી ચાલુ રહ્યા. એ પછી એ ધીમેધીમે મંદ પડવા માંડ્યા. તો પણ એમની અસર તો મારા પર રહી જ. મેં અનુભવ્યું કે હું એક સૂક્ષ્મ શારીરિક-માનસિક-આત્મિક શક્તિપ્રવાહથી એકાએક વંચિત બની ગયો છું. એનાથી કેવી રીતે, ક્યાં ને કેમ વંચિત બન્યો તે નક્કી કરવાનું કાર્ય એટલું સહેલું ન લાગ્યું.

પવનની સૂક્ષ્મ લહરીઓ અચાનક વહેવા અને પર્વતની ખીણમાં ફરી વળવા લાગી. મારી આસપાસનાં પીળાં પર્ણોએ મંત્રમુગ્ધ બનીને નર્તન કરવા અને પવન આગળ સમર્પિત થવા માંડ્યું. કોઈ કાગડો પોતાના સાથીને પોકારવા લાગ્યો. સાથીએ સમીપવર્તી વૃક્ષ પરથી પ્રત્યુત્તર પૂરો પાડ્યો. મારી અંદર એક અનોખી અંતઃસ્કુરણા ફરી વળી. પેલા દૈવી મનોભાવો ફરી પેદા થયા. મારા સમસ્ત વ્યક્તિત્વમાં જીવનનાં અવનવાં આંદોલનનો સંચાર થયો. અજ્ઞાત પ્રદેશમાંથી પ્રાદુર્ભાવ પામેલી એ અવર્ણનીય શક્તિના પરિણામ રૂપે સમજાયું કે ભવિષ્યનો સામનો આશા સાથે, શ્રદ્ધાસહિત, નિર્ભયતાપૂર્વક અને વિજયી બનીને કરી શકાશે. મને શંકા ન રહી કે વિજયના એ વિચારો મને મારા ભાવિ જીવનમાં મદદ પહોંચાડશે. પ્રાચીનકાળના યોગીપુરુષો માનવના સૂક્ષ્મ શરીરમાં રહેતા અને એ છતાં એના સ્થૂળ શરીર સાથે સતત રીતે સંકળાયેલા અદૃષ્ટ શક્તિપ્રવાહની વાત કરતા તેનું મને સ્મરણ થયું. એ શક્તિપ્રવાહને કુંડલિની તરીકે ઓળખવામાં આવતો અને કુંડલિની સર્પાકારિણી બનીને મેરુદંડની નીચેના ભાગમાં ગૂંચળું વાળીને સૂતી છે એવું કહેવાતું. એ કહેતા કે કુંડલિનીને જગાડવામાં અને ઉપર ચડાવવામાં આવે તો માનવ અસાધારણ શારીરિક, માનસિક, આત્મિક સામર્થ્યથી સંપન્ન બને છે ને નવજીવન પામે છે. છેવટે એની મદદથી કોઈ પણ પ્રકારના અંતરાય સિવાય પરમાત્માનો સાક્ષાત્કાર પણ કરી લે છે. શરીરશાસ્ત્રીઓને એ અલૌકિક કુંડલિની શક્તિનું નામનિશાન નથી મળતું. એ એક કલ્પના છે કે વાસ્તવિકતા તેનું મહત્વ મારે માટે એટલું નથી. મહત્વની વાત એ છે કે મને અનુભવ મળ્યો છે. મને સમજાયું કે નીરવ શાંતિમાં અસીમ શક્તિ સમાયેલી છે.

પોતાના પાર્થિવ શરીરનો પરિત્યાગ કરી ચૂકેલા એક આધુનિક ભારતીય સંતપુરુષે કહ્યું છે કે ધ્યાનમાં એક જ સ્થળે બેસીને એમણે સમસ્ત વિશ્વને એમના ચરણોમાં રાખ્યું છે. એમના કહેવાનું તાત્પર્ય એ હતું કે જે પોતાના વિચારો પર શાસન કરતાં શીખે છે તે સમસ્ત સૃષ્ટિ પર શાસન કરી શકે છે.

નિર્બળ બનવાને બદલે હું આજે વધારે બળવાન બન્યો છું. એટલા માટે જે એવું માનતા હોય કે ધ્યાન નિર્બળતાનું સૂચક છે તેમની માન્યતા નિરાધાર છે.

મનની દિનપ્રતિદિન વધતી જતી અને ફૂલની પેઠે ખીલતી જતી શાંતિમાં હું અધિકાધિક આનંદનો અનુભવ કરું છું. ધ્યાનાવસ્થા દરમિયાન પ્રાપ્ત થતો મનનો સૂક્ષ્મ નિરોધ શક્તિ છોડનારા ફુવારાની ગરજ સારે છે. જે ઘણો ઘોંઘાટ કરે છે તે જ શક્તિશાળી છે અને જે કર્મઠ છે તે જ પ્રભાવશાળી છે એવું સમજવું એના જેવી ભ્રમણા અથવા છેતરપિંડી બીજી કોઈ જ નથી. કોઈક મોટી વ્યાપારી પેઢીનો સર્વોચ્ચ અધિકારી ફરતી ખુરશી પર શાંતિપૂર્વક બેઠો હોય છે. પરંતુ એના હાથ નીચેના હોદ્દેદારો આમથી તેમ દોડે છે ને કોલાહલ કરે છે.

નીરવતા એ નિર્બળતા છે એવી ભ્રાંતિ નકામી છે. સમસ્ત સૃષ્ટિના સર્જક સર્વશક્તિમાન પરમાત્મા સદાને સારું શાંત અથવા શાશ્વત શાંતિસ્વરૂપ છે તો પણ એમનામાંથી સંસારના સર્જન જેવી જુદી જુદી

ક્રિયાઓ થયા કરે છે. માનવ જો એ પરમાત્માનો પ્રતિનિધિ હોય તો એનો અલૌકિક આત્મા પણ શાંતિસ્વરૂપ હોવો જોઈએ. જીવનના એ મૂળભૂત પ્રાથમિક સત્યનો સૌએ સ્વીકાર કરવો જોઈએ. આપણી સમસ્ત સૃષ્ટિનું સંચાલન કરનારી પરમ સત્તા જો પ્રશાંત અને અપ્રકટ હોય તો સૃષ્ટિનાં સઘળાં તત્વોનાં સાકાર સ્વરૂપ સરખા માનવે પણ એવી જ પ્રશાંત અને અપ્રકટ સત્તા અનુપ્રાણિત કરવી જોઈએ. એવી એવી વિવિધ વિચારધારાને પરિણામે મેં નક્કી કર્યું કે મારી ધ્યાનની સાધના ચાલુ રાખવામાં કશું નુકશાન નથી; મારે કોઈ જાતની નબળાઈનો કે દુર્ગતિનો ડર ન રાખવો જોઈએ. પરમાત્માની જે પરમશક્તિએ મારું સર્જન કર્યું છે તેના સંપર્ક માટે જ, તેના સાક્ષાત્કાર માટે જ મારું સર્વકાંઈ છે. એવા સંપર્કને લીધે મારા આત્મામાં એ અલૌકિક શક્તિની થોડીક શક્તિનો આવિર્ભાવ થશે તો પણ બહારથી જોતાં શાંતિ સિવાય બીજું કાંઈ જ નહિ દેખાય. દુનિયાની દૃષ્ટિમાં હું ભલે નજીવો ગણાઉં. મારે મન તેનું મહત્વ લેશ પણ નહિ હોય. એ પરમશક્તિના ઋણનો સ્વીકાર કરીને, એના સહકારથી આગળ વધતો પાર્થિવ પ્રદેશ કરતાં વધારે પ્રબળ પ્રદેશ પરથી હું કાર્ય કરીશ.

પ્રાચીનકાળની પ્રજામાં એવી શક્યતાઓની દંતકથાઓ પેદા થયેલી. પુરુષ તથા પ્રકૃતિને પોતાની ઈચ્છાનુસાર વર્તવા વિવશ બનાવતા સંતો, સત્પુરુષો, જાદુગરો અને અવતારી પુરુષોની અતિશયોક્તિભરી કથાઓ દુનિયાની બધી જ જાતિઓમાં જોવા મળે છે. એમના સિદ્ધપ્રયોગો, નિઃસ્વાર્થવૃત્તિથી પ્રેરાઈને થયેલા ત્યારે શુભ મનાયેલા. પરંતુ સ્વાર્થવૃત્તિ પોષવા માટે કરાયેલા ત્યારે અશુભ ગણાયેલા.

સંસારને પુરાણી મૂર્ખતાપૂર્ણ માન્યતાઓ તરફ ધકેલવામાં આવશે અને અંધવિશ્વાસો વધારવામાં આવશે તો તે એની અવનતિને આમંત્રવા બરાબર થશે, પરંતુ એ કથાઓ કે માન્યતાઓની વાસ્તવિકતા તરફ જનતાનું ધ્યાન ખેંચવામાં આવે તો તે ઉન્નતિકારક થઈ પડશે.

વ્યવહારુ વિજ્ઞાને દિશાસૂચન કર્યું છે. એ અવકાશમાં વાયરલેસ દ્વારા સૂક્ષ્મ વિદ્યુતકિરણોનો અદૃષ્ટ પ્રવાહ પ્રવાહિત કરે છે. એ કિરણો શાંતિપૂર્વક, સત્વર, અદૃષ્ટ રીતે આગળ વધે છે, અને ઓહ ! વિમાનો ચાલક વિના જ આમતેમ ચાલવા લાગે છે, પોતાની મેળે કામ કરતી બત્તીઓથી રસ્તા પરના ટ્રાફિકનું નિયંત્રણ થાય છે. સાવચેતીસૂચક ઘંટ વાગવા માંડે છે. દરવાજા કોઈની પણ મદદ વિના ઊઘડવા લાગે છે. રેલવેના સિગ્નલો સ્વતંત્ર રીતે જ કાર્ય કરે છે. સ્ટીમરો ધુમ્મસમાંથી પણ પોતાની દિશામાં બરાબર આગળ વધે છે, અને વિદ્યુત દ્વારા ક્ષણમાત્રમાં કરાતી દેહાંતદંડની સજાથી સૈનિકો ખતમ થઈ જાય છે. વિશ્વના વિરાટ શક્તિભંડારમાં વિદ્યુતશક્તિ ઉપરાંત બીજી શક્તિઓ પણ ભરેલી છે જે એવી જ અજ્ઞાત અને અદૃષ્ટ રીતે કાર્ય કરે છે અને પોતાની રીતે એટલી જ શક્તિશાળી છે. એ શક્તિઓ માનવની પોતાની અંદર અપ્રકટ રીતે અથવા ઓળખાયા અને વપરાયા વગર વસતી હોય એવું બની શકે. કેમ ન બને ?

☼ ☼ ☼ ☼ ☼

## ૬. પત્રો તથા સંદેશાઓ

પોસ્ટના સૌથી સમીપના સ્થળમાંથી તાપથી તપેલા ભારતમાં સુનિશ્ચિત સમય પર ટપાલ લાવનાર સંદેશવાહક અથવા કાસદને દુનિયાના પદયાત્રીઓના ચેમ્પિયનોમાંનો એક કહી શકાય. એ રોજ રોજ ચાલ્યા જ કરે છે. ઈશ્વરની કૃપાથી એના મજબૂત જોડા પર એ રોજના વીસથી પચીસ માઈલનું અંતર કાપી નાખે છે તો પણ એને એનો ખ્યાલ નથી રહેતો. એ કોઈ પણ પ્રકારના ફેરફાર સિવાય સાંજ પડ્યા પછી આવી પહોંચતો. એની ચામડી એ વિસ્તારમાં એ વખતે લગભગ રોજ આવતા ઠંડીના મોજાથી શોષાઈ જતી. એ એનો થેલો ઉઘાડતો અને મારી ટપાલ ટેબલ પર મૂકી દેતો. એ પછી ભોજન તથા રાતની નિંદ્રામાંથી નિવૃત થઈને, મારા પોતાના ટપાલરૂપી સભ્યતાના સંદેશાઓ સાથે વહેલી સવારે નીકળી પડતો અને લાંબી ઊંચી એકાંત પર્વતીય પગદંડી પરથી પસાર થતો. એ સીધોસાદો, પ્રમાણિક, સેવાભાવથી ભરેલો, પર્વતીય માનવ પોતાનું જીવન નિત્યપ્રવાસી તરીકે પસાર કરતો.

મારા પત્રવ્યવહારની કડીને બાહ્ય જગત સાથે જોડી રાખતો હોવાથી એ મારે માટે મહામૂલી આવશ્યકતારૂપ હતો. પ્રાચીન અથવા મધ્યયુગીન યોગીઓએ એવી સેવાપ્રવૃત્તિને હસી કાઢી અથવા અવજ્ઞાની નજરે જોઈ હોત પરંતુ મારા જેવા વીસમી સદીના યોગી માટે એ આવકારદાયક હતી. અર્વાચીન યોગીઓ માટે અર્વાચીન ટેવો એ મારો મંત્રસંદેશ હતો.

એવી રીતે હું એકાંતમાં રહેતો હોવા છતાં પણ અલગ નહોતો પડી ગયો.

ટપાલની તાજી સામગ્રી આવી પહોંચી. હિમાલયના એ આવાસના નિતાંત એકાતમાં મારી સાથે સહભાગી બનવા કોઈ સેક્રેટરી રાખવાનું યોગ્ય નહોતું એટલે પ્રત્યેક કાગળનો અને પ્રત્યેક વસ્તુનો ઉકેલ મારે એકલાએ કોઈની પણ મદદ વગર કરવાનો હતો. હું જે નાનકડા નોકરને મારી સાથે લાવેલો તે પણ અશાંત બની ગયેલો અને એના વિચારોના સહેજ અભ્યાસથી સમજાયું કે એણે અમારા પાછા જવાના દિવસો ગણવા માંડ્યા છે. એક દિવસ મારી પાસેથી પોતાના પગારની માનપૂર્વક માગણી કરીને એ દિલ્હીના વધારે સુંદર, સામાજિક, સભ્યતાસંપન્ન શહેરમાં વસવા માટે વિદાય થાત તો પણ મને કોઈ પ્રકારનો આંચકો ન લાગત. એવા સંજોગોમાં પર્વતીય પ્રદેશના પવિત્ર પ્રશાંત વાતાવરણનો લાભ જતો કરવાને બદલે મારે હાથે રસોઈ બનાવવાનું હું વધારે પસંદ કરત. પાકશાસ્ત્રની મારી પ્રવીણતાને લીધે હું રાતની સ્વાદિષ્ટ રસોઈ બનાવી શકું તેમ હતો. ગમે તે ભોગે પણ શાંતિ એ મારો મુદ્રાલેખ હતો. હિમાલયના એવા એકાંત પ્રદેશોમાં નિવૃત્તિના આનંદના અનુભવ માટે આવતા અતીતકાળના યોગીઓ એમના ભૌતિક આવશ્યકતાઓની પૂર્તિમાં મદદ મળે તે માટે એમની સાથે શ્રદ્ધાભક્તિવાળા શિષ્યો સિવાય બીજા કોઈને પણ રાખતા નહિ, એનું કારણ મને સમજાયું. જો કે યોગીના રૂઢ અર્થમાં હું કોઈ યોગી નહોતો તો પણ મારું પ્રયોજન તો મોટે ભાગે એમના જેવું જ હતું.

મારી ટપાલમાંથી મળતી માહિતી કેટલીકવાર વિશિષ્ટ લાગતી. ઝેકોસ્લોવેકિયાથી એક ભાઈએ જણાવેલું કે આત્મજ્ઞાનનાં રહસ્યોની ઉપલબ્ધિ માટે અને નિયમિત રીતે ધ્યાનની સાધના કરીને આત્મદર્શનની દિશામાં આગળ વધવા માટે એમના નાનકડા દેશમાં બે હજારથી પણ વધારે માણસોનું મંડળ

થયેલું. બીજો પત્ર એક મોટા શહેરની હાઈકોર્ટમાં પ્રેકટિસ કરનારા ભારતીય બૅરિસ્ટરનો હતો. એ હિમાલયની તળેટીના પ્રદેશમાં એક એવો આધ્યાત્મિક આશ્રમ બનાવવા માગતા હતા જેમાં વેકેશન દરમિયાન રહીને એ અને એમના અન્ય સાથીદારો પોતાનાં થાકેલાં મગજને શાંત કરી શકે.

ત્રીજા પત્રમાં ધખધખતા અંગારા પર ચાલવાનો પ્રયોગ નિહાળવાનું અને એનું અન્વેષણ કરવાનું એક યુરોપિયન સંશોધનસમિતિનું આમંત્રણ આવેલું. એટલા બધા અંતરે જવાનું શક્ય નહોતું તો પણ, સોનેરી પ્રકાશપુંજમાંથી અસ્ત પામતા સૂર્યને અવલોકવાનું અને એના રહસ્યની તપાસ કરવાનું મને ગમત ખરું.

એક બીજો પત્ર મદ્રાસના એંસી વરસના, શિષ્યોનો શિકાર કરવા માગનારા ધર્મગુરુનો હતો. મૂળ પત્રની નકલ જેવા એ પત્રમાં એમણે મને ઈશ્વરદર્શનની દીક્ષા આપવાની, એમની પાસે સુરક્ષિત રાખવામાં આવેલા કેટલાંક આધ્યાત્મિક રહસ્યોની સમજ પૂરી પાડવાની અને અન્ય અધિકારી આત્માઓની આગળ એમનું ઉદઘાટન કરવાની તૈયારી બતાવેલી. એમણે એમાં લખેલું કે 'મારાં એ કાર્યના અનુષ્ઠાનને માટે અને નિયમિત સાધના અથવા ઉપાસના માટે કાયમી મકાનની તેમજ બીજી કેટલીક સાધનસામગ્રીની આવશ્યકતા હોવાથી, હું શ્રીમંતો પાસેથી ૧૦૮ રૂપિયા, મધ્યમવર્ગના માણસો પાસેથી ૪૦ રૂપિયા તથા ગરીબો પાસેથી નવ રૂપિયાની નામ માત્રની ફી લઉં છું.' ઈશ્વરનો આભાર માનવો કે એક પણ પૈસો આપ્યા વિના એ પ્રશાંત પર્વતપ્રદેશમાં મને ઈશ્વરદર્શનની દીક્ષા મળી શકે તેમ હતી અને તે પણ એ લક્ષ્મીની લાલસાવાળા વયોવૃદ્ધ પુરુષની દીક્ષા કરતાં વધારે સારી દીક્ષા. એમણે મને એવો પત્ર શા માટે લખ્યો તેની સમજ મને ન પડી. ભારતમાં મારી પ્રસિદ્ધિ એક એવા પુરુષ તરીકે થયેલી જે શિષ્ય બનવા કરતાં શિષ્યો બનાવવાનો ઈન્કાર કરતો.

એક સ્ત્રીનો પણ પત્ર હતો. એ વૃદ્ધાવસ્થાએ પહોંચેલી અને આત્મિક સત્યના સાક્ષાત્કાર પાછળ ત્રીસ વરસ જેટલો લાંબો વખત વિતાવી ચૂકેલી પરંતુ 'મારા બધા જ પ્રયત્નો નકામા ગયા. મારી શોધમાં મને નિરાશા સાંપડી. મારી બધી ભ્રમણા દૂર થઈ. મારું મન શંકાશીલ બન્યું અને કડવું થયું.' એણે ખૂબ જ વ્યથિત હૃદયે મારી સલાહ માગેલી. નિર્દોષ સન્નારી, એ સલાહ સાંપડશે. વિષાદ તો પ્રજ્ઞાની પ્રસ્તાવના અથવા એનો પૂર્વારંભ છે. તારી મરી પરવારેલી આશાઓ પુનર્જીવન પામશે અને પરમાત્મા વિશેની તારી શ્રદ્ધા ફરી કામ કરતી થશે.

મેં જેને મદદ કરેલી તથા સલાહ આપેલી એ મારા રાજકીય મિત્રનો પણ પત્ર હતો. આવતે વરસે થનારી ચૂંટણીમાં મને એના પક્ષના ઉમેદવાર થવાનું ગમશે કે કેમ એ વિશે એણે પુછાવી જોયેલું. આભાર અને ખેદ, પણ મેં ઊંચી કોટિની ચૂંટણીમાં ઉમેદવાર તરીકે ઝંપલાવેલું. એ ચૂંટણી પ્રકૃતિ દ્વારા કરાતી, સફળ ઉમેદવારને આત્મશાંતિનો પુરસ્કાર આપતી અને પરમસત્યનો સાક્ષાત્કાર કરાવતી.

મારા સૌથી નાના બારેક વરસની વયના પરંતુ આત્માની દૃષ્ટિએ બારસો વરસ જેટલા મોટા વિદ્યાર્થીએ એના વિકાસ વિશે નેહભરેલી નોંધ લખેલી. અસંખ્ય મોટા સાધકો જેની સિદ્ધિ સારું સંઘર્ષ કરે છે તે અવસ્થાની પ્રાપ્તિ એને આત્મવિશ્વાસ તથા પુરુષાર્થને લીધે થઈ ચૂકેલી. એ ધ્યાનાવસ્થામાં શાંતિથી બેસીને પોતાના મનને પરમાત્મા પ્રત્યે અભિમુખ કરી શક્યો હતો.

ટપાલમાં એવા એવા પત્રોનો પરિચય થયો. છેલ્લો પત્ર ભયંકર વેદનાથી ભરેલો હતો. એમાં આલેખાયેલી કરુણ આકસ્મિક આફતોથી એના લેખકનું હૃદય તૂટી ગયેલું. મેં એમને આશ્વાસન આપતાં લખી જણાવ્યું : 'જીવનમાં અસાધારણ આપત્તિઓ ઊતરી પડે અને વેદનાઓનો વહ્નિ જાગે ત્યારે શોકમાં ન ડૂબતા કે બડબડાટ ન કરતા. એને અંત માનવાને બદલે આરંભ માનજો. એવા અવસરનો લાભ લઈને જીવનને અવનવો ઓપ આપવા તથા તમારામાં સુષુપ્તપણે પડેલી વિધેયાત્મક, રચનાત્મક, હિંમતભરી વૃત્તિઓને બહાર કાઢવા કે વિકસાવવા માટે તૈયાર થવું જોઈએ. તમારી મુશ્કેલીઓ પર સૌથી પહેલાં માનસિક રીતે વિજય મેળવો. એ પછી એમનો બાહ્ય સંજોગોમાં નવેસરથી ઘાટ ઘડાશે. પ્રત્યેક શોકપ્રસંગને પ્રભુમય દિવ્ય જીવન માટેના આરંભ જેવો બનવા દો. કષ્ટના વખતમાં જીવનને અભિનવ દૃષ્ટિથી જોતાં શીખો અને આશાવાદી બનીને અપનાવો. જે કાંઈ બને તેને માટે કશી કડવાશ ન રાખો. વિદ્રોહ કરવાથી કશી મદદ નહિ મળે. નવા વ્યક્તિત્વથી વિભૂષિત બનીને નવેસરથી શરૂઆત કરો. તમારી પાસે અત્યાર સુધી રહેલી ભૌતિક અને આધ્યાત્મિક સંપત્તિની નોંધ કરો તો તમને સમજાશે કે તમે પૂરેપૂરા નથી હાર્યા. આપણને આરામ આપતી, આપણી વેદનાઓને મટાડતી, આપણા પર શાસન ચલાવતી દૈવી શક્તિમાંના વિશ્વાસને, આશાને અને હિંમતને છોડી દેશો ત્યારે તમારું સર્વકાંઈ ચાલ્યું જશે. પદાર્થોના પરિત્યાગનું દુઃખ મોટું છે પરંતુ આશાના અંતનું દુઃખ એથી પણ અધિક હોય છે. એ દુઃખના ભોગ ન બનતા એ દુઃખ અસ્થાને છે. ઈશ્વર હજુ પણ છે અને સંભાળ રાખે છે. એ છેલ્લું વાક્ય લખવાનો અધિકાર મને પ્રાપ્ત થયો છે. એ અધિકાર મેળવતાં પહેલાં મારે તમારા જેવી જ ઊંડી વેદનાનો અનુભવ કરવો પડ્યો છે.'

મારા નાનકડા ટાઈપરાઈટર પર સમયની મર્યાદામાં રહીને મેં કેટલાક પત્રોના પ્રત્યુત્તર તૈયાર કર્યા.

સાંજે એક અન્ય પ્રકારના પત્રવ્યવહારનો પ્રારંભ કર્યો. એ કલમ કે મશીન સિવાય જ ચાલવા લાગ્યો અને એ છતાં ખૂબ જ સંતોષકારક થઈ પડ્યો. કેટલાક માનવો એવા પણ હતા જેમનામાં વફાદારી તથા ભક્તિભાવનું દર્શન થતું. એમને કોઈપણ લૌકિક લાલસા નહોતી. એમની સંખ્યા ઘણી જ ઓછી હતી તો પણ એ પોતાને મારા શિષ્યો માનતા. મારે શિષ્યોની આવશ્યકતા નહોતી. આપણી અંદર રહેલા પરમાત્મા, એમની પાસે સમજપૂર્વક પહોંચવામાં આવે તો, આપણી આવશ્યકતા પ્રમાણેનું સઘળું જ્ઞાન તથા સર્વ પ્રકારની સહાય આપી શકે તેમ છે. એ આત્મિક પ્રકાશ સિવાય બીજા કોઈ ગુરુની આવશ્યકતા નથી હોતી પરંતુ મોટા ભાગના સાધકોને એ સત્ય નથી સમજાતું એટલે એમના કરતાં આગળ વધેલા કોઈને મેળવવાની અને એવા કોઈનો આધાર રાખવાની આવશ્યકતા રહે છે. થોડા વખત માટે એ એવો બાહ્ય આધાર ભલે લેતા, પરંતુ એ આધાર એમના આત્મવિશ્વાસનો અને એની આત્મનિર્ભરતાનો નાશ કરી નાખે એવો ન હોવો જોઈએ. આત્મનિર્ભરતા એમનો જન્મસિદ્ધ અધિકાર છે.

મારા પ્રત્યે ભક્તિભાવ રાખનારા જે થોડા હશે એમને એમના પુરસ્કારની પ્રાપ્તિ થશે. એમને મારાથી ધન આપી શકાય કે ટપાલ લખી શકાય તેમ નહોતું. કેવળ મારી જાતનું સમર્પણ જ કરી શકાય તેમ હતું. હું મારા પવિત્ર સાધનાસ્થળમાં બેઠો ત્યારે સંધ્યા સમયે એમની મુખાકૃતિઓ રેખાચિત્રોની લાંબી હારમાળાની પેઠે મારી આગળ તરવરવા લાગી. કોઈ કાગડો એના આશ્રયસ્થાને પહોંચવા મારા મસ્તક પરથી ઝડપથી પાંખો ફફડાવતો પસાર થયો. આત્માના અનંત ભંડારમાંથી મને જે કાંઈ સાંપડ્યું છે એમાં હું એમને ભાગીદાર

બનાવીશ. મને પરમ શાંતિમાં પ્રવેશ મળશે તો તે કેવળ મારે માટે નહિ હોય, એમને માટે પણ હશે. હું કુદરતનો અસીમ અનુગ્રહ અનુભવીશ તો એનો પ્રવાહ એમની દિશામાં પણ શાંતિપૂર્વક વહેતો થશે. પ્રશાંતિરૂપી પરમાત્મા મને બધી બાજુથી વીંટી વળશે અને ઉદાત્ત કરશે ત્યારે એ ઉદાત્તતાના સ્પંદનોને એમની તરફ પણ મોકલી આપીશ. એમને માટે જે કાંઈ કરવામાં આવશે એની માહિતી એમને બધે વખતે નહિ પણ મળી શકે કારણ કે સંવેદનશીલતાની આગળનાં આવરણો સહેલાઈથી દૂર નથી થતાં, અનોખી રીતે દૂર થાય છે, અને વિવિધ વખતે એકઠા થયેલા સંદેશાઓનો છેવટે નિકાલ કરવામાં આવે છે. એ સંદેશાઓ કેટલીક વાર આકસ્મિક શોક છવાય છે અને હેરાન કરે છે ત્યાં સુધી પ્રવેશ નથી પામતા. એમના પ્રવેશથી શોકમગ્ન માનવોના અંતરાત્મામાં સામર્થ્ય, જ્ઞાન અને આશ્વાસનનો સંચાર થાય છે. એને લીધે જે અન્યથા અસહ્ય થઈ પડે તેને સહન કરવાની શક્તિ સાંપડે છે. જેમને સારું એ સંદેશાઓ વહેતા કરાયા હોય એમને કેટલીક વાર કોલાહલવાળી શેરીમાં, વ્યવસાયરત ઑફિસમાં અથવા ઘોંઘાટયુક્ત કારખાનામાં અણધારી શાંત મનોવૃત્તિનો અનુભવ થાય છે. એ એવા અનોખા, અકસીર, અમોઘ હોય છે.

બહારનું જગત એવા ચિત્રવિચિત્ર મૂર્ખતાપૂર્ણ વિચારોને ભલે હસી કાઢે. આપણે સાચા સ્નેહપૂર્વક આધ્યાત્મિક સંબંધ-સૂત્રે બંધાયેલા છીએ. એ સ્નેહસૂત્ર દેશકાળથી પર અને સર્વ પ્રકારની કસોટીઓનો સામનો કરી શકે એવું હોવાથી, આપણે એનો ઉપહાસ સહી શકીશું. એ સ્નેહસૂત્ર સામાજિક પદપ્રતિષ્ઠાના દેખાવ પર કે સાંસારિક સંપત્તિ પર નિર્ભર નહિ હોવાથી શાશ્વત બનવા સરજાયેલું છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૭. ભવિષ્યવાણી

એ દિવસે વહેલી સવારનું આકાશ અતિશય આહલાદક, સુંદર, સ્વચ્છ અને વાદળી હતું. ક્યાંક ક્યાંક એકઠાં થયેલાં સફેદ વાદળાં સૂર્યના સ્વર્ગીય પાવન પ્રકાશને લીધે સહેજ રૂપેરી દેખાવા લાગ્યા. એવા ચોખ્ખા દિવસો દરમિયાન હિમાલયની ઉત્તુંગ પર્વતમાળા પોતાના સર્વોત્તમ સૌંદર્યથી સંપન્ન દેખાતી. એ પ્રખ્યાત પર્વત-પ્રદેશનાં સઘળાં અંગોપાંગો બાળસૂર્યનાં કોમળ કિરણોથી એમની બધી જ વિગતો સાથે, પ્રકાશી ઊઠ્યા. સૂર્યના વૈવિધ્યપૂર્ણ પ્રકાશને લીધે બરફના વિશાળ ગ્લેશિયરો ભીમકાય લોલકો જેવા લાગવા માંડ્યા. એમણે સૂર્યપ્રકાશ ઝીલીને બદલામાં અતિશય પ્રખર રંગમાળાનું પ્રતિબિંબ પાડ્યું.

પૂર્વથી પશ્ચિમ તરફ જોતાં બધે જ ધારદાર ઊંચા પર્વત શિખરો અને બરફના વિશાળ ક્ષેત્રોથી છવાયેલું શક્તિશાળી ક્ષિતિજ દેખાયું. એ પવિત્ર ભવ્ય દૃશ્ય જોઈને પ્રખરમાં પ્રખર સૌંદર્યરસિક વૃત્તિ સંતોષાતી તથા બળવાન બનતી. એ હિમાચ્છાદિત પર્વતપ્રદેશની સહજ પવિત્રતાનો પ્રભાવ એમાં પ્રવેશનારા દુન્યવી વિષયવૃત્તિવાળા માનવો પર પણ પડ્યા વિના ન રહેતો.

મારા મકાનના પાછળના બારણામાંથી એ અદભૂત દૃશ્ય અવલોકતી વખતે મને રોમાંચ થયા વિના ન રહી શક્યો. મને અવર્ણનીય સ્ફૂર્તિ, તાજગી તથા આહલાદકતાનો અનુભવ થયો. એ પિરામિડ જેવી દૂર-સુદૂર સુધી વિસ્તરેલા ભવ્ય પર્વતપંક્તિ શહેરી સૌંદર્યથી સંમોહિત થયેલા માનવને પ્રકૃતિનો પ્રેમી અથવા આરાધક બનાવવાની શક્તિ ધરાવતી હતી. એ પર્વતપંક્તિ એટલી બધી વિશાળ, વૈવિધ્યપૂર્ણ અને ઓજસ્વી હતી. પરોઢની ફિકાશથી સૂર્યાસ્તની સુરખી સુધી જે દ્રશ્યો ઊભાં થતાં તે દ્રશ્યોને હજારવાર જોવા છતાં સહેજ પણ નીરસતા ન લાગતી. હિમાલયના એ પર્વતો બરફના તોફાનનો ભોગ બનતા હોય કે ભયંકર વાવાઝોડાથી ઘેરાઈ જતા હોય તેથી શું ? એમની સપાટી સંપૂર્ણ સૌંદર્યથી છવાયેલી દેખાતી. સૃષ્ટિના સર્વશ્રેષ્ઠ શિલ્પકાર અને સર્વોચ્ચ સર્જનહારનાં એ સુંદરતમ સર્જનો હતાં. તાજા બરફના ઢગલાઓથી ઢંકાયેલા એ તોતિંગ પર્વતો પોતાની પાછળના વિચિત્ર પ્રદેશનું કેટલી અનોખી રીતે રક્ષણ કરી રહ્યા હતા ? પંદર હજાર ફૂટની ઊંચાઈએ આવેલો એ પ્રદેશ હિમાલયની કિલ્લા જેવી દીવાલને લીધે સૈકાઓથી સુરક્ષિત રહી શકેલો. કુદરતે પૂરતા વિચાર પછી જ જાણે કે આ પ્રદેશના સંત્રી તથા કરમપટા જેવા અસંખ્ય ઠંડા પહેલવાની પર્વતોની સૃષ્ટિ કરેલી. એ પ્રદેશ બાકીના જગતથી જુદો પડી જાય છે તેની પાછળ પૂરતાં કારણો છે.

પરંતુ એવા શંકાસ્પદ એકાંતવાસમાં એ ક્યાં સુધી રહી શકે ?

પર્વતનું બંધન ત્યાગીને સૌથી પ્રથમ મેદાની પ્રદેશમાં મોકળા મનથી પ્રવેશનારી ગંગા જે સુંદર સ્થળમાં આવે છે તે હરદ્વારને નિહાળીને મને અતિશય આશ્ચર્ય થયેલું. હરદ્વારથી હિમાલયમાં આગળ વધતો માર્ગ બદરીનાથ તથા કેદારનાથનાં સુપ્રસિદ્ધ તીર્થસ્થાનો સુધી લઈ જાય છે. એ સ્થાનોનો મહિમા એટલો બધો મોટો છે કે દર વરસે હજારો ભાવિકો એમની, પગે ચાલીને અને સાધનસંપન્ન હોય તો વિચિત્ર દેખાતી નાનકડી દંડીઓમાં બેસીને યાત્રા કરે છે. પરંતુ એ વરસે મેં એ ભાવિક ભક્તોને માટે યાત્રાનું નવું જ સાધન નિહાળ્યું. કેટલાક સાહસિક ભારતીય એન્જિનિયરોએ નાનકડી કંપની કાઢેલી અને સરસ રીતે ચાલતી

વિમાનની સેવા શરૂ કરેલી. શ્રીમંત યાત્રીઓને નાનકડા સુંદર વિમાનમાં બેસાડવામાં આવતા. એ વિમાન હરદ્વારથી એકાદ કલાકનું અંતર કાપીને યાત્રામાર્ગમાં આગળ લઈ જતું. એ સ્થળથી કેદારનાથ પહોંચવા માટે યાત્રીઓને ઘોડા પર ચાર દિવસ લાગતા અને બદરીનાથ જવા માટે સાત દિવસ. પર્વતને રસ્તે પગપાળા આગળ વધનારા યાત્રીઓને એ સ્થળોએ પહોંચતાં ત્રણથી ચાર અઠવાડિયાં લાગતાં. વધારે પણ. હિમાલયમાં વિમાનો ઊડવા માંડ્યાં હોય અને ભાવિક ભક્તોને એનાં પવિત્ર દિવ્ય દેવમંદિરો સુધી પહોંચાડતાં હોય તો ઉત્તરધ્રુવની પેલી પ્રચંડ પર્વતીય દીવાલ દીર્ઘ સમય સુધી ઓળંગાયા વિનાની ન રહી શકે એ દેખીતું હતું. હું કૈલાસ પર્વત પર મારું વિમાની ઉડ્ડયન કરીને એની આજુબાજુના પાંચ વિહારોમાંના એકમાં રહેતા બૌદ્ધ સાધુઓને અતિથિસત્કારની એકદમ અણધારી અરજીથી આશ્ચર્યચકિત કરી શકું એ સંપૂર્ણ સંભવિત હતું. પેટ્રોલ તેમજ માનવ મસ્તિષ્કથી જોખમમાં મુકાયેલી તિબેટની સુદીર્ઘ સુરક્ષા જતી પણ રહે. આ સૈકામાં એની હિમાચ્છાદિત દુર્ભેદ્ય દીવાલો તથા ઊંચા આશ્રયસ્થાનો અસ્પૃશ્ય ન રહી શકે.

તિબેટવાસીઓ અંગ્રેજોના પ્રવેશનો પ્રતિકાર, સારા માટે હોય કે ખરાબ માટે તો પણ નહિ કરી શકે. એમની ઈચ્છા ન હોય તો પણ એમની રૂઢિચૂસ્તતાનો કેટલોક અંશ દૂર થયો છે અને એમનાં મગજમાં અંગ્રેજોની શોધખોળોનો અમુક અંશ પ્રવેશવા લાગ્યો છે. સરકારે પણ ત્યાં એક રેડિયો સ્ટેશન શરૂ કર્યું છે. જેનો મુખ્ય હેતુ કેટલાક પ્રાંતોના નગરોના ગવર્નરોને સહેલાઈથી ને વહેલી તકે આદેશો અથવા સંદેશા મોકલવાનો છે. પોટાલાના રાજમહેલમાં વીજળીની બત્તીઓનો ઝાંખો પ્રકાશ પથરાય છે. તિબેટની એ રાજધાનીને ભારતના દાર્જિલિંગ સાથે તારલાઈનથી સાંકળી લેવામાં આવી છે.

પવિત્રતા કાંઈ પૂર્વનો જ ઈજારો નથી. પૂર્વીય પ્રજાને પશ્ચિમની પ્રજાની પેઠે જ આધ્યાત્મિક પુનર્જાગરણની આવશ્યકતા છે. બંને ગોળાર્ધની પ્રજાઓ આધ્યાત્મિક દૃષ્ટિએ જોતાં ત્રુટિપૂર્ણ છે. આપણે ભૌતિક જગતમાં જીવીએ છીએ અને સ્થૂળ શરીરો ધરાવીએ છીએ એટલે આ જગતનો જેટલો ઉપયોગ કરી શકાય તથા માનવના મસ્તકને પરિણામે પેદા થતાં સુખસાધનો, સગવડો અને અન્વેષણોનો જેટલો લાભ લઈ શકાય તેટલો લાભ લેવા તેમજ ઉપયોગ કરવા તૈયાર રહીએ એ બુદ્ધિસંગત અથવા આવકારદાયક છે. પ્રગતિશીલ પશ્ચિમ અને રૂઢિવાદી પૂર્વના મિલનને લીધે પૂર્વ પોતાના પ્રાકૃતિક શક્તિભંડારોનો વધારે સારી રીતે, સંપૂર્ણપણે વિકાસ કરીને લાભ ઉઠાવી શકાશે. એવું પરિણામ પૂર્વને માટે હાનિકારક થવાને બદલે લાભકારક થઈ પડશે. પશ્ચિમને પણ લાભ થશે. સૌથી પહેલો દેખીતો લાભ ભૌતિક હશે. બીજો અને ધીમો લાભ શુદ્ધ સાંસ્કૃતિક હશે. જુદીજુદી પ્રજાઓનું એવું સંમિલન મિત્રતાપૂર્ણ પારસ્પરિક વ્યવહારથી સધાય એ ઈચ્છવા જેવું છે. એમના વિચારોનો વિનિમય થવો જોઈએ અને એમની સાંસરિક સુધારણા પણ સુધારવી જોઈએ : અલબત્ત, ગોળી કે બૉમ્બથી નહિ પરંતુ પારસ્પરિક સહયોગથી.

*

તિબેટમાં આજે પણ શક્તિશાળી સંતો તથા આધ્યાત્મિક સ્પંદનોથી સંપન્ન સ્થળો છે. એમની પ્રસિદ્ધિ પ્રાચીનકાળથી છે. કર્નલ યંગહસ્બન્ડના હાથ નીચેની અંગ્રેજ સેના આખરે લ્હાસા પહોંચી અને એ નાનકડા યુદ્ધને પરિણામે થયેલી સંધિ પર સહીઓ કરવામાં આવી ત્યારે કર્નલને જે અનોખો અનુભવ થયો તે ઉલ્લેખનીય છે. એમણે મને જણાવેલું કે ઘટના પછીના બીજા દિવસે અસાધારણ અંતઃપ્રેરણાને વશ થઈને

પોતે લ્હાસાની પાસેની ઊંચી ગિરિમાળા પર એકલા જઈ પહોંચ્યા. ગિરિમાળા પર થોડુંક ચડ્યા પછી એક શિલા પર બેસીને આરામ કરવા લાગ્યા. એ વખતે એમને પોતાના જીવનનો અસાધારણ અનુભવ થયો. એમની સમસ્ત ચેતના એક પ્રકારની ઉચ્ચ યૌગિક સમાધિમાં લય પામવા લાગી. એમના આત્મામાં ઊંડી શાંતિ ફેલાવા માંડી. એ અનુભવમાં કશું વ્યક્તિગત નહોતું. કારણ કે એમને વીંટળાઈ વળેલી વિચિત્ર અમાનવીય શાંતિને લીધે એમની સઘળી આકાંક્ષાઓ શૂન્યાવસ્થામાં ડૂબી ગઈ.

એ ગિરીમાળા પરથી પોતાના સ્મૃતિપટ પર એક કાયમની ચિરસ્મરણીય ઘટના જડીને એ નીચે આવ્યા. તિબેટે એમને લશ્કરી વિજય કરતાં ઘણું વધારે આપેલું. એણે એમને આધ્યાત્મિક પ્રકાશ પૂરો પાડેલો. પ્રકાશના એ પુરસ્કાર માટે હિમાચ્છાદિત પ્રદેશમાં કોણ અથવા શું જવાબદાર હતું ?

*

માથે મુંડનવાળા, સ્વસ્થ મનના એક બૌદ્ધ સાધુએ તિબેટમાં પરંપરાગત રીતે વહેતી આવેલી, ઊંચી કોટિના લામાઓ જેનાથી માહિતગાર હતા એવી, અને એ વખતના સંજોગો સાથે વિચિત્ર રીતે મેળ ખાનારી, જૂની ભવિષ્યવાણીનો મારી આગળ ઉલ્લેખ કરેલો. એમના કહેવા પ્રમાણે બેથી ત્રણ સૈકાં પહેલાંની એ ભવિષ્યવાણી તિબેટના રાજા કે પોપ જેવા દલાઈ લામા સાથે સંબંધ ધરાવતી હતી. એમાં કહેવામાં આવેલું કે તેરમાં વડા લામા એમની પરંપરાના અંતિમ લામા થશે અને એમના મૃત્યુ પછી થોડે વખતે તિબેટ શ્વેત ‘જંગલીઓ’ ને માટે ખૂલી જશે. એમની ‘જડવાદી’ સભ્યતા એ પછી એમાં પ્રવેશ પામશે. જૂની માન્યતા પ્રમાણે એ લામા પછી એમાં આત્માના અવતાર નવા લામા કે નવા રાજા બનશે.

મોટા લામાઓના લોપની અને તિબેટમાં અંગ્રેજોના પ્રવેશની ભવિષ્યવાણી ભાખનારા ત્યાંના ભવિષ્યવેત્તાના નામનું મને સ્મરણ નથી. તો પણ મને લાગેલું કે એ ભવિષ્યવાણી આંશિક રીતે સાચી ઠરશે. એ બંધિયાર દેશ આખરે ખુલ્લો મૂકવામાં આવશે અને નવા જમાનાનાં શુભાશુભ પરિબળોની અનિવાર્ય અસર નીચે આવીને એ પરિબળો ગમે તે પ્રકારનાં હશે તો પણ એમનાથી પ્રભાવિત થશે.

એ ભવિષ્યવાણી એકદમ અનોખી અથવા આશ્ચર્યકારક હતી.

☼ ☼ ☼ ☼ ☼

## ૮. સ્વતંત્ર વિચારધારા

મારી કલમમાંથી અવ્યવસ્થિત રીતે વહેતા થયેલા અને મારા વર્તમાનપત્રમાં પ્રગટ થયેલા છેલ્લા પરિચ્છેદોને લખાયે સાડાત્રણ અઠવાડિયાં જેટલો સમય શાંતિપૂર્વક પસાર થઈ ગયો. એમાં કશું અનુચિત પણ નહોતું. હિમાલયનાં એકાંત અરણ્યોમાં અને હિમાચ્છાદિત પર્વતપ્રદેશોમાં થયેલું મારું આગમન લખવા માટે નહોતું થયું પરંતુ આરામ કરવા માટે થયેલું. મને સોંપાયેલી કામગીરીને વફાદાર રહેવા માટે મારું મુખ્ય પ્રયોજન શાંતિપૂર્વક બેસવાનું હતું. હિમાલયનાં વૃક્ષોની નીચે સંસારના અસ્તિત્વની ગંભીર ક્ષુલ્લકતાનો નાશ થયેલો.

હું સમજતો હતો કે માનવ પોતાના અસ્તિત્વને સાર્થક કરવા માગતો હોય તો એણે શ્રમનું મહત્વ સમજવું જોઈએ અને શ્રમને આવશ્યક માનવો જોઈએ, પરંતુ સાથેસાથે એ પણ સમજતો હતો કે જીવનના સર્વોત્તમ નિયમને અનુસરવું હોય તો એક સમય એવો આવવો જ જોઈએ જ્યારે એ શીખે કે પોતાના સ્વરૂપને જાણવું એ પણ ઓછું ઉત્તમ અને ઓછું અગત્યનું નથી. જીવનના અંતિમ ધ્યેયનું મને સ્મરણ હતું. માનવને એનાં વિકાસના સર્વોત્તમ શિખર પર પહોંચાડનારા પથનો મને ખ્યાલ હતો. એ પથ ઈશુએ વર્ણવેલા સ્વર્ગના સામ્રાજ્ય તરફ અને બુદ્ધે પ્રબોધેલા નિર્વાણની શાંતિ તરફ લઈ જતો. નિત્ય જીવનનાં અનેક પ્રકારનાં સુખ-દુઃખો, કષ્ટો તથા અભ્યુત્થાનો અને અધઃપતનોની વચ્ચે પણ આપણે સૌ સ્થૂળ ઈન્દ્રિયોના જીવનના આનંદની અભિરુચિ રાખતાં હોવાથી, નિર્વાણ અથવા સ્વર્ગના સામ્રાજ્યના શુભાગમનને ધારીએ તો હજારો વરસો સુધી પાછું ઠેલી શકીએ. આપણે એમના સદ્દુપદેશો સંભળાવનારા પયંગબરોની પણ અવજ્ઞા કરીએ કારણ કે આપણને ભ્રાંત બનાવનારી સગવડિયા રૂઢિઓ પર જે શંકાનું ઠંડું પાણી રેડે છે. તો પણ પ્રકૃતિ આપણને એના કાબૂમાં રાખે છે એ સાચું છે. એના હાથમાંથી કોઈનો છેવટનો છુટકારો નથી થતો. એક ધન્ય દિવસે, નિતાંત નિરભિમાનીતા સાથે આપણને સૌને આપણા અસલ ઘર તરફ લઈ જવામાં આવશે. એ વખતે કોઈ વિરોધ કે વાદવિવાદ નહિ ચાલે. એ હકીકત મારા ધ્યાનમાં હતી.

એ દિવસોમાં હું વધારે ને વધારે આળસુ બનેલો. સમાજને માટે નકામો અને મને કોઈ ખાસ લાભ નહિ પહોંચાડનારો. કેવળ શાંતિથી બેસી રહેતો, બીજું કાંઈ જ ન કરતો, અને પોતાની દિશામાં દોડતા વિચારોના આક્રમક તરંગોને દૂર રાખવાની કોશિશ કરતો. સંક્ષેપમાં કહું તો મને દુનિયામાં કોઈ પ્રમાણભૂત સ્થાન નહોતું મળ્યું કે કોઈ નિશ્ચિત પદ નહોતું પ્રાપ્ત થયું. હું હવે આદરપાત્ર નહોતો રહ્યો.

એનો કશો અર્થ હતો ખરો ?

*

મુંબઈથી એક મિત્રે તાજેતરમાં મને મોકલેલાં પૉકેટ સાઈઝની, કાળા પૂંઠાવાળી પુસ્તિકામાં મેં જે સુંદર વાક્ય વાંચ્યું એમાં સંગ્રહાયેલો વિચાર મારી દૃષ્ટિએ ડહાપણભરેલો અને આશ્વાસનદાયક હતો : 'માનવ આખી દુનિયા મેળવે પણ એના પોતાના આત્માને ખોઈ નાખે તો એને શો લાભ થાય ? અથવા માનવ એના આત્માના બદલામાં શું આપશે ?'

એ પુસ્તિકાનું નામ 'ધી ન્યુ ટેસ્ટામેન્ટ' હતું.

એનો અર્થ પ્રકારાંતરે એવો થયો કે માનવનું મૂલ્ય એણે એકઠી કરેલી સંપત્તિ પરથી કે એણે કરેલા કામ પરથી આંકવાની પદ્ધતિ સારી નથી. એણે દુનિયાને માટે શું કર્યું એ જ વસ્તુને મહત્વની નથી માનવાની. એ પોતે કેવો છે એનું પણ મહત્વ હોય છે.

*

આખરે તો આપણામાંના કેટલાક પેલા બાઈબલના રાતભર મહેનત કરવા છતાં કશું જ ન પકડી શકનારા માછીમાર જેવા છે. આપણે થોડું ધન એકઠું કરવાનો પ્રયત્ન કરીએ છીએ પણ સાથેસાથે કેટલીક ચિંતાઓ પણ એકઠી કરી નાખીએ છીએ. બધી વસ્તુઓને પોતાની કિંમત હોય છે એ સાચું છે પરંતુ થોડીક વસ્તુઓનું પોતાનું મૂલ્ય હોય છે. આપણે હજું ઉત્તમ પ્રકારનું ડહાપણ શીખવાની આવશ્યકતા છે.

સાચું કહું તો મેં મારા અક્રિય એકાંતસ્થાન તરફ દોડી જઈને કોઈ મોટો ત્યાગ નહોતો કર્યો. મને સામાજિક સુખોપભોગો પ્રત્યે અણગમો નહોતો થયો. પરંતુ હું એમના સિવાય ચલાવી શકું તેમ હતો. પર્વતીય પ્રદેશ પર આળસુ બનીને બેસી રહેવાથી અને નીચેની દુનિયાનાં દ્રશ્યોનું નિરીક્ષણ કરવાથી મને કોઈ પ્રકારનો ભય નહોતો લાગતો. એકાંતમાં વસીને જ્ઞાનની મહાદેવીનાં શ્રીચરણોને ઉપાસવાનું મને ગમતું. મેં જોયેલા જુદાંજુદાં આમોદ-પ્રમોદના સ્થાનો મારા અસ્તિત્વ માટે આવશ્યક નહોતાં. કુદરત આવશ્યક હતી. એને કોઈકવાર પરિત્યાગીને પણ, ક્ષતિપૂર્ણ તો પણ પ્રેમાળ પ્રિયતમની પેઠે, મારાથી એની પાસે પહોંચ્યા વિના ન રહેવાતું.

મારી પ્રવૃત્તિની પાછળ એક બીજું ઉચ્ચ કક્ષાનું કારણ હતું. થોડાં વરસો પહેલાં ધ્યાનની પ્રગાઢ દશામાં ડૂબી ગયેલો ત્યારે મને એક સંદેશ સાંપડ્યો. એ સંદેશ બીજા ગ્રહમાંથી પૃથ્વીના વાયુમંડળની પાસે આવેલા. માનવજાતિના સામૂહિક આધ્યાત્મિક કલ્યાણની રુચિ રાખનારા વર્ગના ચાર મહાત્માઓ અથવા દેવદૂતો દ્વારા પ્રાપ્ત થયો. કામચલાઉ સમય માટે પૃથ્વી પર પરિવ્રાજક બનીને ફરવાના એ આદેશ અનુસરીને આત્માના અવાજ પ્રમાણે હું એક સ્થળથી બીજા સ્થળમાં ફરવા લાગ્યો. લોકોના માનસન્માનની પરવા તો મને એ વખતે પણ નહોતી ને આજે પણ નથી. યશ તથા નામનાની અસર મને કદાપિ નથી થઈ અને એટલા માટે એમની અપેક્ષા મેં કોઈ સંજોગોમાં નથી રાખી. સારા વાતાવરણમાં સારું જીવન જીવવા માટે અને અનિવાર્ય સંજોગોમાં કરવા પડતા પ્રવાસોને પહોંચી વળવા માટે જેટલા ધનની જરૂર હોય એથી અધિક ધનની આવશ્યકતા ન હતી. આમોદપ્રમોદની રુચિ મને કોઈક અનોખા અવસર પર અને અલ્પ માત્રામાં જ થયા કરતી. મને સોંપાયેલું કાર્ય મારા સ્વભાવ પ્રમાણે શાંતિ તથા ગુપ્તતાપૂર્વક કરવાનું હું વિશેષ પસંદ કરતો. સાહિત્યના કાર્યને હું ગૌણ સમજતો, અને ઈશ્વરની દૈવી શક્તિ મને સદા સાથ આપતી હોય એવું મને લાગ્યા કરતું. બીજા કોઈ સાથની આવશ્યકતા મને નહોતી લાગતી. શહેર છોડીને દેશમાં ફરવું, પ્રવૃત્તિમાંથી નિવૃત્તિમાં પાછા વળવું, અને એ પણ પ્રસંગોપાત અને મર્યાદિત સમય માટે, એને ગાંડપણ ગણવામાં આવતું હોય તો એવી રીતે ડાહ્યા બનવાનું મને લેશ પણ પસંદ નહોતું પડતું. આધ્યાત્મિક સત્યની શોધ કરવી અથવા ધ્યાનાદિ યોગસાધનાનો અભ્યાસ કરવો એ અસ્થિર, અવ્યવસ્થિત બુદ્ધિની નિશાની હોય તો ઈશ્વરને હું પ્રાર્થના કરું કે મારી બુદ્ધિને એ કદાપિ સ્થિર કે વ્યવસ્થિત ન કરે. અશાંત સંસારમાં આત્મિક શાંતિ માટે પ્રયત્ન કરવામાં પ્રારંભિક ઘેલછા ગણાતી હોય તો મને ઘેલા તરીકે ગણવામાં

કશું દુઃખ નહોતું લાગતું. પરંતુ વર્તમાન જીવનનાં અનેકવિધ ભયો, તોફાનો તથા પ્રતિકૂળ પરિબળોની વચ્ચે વસીને આત્માની અલૌકિકતા અને અણિશુદ્ધતા સાચવવામાં કે સાચવવાનો પ્રયાસ કરવામાં મને વાસ્તવિક ડહાપણનું દર્શન થતું.

હું કોઈ પણ રૂઢ ધર્મ પ્રત્યે વફાદારી નહોતો ધરાવતો એ મારું સદભાગ્ય હતું. જિજ્ઞાસુ લોકો કોઈ પણ પ્રકારના દેખીતા કારણ વિના મને એ વિશે પૂછતા ત્યારે હું અનોખી રીતે ઉત્તર આપતો એટલે એ વધારે પડતી પૂછપરછ કરવાનું બંધ કરતા. મને મારા સ્વૈરવિહાર કરતા આત્માને ઠરીને ઠામ કરવા માટે કોઈ સંપ્રદાય કે તત્વજ્ઞાનનું દર્શન નહોતું થયું. મને પવનની પેઠે નિર્બંધ આત્મામાં વિશ્વાસ હતો.

એવા માણસનો કોઈ સાથી કે સમકાલીન નથી હોતો અને એની આવશ્યકતા પણ એને નથી હોતી. રૂઢિવાદીઓ એવી સ્વતંત્રતાનું સ્વાગત નથી કરતા અને આધુનિકો એવી મિથ્યા માન્યતાઓને તિરસ્કારે છે. એની ચિંતા એમને નથી હોતી. સત્ય, શુદ્ધ અને સર્વોત્તમ વ્યક્તિ પોતાના વારાની ધીરજપૂર્વક પ્રતીક્ષા કરી શકે છે. એ સનાતન હોવાથી એને કશું નથી ખોવાનું. એનું પ્રાકટ્ય મોડું કે વહેલું, દૃષ્ટ અથવા અદૃષ્ટ રીતે થાય છે જ.

મારા એવા અલિપ્ત ભાવને લીધે મને સઘળા સંપ્રદાયો કે ધર્મોમાંથી કોઈ ને કોઈ મિત્રો મળી રહેતા અને શત્રુઓ પણ સાંપડતા. એ સૌની વચ્ચે હું પરદેશીની પેઠે વાસ કરતો ને મારું અસલ વતન ક્યાં છે તે સારી પેઠે સમજતો. મારી અને મારા પર પડતા પરમજ્યોતિ સ્વરૂપ પરમાત્માના કિરણોની વચ્ચે કોઈ પણ સંસ્થા નડતરરૂપ ન બનતી. મને એ વિચારથી આત્મિક આનંદ થતો કે પૃથ્વીનો મારો આ પ્રવાસ એક કામચલાઉ પ્રવાસ છે, અને જેની અલૌકિક રજતરંગી ઝાંખી માટે હું દીવાનો બનીને પ્રત્યેક રીતે આકાશમાં શોધ કરું છું તે મારા પોતાના તારામંડળમાં પ્રવેશવાની પરવાનગી દયાળુ દેવતાઓ પાસેથી મને એક દિવ્ય દિવસે મળી રહેશે.

ઉપરઉપરથી દેખાતા, જીવનના નામથી ઓળખતા, આ આવરણના અંતરતલમાં અવલોકવું જોઈએ, એનું સાચું રહસ્ય સમજવાનો પ્રયાસ કરવો જોઈએ. આપણે કેવળ જીવનના અકસ્માતોને જીવનના મૂળ તત્વો તરીકે માનવાની ભૂલ કરવી ન જોઈએ. આત્મિક શાંતિનો નાશ કરીને જે દુનિયાનું અંધાનુકરણ કરે છે તે પોતાને જ હાનિ પહોંચાડે છે. અફસોસની વાત છે કે આપણામાંનાં અનેક આધ્યાત્મિક રીતે મૂંગાં છે અને એક પણ સ્વતંત્ર સનાતન શબ્દ નથી બોલી શકતાં.

ઈશ્વરે અર્પેલી સ્વતંત્રતાની અસાધારણ ચમત્કારિક બક્ષીસ એવી છે કે કોઈ પણ માનવની સ્વતંત્ર ઈચ્છાશક્તિનો નાશ ન કરી શકાય. આપણે એ ઈચ્છાશક્તિને ખીલવીને કોઈનાય હસ્તક્ષેપ કે દબાણ વિના, આપણી પોતાની મેળે જ આપણા મૂળ ઘર તરફ ગતિ કરવાની છે. પરમપ્રકાશ પામેલા સદગુરુઓ એમને શરણે જનારને અને જ્ઞાત અથવા અજ્ઞાત રીતે અસલ ઘેર પાછા ફરવા માટે આતુર બનનારને અપનાવે છે. એ જાણે છે કે એખરામાંથી દ્રાશ એકઠી નથી કરી શકાતી.

☼ ☼ ☼ ☼ ☼

## ૯. કુદરતનો આનંદ

વર્ષાઋતુ હજુ દૂર હોવા છતાં એના કેટલાક બિનજવાબદાર આકસ્મિક પૂર્વાભાસોનો પરિચય થવા માંડ્યો. એ દિવસો દરમિયાન હિમાલયનું હવામાન અત્યંત અસ્થિર હતું. પ્રત્યેક પ્રભાત શુભ તથા અશુભ બન્ને પ્રકારનાં પરસ્પર વિરોધી એવાં અનેક પ્રતીકો વચ્ચે પ્રકટતું. પૃથ્વી અને આકાશનું સંમિલન થતું ત્યાં ઊનના ઢગલા જેવાં વાદળોથી વીંટળાયેલા, ઊંચા ધારદાર પર્વતશિખરોવાળા, બરફથી છવાયેલા ક્ષિતિજ પર અણધાર્યા પરિવર્તનો થયા કરતાં.

અનિયમિત વરસાદને પરિણામે જે ખાસ લાભ થતો તે એ કે અમારો પાણીનો પ્રશ્ન હળવો બનતો. આમ તો અમે બે ફર્લાંગ દૂર આવેલા સૌથી નજીકના ઝરણાંમાંથી જરૂરી પાણી લઈ આવતા, પરંતુ વરસાદના વખતમાં અમારો પિત્તળનો મોટો બંટો બારણાની બહાર મૂકીને એને ભરાવા દેતા. વરસાદ એટલો બધો વધારે પડતો કે એ તરત જ ભરાઈ જતો. વરસાદ પ્રસંગોપાત્ત અને ભરોસો ન રખાય એવી રીતે પડતો તો પણ અમારો હેતુ સરી રહેતો.

દક્ષિણમાંથી આવનારા માનવને માટે રાતની ઠંડી કેટલીક વાર અસહ્ય થઈ પડતી. સાંજ પડતાંની સાથે આકાશમાં એકઠાં થયેલાં વાદળ પર્વતનાં શિખરો પર વાંરવાર નાવની પેઠે સફર કરતાં. તિબેટ તરફના ભયંકર તોફાની પવન બરફથી છવાયેલી પર્વતમાળા પર સૂસવાટા કરતા ફરી વળતા. અંધકારથી ભરેલું હઠીલું ધુમ્મસ અવારનવાર દેખાવા માંડતું. સમસ્ત પ્રદેશમાં ફરી વળતું, સર્વકાંઈ ઢાંકી દેતું. મકાનની આજુબાજુ એ વીંટળાઈ વળતું ત્યારે મકાન અવકાશના એકાદ નાનકડા ગ્રહ જેવું એકલું અથવા અટૂલું દેખાતું. એ વખતે દૃષ્ટિપટ આગળથી બીજું બધું જ અદૃશ્ય થતું.

પરંતુ હિમાલયના વાવાઝોડાની આગળ એની કશી વિસાત નહોતી. હિમાલયનું વાવાઝોડું મેં જોયેલાં વાવાઝોડામાં સૌથી પ્રબળ, આકર્ષક અને ભવ્ય કહી શકાય તેવું લાગતું. છેલ્લા સપ્તાહ દરમિયાન અમને એવા ભયંકર વાવાઝોડાનો બે વાર અનુભવ થયો. રાત પડતાં જ એનો આરંભ થયો. હવામાનમાં અપશુકનિયાળ ફેરફાર થવા લાગ્યો. ઉષ્ણતામાન ઉત્તરોત્તર ઘટવા લાગ્યું. મેં એ આક્રમક ઠંડીનો સુખદ સામનો કરવા માટે ગરમ ખમીસ પહેરીને એના પર જાડું ઊંચા કૉલરવાળું સ્વેટર ચડાવી દીધું, અને પછી બારણાના છજામાંથી વાવાઝોડાને આરંભાતું અવલોકવા લાગ્યો. થોડી વારમાં તો હિમાલયની પર્વતમાળાઓમાં બૉમ્બવર્ષા થતી હોય એવો અતિભયંકર અવાજ થવા માંડ્યો, તોફાન ફાટી નીકળ્યું, અને વાવાઝોડું તૂટી પડ્યું. પર્વતોને ભૂગર્ભમાં રહેતાં ભયંકર તત્વોએ ઘેરી લીધા હોય, તોડવા માંડ્યા હોય અને ભડકે બાળવા માંડ્યા હોય એવું લાગવા માંડ્યું. તો પણ મને વિશ્વાસ હતો કે હિમાલયના ઉદરમાં રહેલાં ચકમક, સ્ફટિક અને બીજા ખનિજ દ્રવ્યો કુદરતના આઘાતોનો સામનો સારી રીતે કરી શકશે. એ બધા અવાજના આરંભમાં થતાં વીજળીના વૈવિધ્યપૂર્ણ વિલાસ અથવા સુંદર અભિનયોથી નિસર્ગને નિહાળવાનું પૂરતું વળતર મળી રહેતું. વીજળીના એ વિલાસ યાંત્રિક વીજળીના પ્રકાશના કેવળ આટાપાટા નહોતા પરંતુ આજુબાજુના ઘોર અંધકારમાં અદભુત રીતે પ્રકાશતા શ્વેત પ્રકાશપુંજના ગોળાકાર મોટા સમૂહો હતા.

ભયંકર તોફાની વાવાઝોડાએ મારી બાજુના ઊંચા દેવદાર વૃક્ષને હલાવી નાખ્યું. એક્સ્પ્રેસ ટ્રેનની ગતિએ વાતા એ વાવાઝોડાને લીધે દેવદાર વૃક્ષની ડાળીઓ આમથી તેમ તાંડવ કરવા લાગી. સૂસવાટા કરતા સમીરે ખીણમાં બધે પ્રહાર કરવા માંડ્યા અને નિર્બળ વૃક્ષોનાં પાંદડાંને પાડવા માંડ્યાં. મૂશળધાર વરસાદ વરસવા લાગ્યો, કલાકો લગી લેશ પણ ઘટવાના સંભવ વિના એ ધોધમાર રીતે વરસતો રહ્યો. એની એ બૉમ્બવર્ષાની પૂર્ણાહુતિ થતી હોય તેમ, લખોટા જેવા મોટા કરા પડવા લાગ્યા. મકાનના છાપરા પર એનો અનોખો અવાજ આરંભાયો. એ કરા મારક થઈ પડે તેવા હતા. કેટલીક વાર એમનો આકાર અખરોટ જેવો મોટો દેખાતો. તોફાન શાંત થયા પછી મેં મારા બંગલાની પાસે કેટલાંક નાનાં પક્ષીઓનાં મૃત શરીર જોયાં. એના પરથી પર્વતીય પ્રદેશમાં કેટલી હાનિ થઈ છે તેની કલ્પના કરી શકાઈ. વીજળી પડવાથી એક ઉત્તુંગ દેવદાર જમીનમાંથી ઉખડી પડેલું અને ચિરાઈ ગયેલું.

બીજે દિવસે સવારે પર્વતની ખીણમાં સર્વત્ર પ્રતિઘોષ પાડનારા વાવાઝોડાના અવાજને લીધે હું નિદ્રામાંથી જાગી ઊઠ્યો. બહાર વાવાઝોડાની ગર્જનાઓ સંભળાવા લાગી. પાછળથી સૂર્ય વિનાના પરોઢનો ઝાંખો પ્રકાશ સમસ્ત પ્રદેશમાં ફરી વળ્યો ત્યારે મારા બારણામાંથી મેં અનાવકારદાયક વેરાન દૃશ્ય જોવા માંડ્યું. ધુમ્મસની પંક્તિની આગળ સંરક્ષણ માટે ઊભેલા સૈનિકો જેવાં દેવદાર વૃક્ષોની પાછળના પ્રદેશમાં સર્વત્ર જાડા, સફેદ, દુર્ભેદ્ય ધુમ્મસના ગોટા ફરી વળ્યા. જંગલ અદૃશ્ય થઈ ગયું, ભેખડો અને પર્વતશિખરોની હિમાચ્છાદિત હારમાળા નાશ પામી. એનું અગાઉ કદાપિ અસ્તિત્વ જ ન હોય એવું લાગવા માંડ્યું. અમે દસ હજાર ફૂટની ઊંચાઈ પર દૂધ જેવા સફેદ ધુમ્મસના સમુદ્રમાં ડૂબી ગયેલા. ભારત, તિબેટ, ઈંગ્લાંડ એ બધાં નામો કોઈ કાલ્પનિક દેશનાં હોય એવું લાગવા માંડ્યું. પૃથ્વીનો આ ગ્રહ દેખીતી રીતે જ સફેદ અવકાશમાં વિલીન બની ગયેલો. અમે એના સૂક્ષ્મ વિશદ વાયુમંડળમાં અલ્પ આધારભૂમિમાં બેઠેલા એકમાત્ર અવશેષો હતા.

ઘણા વખત પછી ઋતુમાં સુધારો થયો. વરસાદ એકાએક બંધ પડ્યો અને ઉઘાડ નીકળ્યો. ધુમ્મસ રહસ્યમય રીતે, ચલમમાંથી જોરથી નીકળી જતાં ધુમાડાના ગોટાની પેઠે, સત્વર વિખરાઈ ગયું, અને સૂર્યપ્રકાશનો આહ્લાદક અભિનય આરંભાયો. લીલી ચામડીવાળી ગરોળીઓ સૂર્યનાં તાજાં કિરણોનો આનંદ માણવા પથ્થરખંડોનાં પોલાણોમાંથી પેટે ચાલીને બહાર નીકળવા લાગી. એમની કાચ જેવી આંખ ખૂબ જ મોટી અને ક્રૂર દેખાતી. હિમાલય પર્વતે પોતાના ભવ્ય ભપકાદાર સુદૃઢ મસ્તકને ઊંચું કર્યું. વિશુદ્ધ બનેલા વાતાવરણમાં સૂર્ય બરફની સમસ્ત હારમાળાને પ્રકાશિત કરવા લાગ્યો. આકાશ સુંદર આકર્ષક બિલોરી રંગનું બની ગયું, અને બહાર બધે જ આહ્લાદક ઉષ્મા ફરી વળી. મેં મારી લાકડી લઈને મારા તજાઈ ગયેલા સાધનાસ્થળ તરફ પશ્ચાત્તાપપૂર્વક ચાલવા માંડ્યું. રોષે ભરાયેલા લાગતા દેવદારની ક્ષમા માગી, અને શાંત આકાશની નીચે હરણની ચામડીના રંગનું ચોરસ વૉટરપ્રૂફ આસન પાથરી દીધું. મારા મસ્તક પરથી વેગ સાથે પસાર થતા ગરુડને નિહાળીને મને પેલા તિબેટના ગુરુઓએ એમના શિષ્યોને આપેલા ઉપદેશનું એકાએક સ્મરણ થયું કે ‘બકરાંના ટોળામાંથી જેવી રીતે ગરુડ એક બકરાને ઉપાડી લે છે તેવી રીતે તમારી આગળ ટોળે વળતા અનેકવિધ વિચારોમાંથી એક વિચારને પકડી લઈને તમારા મનને એના પર એકાગ્ર કરવું જોઈએ.’

હિમાલયને એટલો બધો ઐશ્વર્યશાળી બનાવનારા કુદરતી સૌંદર્યની પુનઃસ્થાપના થતાં મારા તન અને મનમાં અલૌકિક શક્તિ ફરી વળી. આસન પર બેસીને મારા વિચારોને મેં અસ્પષ્ટ રીતે મૌનમાં વિલીન કરવા માંડ્યા ત્યારે આત્માએ મને પોતાના પ્રભાવમાં લઈને અંતર્મુખ બનાવ્યો. મારા દોષો પર એણે પોતાનો પવિત્ર પડદો પાથરી દીધો, એટલે મને એમનું કશું જ્ઞાન કે ભાન ન રહ્યું.

બધાં જ મનુષ્યોએ પોતાની જાતને વ્યક્તિત્વના દાવાઓમાંથી મુક્ત કરવી જોઈશે.

મારા નોકરે મારી પાસે પહોંચીને ફરિયાદ કરી કે મારી ઘડિયાળ તૂટી જવાથી એને સભ્ય જીવનની ટાઈમ જાણવાની એક આવશ્યક વિશેષતાથી વંચિત બનવું પડ્યું છે ! પરિણામે એને ખબર નહોતી પડતી કે રસોઈ ક્યારે બનાવવી. એ વિશે એને અનુમાન જ કરવું પડતું. પરિણામે કેટલીક વાર એ ભોજનની ઘોષણા કરતો ત્યારે મારે ઉદાસીનતાપૂર્વક ઈન્કાર કરવો પડતો, તો બીજી કેટલીક વાર હું ક્ષુધાની જાહેરાત કરતો તો પણ મારી ક્ષુધાને સંતોષવા માટે એની પાસે ભોજન જ તૈયાર નહોતું રહેતું !

સમયનું બંધન કેટલું બધું બળવાન છે ? એનો જુલમ કેટલો બધો મોટો છે ? એને માપવાની અને નક્કી કરવાની હકીકત આપણા જીવનની એક આવશ્યકતા બની ગઈ છે. અને તેમ છતાં આત્માની દૃષ્ટિએ જોતાં માનવ કાળાતીત છે.

મેલા જેવાં સફેદ ઘેટાંના સમૂહ સાથે ચારાની શોધમાં નીકળેલો એક પર્વતીય ઘેટાંવાળો ફરતો ફરતો મારી પાસે આવી પહોંચ્યો. એનો પોશાક ત્યાંની પરંપરા પ્રમાણેનો અને ચીંથરેહાલ હતો. એના ઉઘાડા પગ ધૂળથી ઢંકાયેલા હતા.

હું ખુલ્લી હવામાં આહ્લાદક સૂર્યપ્રકાશમાં બહાર બેસીને ટાઈપરાઈટર પર પત્રો તૈયાર કરી રહ્યો હતો. પેલો માણસ મને ઝીણવટથી જોવા લાગ્યો અને સન્માનસૂચક અંતરે વીસેક મિનિટ સુધી ઊભો રહ્યો. આખરે એણે મૌન છોડીને એના વિચારો વ્યક્ત કર્યા. એણે વધારે પાસે પહોંચીને બન્ને હાથ જોડીને નીચા નમીને કહ્યું : ‘સલામ !’ મેં જોયું કે એનો જમણો હાથ વિચિત્ર પ્રકારના પાટાથી બંધાયેલો છે. એણે જણાવ્યું કે એ થોડાક માઈલ દૂર એક ઝૂંપડામાં રહેતો અને એનો હાથ ઘવાયેલો. એણે મને દીનદયાળ કહીને સંબોધન કર્યું અને એના ઘવાયેલા હાથ માટે દવા માગી.

એના હાથ પર લપેટેલું મેલું ચીંથરું ખોલીને મેં જખમનું નિરીક્ષણ કર્યું. એ દેખીતી રીતે જ કોઈક ભયાનક ક્રૂર જંગલી જનાવરથી ઘવાયેલો. એને લીધે હાથ પરથી માંસનો લોચો નીકળી ગયેલો. એનો દેખાવ ખૂબ જ ભયંકર દેખાતો. એની ઉપર બંધાયેલા મેલા ચીંથરાને લીધે સેપ્ટીક થવાનો સંભવ હતો. મેં એના હાથને ચેપ ન લાગે એટલા માટે એક જાતના બૉરીક સંમિશ્રણથી ધોઈને એના પર સૂકો બૉરીક એસિડ પાવડર છાંટ્યો. પછી ઘા રુઝાવવા માટે તાજો મલમ લગાડ્યો અને એના પર સ્વચ્છ નવો પાટો બાંધ્યો. મેં એને કેવી રીતે ઉપયોગ કરવો એની સૂચના સાથે થોડોક પાવડર, મલમ તથા પાટા પૂરા પાડ્યા. એણે મને ફરી વાર સલામ કરીને ઘેટાં સાથે વિદાય લીધી. એનું મુખમંડળ પ્રસન્ન, શાંત, સુખમય બની ગયું.

મને એના આત્માની નિખાલસતા નિહાળીને નવાઈ લાગી. એના જેવા પર્વતવાસીઓ કુદરતના ગાઢ સમાગમમાં રહેતા, કોઈએ પણ નહિ શીખવેલી સરળ છલરહિત વર્તણુક ધરાવતા, તેમજ બૌદ્ધિક સમસ્યાઓથી મુક્ત રહેતા. ભારતના અતીતકાળના ઈતિહાસકારો જણાવે છે કે એ દેશના આદિવાસીઓ

એટલા બધા પ્રામાણિક હતા કે એમને ઘરનાં બારણાને તાળું મારવાની જરૂર ન પડતી. પર્વતવાસી પ્રજામાં એ પ્રથાના કેટલાક ભગ્નાવશેષો આજે પણ જોવા મળે છે. પેલી પૂર્ણ પ્રામાણિકતાનો થોડોક અંશ એમની અંદર પણ દેખાય છે. બહારની દુનિયા અને આધુનિકતા સાથેનો એમનો સંપર્ક અત્યંત ઓછો લાગે છે. એ ધનોપાર્જનની સામાન્ય હોડમાં નથી પડી અને શિક્ષણ એને આજના કરતાં અધિક સુખી બનાવી શકે તેમ નથી. એનામાં આશ્ચર્યકારક નમ્રતા અને આશ્ચર્યજનક શાંતિ છે. એ સૌથી ગરીબ જીવન જીવે છે તો પણ સુખી છે.

એ પ્રજાની કહેવતો અને અભિવ્યક્તિની પદ્ધતિઓ પણ અનોખી અથવા વિચિત્ર છે. પ્રારબ્ધની અવશ્યંભાવિતા દર્શાવવા માટે એ કહે છે, 'ઈશ્વર આપે છે ત્યારે ઘરનું છાપરું તોડીને પણ આપે છે.' માનવના પારસ્પરિક આધાર વિશે જણાવે છે, 'કોઈ માણસ પોતાના મસ્તકની હજામત નથી કરી શકતો.' જીવનના પ્રવાહીકરણની બુદ્ધિસંગત સ્મૃતિ કરાવતાં કહે છે, 'માનવ કહે છે કે સમય પસાર થાય છે; સમય કહે છે કે માનવ પસાર થાય છે.' જ્યારે કોઈ બાબતમાં કાંઈ આગળ ન કરી શકાતું હોય ત્યારે માથું ધુણાવીને જણાવે છે, 'માણાથી આગળ કોઈ ગામ નથી.' માણા તિબેટને રસ્તે બદરીનાથથી ઉપર છેલ્લું ગામ છે.

*

મારા શયનખંડમાં એક અઠવાડિયામાં બે મોટા કાળા વીંછી ફરી વળ્યા. એમનો દેખાવ વિચિત્ર હતો. પોતાના ઝેરી અંકોડા દ્વારા એ ભયંકર ડંખ દેવાની શક્તિ ધરાવતા.

કુદરતે મારી પાસે કેટલાક જુદા જુદા મુલાકાતીઓ મોકલ્યા તો દૈવે મારા આશ્ચર્ય વચ્ચે એક સાથીનો મેળાપ કરાવ્યો. એ સનાતન સાથી મારા બંગલાની આસપાસ પ્રસન્નતાપૂર્વક કુદનાર પક્ષી હતું. એણે મારા અંતરમાં સ્થાન જમાવ્યું. એને માટે હું બિસ્કિટના ટુકડાઓનું પાકીટ તૈયાર રાખતો. એને મારો વિશ્વાસ થયો અને એણે માનવ પ્રત્યેના સહજ ભયમાંથી મુક્તિ મેળવી ત્યારે મારું અનુરાગપૂર્ણ આમંત્રણ સ્વીકારીને મારી પાસે આવવાનું પસંદ કર્યું. છેવટે મેં એના મુખમાં સ્વર્ગીય ખોરાક મૂકવા માંડ્યો. એની છાતીનો સુંદર રાતોપીળો રંગ નિહાળી મને સુખાનુભવ થતો, આનંદ મળતો, અને પ્રસન્ન રહેવાનો કુદરતી આદેશ સાંપડતો. એણે મારા બંગલાના છાપરા નીચે માળો બાંધેલો. ડાળી પર વિહરવાનું ન હોય ત્યારે એનો નિવાસ ત્યાં રહેતો.

એના વિરોધાભાસરૂપે, એ પ્રદેશનો એક બીજો રહેવાસી જોવા મળ્યો. એ મારી પાસેના દેવદાર વૃક્ષની ટોચ પર રહેતો કોલાહલ કરતો કાગડો હતો. પવનના પ્રત્યેક ઝપાટા સાથે વૃક્ષની જે ટોચને એ એના પગથી વળગી રહેલો તે ટોચ પરથી પડવાનો ભય એને માટે ઊભો થતો. પોતાની સ્થિરતા સાચવી રાખવા માટે એ જે પ્રખર પ્રયત્નો કરતો તે ખરેખર રમૂજ પેદા કરે તેવા હતા. એક દિવસ એની ટેવ કરતાં એ વધારે વખત સુધી ન દેખાયો ત્યારે હું એ રખડેલની શોધમાં નીકળ્યો. આખરે મારા સાધનાસ્થળ પાસે પોતાના સામૂહિક વિષયોની કોલાહલપૂર્ણ સ્વરે ચર્ચાવિચારણા કરવા એકઠા થયેલા બીજા કાગડાઓના ટોળામાં મને એ દેખાયો. એનો લાઉડસ્પીકર જેવો મોટો સ્વર સહેજ પણ છૂપો નહોતો રહી શકતો. એને લીધે પર્વત પરનાં પ્રત્યેક પશુપંખી અને પ્રત્યેક જીવજતુંને એના નિવાસની ખબર પડ્યા વિના ન રહેતી.

એ પ્રદેશમાં પશુ, પ્રાણી, પંખી અને જીવજગતનાં બીજા મુલાકાતીઓ પણ જોવા મળ્યાં. એ આનંદી અને ગંભીર, પાળેલાં અને જંગલી બન્ને પ્રકારનાં હતાં. એ કોઈક વિરલ અપવાદરૂપ વખતે આવી પહોંચતા અને અપરિચિતની પેઠે પસાર થતાં. એક દિવસ બપોરે ભોજન કરતી વખતે મેં કોઈક આગંતુકનો અવાજ સાંભળ્યો. બિલાડીને પગલે ચાલીને કોઈ ચોર આવતો હોય તેમ મારી પાસે ને પાસે આવતાં ધીમાં પગલાંનો સ્વર સંભળાયો. મને વિચાર થયો કે કોઈ દીપડો કે ચિત્તો આવે છે કે શું ! એના રહસ્યનો તાગ મેળવવા મેં એકાએક પાછું ફરીને જોયું તો પર્વતીય ઘેટો દેખાયો. સહેજ પીળાશ પડતા રંગના એ ટોળામાંથી છૂટા પડેલા ઘેટાને ભૂખ લાગેલી. એને મારા સ્વાદિષ્ટ ખોરાકની ખુશબોથી ખુલ્લા બારણાની અંદર આવવાનું આકર્ષણ થયેલું.

રાત્રીના શાંત સમયે જંગલમાં ગળી જેવા વાદળી રંગના આકાશમાં પૂર્ણ ચંદ્રનો ઉદય થયા પછી હું અવારનવાર એકાંત અરણ્યમાં આસન જમાવતો ત્યારે અરણ્યનાં ઊંડાણોમાંથી ચિત્રવિચિત્ર અવાજો આવતા રહેતા. જંગલી જનાવરો બહાર નીકળતાં. એ જંગલી વસતિને વિહરવાનું રાત્રી તરફથી આમંત્રણ મળતું. આગિયાઓ આજુબાજુના અંધકારમાં પ્રકાશના સુંદર સાથિયા પૂરતા વૃક્ષોની વચ્ચે ચમક્યા કરતા. અંધારા અવકાશમાં મારા માથા પર સમડીઓ ચીસો પાડ્યા કરતી.

*

પર્વત પર જે વસ્ત્રો પહેરીને હું વિચરણ કરતો એ જ વસ્ત્રો સાથે ભોજન કરતો. ભોજનવિધિ વખતે કાંજી ચડાવેલું કંટાળાજનક શર્ટ પહેરવાની તકલીફમાં હું ન પડતો. એ પર્વતીય પ્રદેશમાં મેં મારી ઉદાત્તતાની ને શુદ્ધિની ભાવનાને ખોઈ નાખી હોય એવું પણ હોઈ શકે. ગમે તેમ પણ હું મારી જાતને એટલી બધી આઝાદ અને કુદરતના હાથમાં સ્નેહપૂર્વક સમર્પિત સમજતો, તથા સમાજમાં સ્ત્રીપુરુષોના ઔપચારિક પારસ્પરિક પ્રતિબંધોથી એટલો બધો દૂર માનતો કે સભ્ય સમાજની આવશ્યક આદતોની ચિંતા મને થતી જ નહિ. પ્રકૃતિએ મારી અંદર પરંપરા પ્રત્યેનો એવો વિદ્રોહ પેદા કરેલો. હું રોજ દાઢી કરતો એ સાચું. મારે દાઢી કરવી પડતી. એક તપસ્વી કે યોગીને માટે દાઢી બંધ બેસતી થાત એ સાચું હોવા છતાં એટલે સુધી જવાની મારી હિંમત ન થઈ, એ હકીકત ગુપ્ત નહિ રાખું.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૦. યોગી પ્રણવાનંદનો મેળાપ

પર્વતના પ્રબળ પથ્થરો તોડીને તૈયાર કરવામાં આવેલા વાંકાચૂકા ચકરાવા લેતા રસ્તાનું નિરીક્ષણ કરતો હું બેઠેલો ત્યારે મધ્યાહ્‌ન પછી મેં એક કાષાય રંગની કફનીવાળા, લાંબી જટાવાળા, મારી દિશામાં ત્વરિત ગતિએ આગળ વધતા પુરુષને જોયા. એ મહાપુરુષના મેળાપની મારી આકાંક્ષા હોવાથી, મારા બંગલાની ઓસરીમાંથી હું એમની ધીરજપૂર્વક પ્રતીક્ષા કરવા લાગ્યો. બે દિવસ પહેલાં એમનો પત્ર આવેલો. એમાં આશ્ચર્યજનક અને આનંદદાયક સમાચાર હતા કે એ એમની મુસાફરીનો માર્ગ બદલીને થોડાક દિવસ મારી પાસે રહેશે.

એમનું નામ યોગી પ્રણવાનંદ. એમની સાથે મેં પવિત્ર કૈલાસની યાત્રા કરવાની તથા તિબેટમાં જવાની યોજના બનાવેલી. મારી એ મુસાફરી માટે મને સરકારી મંજૂરી મેળવવામાં નિષ્ફળતા મળી એથી એમને અત્યધિક નિરાશા થયેલી. સરકારી નામંજૂરી છેવટની છે એ સંબંધી એમને કશી શંકા ન રહી ત્યારે એમણે એકલા જ યાત્રા કરવાનો નિર્ણય કર્યો. એ સ્વતંત્ર રીતે કોઈ પણ પ્રકારની રોકટોક વિના તિબેટમાં પ્રવેશી શકતા. તિબેટવાસીઓ હિંદુ સાધુસંતોને તિબેટમાં રહેવાની રજા નહોતા આપતા તો પણ એમને કૈલાસની યાત્રા માટે તિબેટમાં પ્રવેશવા દેતા.

બંગલાનું લાદીઓવાળું આંગણું ઓળંગીને એ આગળ આવ્યા અને અમારી આંખ એક થઈ. મેં એમને બે હાથ જોડીને સહેજ નમીને નમસ્કાર કર્યા અને એમણે એનું અનુકરણ કર્યું. એમની આકૃતિ ઊંચી અને પ્રભાવશાળી, આંખ મોટી તથા તેજસ્વી અને મુખાકૃતિ ગીચ દાઢીવાળી હતી. એમની પીઠ પર જટાના વાંકડિયા વાળના ગૂંચળાં દેખાતાં. એમણે લાંબો, જાડો ભગવા રંગનો ઝભ્ભો પહેરેલો. એની ઉપર છીંકણી રંગનો ઢીલો વૉટરપ્રૂફ કોટ. મારા અર્પેલા આસનનો એમણે સ્વીકાર કર્યો. એમનું ગંભીર મુખમંડળ ખૂબ જ પ્રભાવોત્પાદક દેખાતું. બે કલાક સુધી વાતચીત કર્યા પછી અમે ધ્યાન કરવા છૂટા પડ્યા. એ પછી મેં ભોજન કર્યું. પ્રણવાનંદજી રાતનું ભોજન નહોતા કરતા, એને બદલે બકરીનું દૂધ અને ફળ લેતા. અમારે ઘણીઘણી વાત કરવાની હોવાથી અમે રાતે મોડે સુધી વાતે વળગ્યા.

સ્વામી પ્રણવાનંદને કૈલાસ અને માનસરોવર પ્રત્યે પ્રેમ હતો. એ પવિત્ર પ્રદેશનો એમણે લીધેલો ફોટો મારા ઓરડામાં મેં મારા અહીંના આગમન પછી તરત જ ટીંગાડી રાખેલો. એ પ્રદેશમાં એ બે વાર ગયેલા. પ્રથમવાર ઈ.સ. ૧૯૨૮માં જ્યારે એમણે કાશ્મીરથી ગંગટોક થઈને આગળ વધીને કાશ્મીરમાં પુનઃપ્રવેશ કરેલો. પશ્ચિમનો એ રસ્તો સૌથી લાંબો રસ્તો કહેવાય છે. બીજી વાર ઈ.સ. ૧૯૩૫માં એ આલ્મોડા થઈને દક્ષિણના સૌથી ટૂંકા, સૌથી સલામત અને ઓછામાં ઓછા અંતરવાળા માર્ગેથી આગળ વધેલા. મને મળ્યા પછી એ આલ્મોડા થઈને ત્રીજી વારની કૈલાસયાત્રા માટે ઊપડવાના હતા. આ વખતે એ કેવળ યાત્રી તરીકે જવાને બદલે ત્યાંના સૌથી મોટા મનાતા બૌદ્ધ વિહારમાં એકાદ વરસ સુધી રહેવાની ઈચ્છાથી જઈ રહેલા. ત્યાંના નિવાસ દરમિયાન પોતાનો સમગ્ર સમય અભ્યાસ અને ધ્યાનમાં ગાળવાનો એમનો વિચાર હતો. પશ્ચિમી તિબેટમાં રહેવાવાળા હિન્દુ યોગી એ એકલા જ હશે. તિબેટવાસીઓએ એમને માટેના પૂજ્યભાવથી પ્રેરાઈને એમને એને માટે ખાસ મંજૂરી આપેલી.

પ્રણવાનંદજીનું જીવન ભારત સાથેના સીધા સંપર્કથી વરસના આશરે બે તૃતીયાંશ જેટલા સમય સુધી કપાઈ જવાનું હતું. કારણ કે શિયાળાના પ્રખર બરફથી હિમાલયના માર્ગો ઢંકાઈ જતાં પશ્ચિમી તિબેટ અલગ પડી જાય છે. તિબેટનાં શિયાળાની ભયંકર ઠંડીનો એમને કદી પણ અનુભવ ન હોવાથી તેઓ એ શી રીતે સહન કરશે એવી ચિંતા મેં વ્યક્ત કરી. પરંતુ એ સંપૂર્ણ શ્રદ્ધાવાળા અને આશાવાદી દેખાયા. અમે સૂવા માટે છૂટા પડતાં પહેલા સુંદર રીતે રંગાયેલી દીવાલ પર લટકાવેલા મઢાવ્યા વિનાના સાદા ફોટાને તેઓ ધારીધારીને જોવા લાગ્યા. કૈલાસ, બરફના ઢગલાથી અને ધુમ્મસના સફેદ ગોટાથી ઢંકાયેલું કૈલાસ. એમની આંખમાં અનુરાગ, આદરભાવ અને આરાધ્યભાવ ઊભરાયો. કૈલાસનું મહત્વ એમને માટે પૃથ્વીના કોઈ પણ પ્રદેશ કરતાં, એમની પોતાની માતૃભૂમિ કરતાં પણ વધારે હતું એમાં કશી શંકા નહોતી.

એમણે મંદ સ્વરે પોતાની દાઢી પર હાથ ફેરવતાં જણાવ્યું : 'મારા સંસારત્યાગના અને યોગાભ્યાસના જીવન દ્વારા મને સંતોષાનુભવ થયો છે. હું કદી પણ દુઃખી નથી થયો. તો પણ એક વાર, મારા સાંસારિક જીવનના ત્યાગ પછીનાં તેર વરસો દરમિયાન કેવળ એક વાર મને ઊંડી ગમગીની, નિરાશા તથા કરુણતાનો અનુભવ થયો છે. એ અવસર હિમાલયનો પર્વતપથ બરફથી ઢંકાઈ જાય અને બંધ થઈ જાય તે પહેલાં, ગયે વરસે મેં કૈલાસનો પૂણ્યપ્રદેશ છોડ્યો એ હતો. મેં એની બરફવાળી આબોહવા સહન કરી, અન્ન અને બળતણની અછત પણ વેઠી લીધી, જીવનની પ્રાથમિક આવશ્યકતાઓ ન મળી તો પણ ચલાવી લીધું. એ બધી મુસીબતોનો મારે મન હિસાબ નહોતો. એમને લીધે મારું મન બેચેન ન બન્યું. પરંતુ કૈલાસનો અલૌકિક પ્રદેશ છોડીને મારે ચાલવું પડશે એવા વિચારથી મને વ્યથા થઈ, હું લાગણીવશ બની ગયો અને દુઃખી બન્યો. કૈલાસનું આકર્ષણ અસાધારણ છે, એનું સંમોહન શબ્દાતીત છે. એનું સૌંદર્ય મંત્રમુગ્ધ કરનારું છે. આધ્યાત્મિક દૃષ્ટિથી જોઈએ તો એ સર્વોત્તમ સાધનાત્મક પવિત્રતમ પરમાણુઓથી ભરપૂર છે.

'મેં ભારતનાં મોટા ભાગનાં તીર્થોની યાત્રા કરી છે પરંતુ કૈલાસ તથા માનસરોવરની આસપાસ અનુભવેલા અલૌકિક આધ્યાત્મિક પરમાણુઓ બીજે ક્યાંય નથી અનુભવ્યા. ત્યાંની સ્થાનિક દંતકથાઓ પ્રમાણે આજે પણ એનાં પવિત્ર ભવ્ય સ્વર્ણશિખરો પર સૂક્ષ્મ શરીરધારી સિદ્ધ ને મુક્ત પુરુષો અદૃષ્ટ રીતે વાસ કરે છે. એમાં ન માનવાનું કારણ નથી. માનસરોવરના વાદળી અને લીલા રંગવાળા પાણી પર થતાં સૂર્યાસ્તના દૃશ્ય જેવું ચિત્તાકર્ષક, પ્રેરક, પ્રભાવોત્પાદક દૃશ્ય બીજું કોઈ જ નહિ હોય. મેં તો નથી જોયું. એ વખતે ઉત્તરના કૈલાસ અને દક્ષિણના માંધાતા નામના પ્રચંડ પર્વતોની વચ્ચે વિશાળ નીલમ મુકવામાં આવ્યું હોય એવું લાગે છે. નૈસર્ગિક રીતે જ અતિશય આકર્ષક અને આહલાદક માનસરોવરની મોહકતામાં અસ્તાચળ પર પહોંચતાં સૂર્યના રમણીય રશ્મિઓ વધારો કરે છે. એમાંથી આવિર્ભાવ પામતા આધ્યાત્મિક પરમાણુઓ મને મુગ્ધ બનાવે છે ને મારા મનને સર્વોત્તમ શાંત દશામાં લીન કરે છે. એમણે મને અવારનવાર અનૈચ્છિક સમાધિમાં પ્રવેશ કરાવ્યો છે. તિબેટના સર્વોચ્ચ કોટિના બૌદ્ધ સાધુસંતો માનસરોવરના પવિત્ર તટપ્રદેશ પરના મઠોમાં જોવા મળે છે. એમાંના કેટલાક નિર્વાણની શાશ્વત શાંતિ પામવા માટે નિરંતર પ્રયત્ન કરે છે. આ વખતે જો તમે મારી સાથે એ પ્રદેશના પ્રવાસે આવી શક્યા હોત તો મને ખૂબ જ હર્ષ થાત. પરંતુ આપણે પ્રારબ્ધમાં માનવું પડે છે. બીજે વરસે કદાચ એ અનુકૂળ બનશે અને

તમને ત્યાં જવાની મંજૂરી મળશે એ વખતે હું ભારત પાછો ફરીશ અને તમે તૈયાર થશો તો આપણે બંને સાથેસાથે યાત્રા કરીશું.'

એમણે નમસ્કાર કરીને સૂવા માટે વિદાય લીધી.

બીજે દિવસે અમે વનમાં વિહાર માટે નીકળ્યા. દેવદારનાં ઉત્તુંગ, ગંભીર વૃક્ષોની સોય જેવી શાખાપ્રશાખાઓની નીચેથી પ્રસન્નતાપૂર્વક પસાર થવા લાગ્યા. રસ્તામાં હિમાલયના જંગલી પ્રદેશનાં કેટલાંક ગુલાબ જોયાં. પ્રફુલ્લ પાંખડીઓવાળાં એ પુષ્પોનું અવારનવારનું અવલોકન આનંદદાયક લાગવા માંડ્યું. પર્વતની પંક્તિઓમાં સમીરનો એક આકસ્મિક સુસવાટો ફરી વળ્યો અને વૃક્ષો એમની ઘેરા લીલા રંગની ડાળીઓને ધરતી તરફ હલાવવા લાગ્યાં. એક સ્વચ્છ છાયાદાર સ્થળ નિહાળીને અમે બેસી ગયા. મેદાની પ્રદેશના તીખા તમતમતા તાપથી મુક્તિ મેળવવાનું કામ આંખને માટે કેટલું બધું આનંદકારક અને આરામદાયક છે ? અમે વાતે વળગ્યા ને થોડા જ વખતમાં અમારા પ્રિય વિષય પર પહોંચી ગયા. યોગીએ એમનો આત્મવૃત્તાંત શરૂ કર્યો. કૈલાસની એમની પ્રથમ યાત્રાની કથા કહેવા મેં એમને પ્રેરિત કર્યા. પ્રણવાનંદે પોતાના કાળાભમ્મર જેવી દાઢી પર વિચારમાં તલ્લીન બનીને શાંતિપૂર્વક હાથ ફેરવ્યો અને ઉદગાર કાઢ્યા.

'આઠ વરસ પહેલા હું મારા ગુરુભાઈનો સાથ મેળવીને કૈલાસયાત્રા માટે રવાના થયેલો. અમારા પૂજ્ય ગુરુદેવ સ્વામી જ્ઞાનાનંદે કૈલાસની યાત્રા કરેલી. એમણે એ પવિત્ર પ્રવાસનાં કરેલાં વૈવિધ્યપૂર્ણ વર્ણનોએ અમને એવી ભૂખ લગાડી અને અમારામાં એ કષ્ટસાધ્ય કે ભયંકર પ્રવાસની ભાવના જગાવી. સૌથી પહેલા અમે કાશ્મીર ગયા. એના રાજધાનીના શહેર શ્રીનગરમાંથી બરફથી છવાયેલા તિબેટના પ્રવાસ માટે થોડાંક વસ્ત્રો લીધાં અને અન્ય સામગ્રી એકઠી કરી.'

'પછી અમે કાશ્મીરની સુંદર ખીણમાંથી પસાર થયા, એની આસપાસની પર્વતમાળાઓ ભેદીને આગળ વધ્યા, સિંધુ નદીના તટપ્રદેશ પર થઈને કારગીલ ગયા અને આખરે લેહ પહોંચ્યા. ત્યાંથી આગળનો માર્ગ ગોજી-લા પાસ તરફ લઈ ગયો. એ માર્ગ ખૂબ જ કઠિન, ભયંકર, ચિત્રવિચિત્ર વળાંકવાળો, લપસણો, સાંકડો અને પર્વતખંડમાંથી કોરી કાઢેલો હતો. અમે બરફના થરો અને પુલો પરથી પસાર થયા. કેટલીક વાર તો રસ્તો ખૂબ જ જોખમવાળો અને ચઢાણવાળો મળતો. રસ્તા પર તૂટી પડતા હિમાચ્છાદિત પ્રસ્તરખંડો કેટલીક વાર મુસાફરોને મૃત્યુના મુખમાં ધકેલી દેતા. એને લીધે રસ્તા પર પણ બરફ રહેતો અને ક્યાંક ક્યાંક અમારે બરફના પોલાણ પરથી કૂદવું પડતું. લામાયુરૂ પાસે તો રસ્તો સંસારની ઊંડામાં ઊંડી ખીણમાં જતો હોય તેમ નીચે ઊતરવા લાગ્યો. એની નીચે અંધકાર સિવાય કાંઈ ન દેખાયું.'

'થોડા વખત પછી અમે લેહ પહોંચ્યા અને બૌદ્ધ વિહારની મુલાકાત લીધી. ત્યાં અમે બૌદ્ધોના પયગંબર મૈત્રેયની પ્રચંડ પ્રતિમા નિહાળી. બૌદ્ધ ધર્મની રૂઢ માન્યતા મુજબ મૈત્રેય વિશ્વના પરિત્રાણ માટે બે હજાર વરસમાં પ્રકટવાના છે. એ પ્રતિમા બેઠેલી હોવા છતાં એટલી બધી ઉત્તુંગ હતી કે એની ગરદન ઉપરની છતમાંથી પસાર થતી અને એનું મસ્તક મકાનના બીજા માળ પર પહોંચેલું દેખાતું.'

'ચાર મોટા ભાગોના સંગમસ્થળ પર આવેલું લેહ નગર આકર્ષક અને આહ્લાદક છે. એક માર્ગ મધ્ય એશિયા અને યારખંડ તરફ જાય છે, બીજો તિબેટ અને ચીન તરફ, અને જુદી જુદી દિશામાંથી પસાર થતા

બીજા માર્ગો ભારતમાં લઈ જાય છે. દક્ષિણ-પૂર્વીય દિશામાં આગળ વધતા આખરે અમે હેમિસમાં પ્રવેશ્યા. ત્યાં લડાખનો સૌથી મોટો મઠ જોયો. અમે લડાખ પહોંચ્યા. લડાખ પહેલાં તિબેટના જ અંગરૂપે હતું પરંતુ છેલ્લા શતકના મધ્ય ભાગમાં કાશ્મીરીઓએ એના પર આક્રમણ કરીને એને જીતી લીધું. આજે એ કાશ્મીરનો ભાગ હોવા છતાં પોતાની બધી જ તિબેટવિષયક વિલક્ષણતાઓને વળગી રહ્યું છે. એનો વિશાળ મઠ એનાં ભૂતિયાં નૃત્યો માટે પ્રખ્યાત છે. એ નૃત્યોમાં કેટલાક લામાઓ પોતાના શિર પર મોટી અને ભયજનક આકૃતિઓને ધારણ કરે છે. પ્રત્યેક રંગીન આકૃતિ કોઈ ને કોઈ ભૂતનું અથવા પરલોકના કોઈક શિંગડાવાળા ભયંકર પ્રાણીનું પ્રતિનિધિત્વ કરે છે એ લામાઓ પગે ઘૂઘરા બાંધીને નાચે છે. મઠનું નિર્માણ નાનકડી ખીણની લીલીછમ ટેકરી પર કરવામાં આવ્યું છે પરંતુ સૌથી મોટા લામાનું ધ્યાન માટેનું એકાંત અને ખાસ સ્થાન મઠની ઉપરની પર્વતમાળા પર દૂર બાંધેલું છે.'

'મોસમ એકંદરે સારી હોવા છતાં તિબેટની સરહદ પાસે પહોંચ્યા એટલે અમને શરદીની અસર થઈ. બરફના પર્વતો પરથી આવતા ઠંડા બરફ જેવા પવને અમને ઘેરી લીધા. અમારા હાથ અકડાઈ ગયા ને દાંત બહેર મારી ગયા હોય એવું લાગવા માંડ્યું. ઘોડાની લગામ પકડી રાખવાનું મુશ્કેલ લાગ્યું. કેટલાક દિવસ પછી અમને કળ વળી. નાના છોડવાઓ સળગાવીને અમે અમારા હાથને ને શરીરને શેકવાનો પ્રયાસ કર્યો. પરંતુ એક હાથ અથવા શરીરનો એક ભાગ ગરમ થતો ત્યાં જ બીજો ઠરવા માંડતો. હું દક્ષિણ ભારતમાં રાજમહેન્દ્રીમાં જન્મેલો ને લાહોરમાં ભણેલો. એ બન્ને સ્થળો ખૂબ જ ગરમ હોવાથી, અને મારા સાથી પણ ગરમીથી ટેવાયેલા હોવાથી, અમને કેટલી બધી મુશ્કેલી પડી હશે તેની કલ્પના કરી શકશો. તિબેટના હવામાનને ભારતના હવામાન સાથે સરખાવવા પ્રવાસમાં મેં મારી સાથે થરમૉમીટર રાખેલું. મેં જોયું કે તિબેટની સરહદ અને કૈલાસની વચ્ચેનો સરેરાશ આંકડો ફ્રીઝીંગ પૉઈન્ટથી દૂર નહોતો.'

'અમે એ યાત્રાને અતિશય પવિત્ર માનતા અને એકવાર આરંભ્યા પછી મૃત્યુ પર્યંત પૂરી કરવા માગતા હોવાથી અમારો સાહસ પ્રવાસ ચાલુ રાખ્યો. અમે ત્યાંની ભાષાથી અજાણ હોવાથી માર્ગમાં ખૂબ જ મુશ્કેલીમાં મુકાતા. કેટલીક વાર ઘોડા બદલવાનું અશક્ય બનતું અને બરફ જેવી ઠંડી જમીન પર ચાલવું પડતું. કોઈ કોઈ વખત અનાજ મેળવવાની પણ મુશ્કેલી પડતી. અધિકાંશ ગામડાં તો એટલા બધા ઠંડા હતાં કે ત્યાંના પ્રજાજનો વરસમાં એકાદવાર પણ સ્નાન ન કરતા અથવા ન કરી શકતા. અમારો ભોમિયો જીનેમીનાના વ્યાપારીકેન્દ્રના બજારમાં જ અમને છોડીને ચાલ્યો ગયો. એણે સમાચાર સાંભળ્યા કે વેપારીઓની એક મોટી મંડળીને લૂંટારાઓએ આક્રમણ કરીને લૂંટી લીધી છે. એમના સમસ્ત સાધનસામગ્રીની સાથે એમનાં પહેરેલાં કપડાં પણ કાઢી લીધાં છે. પશ્ચિમ તિબેટમાં સશસ્ત્ર લૂંટારાઓ અવારનવાર મળે છે અને પ્રવાસને બિનસલામત બનાવે છે. લૂંટનો એ બનાવ અમે જ્યાંથી પસાર થવાના હતા તે જ માર્ગ પર બનેલો. ભોમિયા વિના એ માર્ગે આગળ વધી શકાય તેમ નહોતું. તો પણ ઈશ્વરે અમારી રક્ષા કરી. થોડા વખત પછી એક વેપારી મળ્યો. એણે અમને અન્ન આપ્યું અને એના અંગત નોકરને અમારા ભોમિયા તરીકે મોકલ્યો. પરંતુ.....એ મુશ્કેલીમાંથી પાર ઊતર્યા કે તરત જ એક બીજી આપત્તિ આવી પડી. એ પ્રદેશની આજુબાજુ એવી આધાર વિનાની અફવાઓ વહેતી થઈ કે અમે બન્ને અંગ્રેજોના જાસૂસો છીએ અને સાધુનો સ્વાંગ ધારણ કર્યો છે. તે તો અમારી જાતને છુપાવવા માટે કરેલો કેવળ વેશપલટો હતો.

તિબેટીઓએ અમને પકડ્યા, અમારું નજદીકથી નિરીક્ષણ કર્યું, અને અમારા સંબંધી સાચી માહિતી મેળવવાના જાસૂસીપૂર્વકના પ્રયત્નો કરી જોયા. એ પછીથી મારે મારી પાસેનો કેમેરો છુપાવવો પડ્યો અને કોઈને ખબર ન પડે તેવી રીતે વાપરવો પડ્યો. ગમે તેમ કરીને અમે અમારા યાત્રામાર્ગે આગળ વધી શકીએ એટલે અંશે એમની શંકાઓ નિર્મૂળ કરી.'

'તિબેટના લોકોની ચા પીવાની આદત અપનાવવાનો પ્રયત્ન કરવા છતાં પણ મને એમાં સફળતા ન સાંપડી. એ લોકો એકાદ કલાક લગી ચાને ઉકાળીને એમાં દુર્ગંધયુક્ત માખણ તથા મીઠું નાખે છે. એવી ચા પ્રથમવાર પીધા પછી ફક્ત અડધા કલાકમાં જ હું માંદો પડ્યો.'

'દારચેનમાં પોતાના પરિવાર સાથે તંબૂમાં રહેતા અતિથિ-સત્કારની ભાવનાવાળા એક તિબેટી સદ્દગૃહસ્થનો મેળાપ થયો. એમણે અમને થોડા દિવસો સુધી અન્ન અને આશ્રય આપ્યો. પહેલે દિવસે વહેલી સવારે મારી આંખ ઊઘડી ત્યારે મેં એમની આશરે સાડા ત્રણ વરસની વયની નાની છોકરીને જોઈ. ઉષ્ણતામાન ફ્રીઝીંગ પોઈન્ટથી દસ ડિગ્રી નીચે ગયેલું ત્યારે રાતની ભયંકર અસહ્ય ઠંડીમાં એ સૂઈ ગયેલી. એનું શરીર અડધું ઢંકાયેલું. એ છોકરીએ મને જાગેલો જોઈને પથારી પરથી બાણની જેમ જમીન પર ઝંપલાવીને તંબૂના બારણાની બહાર દોડવા માંડ્યું. બહાર જઈને એ જમીન પર પડેલા બરફના ઢગલા પર બેઠી અને એના પર આડી પડી. એ વખતે મને ઝીણવટથી જોવા લાગી. થોડા વખત પછી પથારીમાં પાછી ફરીને એણે પોતાના શરીરને ફરી પાછું ચર્મના કામળાથી ઢાંકી દીધું. એ દરમિયાન મેં બેઠા થવાની ને મારી પથારીમાંથી બહાર નીકળવાની પ્રવૃત્તિ કરી. એટલામાં તો એ તંબૂની બહાર દોડી અને પેલા બરફના ઢગલા પર ફરી વાર ચડી ગઈ. એનો એ વિચિત્ર વ્યવહાર ન સમજી શકવાથી મારા ભોમિયા દ્વારા મેં એના પિતાને એનું કારણ પૂછ્યું. એમણે મને જણાવ્યું કે રાતે બરફની પ્રખર વર્ષા થાય છે. એ બરફમાં તંબૂની બહાર સૂતો અને રાતભર ચોકી કરતો કૂતરો દટાઈ જાય છે. એની આંખ અને એનું નાક જ બહાર રહે છે, કૂતરો રાત દરમિયાન પોતાનું સૂવાનું સ્થળ ભીનું ન થાય એટલા માટે આઘોપાછો થવાની કોશિશ નથી કરતો. રાત પૂરી થતાં સુધી એ બરફ નીચે જ પડ્યો રહે છે. તિબેટના કૂતરાઓ ખૂબ મોટા, ક્રૂર અને કદાવર હોય છે. એ બળવાન પણ એટલા બધા હોય છે કે વરુની જેમ માણસને ફાડી નાખે છે. એમણે સ્પષ્ટીકરણ કરતાં કહ્યું કે નાની છોકરીએ વિચાર્યું કે હું ઊઠીને તંબૂની બહાર જઈશ તો મારો જાન જોખમમાં મુકાશે, કારણ કે મને અજાણ્યો જાણીને કૂતરો મારા પર હુમલો કરશે. એ મને પ્રભાતના પ્રથમ પ્રહરથી જ જોતી હતી. મારી ઊઠવાની પ્રવૃત્તિથી સાશંક બનીને બરફ નીચે પડેલા કૂતરાને કાબૂમાં રાખવા માટે બહાર ગયેલી. એવી રીતે મારાથી અજ્ઞાત કૂતરાના શક્ય જોખમમાંથી એણે મને ઉગારી લીધેલો. એ મારી ભાષા લેશ પણ જાણતી નહિ હોવાથી એ ભયને બોલીને બતાવી ન શકી. એ નાનકડી છોકરીની સદબુદ્ધિ તથા શુભ ભાવના નિહાળીને હું વિસ્મય પામ્યો અને સમજ્યો કે એની પ્રાપ્તિ એને વારસારૂપે એના અસાધારણ આધ્યાત્મિક સંસ્કારસંપન્ન પિતા પાસેથી થઈ છે. એમણે મને પ્રાણાયામની કેટલીક પ્રક્રિયાઓ શીખવવાની પ્રાર્થના કરેલી. મેં એમને થોડીક પ્રક્રિયાઓ શીખવેલી પણ ખરી.'

'સિલોંગના પ્રાચીન મઠમાં અમે સાત વરસની નાની ઉંમરથી માંડીને સિત્તેરથી અધિક ઉંમર સુધીના સફેદ દાઢીવાળા બધા મળીને એકસો આઠ સાધુઓને જોઈ શક્યા. જ્યાં એક વયોવૃદ્ધ લામા દ્વારા ચાલતું પ્રેસ

પણ જોવા મળ્યું. જંગમ ટાઈપ વાપરવાને બદલે એ આખાય પૃષ્ઠને લાકડાના બ્લોક પર રાખતા અને એવી રીતે પ્રત્યેક પુસ્તક ધીરે ધીરે ખૂબ જ પરિશ્રમપૂર્વક તૈયાર કરાતું. વયોવૃદ્ધ લામાનો સ્વર્ગવાસ થાય ત્યારે કામ કરી શકે તે માટે એક યુવક લામાને તાલીમ આપવામાં આવતી. છપાઈને તૈયાર થયેલા પુસ્તકો સુંદર અને અતિશય આકર્ષક લાગતા. એ પુસ્તકો સામાન્ય, અસામાન્ય ને સર્વોત્તમ એવા ત્રણ પ્રકારના લ્હાસામાં બનાવેલા કાગળોમાંથી તૈયાર કરવામાં આવતા. છેલ્લી આવૃત્તિમાં છપાતાં પુસ્તકોના કાગળ ઘણા જાડા હતા. એ સુવર્ણાક્ષરે છપાતા.'

'તકલાકોટ પાસે પહોંચતી વખતે રાત પડી જવાથી અમે અંધકારને લીધે માર્ગ ભૂલી ગયા. અમે અસહાય બનીને ભટકતા હતા ત્યારે એક કદાવર કાયાવાળો તિબેટવાસી હાથમાં મોટા ખંજર સાથે અમારી તરફ દોડી આવ્યો. મારા ગુરુભાઈને જમીન પર પાડી નાખીને એણે એની ખંજરની અણીને મારી ગરદન તરફ તાકીને બૂમ પાડી કે તમે કોણ છો ? મારો અંતકાળ સમીપ આવ્યો છે એવું સમજીને મેં ગંભીરતાપૂર્વક જણાવ્યું કે અમે ગરીબ સાધુઓ છીએ. અમે તમારા ખંજરથી કે તમારી ધમકીથી નથી ડરતા. મારા શબ્દો સાંભળીને એ આક્રમણખોરે ભયંકર અટ્ટહાસ્ય કર્યું. શાંત થયા પછી એણે જણાવ્યું કે તમને નહિ મારું. તમને એકાએક અણધારી રીતે મળીને મને મશ્કરી કરવાનું મન થયેલું. તિબેટવાસીઓની વિનોદની રીત અંત્યંત વિલક્ષણ હોય છે !'

'માનસરોવરથી છ માઈલ દૂરના પર્વતની તળેટીમાં અમને પુનરીના સુંદર મઠમાં પ્રવેશવાનું સૌભાગ્ય સાંપડ્યું. એની દીવાલો સફેદ રંગે રંગેલી અને એમની ઉપરના ભાગો લાલ ચળકતી કિનારીથી શણગારવામાં આવેલા. રાતે અમે ત્યાં સૂઈ ગયા. સવારે એક યુવાન લામાએ અમને પુસ્તકાલય બતાવ્યું. તિબેટના પ્રત્યેક મઠમાં એનું આગવું પ્રાચીન સંસ્કૃત પુસ્તકાલય હોય છે. કેટલાંક પુસ્તકો તો ભારતમાંથી સલામત રીતે નાસી છૂટેલા બૌદ્ધ સાધુઓ દ્વારા હજાર કરતાં પણ વધારે વરસ પહેલાં લાવવામાં આવેલાં છે. પુનરીના પુસ્તકાલયમાં પુરાતન પુસ્તકોની વચ્ચેની ઊંચી બેઠકો પર રખાયેલી. બૌદ્ધ મહાપુરુષોની પવિત્ર પ્રતિમાઓ જોવા મળી. રેશમી વસ્ત્રો પર ચીની પદ્ધતિ પ્રમાણે અંકિત કરવામાં આવેલા અનેક મૂલ્યવાન ચિત્રો દીવાલો પર લટકાતાં દેખાયાં.'

'અમારો ભોમિયો અમને દીવાલોની વચ્ચેના ખાલી વિભાગમાં લઈ ગયો. એ વિભાગની બંને બાજુએ મજબૂત પડદા નાખેલા અને એની ઉપર ભપકાદાર રમણીય રેશમી ચંદરવો હતો. પુસ્તકાલયની બધી જ દીવાલો રેશમી પડદાઓથી ઢંકાયેલી હોવાથી એ સ્થળમાં ખૂબ જ ઝાંખો પ્રકાશ દેખાતો. એ ખાલી વિભાગની આગળ બે નાના માખણમિશ્રિત દીવા બળતા. એ વિભાગની ઊંચી બેઠક પર બીજી પ્રતિમાઓની પેઠે કોઈ પ્રતિમા નહોતી બેઠી પરંતુ જીવંત વ્યક્તિ બેઠેલી એની પ્રતીતિ કરતાં અમને એકાદ-બે મિનિટથી વધારે વાર ન લાગી. એ વ્યક્તિ તદ્દન યુવાન હતી. અમને કહેવામાં આવ્યું કે એમની ઉંમર ફક્ત સોળ વરસની છે અને એ આખા મઠના મુખ્ય લામા અથવા ધર્મગુરુ હોવાથી નાનામોટા સઘળા સાધુઓ એમની પ્રત્યે પરમ પૂજ્યભાવ રાખે છે તથા સામાન્ય જનસમાજ પણ એમને આદરભાવથી નિહાળે છે. તિબેટના સૌથી મોટા લામાની વરણી પુનરાવતારની શોધ કરનારી સમિતિઓ તરફથી કરવામાં આવે છે. એમને શૈશવાસ્થામાં જ શોધી કાઢવામાં આવે છે અને પછી એમને ઉત્તમ પદવી માટે સંભાળપુર્વક શિક્ષિત કરાય છે. પુનરી મઠના

એ યુવાન ધર્મગુરુની આગળ પસંદગી સમિતિ દ્વારા મૃત ધર્મગુરુની કેટલીય વસ્તુ મૂકવામાં આવેલી. એમની સાથે બીજી પણ કેટલીક સામગ્રીનું ઈરાદાપૂર્વક સંમિશ્રણ કરવામાં આવેલું. કોઈ પણ પ્રકારના સંકોચ કે વિલંબ વિના એમણે સ્વર્ગસ્થ લામાની બધી જ વસ્તુઓ સારી પેઠે ઓળખી બતાવીને ગ્રહણ કરી. અન્ય સામગ્રીને સ્પર્શ પણ ન કર્યો.

'એ અમારી આગળ પદ્માસન વાળીને એકદમ અચળ બનીને બેસી રહેલા. એમણે એક હાથ ઘૂંટણ પર રાખેલો. બીજો હાથ ખોળામાં ચત્તો દેખાતો. એનો અંગૂઠો ઉપર ઊઠેલો.'

'એમના દૃષ્ટિપાતથી હું ખૂબ જ પ્રભાવિત થયો. એમની મુખાકૃતિ શાંત અને જ્ઞાનયુક્ત હતી. એમની આકૃતિ હાથીદાંત જેવી ઉજ્જવળ દેખાતી, અને એમનું વ્યક્તિત્વ સહાનુભૂતિપૂર્ણ સુકોમળ ભાવોથી ભરપૂર હતું. એ નાના જીવંત બુદ્ધ જેવા દેખાતા. કોઈપણ પુરુષની આસપાસના આધ્યાત્મિક વાયુમંડળને હું સત્વર અનુભવી શકું છું. એમની ઉપસ્થિતિમાં મારા પ્રાણમાં આવો પૂજ્યભાવ પેદા થયો કે મારાથી એમની આગળ પ્રણિપાત કર્યા સિવાય ન રહેવાયું. તિબેટમાં મેં એવા પ્રણિપાત બીજા કોઈને નહોતા કર્યા. કારણ કે મને મળેલા લામાઓ અને સાધુઓમાંના કોઈ પ્રત્યે મારામાં મારા ગુરુ પ્રત્યે પ્રકટતો તેવો પૂજ્યભાવ નહોતો પ્રકટ્યો. એ મુજબ લામાએ મારા વ્યક્તિભાવના સ્વીકારરૂપે સૌથી પ્રથમ પ્રવૃત્તિ પ્રારંભતાં જમણો હાથ લંબાવીને મારા નત મસ્તકને આશીર્વાદસૂચક સ્પર્શ કર્યો. એ પછી પિત્તળની કોતરકામવાળી રકાબી લઈને મને થોડાં સૂકાં અખરોટ આપ્યાં. તિબેટમાં ભારતની પેઠે એવી રીતે પ્રસાદ આપવાનો રિવાજ છે. તિબેટમાં મારા સમાગમમાં આવેલા લામાઓમાં એ સૌથી વધારે આધ્યાત્મિક શક્તિશાળી અને બુદ્ધ જેવા હોવાથી એમની વિદાય લેતી વખતે લાગ્યું કે મને ખૂબ જ લાભ થયો છે.'

'આખરે અમે માનસરોવર પહોંચ્યા. અજાણ્યા પ્રદેશની માન્યામાં ન આવે એવી અસહ્ય ઠંડી અને સાહસવૃત્તિ સાર્થક થઈ. અમે નિર્બળ, ક્ષુધાર્ત, થાકીને લોથપોથ થયેલા. શરીર કામ નહોતું કરતું. મારા બૂટ પર્વતને કઠોર રસ્તે ફાટી જવાથી હું બરફવાળા રસ્તા પર ફોલ્લા પડેલા પગે આગળ વધતો. પવિત્ર કૈલાસ પર્વતની તળેટીમાં આવેલા માનસરોવરના દર્શનની દીર્ઘકાલીન ઝંખના સફળ થવાથી મને સંતોષ થયો. અમે પહોંચ્યા ત્યારે સાંજ પડી ગયેલી. અમે પિરામિડના આકારની ટેકરી પરના નાનકડા ગોમ્પામાં અથવા મઠના આશ્રયસ્થાનમાં ઉતારો કર્યો. રાતે દસ વાગ્યે મેં મારી પથારીની બાજુની બારી ઉઘાડીને આકાશ જોયું. મારા સદ્દભાગ્યે સમસ્ત સરોવર પર પૂર્ણિમાનો ચંદ્ર પ્રકાશી રહેલો. ઠંડો પવન વાતો અને વાદળી પાણીમાંથી વિશાળ તરંગો પેદા થતાં. સરોવરનાં શાંત તરંગો ચંદ્રકિરણોથી ચમકી રહેલાં પરંતુ સરોવરનો મધ્યભાગ છેક જ શાંત હતો. એમાં ચંદ્રનું તથા તારામંડળનું પ્રતિબિંબ પડતું. સરોવરની સપાટી પર લાલ ચાંચવાળા સફેદ હંસ તરતા દેખાયા. વૃક્ષ વગરના રેતાળ શ્વેત તટ પર અથડાતા પાણીને લીધે સુનિશ્ચિત સમય પર શ્રવણમંગલ સુમધુર સુસંવાદી સ્વરોની સૃષ્ટિ થતી. થોડીવાર પછી માનસરોવર પર શ્યામ વાદળસમૂહના પડછાયા પડ્યા. વાયુમંડળમાં ફરી વળેલા પવિત્ર આધ્યાત્મિક પરમાણુથી મારું હૃદય પ્રસન્નતાથી પુલકિત બની ગયું. મન અજ્ઞાત રીતે અન્ય અનેક વિચારોમાં મુક્તિ મેળવીને મંદ છતાં ચોક્કસ ગતિથી એકાગ્રતાનો અનુભવ કરવા લાગ્યું. મારી મનોવૃત્તિએ આત્મકલ્યાણના રહસ્યમય સ્વર્ગીય સરોવરમાં ડૂબકી મારી. મને અવર્ણનીય સુખનો અનુભવ થયો.'

'મારી યાત્રાના છેલ્લા તબક્કામાં હું સમસ્ત એશિયામાં સુપ્રસિદ્ધ કૈલાસ પર્વત પાસે પહોંચી ગયો. પ્રથમ દૃષ્ટિએ એ મને એની બધી બાજુને સ્પર્શીને ઊભેલાં બીજા બે પર્વતશિખરોની વચ્ચે ઊભેલો સફેદ વસ્ત્રે વીંટાયેલા ઘુમ્મટ જેવો દેખાયો. એની આસપાસનો બરફ પૉલિશ કરેલી ચાંદી જેવો ચમકતો. એટલા માટે એને ચાંદીના પર્વત તરીકે પણ ઓળખવામાં આવે છે. પૂરાણોમાં કહ્યું છે કે એના શ્વેત શિખર પર સમાધિસ્થ શંકરનો નિવાસ છે. તિબેટવાસીઓ ત્યાં બુદ્ધનો નિવાસ માને છે. અલબત્ત, એ એમના સ્થૂળ શરીરથી ત્યાં રહે છે એમ હું નથી માનતો. હું એમ અવશ્ય માનું છું કે એ આત્માના સૂક્ષ્મ સ્વરૂપે ત્યાં વાસ કરે છે. એ પુણ્યપ્રદેશના પરમાણુ અનોખા છે. લોહચુંબક જેવી રીતે અજ્ઞાત લોહચુંબકત્વના વર્તુળથી ઘેરાયેલું હોય છે તેવી રીતે એ પરમાણુઓ પર્વતને મંત્રમુગ્ધ કરનારી દિવ્યતાના અદૃષ્ટ વર્તુળથી ઘેરી વળે છે. ત્યાનું વાતાવરણ બીજા વાતાવરણ કરતાં એટલા માટે પણ ઉત્તમ છે કે એની અસર નીચે આવીને માનવ અનિચ્છાએ પણ ધ્યાન કરવા પ્રેરાય છે. એટલા માટે એ પ્રદેશના બૌદ્ધ મઠોમાંના એક મઠમાં એક વરસ સુધી રહેવાની ઈચ્છાથી હું ત્યાં જઈ રહ્યો છું.'

'મંદ ગતિએ આગળ વધતાં અને મનને ઉત્તમ વિશુદ્ધ વિચારોમાં લગાડતાં મેં કૈલાસની ત્રીસ માઈલની પરંપરાગત પરિકમ્મા અને માનસરોવરની આસપાસની પચાસ માઈલની પ્રદક્ષિણા પૂરી કરી. મારી યાત્રા પરિસમાપ્તિ પર પહોંચી. કાશ્મીરના મારા વળતા પ્રવાસની વિગતો વર્ણવીને તમને કંટાળો નહિ આપું. હું સહીસલામત રીતે પાછો આવ્યો. એ પછી સાત વરસે મેં આલ્મોડાને ટૂંકે રસ્તેથી કૈલાસની યાત્રા કરી. એ જ રસ્તે ફરી વાર જવા માગું છું.'

યોગીની કથા પૂરી થઈ.

અમે જંગલમાંથી શાંતિપૂર્વક ઘેર પાછા વળ્યાં અને ધીમી છતાં મક્કમ ચાલે ચાલવા લાગ્યા.

*

એમના સમાગમના થોડા દિવસો દરમિયાન એમણે તિબેટના જીવનનો આછોપાતળો છૂટોછવાયો ખ્યાલ આપ્યો. લડાખમાં એમને સર ફ્રાન્સિસ યંગહસ્બંડને એમની લ્હાસાની સૈનિકસફર દરમિયાન થયેલો અંધવિશ્વાસનો અથવા વહેમનો અનુભવ થયો. લડાખના લોકોએ એમને જણાવ્યું કે ઈ.સ. ૧૯૪૮માં મહારાજાએ જનરલ જોરાવરસિંહને તિબેટ પર આક્રમણ કરવા માટે મોકલ્યો તે પછી એમના રાજ્યનું કાશ્મીર સાથે જોડાણ કરવામાં આવ્યું. એમણે કહ્યું કે કાશ્મીરનો સેનાધ્યક્ષ દૈવી શક્તિથી સંપન્ન હોવાથી એના શરીરમાં સીસાની ગોળી પ્રવેશી શકતી નહોતી. એની સેનાએ માનસરોવરથી થોડે દૂરના પશ્ચિમી તિબેટના સ્થળમાં પ્રવેશ કર્યો. ચીનના શહેનશાહે તિબેટવાસીઓની મદદ માટે સેના મોકલી. એ સેનાએ એના સંખ્યાબળથી કાશ્મીરીઓનો પરાજય નોતર્યો. પરંતુ જોરાવરસિંહનો નાશ તો સીસાની ગોળીને બદલે સોનાની ગોળી છોડીને જ કરી શકાયો. પાછળથી એના ટૂકડેટૂકડા કરી નાખવામાં આવ્યા.

તિબેટવાસીઓ પ્રણવાનંદ પ્રત્યે પૂજ્યભાવ રાખતા. તેનું કારણ મોટે ભાગે એમનું પ્રભાવશાળી વ્યક્તિત્વ અને એમની પ્રામાણિકતા અથવા આધ્યાત્મિકતા હતું. એ એમને એમના દેશની મુલાકાતે આવેલા સર્વોત્તમ હિંદુ યોગી સમજતા. એટલા માટે તો એમણે એમને ત્યાં રહેવાનો અધિકાર આપેલો. લ્હાસામાં અવારનવાર રહેતા એમના મિત્ર રાહુલને બાદ કરતાં તિબેટના બૌદ્ધ મઠમાં એકાદ-બે મહિના રહેનારા

ભારતીય યોગી એ એક જ હતા. રાહુલ હિન્દુ યોગી નહોતા. એ ભારતના બિહાર પ્રદેશમાં જન્મેલા અને શિલોનની મંદિરસ્કૂલોમાં ભણેલા બૌદ્ધ સાધુ હતા.

એક દિવસ બપોરે અમે એક પર્વતના ઝરણ પાસે બેઠેલા ત્યારે યોગી પ્રણવાનંદે પોતાના ગુરુ સ્વામી જ્ઞાનાનંદ વિશે વાર્તાલાપ કરવાનો આરંભ કર્યો :

'મારા ગુરુદેવનો જન્મ દક્ષિણ ભારતમાં આંધ્ર પ્રદેશમાં એક શ્રીમંત કુટુંબમાં થયેલો. સત્તરેક વરસની વયે એમને સ્વપ્નમાં દર્શન આપીને એક મહાપુરુષે ગૃહત્યાગ કરવાનો આદેશ આપ્યો. એ આદેશનું અનુસરણ એમના મનમાં ગડમથલ થવાથી એ સત્વર ન કરી શક્યા. મહાપુરુષે બીજી વાર સ્વપ્નદર્શન આપીને એવી જ ભલામણ કરી. ત્યારે એમના મનમાં વધારે સંઘર્ષ શરૂ થયો. એક તરફ એ અજ્ઞાત મહાપુરુષનો આદેશ હતો અને બીજી તરફ પોતાની ધર્મપત્ની તરફનો સ્વધર્મ. કૌટુંબિક બંધનો તોડવાનું એમને ઉચિત ન લાગ્યું. પેલા મહાપુરુષે ત્રીજી વાર સ્વપ્નદર્શન આપીને એમને સ્પર્શ કર્યો અને આદેશને અનુસરવાની શક્તિ આપી. એવી રીતે એમણે ગૃહત્યાગ કરી સંસારના સંબંધો છોડીને સત્યના સાક્ષાત્કાર માટે પ્રયાણ કર્યું. સદ્દગુરુની શોધ માટે ઉત્તર અને પવિત્ર પ્રદેશમાં પરિભ્રમણ કર્યું. થોડાં વરસો પછી સદગુરુનો સમાગમ સાંપડ્યો ત્યારે સદગુરુએ જણાવ્યું કે આત્મસાક્ષાત્કાર તો તારી પાસે જ છે. યુવાન કેટલો બધો આગળ વધેલો છે તે એમણે જાણી લીધું. અને બન્યું પણ એવું જ. કારણ કે મારા પરમપૂજ્ય ગુરુદેવને એ પછી થોડા વખતમાં સમાધિની ઉચ્ચોચ્ચ અવસ્થાની પ્રાપ્તિ થઈ. એમાંથી એ એક નવા જ વ્યક્તિવિશેષ તરીકે બહાર આવ્યા.'

'એ એમના સાક્ષાત્કારને સંપૂર્ણતા, સ્થિરતા તથા સતતતા પર પહોંચાડવા માગતા હોવાથી, એ પરમ પ્રયોજનની પૂર્તિ માટે ટિહરી રાજ્યમાં પ્રવેશ્યા અને ઈ.સ. ૧૯૨૩માં એકાંતવાસમાં રહેવા માટે ગંગોત્રી ગયા. ત્યાંના નિવાસ દરમિયાન એમને જે અનુભવ થયો તે એમની આત્મિક ઉન્નતિને પ્રદર્શાવવા માટે પૂરતો હતો. એમને એક વાઘ સામો મળ્યો. એણે એમને કોઈ જાતનું નુકસાન પહોંચાડવાનો પ્રયત્ન ન કર્યો. એ પાછલા પગ પર બેસીને એમના તરફ થોડો વખત તાકતો રહ્યો અને પછી બાજુના જંગલમાં વિદાય થયો.'

'અરણ્યના પાસેના પ્રદેશમાં એમણે શિયાળા દરમિયાન વસવાટ કર્યો. એ પ્રદેશ સાત ફૂટ જેટલા બરફથી ઢંકાઈ જતો હોવાથી ત્યાં બીજા કોઈથી રહી શકાય તેમ ન હતું. શિયાળામાં ત્યાં કશું ખાવાનું નહોતું મળી શકતું પરંતુ ટિહરી રાજ્યના અધિકારીઓએ નજદીકના સ્થાનિક અમલદારો દ્વારા સમય સમય પર ખાદ્યસામગ્રી પહોંચાડવાનો પ્રબંધ કર્યો. આશ્ચર્યકારક હકીકત તો એ હતી એ સઘળા સમય દરમિયાન સ્વામી જ્ઞાનાનંદે પોતાના શરીર પર એક સાધારણ ટુકડા સિવાય બીજું કાંઈ જ રાખ્યું નહોતું. એ લગભગ નગ્ન જ રહેતા. એમણે બારણા વિનાની ઉઘાડી ગુફામાં અગ્નિ વગર જ વાસ કર્યો. એવી અસહ્ય ઠંડીમાં નગ્ન રહેવાનું શી રીતે શક્ય બન્યું એવું પૂછવામાં આવતા એમણે જણાવ્યું : 'ગંગોત્રીની મારી ગુફાની બહાર હું એક શિલાખંડ પર ધ્યાન કરવા બેસતો અને સમાધિમાં ઊતરી જતો. ત્યાંની ઠંડી ઋતુથી ટેવાતાં મને વાર ન લાગી કે મુશ્કેલી ન પડી. એક દિવસ કોઈ પ્રકારના બહારના દેખીતા કારણ વિના મને એકાએક મારા બધાં જ વસ્ત્રો છોડી દેવાની લાગણી થઈ આવી. મને લાગ્યું કે મારી અંદરની કોઈ શક્તિ મને એ માટે પ્રેરી રહી છે. એ શક્તિ અને ઈશ્વરના પવિત્ર નામસ્મરણને લીધે મને ઠંડીની સહેજ પણ અસર ન થઈ. 'બરફ અને

અસહ્ય ઠંડીથી છવાયેલા એ નિતાંત એકાંત પ્રદેશમાં વખતોવખત બરફના પર્વતખંડો તૂટી પડે અને પોતાની ઉપર પણ ધસી શકે એવી શક્યતા વચ્ચે એ કેવી રીતે રહેતા હશે એની કલ્પના કરી જુઓ. એમના સાથી તરીકે શાંત હિમાલય, એમની પાસેથી પ્રસંગોપાત પસાર થતાં ભયાનક પશુઓ, અને થોડા સાદાસીધા પર્વતવાસીઓ સિવાય બીજું કશું જ ન હતું. એમનું ભોજન લાવનારા પર્વતીય પુરુષને આજે પણ પૂછી જુઓ તો સમજી શકો કે એનો એમના પ્રત્યેનો પ્રેમભાવ કેવી રીતે વધતો ગયો. એમની વાતો કરતી વખતે એની આંખ ઓજસ્વી બને છે અને એના અંતરમાં આનંદ ફરી વળે છે. '

પ્રણવાનંદે અચાનક બોલવાનું બંધ કર્યું. આંખને થોડીક બંધ કરીને એ જોરથી મોટા અવાજ સાથે ધમણની પેઠે શ્વાસ લેવા માંડ્યા. મને લાગ્યું કે એમને મૂર્છા આવશે. પરંતુ ના... થોડા સમય પછી એ શાંત થયા અને ધીમેધીમે ધ્યાનમાં પ્રવેશવા લાગ્યા. એમની મંદ શ્વસનક્રિયાને લીધે એમની છાતી સહેજ ઊપસી આવતી. એ સિવાય એમનું શરીર શાંત અને અચળ બની ગયું.

મને વાયુમંડળમાં મહત્વનો ફેરફાર થતો લાગ્યો. આખું વાયુમંડળ આત્માની ઉચ્ચતમ અવસ્થાનો અથવા અસાધારણ સત્તાના આવિર્ભાવનો સંકેત કરનારી ગાઢ રહસ્યમય શાંતિથી ફેલાઈ ભરાઈ ગયું. હું સત્વર સમજી શક્યો કે કશુંક અગત્યનું બની રહ્યું છે. એટલે મેં યોગી તરફ ફરીને જમીન પર પદ્માસન વાળ્યું, ધ્યાન કરવાની તૈયારી કરી, અને ભાવિ ઘટનાક્રમને અનુરૂપ થવાનો માનસિક રીતે પ્રયત્ન કર્યો.

આજ્ઞાચક્રના પવિત્ર પ્રદેશમાં, મારી અંતરની અલૌકિક આંખ આગળ એક મોટા નાકવાળી, ચશ્માં અને દાઢીથી દીપતી મુખાકૃતિ પ્રકટી ઊઠી. એના અધર પર સ્નેહપૂર્ણ સંમોહક સ્મિત છવાયેલું. મને એક દૃષ્ટિપાતનો લાભ મળ્યો અને એ પછી સત્વર સંદેશ સાંપડ્યો.

હું ઓળખી શક્યો.

એ સ્વામી જ્ઞાનાનંદ હતા. એમની શ્રેણીના સિદ્ધપુરુષો જે દૈવી શક્તિ ધરાવે છે તે શક્તિની મદદથી એ એમના સૂક્ષ્મ શરીરનો આધાર લઈને પ્રણવાનંદ સામે પ્રકટ થયેલા અથવા એમની ઉપર અનુગ્રહ કરવા આવેલા. એ ક્ષણે એ ઉભયનો આત્મિક અભેદ સધાયો. એમના અંતર એક બન્યાં. આત્માના સંક્રમણની એ પ્રક્રિયા આશ્ચર્યકારક હોવા છતાં, ક્રાઈસ્ટના શબ્દોમાં કહીએ તો ઓછેવત્તે અંશે એ જ અર્થવાળી હતી કે 'હું અને મારા પરમ પિતા એક જ છીએ. 'સાચા શિષ્યત્વનું એ રહસ્ય છે. એનો વાસ્તવિક મર્મ, હિંદુ ધર્મગ્રંથોએ અને સંતોએ સદગુરુને સ્વાત્મ-સમર્પણ કરવાનું લક્ષણ એક અનિવાર્ય આવશ્યકતા અથવા લક્ષણ તરીકે માન્યું છે તે કાંઈ એમ ને એમ નથી માન્યું. અજ્ઞાનીઓએ એને સમજવામાં ભૂલ કરી છે. સાચા સદગુરુ પોતાના શિષ્ય પાસેથી સાંસારિક પદાર્થોના સમર્પણની અપેક્ષા નથી રાખતા. પોતાની સાથેના આત્મિક અનુસંધાનની આકાંક્ષા રાખે છે. સાંસારિક પદાર્થોના સમર્પણની પ્રથા ઢોંગી તથા સ્વાર્થી લોકોએ શરૂ કરી છે. સદગુરુને સ્વાત્મસમર્પણ કરવાનો માર્ગ ટૂંકો તથા સહેલો છે. બીજા માર્ગમાં પાળવાં પડતાં દીર્ઘકાળનાં કઠોર અનુશાસનોની આવશ્યકતા એની અંદર નથી રહેલી.

અડધા કલાક સુધી અમે બંને-હું અને કૃપાપાત્ર શિષ્ય સંપૂર્ણ શાંતિપૂર્વક બેસી રહ્યા. એ સ્થળને વીંટી વળેલા પરમ પવિત્ર પરમાણુઓ સાથે સંવાદ સાધવાનો મેં પ્રયાસ કર્યો. સદગુરુ શબ્દ કે વાણી વિના જ મારી સાથે વાતચીત કરવા લાગ્યા. મેં એમનો સંદેશ મારી જાતને બને તેટલી ગુણશીલ અને ગ્રહણશીલ

બનાવીને ઝીલવા માંડ્યો. બાહ્ય દુનિયાની દૃષ્ટિએ તો એકમેકની સામે બેઠેલા બે મૂક માનવો જ હતા. એકની આંખ લગભગ બંધ હતી અને બીજાની ઉઘાડી પરંતુ મને એક એવી ઉદાત્ત વિભૂતિનો અનુભવ થઈ રહેલો જેનું સંમિલન મને મારા સામાન્ય વ્યક્તિત્વમાંથી ઉપર ઉઠાવનારું સાબિત થયેલું.

મારા સહસાધક છેવટે ધીમેધીમે પોતાની પૂર્વ દશામાં આવી પહોંચ્યા. એમણે માથું ફેરવીને આંખ રૂમાલથી લૂછી કાઢી. અમે મૂંગા બનીને બેસી રહ્યા. થોડા વખત પછી ઊઠીને અમે અન્ય વિષયો વિશે વાતો કરતા પર્વતની ખીણમાં ચાલવા લાગ્યા. અમારો આત્મિક અનુભવ અનિર્વચનીય હોવાથી વાર્તાલાપનો વિષય બની શકે તેમ નહોતો. એટલે એને અમારી અંદર જ શાંત થવા દીધો. બંગલામાં પાછા ફર્યા પછી પ્રણવાનંદે પૂરા પાડેલા એમના ગુરુના સંક્ષિપ્ત જીવનવૃત્તાંત પર હું વિચાર કરવા લાગ્યો. મારી આગળ એમની કલ્પનાછબી ઊભી થઈ. આજુબાજુના બરફની સુતીક્ષ્ણ ઠંડીમાં, તિબેટના પ્રદેશ તરફથી ફૂંકાતા ભયંકર વાયુના સૂસવાટા વચ્ચે મૃગચર્મ જેવા આસન પર વિરાજેલી એક ધ્યાનમગ્ન વિભૂતિ એવા નિતાંત એકાતમાં એ અનેકવિધ આપત્તિઓનો સામનો કેવી રીતે કરી શકી ? સમુદ્રની સપાટીથી અગિયાર હજાર ફીટની ઊંચાઈ પર અને આજુબાજુની વીસેક હજાર ફીટની ઊંચાઈવાળી હિમાચ્છાદિત પર્વતમાળાની વચ્ચે એમણે શિયાળાના સમસ્ત સમયને કેવી રીતે પસાર કર્યો હશે ? ત્યાં નગ્ન અને અગ્નિના સાધન સિવાય રહીને સાધનાની સ્વૈચ્છિક યાતનામાંથી સહીસલામત રીતે કેમ કરીને બહાર નીકળ્યા હશે ? શરીરે કેટલાક સુનિશ્ચિત નૈસર્ગિક નિયમોને આધીન રહેવું પડે છે. એવી જ પ્રતિકૂળ પરિસ્થિતિમાં એવી રીતે વસ્ત્ર વગર રહીને કોઈક બીજી વ્યક્તિએ જીવવાનો પ્રયત્ન કર્યો હોત તો એનો અનિવાર્ય રીતે અંત આવ્યો હોત. જ્ઞાનાનંદે એ નૈસર્ગિક નિયમોને એમની સ્વતંત્ર ઈચ્છાથી કામ કરતા અટકાવ્યા હોય એવું લાગે છે.

એનું સ્પષ્ટીકરણ શું હોઈ શકે ? મારી સ્મરણશક્તિના આધાર પર મને એનો સાધારણ સંકેત મળી ગયો. એક તો ભારતના બે પ્રાચીન ધર્મગ્રંથોમાંથી અને બીજો વરસો પહેલાં મને બુદ્ધ-ગયામાં મળેલા તિબેટવાસી યોગીના નિવેદનમાંથી. હઠયોગની સાધનામાં રસ ધરાવનારા સાધકો માટેનો એક ધર્મગ્રંથ હઠયોગ-પ્રદીપિકા ગ્રંથ છે. એમાં આત્મિક અનુશાસનની કઠિન અને કષ્ટસાધ્ય શારીરિક સાધનાનું અને ઈચ્છાશક્તિ તથા માનસિક વિકાસના અદભુત અભ્યાસક્રમોનું વર્ણન કરાયેલું છે. એમનો આશ્રય લેનાર જુદાજુદા હવામાનનો સુખદ સામનો કરવાની શક્તિથી સંપન્ન બને છે. બીજો ધર્મગ્રંથ, યોગ તથા તત્વજ્ઞાનના સારસંક્ષેપ જેવો ગીતાગ્રંથ છે. એ સાધકને પોતાના મનનું આત્માની અંદર એવું તો કેન્દ્રિકરણ કરવાનું શીખવે છે કે જેથી દેહાધ્યાસથી ઉપર ઊઠી શકાય છે. એ શીખવે કે શીત તથા ઊષ્ણ જેવાં ઠંડીમાંથી મુક્ત મેળવો.

તિબેટવાસી યોગી પાસેથી મને જાણવા મળેલું કે આગળ વધેલા લામા યોગીઓમાંના કેટલા લામા યોગીઓ એવા છે જે કેટલીક શારીરિક-માનસિક ક્રિયાપ્રક્રિયાઓની મદદથી પોતાની ગરમી અથવા સૂક્ષ્મ અગ્નિતત્વને પેદા કરી શકે છે. એમની ભાષામાં એને ‘તોમો’ કહે છે. એ ક્રિયાઓ સુદીર્ઘ શ્વાસપ્રશ્વાસ કે પ્રાણાયામના અને મનોબળ તથા કલ્પનાશક્તિના સંમિશ્રણરૂપ હોય છે. સૌથી પહેલાં ચમત્કારિક શક્તિથી સંપન્ન બનવા માટે કોઈ ગુપ્ત મંત્ર જપવામાં આવે છે. પછીથી કલ્પનાશક્તિને સતેજ કરીને અગ્નિની ધારણા કરાય છે. પછી દીર્ઘ સૂક્ષ્મ પ્રાણાયામની મદદથી કુંડલિનીને જગાડીને મસ્તક તરફ લઈ જવામાં આવે છે.

છેવટે યોગી પોતાના મનને અગ્નિતત્વથી એકાગ્ર કરીને થોડા સમય સુધી સમાધિમાં પ્રવેશે છે. યોગીએ જણાવેલું કે એવા અભ્યાસથી શરીરમાંથી ઠંડીની બધી જ અસર દૂર થાય છે અને યોગી તિબેટના અસહ્ય શિયાળામાં રહેતો હોય તો પણ અંદર અને આજુબાજુ સર્વત્ર ઉષ્માનો આનંદદાયક અનુભવ કરે છે. કેટલા યોગીઓ અભ્યાસ કરતી વખતે જાણી જોઈને બરફ જેવા ઠંડા પાણીમાં બેસે છે.

ઘડિયાળનો શબ્દ સંભળાયો. કૅલેન્ડરનાં પૃષ્ઠો ફેરવાયાં. યોગી પ્રણવાનંદે એમની કાષાય રંગની કફની ભાવિ યાત્રા માટે શરીર પર ધારણ કરી લીધી. તિબેટના ઊંચા પ્રદેશમાં એ વરસે પ્રવેશવા માટે એમની ગરમ વસ્ત્રોથી વીંટળાયેલી કાયાની મદદથી એમણે સોળ હજાર ફીટની ઊંચાઈ પરના લીપુ લેક માર્ગ પરથી પસાર થવાનું હતું. અમારી પ્રસન્નતાપ્રદાયક પ્રવાસવિષયક વાતચીતનો અંત આવ્યો. શાંતિના અદભુત અર્ણવનું અમારું અવગાહન અટકી પડ્યું.

ઓછામાં ઓછા એક વરસ કે એથીયે વધારે વખત સુધી મને એમના આત્મવિશ્વાસયુક્ત અભાવથી ભરેલા મુખમંડળનું દર્શન નહોતું થવાનું. એમનો મક્કમ બુલંદ અવાજ પણ સાંભળવા નહોતો મળવાનો. તો પણ મેં એમને જણાવ્યું કે કૈલાસ તથા માન-સરોવરની આસપાસના પવિત્ર પરમાણુવાળા આનંદજનક આધ્યાત્મિક વાયુમંડળમાં તમે વાસ કરશો ત્યારે આપણા આંતરિક સ્નેહસંબંધથી મને મદદ મળશે અને એ સંબંધની અદૃષ્ટ તાર લાઈન દ્વારા ત્યાંના વાતાવરણના સંક્ષિપ્ત સમાચાર સમય સમય પર મોકલતા રહેશો એવી આશા રાખીશ.

એમણે દાઢીવાળું મોઢું હલાવ્યું.

‘હા, બરાબર છે. કોઈક વેપારી મારફતે હું તમને પવિત્ર કૈલાસ પરથી એકઠા કરેલા થોડાક કાંકરા પણ મોકલી આપીશ. એ સ્મૃતિચિહ્ન કરતાં પણ વિશેષ થશે. એ કાંકરા પર ચાલશો એટલે કૈલાસના પવિત્ર પ્રદેશ પર ચાલતા હો એવું અનુભવશો અને એવી રીતે સરકારી પ્રતિબંધનો પ્રતિકાર કરી શકશો !’

☼ ☼ ☼ ☼ ☼

## ૧૧. ચાર્લી ચેપલીનની તસવીર

મારા હિમાલયના એ એકાંત આવાસ દરમિયાન મારા ખાસ અંગત ઘનિષ્ટ મિત્રોમાંના કોઈએ એકાએક આવીને મારા ઓરડામાં પ્રવેશ કર્યો હોત તો ચામડીને મળતા રંગથી રંગાયેલી દીવાલ પર રસોઈની સામગ્રીની અભરાઈની ઉપર લટકતી એક વસ્તુ વિલોકીને એકથી વધારે વાર પોતાની ભ્રમરને ઊંચી કરત. એ વસ્તુને એ કૃપાની બહારની દેખીતી નિશાનીરૂપ માનવાને બદલે, સમાજના સ્વસ્થ પ્રત્યક્ષ સક્રિય સંપર્ક સિવાય જીવનારા માણસોના અનિવાર્ય અધઃપતનની નિશાની તરીકે જ માની લેત. એ એવું પણ સૂચવત કે હું કવખતે અકાળ વૃદ્ધત્વમાં પ્રવેશી રહ્યો છું. એ અવજ્ઞાસૂચક ઉદગારો સાથે કપાળ ઊંચું કરીને પોતાના મસ્તકને બીજી તરફ ફેરવી લેત.

એવા અવહેલનાયુક્ત ઉદ્ધત વર્તન માટે જવાબદાર કહી શકાય એવી વસ્તુ, મને કબૂલ કરતાં શરમ આવે છે કે, બીજી કોઈ જ નહિ પરંતુ પ્રસિદ્ધ ફિલ્મ કૉમેડિયન ચાર્લી ચેપલીનની તસવીર હતી. એ તસવીર કલાત્મક રીતે તૈયાર કરાયેલું પૂરા કદનું તાજું દેખાતું તૈલચિત્ર નહોતું. એ ચિત્રને વાર્નિશ કરેલા સુંવાળા કિંમતી કાષ્ઠની ફ્રેમમાં પણ નહોતું રાખવામાં આવ્યું. એ તો રાખોડી રંગના સામાન્ય અખબારી કાગળ પર સસ્તી શાહીથી તૈયાર કરેલું સાધારણ રેખાચિત્ર હતું. મને જણાવતાં સહેજ શરમ આવે છે તો પણ સાચું કહું તો, કોઈ સિનેમા થિયેટરની જાહેરખબરનો ગયે અઠવાડિયે મેં કાઢી રાખેલો કાગળનો ટુકડો હતો.

હિમાલયના ચઢાવ-ઉતરાવવાળા પર્વતીય પ્રદેશમાં કોઈ સિનેમા થિયેટરો નહોતાં બંધાયા. સમસ્ત ટિહરી ગઢવાલ સ્ટેટમાં માનવજીવનની લાગણીઓ, વાસનાઓ, કરુણતાઓ અને વિનોદ-વૃત્તિઓના ચિત્રાત્મક પડછાયાઓ સફેદ પડદા પર નહોતા પડતા. વીસમી સદીના પૂજામંદિરમાં હોલીવુડની ગૌરવર્ણની અભિનેત્રીઓ અને એમના આત્મવિશ્વાસુ પ્રેમી અભિનેતાઓ પ્રત્યે ભક્તિભાવ બતાવવા કોઈ જાતના દર્શકો એકઠા નહોતા થતા. પર્વતનો કોઈ પણ બકરાં-ઘેટાંવાળો પશ્ચિમના સિનેમાનો જાદુ માણવા માટે પોતાનું મહામહેનતે કમાયેલું ધન નહોતો ખરચતો. પરંતુ મારા એકાંતવાસ પર દયા આવવાથી અમુક અખબારના તંત્રી તરીકે કામ કરતા મારા એક મિત્રે મને પોસ્ટ મારફત એના છાપાંની નકલો મોકલવા માંડી. હિમાલયની સાંકડી વાંકીચૂકી, ઊંચીનીચી પગદંડી પરથી પહોંચતી ટપાલોના સમાચાર જો કે જૂના થઈ જતા તો પણ બાહ્ય સંસારના અસ્તિત્વની સ્મૃતિ કરાવતા એ સમાચારો સદાય સ્વાગત કરવા યોગ્ય થઈ પડતા. ચાર્લી ચેપલીનની પ્રસ્તુત અનોખી, અનુકરણીય, સ્વાભાવિક, સુંદર અને છતાં કાયમને માટે કરુણાર્દ્ર આકૃતિવાળી ફ્રેમ વગરની તસવીર માટે હું એ અખબારી કાગળમાંના એક કાગળનો ઋણી હતો.

એ કાગળની આજુબાજુ બીજા વધારે સારાં ઉદાત્ત ચિત્રો હતાં એ સાચું હતું. એની જમણી બાજુએ વાદળના વિસ્મયજનક દૃશ્યનો ફોટો છપાયેલો, અને ડાબી બાજુએ અમે સાથે મળીને કરવા ધારેલી કૈલાસયાત્રાની યોજના નિષ્ફળ નીવડી ત્યારે યોગી પ્રણવાનંદે મને આપેલો શ્વેત હિમાચ્છાદિત કૈલાસ પર્વતનો મૂળ ફોટોગ્રાફ રાખેલો. પરંતુ સૌની મધ્યમાં ચાર્લી ચેપલીનને જે સ્થાન અપાયેલું એ અસંગત લાગતું અને સમસ્ત સંસારને માણવાની મારી રસવૃત્તિનો અભાવ દર્શાવતું.

એ બોલરના જેવી હેટવાળા, ઢીલા પાયજામાવાળા, નાના કદના લંડનવાસી પ્રત્યે સામાન્ય સિનેમા જોનારી જનતાની જેમ મને અસામાન્ય આદરભાવ શા માટે થયો ? એ પ્રશ્નનો મારો પ્રથમ પ્રત્યુત્તર સાવ સાદો છે. ચાર્લી ચેપલીન મને હસાવતા, એમની એ મુખ્ય પ્રવૃત્તિને લીધે મારા અંતરમાં એમનું સ્થાન વીસ વરસ પહેલાં સ્થાપિત થયેલું. એ વખતે દુનિયામાં એમને માટે આશ્ચર્યનું મોજું ફરી વળેલું. આટલા બધા સુદીર્ઘ સમય સુધી એમને મારા હૃદયમાં રાખવા માટે મને અફસોસ નહોતો. એ ત્યાં, એમની બાજુમાં એક લાંબી દાઢીવાળા ફિલસૂફની આકૃતિ હોવા છતાં, આરામપૂર્વક વાસ કરતાં. એ બંનેને માટે મારા જીવનમાં જગ્યા હતી એને માટે ઈશ્વરનો આભાર માનું છું. જીવનમાં ગંભીરમાં ગંભીર વિષયોના સંશોધન દરમિયાન પણ એ શ્વેત વાળવાળા વિનોદીને એમના એ અતિથિગૃહમાંથી બહાર નીકળવાની મેં ફરજ નથી પાડી. આધ્યાત્મિક રહસ્યવાદની સ્વર્ગીય સૃષ્ટિના મારા પરિભ્રમણ દરમિયાન એની દીવાલો પર મેં ક્યાંય એવી પ્રતિબંધાત્મક જાહેરાત નથી જોઈ કે હાસ્યને માટે મનાઈ ફરમાવવામાં આવે છે. વિનોદનાં છાંટણા સિવાયનું જીવન મીઠા વગરના સૂપ સમું છે, એમાં સ્વાદ નથી રહેતો. જીવનને અસહ્ય બનાવવું ન હોય તો આપણે હસવું જોઈએ.

મારો બીજો ઉત્તર એ છે કે ચેપલીને મારી સહાનુભૂતિને જગાડેલી. એ બીકણ મનોવૃત્તિવાળા પુરુષ, દેખીતી રીતે જ કાયમી લઘુતાગ્રંથિથી પીડાતા હોય તેમ, રસ્તા પરથી અવ્યવસ્થિત રીતે પસાર થતા ત્યારે મને એમને માટે ખેદ થતો. એમના રૂમમાં મને એવા લાખો લજ્જાળુ લોકો દેખાતા જે જન્મના એકમાત્ર અકસ્માતને લીધે જીવનના જટિલ સ્પર્ધાત્મક જંગ માટે અયોગ્ય બન્યા હોય અને પરિણામે ચેપલીન પોતાનાં ચિત્રોમાં ઢંગધડા વગર વર્તે છે તેમ જીવનમાં ઢંગધડા વગર અને કરુણ રીતે વર્તતા હોય. મને એ સૌને માટે અફસોસ થતો. આપણા સિનેમાના અભિનેતાઓમાં આપણે આપણી જાતને જોઈએ છીએ એવું કહેવાય છે તે પ્રમાણે મને એમની અંદર એવી જ અવ્યવસ્થિત લઘુતાગ્રંથિ દેખાતી જેવી લઘુતાગ્રંથિની સામે મારે ત્યાં સુધી ઝઝૂમવું પડેલું જ્યાં સુધી મને સમજાયું કે દુનિયાને સપાટી પરથી જોઈ કે મૂલવીને જ બેસી રહેવાનું બરાબર નથી.

ત્રીજો ઉત્તર એ કે મારામાં અને ચેપલીનમાં સામાન્ય એવું ઘણું હતું. ઉદાહરણ તરીકે અમારો વ્યવસાય. એ એક કૉમેડિયન તરીકે લોકોને લૌકિક વાસ્તવિકતાઓથી છૂટવાનો માર્ગ બતાવતા. એમનો વિશિષ્ટ માર્ગ હાસ્યનો હતો. એક ઉપરચોટિયા વિદ્વતા વિનાના ફિલસૂફ તરીકે હું પણ જનતાને સાંસારિક યથાર્થમાંથી દૂર જવાનો કે છૂટવાનો રસ્તો બતાવવાનો પ્રયત્ન કરતો. મારો વિશિષ્ટ માર્ગ માનસિક શાંતિનો હતો.

આત્માની અલૌકિક અવસ્થામાંથી અધઃપતન પામેલી માનવજાતિને એના વિશ્રામકારક વિકલ્પ તરીકે ઈશ્વરે વિનોદની રહસ્યમય બક્ષીસ પૂરી પાડી છે. એ માનવને કમનસીબ ઘટનાઓની વિઘાતક વિષાદપૂર્ણ અસરોમાંથી, પ્રતિકૂળ પરિસ્થિતિમાંથી, અણગમતા માનવોમાંથી તથા વિપરીત વાસ્તવિકતાઓમાંથી, અને એ બધા કરતાં પણ વધારે તો એના વ્યક્તિગત અહંમાંથી મુક્ત કરવાનું સર્વોત્તમ સાધન પૂરું પાડે છે. જે માણસ પોતાની સામે હસી શકે છે તે તેટલા પ્રમાણમાં પોતાના વ્યકિત્વથી ઉપર ઊઠી શકે છે. આધ્યાત્મિક ફિલસૂફનું પણ મુખ્યત્વે એ જ પ્રયોજન હોય છે. એ પણ પોતાને એ બધાથી

મુક્ત કરવા માગતો હોય છે. ફક્ત એની પદ્ધતિમાં ફેર હોય છે. એ કેવળ વિચારને શાંત કરે છે. કારણ કે એને ખબર હોય છે કે કોઈ પણ વસ્તુ પોતાના વિચારોમાં પ્રવેશે નહિ ત્યાં સુધી હાનિ નહિ કરે.

ગમે તે સંજોગોમાં મારા અવજ્ઞાયુક્ત આગંતુકની આગળ આ ત્રણથી વધારે કારણો મારે રજૂ કરવાના નથી. બીજા લાખો લોકોની જેમ મને પણ ચેપલીનને માટે સાચો પ્રેમ હોય તો એમની તસવીર દીવાલ પર ટાંગવામાં મને શરમ ન જ આવવી જોઈએ.

*

અફસોસ, પ્રેમ વિનાનું જીવન અપૂર્ણ છે ! સ્ત્રી તથા પુરુષને એકબીજાની આવશ્યકતા લાગે છે. આપણે બ્રહ્મચર્ય પાલનની શીતળ રંગભૂમિમાં પ્રવેશવા માટે તૈયાર થયાં નથી.

ચેપલીનનું લગ્નજીવન કમનસીબ નીવડેલું તો પણ એમાં એમનો કે એમની પત્નીઓનો દોષ નહોતો. બીજી વ્યક્તિઓ સાથે સંતોષકારક રીતે વર્તનારી બે ઉદાત્ત વ્યક્તિઓ, પોતે એકમેકને માટે અનુકૂળ છે કે નહિ તે સમજ્યા વિના, લગ્નજીવનની ધૂંસરી ધારણ કરે છે ત્યારે એમની અસમાનતાની દુઃખદ માહિતી એ બન્નેના ચારિત્ર્યમાં જે સૌથી ખરાબ હોય છે તેને બહાર લાવે છે એમને અલગ કરવાથી એ ફરી પાછાં ઉદાત્ત બની જાય છે.

ચેપલીનની પ્રથમ પત્નીએ છૂટાછેડા માટેના પોતાના દાવાની તરફેણમાં કરેલી દલીલો પર મેં એકથી વધારે વાર વિચાર કરી જોયો છે. એની ફરિયાદ હતી કે એ વિચિત્ર મૂડવાળા માનવ હતા જે દરિયાકિનારે ફરવા જતા અને ત્યાં કલાકો લગી એકલા રહેતા. એ વધારે પડતા વિચારવાયુથી પીડાતા શાંત માનવ હતા. એ એવા એકાંતપ્રિય હતા કે સમાજને છોડીને અવારનવાર કેલીફોર્નિયાની પર્વતમાળાઓમાં પગપાળા જ પહોંચી જતા. એ લગ્નગ્રંથિથી જોડાયાં તો ખરા પરંતુ પતિપત્ની ન બની શક્યાં. પુરુષો પરણવાની ઉતાવળ કરીને કેટલીકવાર સ્ત્રીઓને પશ્ચાતાપ કરતી કરી મૂકે છે. પોતાની પ્રતિભાને ટકાવવા માટે ચાર્લી ચેપલીનને આત્માના એકાંતિક અનુસંધાનની અને એવી વિચિત્ર લાગતી પ્રવૃત્તિઓની આવશ્યકતા હતી એ વાતની સમજ એમની શરીર અને આત્માની દૃષ્ટિએ ખૂબ જ નાની પત્નીને ન પડી. જો છૂટાછેડા ન મળ્યા હોત તો ચેપલીનનું કામ બગડત અને બીજી કેટલીક પ્રતિભાશાળી વ્યક્તિઓના પેઠે એમને પણ એમના પૂર્વપ્રતિષ્ઠા અને એમની ભૂતકાળની મહાનતાની સ્મૃતિમાં જીવવું પડ્યું હોત.

લગ્નજીવનનું બંધન જેલખાનાની જકડી રાખનારી ભારેખમ સાંકળ જેવું બની જાય ત્યારે કેટલીકવાર પોતાનો સામાન બાંધીને છૂટા પડવું પડે છે. એવું ન બની જાય ત્યારે વ્યક્તિગત ત્યાગભાવનો કઠિન છતાં પવિત્ર પદાર્થપાઠ શીખવો રહે છે. એવી પ્રતિભા એના પોતાના જોખમે લગ્નમાં પગલાં માંડે છે.

નવલકથાકાર થોમસ બર્કે એક વાર કહેલું કે મેં જોયેલા પુરુષોમાં ચેપલીન સૌથી વધારે એકલવાયા અને ગમગીન છે.

શા માટે ? એનું કારણ શોધવા બહુ દૂર જવું પડે તેમ નથી. ચાર્લી ચેપલીન એક અજ્ઞાત આધ્યાત્મિક તપસ્વી છે. એક શક્તિશાળી શક્ય યોગી.

એમણે મારી સાથે વિશાળકાય હિમાલયમાં રહેવા આવવું જોઈએ. ત્યાં એમને શાંત આત્મિક અનુસંધાનનો કેવો અને કેટલો બધો વિસ્મયકારક વખત મળી રહે ? સંધ્યાસમય પહેલા પર્વતોના શિખરોને

સ્પર્શતા નારંગી રંગ જેવા પીળા સૂર્યના નિરીક્ષણની ક્ષણો કેટલી બધી સુંદર હોય છે ? પોતાના સ્વરૂપની શોધ અને સ્વાનુભૂતિ માટે પડદા પર નહિ પકડાયેલાં, ફોટોગ્રાફીમાં નહિ જકડાયેલાં, કેટલા બધાં સાહસો કરવાં પડે છે ?

પરંતુ એમને વિશેની વિચારસરણીનો હવે અંત આણું.

*

અમેરિકામાં પ્રવચન કરનારા સ્વામીઓ અથવા પોતાની મેળે બની બેઠેલા ભારતીય ધર્મગુરુઓ મોટે ભાગે શિષ્યો બનાવવાનાં દિવાસ્વપ્નોથી આકર્ષાઈને આવતા હોય છે. જનતાએ એમને જ જોઈને યોગીઓ વિશેના અભિપ્રાયો અથવા ખ્યાલો તૈયાર કરવાના હોય છે. એમના તત્વજ્ઞાનમાં પશ્ચિમનાં નવીન તથા મુક્ત જીવનનાં પ્રલોભનોનો અભાવ હોવાથી, એમનામાંના મોટા ભાગના ધર્મગુરુઓ અને સ્વામીઓ એમનાથી સંમોહિત થઈ જાય છે. એમાં થોડા આદરણીય અપવાદો પણ નથી હોતા એવું નથી સમજવાનું. તો પણ બાકીના આગંતુકો હાસ્યાસ્પદ હોય છે. હિમાલયના હૃષીકેશ નામના પવિત્ર સ્થળમાં મેં એક અમેરિકન ડૉકટર સાથે આગળ વધેલા કહેવાતા યોગીની મુલાકાત લીધી ત્યારે ડૉકટરે એમને થોડા પશ્ચિમી શિષ્યો રાખવાની ભલામણ કરી. એ ભલામણથી ક્ષુબ્ધ બનેલા યોગીએ તહોમતનામાની ભાષામાં કહ્યું કે પશ્ચિમના લોકો યોગનો વ્યાપાર કરશે. મને એમના ઉદગારો અયોગ્ય અને વ્યથાજનક લાગ્યા. કારણ કે હું માનતો કે આધ્યાત્મિક પ્રામાણિકતાનો ઈજારો એકલા ભારતનો જ ન હોઈ શકે. હવે યોગી તથા સ્વામીનું નામ ધારણ કરીને એમના અનેક દેશવાસીઓ પરદેશમાં પધાર્યા છે. એમણે બતાવ્યું છે કે પૂર્વે એ વિષયમાં દુષ્ટ પશ્ચિમવાસીઓ પાસેથી કશું જ નથી શીખવાનું. એ બધા પશ્ચિમવાસીઓથી પણ એ બાબતમાં આગળ વધી ગયા છે.

પ્રાચીનકાળમાં નિવાસસ્થાન તરીકે ગુફાનો, અરણ્યનો, પર્વત, શાંત એકાંત સરિતાઓ અથવા જંગલનો નિર્દેશ કરાતો. એ વખતે એ સ્થળો ઉત્તમ હતાં. ધ્યાન કરવાની ઈચ્છાવાળા સાધકને એવાં સ્થળો આદર્શ એકાંત અને શાંતિ પૂરાં પાડે છે. સંજોગો સાનુકૂળ હોય તો સાધક એવાં સુંદર સ્થળોનો લાભ લઈ શકે છે. પરંતુ એટલું યાદ રાખવાનું છે કે એકાંતમાં જે કાંઈ મેળવ્યું હશે એના સારતત્વની સાચી કસોટી શહેરના શોરબકોરમાં જ થઈ શકશે. ભરચક વસતિથી ભરેલાં વ્યસ્ત જીવનવાળાં શહેરોમાં, અસંખ્ય અગ્નિપરીક્ષાઓ અને પ્રલોભનોની વચ્ચે જ એ સમજી શકશે કે એની આધ્યાત્મિક ઉપલબ્ધિનું સોનું કૃત્રિમ છે કે સાચું છે. કુદરત સત્ય, શાંતિ અને સુખની આકાંક્ષાવાળા પ્રત્યેક માનવની માતા છે અને એને મદદ કરે છે પરંતુ જે બાળક માતાના ખોળાની સલામતીમાં સદાને માટે રહેવાની ઈચ્છા રાખે છે તે પરિપકવાવસ્થા પર નથી પહોંચી શકતો. મને લાગે છે કે કુદરતનાં ભયંકર એકાંત સ્થળોનો ઉપયોગ કાયમી નિવાસસ્થાન તરીકે કરવાને બદલે કામચલાઉ નિવાસસ્થાન તરીકે કરવામાં આવે તો માનવ વધારે સારો યોગી બની શકે. એકાંતનો ઉપયોગ કરો પરંતુ દુરુપયોગ ન કરતા. આધ્યાત્મિક અભ્યુત્થાનની અભિરુચિવાળા સાધકો સક્રિય, વ્યવહારિક જીવનમાંથી કામચલાઉ નિવૃત્તિ લે એનો વાંધો નથી. એવી નિવૃત્તિનો સમય એક દિવસનો, અઠવાડિયાનો, મહિનાનો કે થોડાં વરસોનો પણ હોઈ શકે, પરંતુ એ પછી એમણે એમની છોડેલી દુનિયામાં પાછા ફરવું જોઈએ અને સક્રિય જીવનપ્રવાહમાં ઝંપલાવવું જોઈએ. પછી પાછું એકાંત સેવવું જોઈએ. એવા

જીવનને સંતુલિત જીવન કહી શકાય. એમ કરવાથી સામાજિક જીવનમાં આધ્યાત્મિક જીવનનો પડઘો પડશે. આંતરજીવનનો બાહ્ય જીવન પર પ્રભાવ પડશે અને બન્ને મળીને માનવનું પરિવર્તન કરશે. આત્મા અને ભૌતિક જગતની સંવાદિતાથી કોઈને નુકશાન નહિ થાય.

આરંભની અવ્યવસ્થામાંથી કુદરતે સરજેલા સુંદર પ્રદેશોની પેઠે જ આપણે માનવે નિર્મેલાં આશ્ચર્યકારક આશ્રયસ્થાનોનો આદર કરવો જોઈએ. મિથ્યા લાગતું વાતાવરણ છોડવાથી આપણે સર્વોત્તમ વિકાસ નહિ સાધી શકીએ. મિથ્યા વિચારોને છોડવાથી સાધી શકીશું. આપણી બધી જ મુશ્કેલીઓ જ્યાંથી શરૂ થાય છે તે મૂળ સ્થળ મન છે. જૂના જમાનામાં યોગીઓ આવશ્યક અતિરેક પર પહોંચવા ટેવાયેલા હતા પરંતુ આપણે તો સુખ તથા સગવડને પસંદ કરીશું કે સ્વીકારીશું. કળાકારો સાહિત્ય અને ચિત્રકળાના ક્ષેત્રમાં સૂકો રોટલો ખાવાનો હોય અને લેણદારો ઘેરી વળતા હોય એના કરતાં ખાવાપીવાની નિરાંત હોય તેમ કોઈ પ્રકારની આર્થિક પરેશાની ન હોય ત્યારે વધારે સારું કાર્ય કરી શકે છે. એવી જ રીતે અતીત કાળની અનેકવિધ અગવડોની વચ્ચે વસવા કરતાં સઘળી સાંપ્રત સગવડોનો લાભ લઈને આપણે યોગસાધનાનું અનુષ્ઠાન વિશેષ નિપુણતાપૂર્વક કરીશું. આપણે પણ માનસિક શાંતિના આપણી સાધનાના કળાકાર બનવાનું છે.

*

કેટલાંક કારણોને લીધે યોગની સાધનાના નિયમોનું પાલન વર્તમાન યુગમાં સહેલાઈથી નથી કરાતું. એ નિયમો આપણા કરતાં અનેક રીતે જુદા પડતા હજારો વરસ પહેલાંના જમાનાથી આપણને આપવામાં આવ્યા છે. એ નિયમોને આપણા બદલાયેલા સમયને અનુલક્ષીને અવારનવાર અનુકૂળ બનાવીએ એમાં જ બુદ્ધિમાની રહેલી છે. જૂનાએ નવાને સ્થાન આપવું જ જોઈએ. યોગના પુરસ્કર્તાઓએ ભૂતકાળમાં વધારે કૂણું વલણ બતાવ્યું હોત તો એમનું વિજ્ઞાન અમુક અસાધારણ વર્ગનો ઈજારો ન બનત, આજની પેઠે કુતૂહલનો વિષય ન ગણાત, અને આજે દેખાય છે તેમ દુનિયામાંથી એ લગભગ સર્વાંશે અદૃશ્ય પણ ન થાત.

આધુનિક માનવને ત્યાગ કે સંન્યાસનું આકર્ષણ નથી લાગતું. મારી માન્યતા મુજબ એ આવશ્યક પણ નથી. બાહ્ય જીવન અને અંદરના આત્મા વચ્ચે સુમેળ અથવા સંવાદ સ્થાપી શકાય છે અને સ્થપાવો જોઈએ. આધુનિક માનવે અંદરનો ત્યાગ વધારતાં શીખવું જોઈએ. એવો ત્યાગ એના બાહ્ય જીવનમાં વધારે પડતી દખલ નહિ કરે પરંતુ એના મન તથા અંતરને અસર કરશે. પછી પોતાના વ્યાવહારિક જીવનમાં જે પણ ફેરફારો થશે તે ફેરફારો બહારના અનુશાસનનું અંધાનુકરણ કરવાને બદલે અંદરની પ્રેરણા તથા પથપ્રદર્શન પ્રમાણે મુક્ત અથવા સહજ રીતે જ થયા કરશે. મારા જીવનમાં અને કાંઈ પણ શીખવા મળ્યું હોય તો તે એ છે કે ત્યાગ અથવા સંન્યાસ ખરેખર તો મનની પ્રક્રિયા છે. ત્યાગનો કેવળ સ્થૂળ અભિનય એની સાથેના થોડા પણ આત્મિક દૃષ્ટિકોણ વિના નિરર્થક છે. માનવોને પ્રવૃત્તિની ત્યાગની સલાહ આપવાને બદલે વિચારની વર્તમાન ટેવોનો ત્યાગ કરવાની સલાહ આપવાનું મને વધારે સારું લાગે છે. આખરે તો બધી જ પ્રવૃત્તિઓ વિચારના જ પરિણામરૂપ હોય છે.

કેટલાક કહેશે કે આપણો સઘળો સમય ધ્યાનની પાછળ ગાળવા માટે નિતાંત એકાંતની આવશ્યકતા છે. જે ધ્યાનની પાછળ એવી રીતે વખત વિતાવતા હોય તે ભલે વિતાવતા. તે ખૂબ જ સુંદર કાર્ય કરી રહ્યાં

છે. પરંતુ મનને જીતવાનું એટલું બધું સહેલું નથી. પૂર્વ તથા પશ્ચિમમાં મેં કેટલાય યોગસાધકોને જોયા છે અને મને શંકા છે કે એવી રીતે આખો દિવસ ધ્યાન કરનારો વર્ગ પાંચ ટકાથી વધારે નહિ હોય. એને માટે પ્રયત્ન કરનારનો પ્રયત્ન મોટે ભાગે આત્મિક અસંતોષ સાથે પૂરો થાય છે. એમના નિષ્ફળ પ્રયત્નો નૈસર્ગિક આત્મિક ઘર્ષણ પેદા કરે છે અને શાંતિના ધ્યેયને દૂર ધકેલે છે. પ્રકૃતિ આખરે એમને વધારે સમતોલ જીવન તરફ ખેંચી જાય છે.

ધ્યાન કેવળ સાધન છે, અને મોટા ભાગના સાધકો સમજે છે તેમ, સાધ્ય નથી. માર્ગને ગંતવ્યસ્થાન માની લેવાની ભૂલ ન કરવી જોઈએ.

વાસ્તવિક હકીકત તો એ છે કે સક્રિય સામાજિક જીવનની સાથે સરખાવતાં અક્રિય એકાંતિક જીવન ચડિયાતું છે એમ નથી કહી શકાતું. જે એકને ભોગે બીજાની બડાઈ હાંકે છે તે દર્શાવે છે કે એની આંખ પરમાત્માના પરમપ્રકાશથી પૂર્ણપણે પ્રકાશિત નથી થઈ શકી. એ પોતાને મળેલા અલ્પ જ્ઞાનપ્રકાશની પ્રવંચના કરે છે. ગુરુનો અંચળો ઓઢનારા માણસો જ્યારે જાહેર કરે છે કે સ્વર્ગના જૂના રસ્તા જ એક માત્ર રસ્તા છે અને જૂની પદ્ધતિઓ જ સર્વકાળને સારુ સાચી છે ત્યારે એમની સંકીર્ણતાનો સામનો કરવાનું મન થાય છે. આત્માનો અવાજ મને બોલવાની અનુજ્ઞા આપે એની પ્રતીક્ષા કરું છું. ઈશ્વરની પરમ ઉદારતા, દયા અને એમના સમભાવને એમણે કેટલી બધી ક્ષુલ્લકતાએ પહોંચાડી દીધી છે તેને હું પ્રકટ કરીશ.

આપણે સૌ પરમાત્માના પરમ પવિત્ર પ્રકાશની પ્રાપ્તિ કરીશું. આપણે સૌ જીવન-મુક્તિનો આનંદ અનુભવીશું; ભલેને આપણે ગમે તે હોઈએ અને ગમે તે કરતા હોઈએ, પરંપરાગત પ્રખર પાપી હોઈએ કે પૂણ્યાત્મા સંત હોઈએ, વેપારી પેઢી કે ઑફિસોમાં કામ કરતા હોઈએ કે કેવળ સ્વપ્નદ્રષ્ટા બનીને કરોળિયાના જાળાની જેમ ભાવજગત ગૂંથતા હોઈએ. આપણે ધર્મ, તત્વજ્ઞાન કે યોગમાં રસ હોય કે ન હોય તો પણ એ સત્યનો સાક્ષાત્કાર એક દિવસ પ્રગતિશીલ માનવજાતિને સંજીવની ધરશે. એ પછી આ પુરાતન કાળથી પ્રવર્તમાન આપણી પૃથ્વી પર પરમાત્માની પરમ દિવ્યતાની સૂક્ષ્મ ઝાંખીઓ જોવા મળશે. પરમાત્માની અલૌકિક નિશાનીઓ પ્રકટશે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૨. અનુભૂતિ

મારા પર્વતીય ઘરમાં દિવસો પાતળા પાંખવાળા પતંગિયાની પેઠે એક વાર ફરીથી ઝડપથી પસાર થવા માંડ્યા. જે અલૌકિક આદર્શથી પ્રેરાઈને હું ત્યાં જઈ પહોંચેલો એને ભૂલ્યો ન હતો અને ભૂલી શકું તેમ પણ ન હતો. મારા જીવનની સૌથી વિશેષ અને અનિવાર્ય આવશ્યકતા શારીરિક, માનસિક અને આત્મિક શાંતિ વધારે ને વધારે પ્રમાણમાં પ્રાપ્ત કરવી અને થોડા વખત માટે પણ જીવનમાં આત્મસાત્ કરવાની હતી. પૃથ્વીના ખેદજનક ઉપગ્રહમાં અસંખ્ય માનવો પોતાના શરીરો વધારે ને વધારે શક્તિશાળી બનાવવાના ઉદ્દેશથી અસંખ્ય સ્થળોમાં આમતેમ ચાલતા, દોડતા તથા કૂદકા મારતા. એથી ઊલટું, સર્વ પ્રકારની શારીરિક અસરોમાંથી મુક્તિ મેળવવાનો પ્રયત્ન કરતાં મેં શરીરને નિષ્ક્રિય કરવાનો આરંભ કરેલો.

મને અતિશયોક્તિ કરતાં કહેવા દો કે જે કાંઈ પણ નથી કરતો તે માણસ ઉત્તમ પ્રકારની પ્રવૃત્તિ કરે છે. જે સદા કર્મરત રહે છે તે કશું જ નથી કરતો. માનવને જે સર્વોત્તમ જીવનકાર્ય માટે આ પાર્થિવ પૃથ્વી પર મોકલવામાં આવ્યો છે તે જીવનકાર્ય ચોક્કસપણે કાંઈ જ ન કરવું તે છે. પરંતુ અફસોસની વાત છે કે બહુ જ થોડા મનુષ્યો એ વિચારને સમજી શકશે. આપણે માનવના કાર્ય કરવાના અધિકારને માન્ય રાખવાની ઈચ્છા રાખીએ છીએ, પરંતુ કુદરતમાં જે મહાન છે તેમાંનું કોઈ તેવી આકાંક્ષા નથી રાખતું. સૂર્ય કામ નથી કરતો તો પણ એને સર્વથી શ્રેષ્ઠ તરીકે પુરવાર કરે છે. એ પોતાનું દર્શન જ આપે છે અને એટલા માત્રથી સંસારની હજારો પ્રવૃત્તિઓનો આપોઆપ જ આરંભ થાય છે. આપણે પણ સૂર્ય જેવા બનીએ અને શીખીએ કે કશું જ ન કરવાની ઉચ્ચોચ્ચ કળાથી સમસ્ત કુદરત કેવી રીતે આપણાં ચરણોમાં પડે છે અને આપણે માટે પ્રત્યેક પ્રવૃત્તિનું ઉત્સાહપૂર્વક અનુષ્ઠાન કરવા તૈયાર બને છે.

અસંખ્ય સ્થળોમાં રહેતા અસંખ્ય માનવો પોતાના ઉત્તેજિત સચેત મસ્તિષ્કના પરમાણુઓને અસંખ્ય વિષયોના બૌદ્ધિક ચિંતન-મનનમાં લગાડી રહેલા. મેં તો એથી ઊલટું, હિમાલયની પર્વતમાળાના પ્રતીક બરફને લઈને બાહ્ય પ્રવૃત્તિના બધા જ પ્રકારોને નામશેષ કરી નાખવા માટે એને એક વાર મારા મસ્તક પર લગાડવાનો સંકલ્પ કરેલો. પાંચ ખંડની પૃથ્વીમાં અન્યત્ર અન્ય માનવો એમના સર્જનહારને ભેટો ધરતા, નૈવેદ્યો અર્પતા, એમને માટે ધૂપ-દીપ કરતા, પ્રાર્થતા, કષ્ટસહનનો આશ્રય લેતા, અને વિધિવિધાનોમાં ઊતરતા. હું પોતે એ બધા મૂઢ અને પ્રકટ અભિનવોની સામે વિદ્રોહ પોકારીને મારા હૃદયને બરફ જેવું શાંત રાખતો અને પોતાને શાશ્વત સમજનાર માનવની ધીરજ સાથે એ સર્જનહારના સાક્ષાત્કારની પ્રતીક્ષા કરતો.

મારા પ્રયત્ન વિનાના પ્રયત્નોમાં ઉતાવળ ન હતી. મારી દૃષ્ટિએ નિષ્ફળતાનો કોઈ અર્થ ન હતો. હું સઘળાં કર્મો પદાર્થોના પરિવર્તનશીલ સ્વભાવની સમજ સાથે અને વિનાશશીલ જીવનની પાછળની અમરતાના ખ્યાલ સાથે કરતો. સર્જન તેમજ વિસર્જનના ક્રમમાંથી પસાર થતા સૃષ્ટિચક્રની પેઠે જીવનનું ચક્ર પણ ચાલ્યા કરતું. અને મને મારી ઈપ્સિત પ્રાપ્તિ થશે એ વિશે કશો સંદેહ ન હતો. કોઈ પણ વ્યક્તિ કે કોઈ પણ અંતરાય મને એની પાસે પહોંચતાં અટકાવી શકે તેમ ન હતો. કોઈ પણ શુભાશુભ માનવ, પશુ અથવા દેવ મારા જીવનપ્રવાહને આગળ વધતો અને આખરે એના અલૌકિક ઉદભવસ્થાન સુધી પાછો વળતો રોકી શકશે એમ નહોતું લાગતું. એવી રીતે પાછા વળતાં વરસો લાગે કે અનેક જિંદગીઓ વીતી જાય તો પણ હું

રાહ જોઈ શકું તેમ હતો. મારા જીવનપ્રવાહમાં સંસિદ્ધિની એવી ભરતી ક્યારે આવશે તે વિશે કોઈ જાતનું ભવિષ્ય ભાખી શકાય તેમ નહોતું લાગતું.

પરંતુ સફળતા એટલી બધી સુનિશ્ચિત છે એવું હું કેવી રીતે જાણતો ? મારા હૃદયમાં દૃઢમૂળ બનીને બેઠેલા એ અચળ આશાવાદનો આવિર્ભાવ ક્યાંથી થયો ? આકાશમાં ઊગનારા સૂર્યના સંબંધમાં કોઈ શંકા નથી થતી. એવી રીતે મારા હૃદયમાં પેદા થનારી વિશ્વસનીય વૃત્તિ સંબંધમાં પણ કશી શંકા નહોતી થતી. મારા પોતાના ઉજ્જવળ ધ્યેયને અને માનવજાતિના ઉજ્જવળ તથા અપૂર્ણ ભાગ્યને જાણ્યા પછી હું શાંતિપૂર્વક પ્રતીક્ષા કરી શકું તેમ હતો. એક માનવ તરીકે મારે પણ એ ભાગ્યમાં ભાગ પડાવવાનો હતો. બધા જ પરાજયો કામચલાઉ હોય છે. દુન્યવી પ્રવાહમાં પેદા થનારી મુસીબતો આત્માને નથી અડતી. એ આત્મા, એની આગળ બીજું બધું જ ગૌણ હોવાથી, એક દિવસ પોતાનો સાક્ષાત્કાર કરી લેશે.

એવા વિશ્વાસપૂર્વક હું પર્વતના શિખર પર બેઠેલો અને જીવનને પસાર થવા દેતો. અનંતતાની હવા શ્વાસમાં ભરતો સમયની પ્રતીક્ષા કરતો. કોઈ પણ પ્રકારની ફરિયાદ વિના કેવી રીતે પ્રતીક્ષા કરવી તેનો મને ખ્યાલ હતો. જીવન અટલ ઉદાત્ત આદર્શો પાછળ વ્યતીત કરવાનું હતું. એ આદર્શોનો મેં સ્વીકાર કરેલો.

આશા સત્યની સંદેશવાહિકા છે. આપણા જીવનમાં થતી અનોખી અનુભૂતિઓ એમને માટેની અંધ, અજ્ઞાત, એકધારી આતુરતા પછી જ થતી હોય છે. આશા એમના પૂર્વાભાસ રૂપે પ્રકટે છે.

*

પાદડાંથી પથરાયેલી મારી સાધનાભૂમિમાં એક સાંજ શકવર્તી રીતે સફળ નીવડી. અંદરની સત્તા કોઈ પણ પ્રકારના થાક કે કંટાળા વિના મારી પ્રતીક્ષા કરી રહેલી. મેં પરમ સત્યની સુંદર સરિતામાં સ્નાન કરવાની તૈયારી કરી ત્યારે વાતાવરણ ખુશનુમા હતું. કોઈ પણ પ્રકારના વિશેષ પ્રયત્ન વિના મન પોતાના કેન્દ્રમાં જઈને સ્થિર થયું. હૃદયમાં એક પ્રકારની ધન્ય કરી દેનારી શાંતિનો પ્રવાહ પ્રગટવા લાગ્યો. દિવ્ય, આનંદદાયક શાંતિનાં તરંગ પર તરંગ મારા મસ્તક પર ફરી વળ્યાં. શ્વાસોચ્છવાસની પ્રક્રિયાની ગતિ ક્રમેક્રમે મંદ પડતી ગઈ. એટલી બધી મંદ પડી ગઈ કે એનું ધ્યાન જ ન રહ્યું.

અનંતકાળનું સરઘસ એકસરખું ચાલવા લાગ્યું. સર્વ પ્રકારના ક્ષુલ્લક ઉશ્કેરાટો, અહંકારાત્મક અંકુરો, અંતરના ઊંડાણમાં ફેલાયેલી કટુતા, દોષદર્શનની વિદ્રોહાત્મક વૃત્તિ, ક્ષુદ્ર ચિંતાઓ : એ બધું મારા વ્યક્તિત્વમાંથી શરદઋતુ દરમિયાન જેવી રીતે રસ વગરનાં સૂકાં વૃક્ષો પરથી પાકેલાં પર્ણો ખરી પડે તેમ, થોડા વખત માટે લુપ્ત થયું. એવા વિશુદ્ધ શક્તિશાળી વાતાવરણમાં એ કેવી રીતે રહી શકે ? મારી અંદર આત્માનો અલૌકિક પ્રકાશ પોતાની પરિપૂર્ણ પવિત્રતા સાથે પથરાવા માંડેલો. બિલાડી પોતાના શ્વેત દાંતથી ઉંદરને પકડી રાખે તેમ એ પાવન પ્રકાશે મારા તન, મન અંતરને પકડી રાખેલું ને વશ કરેલું હોવાથી એ બધાં ક્ષુલ્લક પીડા પહોંચાડનારા પરિબળો મને કેવી રીતે કષ્ટ પહોંચાડી શકે ? હું એકદમ અસહાય બની ગયો : ' હે પ્રભુ, મારી નહિ પરંતુ તમારી જ ઈચ્છાનો વિજય થશે.' સાચું સુખ એમાં જ સમાયેલું છે. પરમાત્માની પરમ પવિત્રતા અનુભવીએ ત્યારે આપણે એને ચાહતાં શીખવું જોઈએ.

કેટલી બધી આનંદજનક આઝાદીની અનુભૂતિ ! કોઈક અદૃષ્ટ હાથે અંગત અહંતાનાં બધાં જ બંધનોને છિન્નવિચ્છિન્ન કરી નાખ્યાં. એમના તૂટવાથી બધી જ ચિંતાઓ, એષણાઓ, ભૂતકાળની બધી ભૂલોની

અને ભવિષ્યની અનિશ્ચિતતાઓની ઉપાધિઓનો અંત આવ્યો. આત્માએ પોતાના અસ્તિત્વનો અનુભવ આપતી વખતે જણાવ્યું કે પોતે એક મુક્તિદાતા તરીકે આવી રહ્યો છે. એના પ્રભુત્વને લીધે જે કાંઈ ક્ષુદ્ર, અસાર, અંતરાયરૂપ હતું તે બધું જ અદૃશ્ય થયું. એના દૃષ્ટિપાતથી જ પ્રેમ, આદર, નમ્રતા, કરુણાનો ક્ષીરસાગર ઊછળવા લાગ્યો.

એની ઉપસ્થિતિનો સર્વતોમુખી સ્વાનુભવ કેટલો બધો કલ્યાણકારક અને આશ્વાસનદાયક હતો ? અંદરનું સઘળું ઘર્ષણ શાંત થયું. હૃદયનો મગજ સાથેનો, લાગણીનો વિચાર સાથેનો સંઘર્ષ બંધ પડ્યો. આપણા મગજ જ્યારે તર્કથી પૂર્ણપણે પ્રભાવિત થઈ જાય છે, ત્યારે આપણો નાશ થાય છે. પરમાત્મા તર્કથી પર છે.

હિમાલયે મારે માટે સ્વર્ગનાં સુવર્ણ દ્વાર ઉઘાડી નાખ્યાં. જે દિવસે મેં એના શાંત સામ્રાજ્યમાં પ્રવેશ કર્યો તે દિવસને મેં અભિનંદન આપ્યાં. આત્માની અનુભૂતિ જેમજેમ વધતી ગઈ તેમ તેમ આનંદ અને બહારની શાંતિ વધારે ને વધારે ગાઢ બનતી રહી. ઉદાત્તતાની એ અવસ્થામાં ‘હું અને મારા પિતા બન્ને જ એક છીએ’ એ ઈશુના ઉદગારોનો આધ્યાત્મિક સંદર્ભ સારી પેઠે સમજી શકાયો.

ઓ આત્મા, તારા આ ઉડાઉ શિશુને અપનાવીને તારો બંદી બનાવી દે ! જીવનનાં ગુપ્ત અગાધ ઊંડાણોમાં ઊતરનારનું જીવન કેટલું બધું મધુમય બની જાય છે ! આપણી સર્વોચ્ચ અનિવાર્ય આવશ્યકતા દીર્ઘ કે વિશાળ જીવનની નથી પરંતુ નક્કર જીવનની છે. આવા અનુભવથી સહેલાઈથી સમજી શકાય છે કે અસાધારણ શારીરિક કષ્ટો અને મન તથા અંતરની ભયંકર યાતનાઓની વચ્ચે રહીને પણ માણસ મરણિયો બનીને જીવનને શા માટે વળગી રહે છે. જીવનના અંતરતલમાં રહેલ અપાર્થિવ અસાધારણ અતીન્દ્રિય શાંતિના સાધારણ ઝબકારને લીધે જ તે જીવનને વળગી રહે છે. એ જીવનને ધારણ કરે છે કારણ કે એને અજ્ઞાત રીતે પણ આશીર્વાદરૂપ સમજે છે. ભૌતિક જીવનનું મૂળભૂત ઉદગમસ્થાન શોધી કાઢવામાં સફળ થાય ત્યારે જીવન એમને માટે આશીર્વાદરૂપ ઠરે. કેટલાંક વરસોનું આ ક્ષણભગુંર ભૌતિક જીવન તો વાસ્તવિક અને અપ્રકટ જીવનપ્રવાહનો આછોપાતળો પડઘો માત્ર છે. જીવનના વિશાળ વર્તુળની નાનીસરખી રેખા જ છે.

*

અને હવે એવરેસ્ટ શિખરઆરોહણ વિશે.

બરફથી છવાયેલા એવરેસ્ટ જેવા બીજા ઉત્તુંગ પર્વતોનું આરોહણ ભયંકર અને અસહ્ય ઠંડી, સૂસવાટા કરતા સમીરો અને સતત વાવાઝોડાને લીધે અસાધારણ યંત્રણાથી ભરપૂર બની જાય છે. ઉત્તર ધ્રુવના હવામાનથી વ્યથિત કરનારા, રક્તાભિસરણને મંદ પાડી દઈને શરીરને બેશુદ્ધ બનાવનાર, પ્રત્યેક પગલે ત્રણથી ચાર શ્વાસ લેવા પડે એટલી હદે શ્વાસોચ્છવાસની તકલીફનો અનુભવ કરાવનાર, ગમે ત્યારે લપસી પડવાથી નીચે પાડીને મૃત્યુના મુખમાં ધકેલનારા અને મૂત્રપિંડોની આંતરિક અવ્યવસ્થાથી બીમાર બનાવનારા હિમાલયનાં એ ગૌરવશાળી શિખરોને સર કરવાની હિંમત માણસો તો જ કરી શકે જો એ બહાદુર, આશાવાદી, પ્રમાણમાં યુવાન અને શારીરિક સ્વસ્થતાની આવશ્યક ગુણવત્તાથી સંપન્ન હોય.

હિમાલયને ફેંકવામાં આવતાં ઉપરાઉપરી આહ્‌વાનોમાં આધ્યાત્મિક મર્મ તથા મૂલ્યનું પણ દર્શન થાય છે. જે સ્વૈચ્છાએ એનું આરોહણ કરતા નીકળી પડે છે અને ગમે તેટલી ઊંચાઈને દેખીને લેશ પણ ડરતો નથી. એ આધ્યાત્મિક જીવનના ઉમેદવારને માટે આવશ્યક મનાય છે તેવાં સુંદર લક્ષણોથી સંપન્ન હોવો જોઈએ. એ એની પ્રિયમાં પ્રિય પ્રવૃત્તિનો પરિત્યાગ કરવા, એના જીવનના અધિકારને પણ છોડી દેવા અને પોતાના અસાધારણ સાહસનું જોખમ ઉઠાવવા તૈયાર હોય છે. અધ્યાત્મમાર્ગના સાધકને પણ એ જ વાત લાગુ પડે છે. એણે પણ એના આત્માના અવાજને અનુસરવું પડે છે, કેટલાકની પેઠે યંત્રણા વેઠવી પડે છે અને પ્રાણની આહુતિ પણ આપવી રહે છે. એણે પરંપરાગત સીમાચિહ્નોને છોડીને કેડી વગરના ચઢાણો ચડવાં પડે છે. અને ચડતી વખતે પોતાની પગદંડી કરવી રહે છે. સત્યની શોધમાં નીકળેલો સાધક પણ એવી રીતે ધર્મ ને તત્વજ્ઞાનના દૃઢ સિદ્ધાંતોને તિલાંજલિ આપીને એની અંદરના સત્યરૂપી જગતમાં માર્ગ કરવા માટે પ્રત્યેક પગલે જાગૃતિપૂર્વક આગળ વધે છે. પર્વતનું આરોહણ કરનારાને એકાંતનો, સાદાઈનો, શાંતિનો અને પ્રકૃતિનાં હૃદયંગમ સૌંદર્ય-દ્રશ્યોનો પ્રેમ ન હોય તો અસાધારણ ઊંચાઈવાળા પર્વતો એને સહેજ પણ આકર્ષી શકે નહિ. અધ્યાત્મપંથના પ્રવાસીએ પણ પરમાત્માની પરમકૃપાને પામવા માટે એ જ પ્રકારના પ્રેમથી સંપન્ન બનવાની આવશ્યકતા સ્વીકારવી પડે છે.

સપાટ પ્રદેશોની સફર કરનારાં કે પર્વતો પર ચડનારાં સર્વે પ્રકારનાં સ્ત્રીપુરુષોની આગળ પરમાત્માએ પેદા કરેલું આત્માનું અલૌકિક યશસ્વી મહામહિમામય શ્વેત શિખર ઊભેલું છે. આત્માનું એ સ્વર્ગીય શિખર સનાતન છે અને આપણને યુગો સુધી, શાશ્વત સમયને માટે બોલાવ્યા કરશે. આપણે એ એવરેસ્ટ પર ચડવાની આકાંક્ષા રાખવાની છે. આપણે કાયર બનીને સંસારનાં સુખોને વળગી રહીશું ? કે પછી સુદૃઢ સંકલ્પ અને શ્રદ્ધા-ભક્તિથી સંપન્ન બનીને, હાથમાં લાકડી લઈને, આ સંસારની સૌથી વિસ્મયજનક વિલક્ષણ સફર માટે નીકળી પડીશું ? એવી રીતે આટલા બધા વખત પછી પણ જીવનને સાર્થક કરવાનો પ્રયાસ કરીશું ખરા ?

☼ ☼ ☼ ☼ ☼

## ૧૩. ચિત્તાનો પ્રસંગ

એક દિવસ બપોરે જંગલમાં પર્યટન કરતાં, મારા બંગલાના નિવાસસ્થાન તરફ પાછા ફરતી વખતે એનું અંતર પંદરેક મિનિટ જેટલું દૂર રહ્યું ત્યારે, એ પ્રદેશના અસાધારણ સૌંદર્યની વચ્ચે જેનું મોટે ભાગે વિસ્મરણ થવાની શક્યતા હતી એવી એક વાસ્તવિકતાનું મને સ્મરણ થયું. એ વાસ્તવિકતા અરણ્યના એકાંત પ્રદેશમાં પ્રચુર પ્રમાણમાં રહેતાં જંગલી જનાવરોની હતી. મારી દૃષ્ટિને સહજ રીતે જ મારી જમણી બાજુએ ફેરવીને મેં ધારી-ધારીને જોવા માંડ્યું. મધ્યાહ્નના તેજસ્વી સૂર્યપ્રકાશમાં એક અસામાન્ય રીતે ચળકતો રંગ નિહાળીને હું એકાએક ઊભો રહ્યો. એ વિલક્ષણ વાતાવરણમાં એક ઘટાદાર વૃક્ષમાં અડધા છુપાયેલા ચિત્તાને જોયો. એ જમીનથી બારેક વાર જેટલે દૂર, બે સમાંતર શાખાઓના સંગમસ્થળ પર પડેલો. એનું ગોળ મસ્તક એના પંજાની વચ્ચે રાખેલું અને એની ટપકાંવાળી રુંવાટીદાર કાયાને પૂરેપૂરી રીતે લંબાવવામાં આવેલી. એ ચિત્તો ઘસઘસાટ ઊંઘતો હતો.

ધરતી પર મધ્યાહ્નના સૂર્યના સુતીક્ષ્ણ સીધાં કિરણ પડી રહેલાં. એમને લીધે પેદા થયેલી ગરમીએ એ પ્રાણીમાં સુસ્તી પેદા કરેલી અને એને નિદ્રાધીન બનાવી દીધેલું. એની એ અપવાદરૂપ અવસ્થાનું સ્પષ્ટીકરણ બીજી કોઈ રીતે કરી શકાય તેમ ન હતું. વૃક્ષ પરની એની ઉપસ્થિતિ કોઈ પણ પ્રકારની મુશ્કેલી સિવાય સમજાવી શકાય તેમ હતી. પાસેના પર્વતીય ખીણપ્રદેશમાં ચિત્તાને રહેવાની અનેક ગુફાઓ દેખાતી. પશુઓ સામાન્ય રીતે રાતે બહાર નીકળે છે. રાતના અંધકારની સતત પ્રવૃત્તિ દરમિયાન એમની આંખ અસાધારણ રીતે તીક્ષ્ણ બનતી હોય છે. એ ચિત્તો અસામાન્ય કહી શકાય એવા સમયે બહાર નીકળેલો. જંગલનાં સઘળાં જનાવરોમાં ચિત્તો સૌથી શાંત હોય છે. એ ધીમી છતાં મક્કમ ચાલે ચાલે છે અને એના સુંવાળા પંજામાંથી અવાજ પેદા થતો નથી. પોતાના શિકારને કસમયે ગભરામણમાં ન મૂકવા માટે દેખીતી રીતે જ વૃક્ષ પર ચડીને એણે પોતાની જાતને શાખા પર લંબાવેલી. ત્યાંથી ચારે તરફના પ્રદેશનું સમ્યક્ રીતે નિરીક્ષણ કરીને પણ એ પોતાના નિર્ધારિત શિકારથી ગુપ્ત રહી શકે અને મનોવૈજ્ઞાનિક રીતે પરિપક્વ પળે એના પર હુમલો કરી શકે તેમ હતું.

મારી પોતાની અવસ્થા પણ વિચિત્ર હતી. મને થાક લાગેલો અને બને તેટલા વહેલા પાછા ફરવાની ઈચ્છા હતી. હું આગળ વધુ તો ચિત્તો જે વૃક્ષ પર સૂતેલો તે વૃક્ષ પાસેથી પસાર થવું જ પડે, અને એ પરિસ્થિતિમાં ચિત્તો કદાચ જાગી ઊઠે. પાછા ફરવાની મારી મરજી ન હતી અને જ્યાં ઊભેલો ત્યાં ઊભા રહેવાનું મન પણ નહોતું થતું. મારી પાસે મારા સંરક્ષણના શસ્ત્ર તરીકે માર્ગમાંથી મળેલી નાની પાતળી નેતરની સોટી સિવાય બીજું કશું જ ન હતું. એ સમયના સંજોગોમાં એની ઉપયોગિતા દીવાસળી જેટલી લાગવા માંડી. મારે માટે આગળ વધવા સિવાય બીજો વિકલ્પ ન હોવાથી મેં પગના અંગુઠા પર ચાલતો હોઉં તેમ સંભાળપૂર્વક પગલાં ભરવા માંડ્યા. મારી સાવધાની નિરર્થક સાબિત થઈ. વનના શાંત વિસ્તારમાં નાનામાં નાનો અનાજ પણ મોટો થાય છે. પૃથ્વી પર પડતા પર્ણનો અવાજ પણ સાંભળી શકાય છે. પર્ણોની ઘટા પાસેથી હું પસાર થઈ રહેલો તે જ વખતે ચિત્તો જાગી ગયો.

એ પરિસ્થિતિમાં મારે જે પણ ઘટના બને તેની પ્રતીક્ષા કરવા સિવાય બીજું કશું જ નહોતું કરવાનું. ચિત્તાએ એનું બિલાડીને મળતું માથું ઊંચું કર્યું. એ પછી એના રુંવાટીવાળા સુંદર શરીરને સીધું કર્યું, અને એની લીલીપીળી દ્રષ્ટ જેવી દેખાતી તેજસ્વી આંખ મારી તરફ પ્રશ્નાર્થસૂચક ભાવથી સ્થિર કરી. મેં પણ એની દૃષ્ટિનો એવા જ પ્રશ્નાર્થભાવે પ્રત્યુત્તર વાળ્યો.

મારી નાડી એની સાધારણ ગતિ છોડીને જોરથી ધડકવા લાગી. હું કોઈ પડછંદ શરીરવાળો, અસાધારણ હિંમત, શરીરબળ અને જુસ્સાથી ભરેલો મહામાનવ ન હતો. હું થોડીક આત્મિક શાંતિ એકઠી કરી શક્યો એટલું જ. એની કિંમત ઓછી આંકવામાં આવતી હોય તો પણ એનું પરિણામ હિંમત જેટલું જ સારું આવ્યું. મારામાં અસ્વસ્થતા પેદા થઈ નથી એ જાણીને ચિત્તાનો ભાવ બદલાયો અને ક્રોધમાં પરિણમ્યો. એણે સહેજ ઉત્તેજિત થઈને પંજા ખોલવા માંડ્યા, અને ખુલ્લા દાંતથી અવજ્ઞા બતાવી. કાનને માથા સુધી છેક પાછળ ફેરવ્યા. એ પછી માનવની કર્કશ ખાંસી જેવા રોષભરેલા ઘુરકાટ સાથે એણે પોતાનું માંસલ શરીર કમાનની પેઠે ઊંચું કર્યું. વૃક્ષની બીજુ બાજુએ સરકવા માંડ્યું, અને પાસેની ગીચ ઝાડીમાં મોટા અવાજ સાથે કૂદકો માર્યો. છેલ્લેછેલ્લે મેં એની લાંબી કાળાં ટપકાંવાળી, ટટાર પૂંછડી જોઈ. એ પછી ચિત્તો એ એકાંત અરણ્યમાં અદૃશ્ય થઈ ગયો.

ટિહરી સ્ટેટમાં બીજાં કેટલાંક એવાં પ્રાણીઓ હતાં જે માનવો પ્રત્યે પ્રેમ રાખતાં નહિ અને માનવો પણ એમનાં પ્રત્યે પ્રેમ ન રાખતાં. ત્યાં કાળા રીંછ મોટી સંખ્યામાં જોવા મળતાં, ચિત્તા કે દીપડા આમથી તેમ ભટકતા દેખાતા, જંગલી ભયંકર ભૂંડ બધું ખેદાનમેદાન કરી નાખતાં, જ્યારે વાઘ કેટલાક ચોક્કસ વિસ્તારો પૂરતા સીમિત દેખાતા. એ પ્રાણીઓ સામાન્ય નિયમને અનુસરીને દિવસ દરમિયાન શાંત રહેતાં અને રાત્રીના અંધકારના આગમન સાથે પ્રવૃત્તિપરાયણ બનતાં. રાતે પથારીમાં સૂતાંસૂતાં, અરણ્યના પોતાના એકાંત આશ્રયસ્થાનનો અથવા પર્વતપ્રદેશનો પરિત્યાગ કરીને શિકારની શક્યતાઓ શોધતાં એ પ્રાણીઓમાંથી કોઈનો પ્રસંગોપાત્ત વિચિત્ર અવાજ અને અપશુકનિયાળ અમંગલ ઘુરકાટ સંભળાતા. એકવાર મેં એક નાનકડા રીંછની મુખાકૃતિ પર બૅટરીનો પ્રકાશ નાખ્યો. એ રીંછ મારા બંગલા તરફ અવાજ કરતું આવી પહોંચ્યું અને શયનખંડના દ્વારની ઉપર કાચના જાળિયામાંથી ડોકિયું કરવા લાગ્યું.

પર્વતની તળેટીમાં જંગલી સાગરનાં ટોળાં ફરતાં, ચિત્રવિચિત્ર ટપકાંવાળા હરણ રહેતાં, અને કદાવર બાંધાનાં બકરાંના સમૂહો દેખાતા. એ પ્રાણીઓ સીધાંસાદાં, નિર્દોષ, સંકોચશીલ અને પ્રિય લાગતાં. એમના કરતાં વધારે જંગલી જનાવરો જ્યાં સુધી એમને લડવા માટે બાધ્ય બનાવતાં નહિ ત્યાં સુધી એમનું વર્તન સારું રહેતું. લડવા માટે બાધ્ય બનાવવામાં આવતાં ત્યારે એમનાં શક્તિશાળી શીંગડા કામ લાગતાં અને એમની મદદથી એ સંતોષકારક જવાબ વાળતાં. જંગલી હરણના સમૂહનો એક જ ચિત્તો પીછો કરતો ત્યારે સંરક્ષણ માટે નવી હિંમતની જરૂર પડતી તો પણ છેલ્લી ક્ષણ સુધી એ ભયનો સામનો કરતાં. જંગલમાં પાતળા પગવાળાં, સુંદર, પોકારો પાડતાં હરણ પણ જોવા મળતાં.

હિમાલયના કાળા રીંછનો એકાએક થતો મેળાપ દુઃખદ થઈ પડે છે. એ માણસ પર હુમલો કરશે કે નહિ એનો આધાર સામાન્ય રીતે એના તે વખતના મિજાજ પર રહેતો હોય છે. એ ખૂબ જ રાક્ષસી, દ્વેષી અને વિનાશક તરીકે ઓળખાય છે.

એ પ્રદેશમાં એક યુવાન શિકારીની કથા સાંભળવા મળી. એણે એની ઉપરના જંગલી પર્વતપ્રદેશમાં એક રીંછ નિહાળીને બંદૂકની ગોળી છોડીને એને સહેજ ઘાયલ કર્યું. ક્રોધ, પીડા અને પ્રતિશોધભાવથી પ્રેરાઈને ગર્જના કરતું રીંછ અતિશય વેગથી પર્વત પરથી નીચે દોડ્યું. એણે પેલા અભાગી યુવાન શિકારીને પકડી પાડ્યો, ખડક સાથે પછાડ્યો અને નીચેની ખીણમાં નાખી દીધો. એ મૃત્યુ પામ્યો.

મારા અનુભવના આધારે મને જે કાંઈ જાણવા મળ્યું છે તે એ છે કે સર્જનની શરૂઆતમાં વેરનું નહિ પણ પ્રેમનું જ પ્રાધાન્ય હતું. શુભ સર્વોપરી હતું અને પ્રકૃતિ પર પુરુષનું પ્રભુત્વ પ્રસ્થાપિત થયેલું. એ વખતની માનવજાતિ દિવ્ય પ્રેરણાના પ્રકાશથી આગળ વધતી અને મિથ્યા બુદ્ધિવાદમાં અને ભ્રાંતિમાં અટવાઈને પોતાનું હિત શામાં સમાયેલું છે તેને ભૂલતી નહિ. બળવાનો દ્વારા નિર્બળનું શોષણ નહોતું થતું. એમનો ગેરલાભ નહોતો લેવાતો અને લેવાય એવી શક્યતા નહોતી. કારણ કે સઘળા માનવો પોતાના હૃદયમાં રહેલા પરમપિતા પરમાત્માની ઉપાસના કરતા. એ જમાનાનાં પશુઓને માનવનો ભય નહોતો લાગતો. ભયભીત થવાનું કારણ જ નહોતું. એમની આવશ્યકતાઓની પૂર્તિ પ્રકૃતિ દ્વારા કોઈ પણ પ્રકારની પીડા પહોંચાડ્યા સિવાય પ્રચુર પ્રમાણમાં કરવામાં આવતી. એક જાતિ દ્વારા કરવામાં આવતી બીજી જાતિની હેરાનગતિ, હિંસા કે લૂંટ અનાવશ્યક જ નહિ પરંતુ અજ્ઞાત હતી.

*

જેની બુદ્ધિ ઉપરચોટિયા અથવા નિશાળનાં પુસ્તકો પર જ આધાર રાખનારી નહિ હોય પરંતુ જીવનના અનુભવ દ્વારા ઘડાયેલી હશે તે, પોતાના રાજમહેલની બારીમાંથી તારામંડિત આકાશને અવલોકીને બોલનારા નેપોલિયનની જેમ કોઈ વાર બોલી ઊઠશે કે 'આ વિશાળ વિશ્વનો કોઈ કર્તા નથી એવું માનવા માટે મને કહેતા નહિ !'

વળી, એ એવા કોઈક કર્તા કે પરમાત્માના અસ્તિત્વની શક્યતાનો સ્વીકાર કરશે તો એની આગળ અશુભ અને કષ્ટનો સવાલ ઊભો થશે. ઈશ્વર એમને આપણી વચ્ચે શા માટે રાખે છે ? જુદીજુદી આપત્તિઓનું અસ્તિત્વ સ્વીકારીને એણે માનવું પડશે કે સૃષ્ટિના સ્વામીએ પોતાના સર્જનમાં એમનો સમાવેશ જાણી-જોઈને કર્યો છે અથવા તો એમની ઈચ્છા વિના એ એમની પોતાની મેળે જ પ્રાદુર્ભાવ પામી છે. એ મુદ્દાની ઉપેક્ષા કરવી હોય તો, સંસારના સંમિશ્રિત સ્વરૂપ પરથી અને ખરાબમાં ખરાબ દુઃખો અને આનંદદાયક સર્વોત્તમ સુખો પરથી સાબિત કરી શકાય છે. ઈશ્વરે આ સૃષ્ટિનું સર્જન નશાની દશામાં કરેલું છે ! સુખ તથા દુઃખની એ સમસ્યા જૂનામાં જૂની, માથાને દુખવનારી, અને અતીત કાળથી માંડીને અદ્યતન કાળ સુધીના વિચારકોએ જેનો તાગ કાઢવાની કોશિશો કરી છે એવી સમસ્યા છે એમાં શંકા નથી. એનો ઉકેલ લાવવામાં સૌને નિષ્ફળતા મળી છે. એને ઉકેલવાના કષ્ટથી હું મારી જાતને દૂર રાખું છું.

સમય સમય પર પ્રકટેલા મહાન ધર્મો દ્વારા ઈશ્વરનો માનવ માટેનો સંદેશો સહેલાઈથી સાંભળી શકાય છે. આપણે એમને એ સ્વરૂપે ન સ્વીકારીએ તો પણ એમને અગ્નિ વગરના ધુમાડા જેવા નિરાધાર ન કહી શકાય. કેટલાક હિંમતવાળા આત્માઓએ માનવજાતિની સામાન્ય પહોંચની ઉપરના ઉદાત્ત પ્રદેશમાં પ્રવેશવાનું સાહસ કરીને સૃષ્ટિના સમાચાર સાથે પુનરાગમન કર્યું હોય એવું માનવાનું બુદ્ધિવિરોધી નથી

લાગતું. એ બધા જ ધર્મો ઈશ્વરને ઈશ્વર તરીકે ઓળખાવે છે અને એ પ્રેમાળ તથા સહાનુભૂતિ સંપન્ન છે એવું સ્વીકારે છે.

મોટા ભાગના શિક્ષિત માનવો જંગલીપણામાંથી સભ્યતાના વિકાસની વિજ્ઞાનની વાત સ્વીકારે છે. વિજ્ઞાનની વિકાસવાદની એ વાત પરિપૂર્ણ કથા જેવી નથી પરંતુ એના અંશ બરાબર છે. વિજ્ઞાનીઓએ તો થોડાક અંતિમ હપ્તાઓ જ રજૂ કર્યા છે. એમને એમની પહેલાંના અંશો સાંપડશે ત્યારે એમના નિર્ણયોને બદલવાની ફરજ પડશે.

નિસર્ગે લાલ દાંત તથા પંજા સાથે સર્જનનો આરંભ કર્યો અને સૌથી પહેલાં પશુ જેવા પુરુષોને ને ક્રુર પ્રાણીઓને પેદા કર્યા એવો ખ્યાલ શિક્ષિત લોકોમાં છેલ્લા પંચોતેર વરસથી પ્રચલિત છે. એવા લોકોને મારે એક પ્રશ્ન પૂછવાનો છે : તમે એમ માનતાં હોય કે ઈશ્વર દયાળુ છે તો પછી એણે સૃષ્ટિના સર્જનના પોતાના કાર્યનો આરંભ એવી ખરાબ રીતે કર્યો એમ કેવી રીતે માની શકો ? એથી ઊલટું, એમ માનવાનું શું વધારે બુદ્ધિસંગત નથી લાગતું કે ઈશ્વર પોતાના ઉમદા સ્વભાવ પ્રમાણે ઉત્તમ મનુષ્યો તથા સુંદર પશુઓથી સારામાં સારી રીતે સર્જનનો આરંભ કર્યો ? એવું માનવાનું વધારે યુક્તિયુક્ત નથી લાગતું કે એ એનો પ્રથમ આશય હતો અને જંગલીપણામાં અધઃપતન તો ઈશ્વરની ઈચ્છાથી નથી થયું પરંતુ એ માનવો તેમ જ પશુઓના અશુભ સંકલ્પથી જ થયું છે ?

છતાં પણ, સમસ્ત સંસારના સંમિલિત ધર્મગુરુઓ અને ઈતિહાસના નભોમંડળનાં જ્યોતિર્મય નક્ષત્રો જેવા સઘળા પયગંબર કહેતા હોય કે સૃષ્ટિના સરજનહાર ક્રૂર, શઠ અથવા શયતાન છે તો એમની સાથે હું સંમત નથી થતો. આખી મનુષ્યજાતિ એવું કહેતી હોય તો પણ હું એમાં વિશ્વાસ નથી રાખતો. મારા અનુભવના અથવા અંતરંગ અનુભવના આધારે હું એમને ભૂલભરેલા માનું છું.

ધીમી અટકતી ચાલે, નમ્ર અને અવારનવાર લથડતે પગલે, વખતના વીતવા સાથે હું મને ઈશ્વરના દરબાર તરફ પ્રયાણ કરતો અનુભવું છું. પરમાત્માની પાસે જેમ જેમ વધારે ને વધારે ઘસડાતો જાઉં છું તેમ તેમ મારી જાતને એવા સહાનુભૂતિથી ઘેરાયેલા અનુભવું છું જેનો શ્વાસ સીમારહિત અથવા સતત છે : મારી જાતને તેમતેમ વધારે ને વધારે પ્રમાણમાં પરમ પ્રેમથી સહાયભૂત થયેલી સમજું છું.

પરંતુ....મારા સ્વપ્નદ્રષ્ટા મનને મારા વિચારો ગમે તેટલા તેજસ્વી તથા વાસ્તવિક લાગતા હોય તો પણ, વર્તમાનકાળના ચતુર, સુશિક્ષિત સર્વજ્ઞ માનવોને કેવળ આધાર વિનાના અસ્તવ્યસ્ત કલ્પનાતરંગો જેવા જ દેખાશે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૪. નેપાળના રાજકુમાર

અમારી છેલ્લી મુલાકાત વખતે મેં નેપાળના રાજકુમાર મસૂરી શમશેર જંગ બહાદુર રાણાને જણાવેલું કે મારી ભાવના અંતરંગ આધ્યાત્મિક જગતના અન્વેષણ માટે હિમાલય પર્વતના એકાંત આશ્રયસ્થાનમાં જવાની છે. મારા એ તેજસ્વી મિત્રે એવો પ્રવાસ અડધા કલાક જેટલા વખતને માટે કરવાનો હોય તેમ તરત જ પ્રત્યુત્તર પ્રદાન કરેલો કે કર્તવ્ય અને આમોદપ્રમોદના કુંડાળામાંથી છૂટીને થોડા વખત માટે તમારી સાથે આવવા તૈયાર છું. મેં એમને વિનોદપૂર્વક જણાવ્યું કે પ્રિન્સ મસૂરી, એક દિવસ ગમે તેમ કરીને ત્યાં આવીને મારી સાથે ચાનો પ્યાલો પીજો.

એવી રીતે અમે એ વાતને હસી કાઢેલી.

એ પછી રાજકુમારના કશા વિશેષ સમાચાર નહોતા મળ્યા. ત્યાં તો એક દિવસ કોઈ પણ પ્રકારના પૂર્વસંદેશ વિના એ એકદમ અચાનક જ આવી પહોંચ્યા. કેટલાક સેવકો સાથે ઘઉંવર્ણા ઘોડા પર ધીમી ગતિએ આગળ વધતા એ મારા એકાંત પર્વતીય પ્રદેશમાં દેખાયા.

'તો પછી તમે ચાના પ્યાલા માટે પહોંચી ગયા ખરા.' એમના આગમનને પરિણામે પેદા થયેલું આરંભનું આશ્ચર્ય શમી ગયું અને એને ઠેકાણે મિત્રના સત્કારનો સહજ ભાવ ઉત્પન્ન થયો એટલે મેં ઉદગાર કાઢ્યા.

પરંતુ રાજકુમારે મારા એ સ્વાભાવિક ઉદગારોના અનુસંધાનમાં જણાવ્યું કે પોતે ચા પ્રત્યે ખાસ પક્ષપાત નથી ધરાવતા. એટલે ચા સિવાય બીજું ગમે તે પીવા તૈયાર છે. સભ્ય સમાજથી એટલે બધે દૂર રહીને કમનસીબે મારાથી એમને પાણી સિવાય બીજું કાંઈ જ આપી શકાય તેમ નહોતું. એમણે પાણી પીવાની તૈયારી બતાવી. પરંતુ પોતાની પરંપરાગત જ્ઞાતિપ્રથાને અનુસરીને જણાવ્યું કે મારી સાથેના પાણીમાંથી જ મારો નોકર મને પાણી પૂરું પાડશે.

એ નેપાળના મહારાજાના ભત્રીજા થતા.

સાંજના ભોજનની તૈયારી થવા માંડી ત્યારે અમે ચૂનાથી ધોળાયેલો, દેવદારની શાખા-પ્રશાખાઓથી સુશોભિત બનેલો બંગલો છોડીને બહાર ફરવા નીકળ્યા. હું એમને પર્વતની ચઢાઈ પરથી આગળ વધારીને મારી મૂલ્યવાન સાધનાભૂમિ પાસે લઈ ગયો. મારી ધ્યાનની જગ્યા પાસે પહોંચીને અમે ત્યાં બેસી ગયા. અમારી નીચે પથરાયેલો વિશાળ ગોળાકાર પ્રાકૃતિક રંગમંડપ નિહાળીને એમના મુખમાંથી આશ્ચર્યકારક આદરસૂચક ઉદ્ગાર નીકળી પડ્યો.

એમણે મને પોતાના આરંભના દિવસોમાં થયેલા યોગના કેટલાક અનુભવો કહેવા માંડ્યા. એમને પશ્ચિમી ઢબનું શિક્ષણ પ્રાપ્ત થયેલું, પરંતુ પૂર્વની પ્રત્યેક વિચારશીલ વ્યક્તિના લોહીમાં વહેતી દૈવી શક્તિઓની શ્રદ્ધાભક્તિના સંસ્કાર ઉપરથી લાદેલી વૈજ્ઞાનિક તાલીમ દ્વારા સહેલાઈથી નષ્ટ નથી થઈ શકતા.

'મને હઠયોગ પ્રત્યે અસાધારણ આકર્ષણ છે. મને એના ગુરુ મળેલા. હું એમનો અવારનવાર સંપર્ક સાધતો રહું છું. પરંતુ એમને મળ્યો તે પહેલાં જ કેવળ અંતઃપ્રેરણાના પરિણામ રૂપ મેં કેટલીય વસ્તુઓ પર પ્રભુત્વ પ્રસ્થાપિત કરેલું. મને વિશ્વાસ છે કે મેં મારા પૂર્વજન્મોમાં હઠયોગનો અભ્યાસ કરેલો. હઠયોગના

અંગરૂપ આસનોનો અભ્યાસ કરીને મેં એનો આરંભ કરેલો અને મારા અસાધારણ આશ્ચર્ય સાથે અનુભવેલું કે ઉપરથી અતિશય અઘરાં દેખાતાં એ આસનો હું સહેલાઈથી કરી શકું છું. કેટલાંક વરસથી મહાવરો છૂટી ગયો છે તો પણ હું છ-સાત આસનો તો સારી પેઠે કરી શકું છું.'

'તમે મને કરી બતાવો ખરા ?'

'જરૂર'

રાજકુમારે જેમનાથી હું પરિચિત હતો એવાં કેટલાંક આસન કરવા માંડ્યાં. સૌથી પ્રથમ એમણે મયૂરાસન કર્યું. એ આસન મોરની બાહ્ય રૂપરેખાની સાથે આશ્ચર્યકારક સામ્ય ધરાવતું હોવાથી મયૂરાસન કહેવાતું. પછી એમણે શલભાસન અને ગર્ભાસન કરી બતાવ્યું. ચોથું આસન સર્વાંગાસન હતું. મારા પુસ્તક 'ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં' ની અંદર વર્ણવેલા યોગી બ્રહ્મે પણ એ આસન બરાબર એવી જ રીતે કરી બતાવેલું. છેવટે એમણે ધનુરાસન કર્યું.

મારે સ્વીકારવું જોઈએ કે રાજકુમારનું શરીર હઠયોગની અસરકારકતાના પુરાવારૂપ હતું. કારણ કે તેત્રીસ વરસની ઉંમરે પણ એ ઓગણીસ વરસના યુવક જેવા દેખાતા. એ સંપૂર્ણ સ્વસ્થ હતા. ભોજનનું ખૂબ જ ધ્યાન રાખતા, એક જ વાર જમતા, અને માનતા કે મોટા ભાગના લોકો હદ ઉપરાંત ખાઈને શરીરના અવયવોને અનાવશ્યક શ્રમ આપે છે.

હઠયોગીઓની પ્રાચીન અને અનોખી પ્રક્રિયા બસ્તીનો એમણે ઉલ્લેખ કર્યો, એ ક્રિયાની મદદથી કમર સુધીના નદીના નીરમાં ઊભા રહીને ગુદા વાટે પાણીનો પ્રવેશ કરાવીને યોગીઓ આંતરડાંની શુદ્ધિ સાધતા. એમણે જણાવ્યું : 'એનો અભ્યાસ આજે પણ કરવામાં આવે છે.'

મેં કહ્યું : 'અમારામાંના કેટલાક એ ક્રિયાની કૃત્રિમ રીતે નકલ કરે છે ખરા. પરંતુ એને એની અસલ રીતે કરનારા કોઈ અંગ્રેજનો મને પરિચય નથી.'

'મારો પોતાનો બાર વરસનો છોકરો બસ્તીનો પ્રયોગ કોઈ પણ પ્રકારની ક્ષતિ સિવાય પ્રાચીન પદ્ધતિ પ્રમાણે કરે છે.' એમણે ઉમેર્યું.

સૂર્યાસ્ત સમયે અમે બંગલા તરફ પાછા ફર્યા ત્યારે સંધ્યાના રંગો, ઉત્તરોત્તર મંદ પડવાની શરૂઆત થઈ. દિવસ અને સંધ્યાની વચ્ચેનો સ્વલ્પ સમય મને ખૂબ જ પ્રિય લાગતો. એ સમય દરમિયાન પ્રકૃતિદેવી પોતાની રંગની પેચી તથા પીછીં લઈને હિમાલયના વાયુમંડળને રળિયામણા રંગોથી રંગી દેતી.

*

એક દિવસ સાંજે પ્રિન્સ મસૂરીએ એમના કેટલાંક વરસો પહેલાંના સ્વાનુભવની અનોખી કથા સંભળાવી.

'એ સર્ચ ઈન સિક્રેટ ઈજિપ્ત' નામના તમારા પુસ્તકમાં તમે કેરો શહેરના એવા જાદુગરનું વર્ણન કર્યું છે જે જીન અથવા મનુષ્યેતર પ્રેતાત્માઓને વશ કર્યા હોવાનો દાવો કરતો. એક દિવસ એક એવા જ માણસ સાથે મારી મુલાકાત થઈ ગઈ, અને પછી તો જે ઘટનાઓ બની એ એટલી બધી આશ્ચર્યકારક હતી કે એમને કલ્પનાની સામગ્રી તરીકે અવગણી શકાઈ નહિ અને મારી આંખે જે દેખાયું તે બધું માનવાલાયક પણ લાગ્યું

નહિ. એ ઘટનાઓ જીનની સાથે સંબંધ ધરાવતી હોવાની વાત તમે વિશ્વસનીય રીતે માની શકશો કે કેમ એ વિશે મને સંદેહ છે.

'એક ફકીરે મારી પાસે આવીને એ બધાં જીન સાથે સંકળાયેલા એક પ્રયોગમાં સામેલ થવા જણાવ્યું. એ ફકીર ગઢવાલી હતો. મને એવો પ્રયોગ જોવાની જરા પણ ઈચ્છા ન હોવાથી મેં તરત જ ના પાડી. એણે કેટલાક દિવસ સુધી એનો આગ્રહ ચાલુ રાખ્યો અને આખરે જણાવ્યું કે મારી સંમતિ મળે કે નહિ મળે તો પણ એ પોતાનો પ્રયોગ ચાલુ કરશે. એણે ખુલાસો કર્યો કે એ જીન સાથે અસંખ્ય વરસોથી સંકળાયેલો છે. એ બધા સમય દરમિયાન જીન એની સેવા કરે છે. હવે એની ઈચ્છા જાદુ કે હાથચાલાકીને તિલાંજલિ આપીને યોગસાધનાના ઉત્તમ પંથે પ્રયાણ કરવાની છે. એની સિદ્ધિ માટે જીનની સાથે સંબંધવિચ્છેદ કરવાની તૈયારી છે. જીને જણાવેલું કે બીજો કોઈ યોગ્ય માલિક નહિ મળે ત્યાં સુધી એનો ત્યાગ કરવા એ તૈયાર નહિ થાય. ફકીરે એટલા માટે પોતાને પ્રેતમાંથી મુક્તિ અપાવી શકે એવા પુરુષની શોધ કરી. કોઈ અજ્ઞાત કારણથી એની નજર મારા પર ઠરી, પરંતુ મેં અવારનવાર કહ્યા કર્યું કે મને એ પ્રકારની પ્રેતવિદ્યામાં જરા પણ રસ નથી.

'એક દિવસ રાતે બે વાગ્યે હું ભયંકર રીતે જાગી ગયો. મારો શયનખંડ જવાળાઓ અને ધુમાડાથી ભરાઈ ગયો હોય તેમ મને ગૂંગળામણનો અનુભવ થવા લાગ્યો. ખરી રીતે જોતાં હું અર્ધજાગ્રત દશામાં હતો. મારા કાનમાં કોઈનો સ્પષ્ટ સ્વર સંભળાયો કે તમારી હઠ માટે તમારે કિંમત ચૂકવવી પડશે. મારી ગૂંગળામણ એટલી બધી વધી ગઈ કે મને લાગ્યું કે પૃથ્વી પરની મારી અંતિમ પળો આવી પહોંચી. સદ્દભાગ્યે મારું મન કાંગડાના પર્વતોમાં રહેતા મારા સમર્થ સદગુરુ અને યોગીનું સ્મરણ કરવા જેટલું જાગ્રત હતું. મેં એમને શાંતિપૂર્વક પ્રાર્થીને રક્ષા માટે માગણી કરી. મારા સદગુરુની શક્તિ છેવટે સક્રિય બની, મારામાં ફરી વાર વિશ્વાસ જાગ્યો, ધુમાડો દૂર થવા લાગ્યો, અને ગૂંગળામણની લાગણી ધીમેધીમે ઘટવા માંડી.

'બીજે દિવસે એ વિચિત્ર ફકીરે મારી ફરી મુલાકાત લીધી. એમણે ઉદગાર કાઢ્યા કે તમને કાલે રાતે ગૂંગળામણનો અનુભવ શા માટે થયો તે જાણો છો ? મારા પ્રેતના સ્વામી બનવાનો તમે ઈન્કાર કર્યો તેથી પ્રેતને તમારા પર ખૂબ જ ક્રોધ ચડેલો. એણે તમને સજા કરવાનો પ્રયત્ન કરેલો. પરંતુ તમારા યોગી ગુરુએ વચ્ચે પડીને તમારી રક્ષા કરી. તમારા પર થયેલા આક્રમણ માટે દિલગીર હોવા છતાં મારાથી એને અટકાવી શકાયું હોત. કમનસીબે મારું પ્રેત પરનું નિયંત્રણ મેં મોટે ભાગે ખોઈ નાખ્યું છે. એથી હું નિરુપાય હતો. એ દિવસે તમારી પૂર્વ માહિતી સિવાય જ મેં પ્રેતને તમારી સેવામાં લગાડવાનો પ્રયત્ન કરેલો. એ પ્રયત્ન સફળ થયો હોત તો તમને તમારી સાંસારિક બાબતોમાં કલ્પના પણ ન કરી શકો એટલી મોટી મદદ મળત. પરંતુ મારા જાદુપ્રયોગમાં કોઈક ભૂલ થઈ ગઈ. મારે પાળવાનો એકાદ આવશ્યક નિયમ મારાથી બેદરકારી કે વિસ્મૃતિને લીધે ન પાળી શકાયો. પરિણામે હું પ્રેતને કાબૂમાં રાખી શકયો નહિ. તમારા સદગુરુની સુરક્ષાને લીધે એને નિષ્ફળતા મળવાથી એને મારા પ્રત્યે દુર્ભાવ થયો છે. એણે જાહેર કર્યું છે કે આવતા શુકલપક્ષની પ્રતિપદા પહેલાં એ મને મારી નાખશે. હું થોડા જ સમયમાં સંસારમાંથી વિદાય થઈશ એવા ભય સાથે જીવી રહ્યો છું' રાજકુમારે પોતાનું વક્તવ્ય અટકાવીને થોડો વિશ્રામ કર્યો.

એકાદ ક્ષણ પછી એમણે આરંભ્યું : 'ફકીર પાસેથી મને એવી અનોખી કથા સાંભળવા મળેલી. મને એ આખીય વાત ખૂબ જ વિલક્ષણ લાગી. મારા આધુનિક શિક્ષણે મને શંકાશીલ બનાવેલો એટલે એમનું સ્પષ્ટીકરણ મારે ગળે ન ઊતર્યું. મને કોઈ દિવાસ્વપ્નની અસર થઈ છે એમ માનવું વધારે સારું લાગ્યું.'

'માફ કરજો, પરંતુ ફકીરે તમારી આગળ સ્પષ્ટીકરણ કરવાનો પ્રયત્ન કર્યો તે પહેલાં તમે એને તમારા અનુભવ સંબંધી કશું નહોતું કહ્યું ?'

'એક અક્ષર પણ નહોતો કહ્યો. કોઈ બીજાને પણ નહિ. ફકીરે મારી પાસે પહોંચતાં પહેલાં એ સંબંધી સઘળું જાણી લીધેલું. એ અત્યંત આશ્ચર્યકારક હતું. પરંતુ એનું પરિણામ જુઓ. આ બધું તમને અરેબિયન નાઈટસની કોઈક વાત જેવું વિચિત્ર લાગશે પરંતુ પૂર્વના તમારા આજ સુધીના અનુભવ પરથી સમજાશે કે એવા અનોખા અનુભવો માટે આજે પણ અવકાશ છે. એ અશક્ય નથી.'

મારા સાથીદારના મુખમંડળ પર ગંભીરતાની છાયા ફરી વળી.

'એ પછી થોડા જ વખતમાં ફકીરની ઉપર ક્ષયરોગનો ભયંકર હુમલો થયો. અઢાર દિવસ પછી એનો સ્વર્ગવાસ થયો. પ્રેતની ધમકી પ્રમાણે શુકલ પ્રતિપદા પહેલાં જ એક દુર્ભાગી દિવસે એના જીવન પર પડદો પડી ગયો.'

*

પાણીના પ્રવાહની પેઠે દોડતો એક બીજો દિવસ પણ પસાર થયો. આપણી સતત રીતે પરિક્રમા કરનારી પૃથ્વીનો એક બીજો ફેરો. મારા નેપાળી મિત્ર સાથેનું બીજું પ્રસન્ન પર્યટન.

અમારો માર્ગ જંગલમાંથી આગળ વધ્યો. અમે ભયંકર છતાં સુંદર દૃશ્ય જોવા ને વખાણવા માટે ઊભા રહ્યા. મને ખબર હતી કે એ અરણ્યમાં રીંછ સારા પ્રમાણમાં ફરતાં હોય છે એટલે મેં મોડું થયું હોવાથી રાજકુમારને સાવધાન કર્યા. એમણે રીંછના સૂચિત ભયને હસી કાઢ્યો.

'અમારા નેપાળમાં અસંખ્ય રીંછ હોય છે. કેટલાક પ્રદેશો તો એમનાથી એટલા બધા ભરપૂર છે કે ખેતરમાં કામ કરનારી સ્ત્રીઓ એમના હુમલા સામેના રક્ષણ માટે દાતરડાં અને પાવડા જેવાં સાધનો પોતાની પાસે રાખે છે. પાવડાને ડાબા હાથમાં રાખીને એ રીંછને દૂર રાખવાની કોશિશ કરે છે અને જમણા હાથના છરા કે દાતરડાંની મદદથી એના પર આવશ્યકતા પ્રમાણે પ્રહાર કરે છે. અમારી પર્વતીય પ્રજા જણાવે છે કે તમને રીંછનો આકસ્મિક મેળાપ થઈ જાય અને તમારી પાસે કોઈ હથિયાર ન હોય તો સૌથી ડહાપણભરેલી વાત એ છે કે તમારું મોઢું નીચે રાખીને તમે જમીન પર ઢળી પડો અને મૃત્યુ પામ્યા હો તેવો ઢોંગ કરો. એવી દશામાં રીંછ તમને સૂંઘીને વિદાય લેશે. મેં જોકે એવો પ્રયોગ નથી કર્યો તો પણ મને ખાતરી છે કે એ સાચું છે. તમે પ્રસંગોપાત્ત કોઈ ઘવાયેલા રીંછને પોકારો પાડતું સાંભળ્યું છે ? થોડા વખત પહેલાં અમે એક રીંછને ગોળી મારી પણ મારી ન શક્યા. એ રીંછ ખરેખર કોઈ માનવની પેઠે જ રડવા લાગ્યું.'

'મારા એક નોકરે નેપાળની અંદરના જંગલી પ્રદેશમાં રહેતા માનવપશુની અનોખી જાતિની આકસ્મિક મુલાકાતની વાત કરેલી. એ પોતાની જાતને છુપાવવામાં કુશળ હોય છે અને માનવોનો મેળાપ ટાળવાની કોશિશ કરે છે. એમના શરીર જાડા બરછટ વાળથી ઢંકાયેલાં હોય છે. એ આપણી જાતિના સ્ત્રીપુરુષો કરતાં કદમાં નાના હોય છે. એમની મુખાકૃતિઓ ચિમ્પાન્ઝી વાનર અને માનવની મુખાકૃતિના

સંમિશ્રણ રૂપ દેખાય છે. અમારી જન્મભૂમિના ઐતિહાસિક પરંપરામાં એવી વિલક્ષણ જાતિનો ઉલ્લેખ આવે છે ખરો, પરંતુ આ જમાનામાં એના પ્રતીતિકારક પુરાવા પકડવાનું કાર્ય ખૂબ જ કઠિન લાગે છે.'

'એક વાર મારી પાછળ એક હાથી પડેલો. અમારામાંના કેટલાક મંડળી કરીને શિકારે નીકળેલા. અમે હાથી પર બેસીને આગળ વધતા'તા અને નદી પાર કરવાનો પ્રયાસ કરતા'તા ત્યારે એક હાથીએ પાણીની બહાર નીકળીને એની પીઠ પર બેઠેલા માણસને સૂંઢથી પકડીને મારી નાખવાનો પ્રયાસ કર્યો. ગાંડા મદોન્મત બનેલા હાથી આગળ કોઈ પણ દલીલ કામ નથી લાગતી. એના પર બેઠેલો ગભરાયેલો માનવ બીજા હાથી પાસે પહોંચી ગયો. એને એની ઉપર સલામતી માટે બેસાડવામાં આવ્યો. અમે પેલા વિદ્રોહી બળવાખોર હાથીને એકલો છોડીને એનાથી આગળ જઈ શકાય એટલે દૂર બનતી ઝડપથી જતા રહ્યા. પાછળથી અમે અમારા ઉતારા પર પહોંચવા પાછા ફર્યા ત્યારે કમનસીબે અમારે એ જ જગ્યા પરથી પસાર થવું પડ્યું. ત્યાં પેલો ગાંડો હાથી અમારી રાહ જોતો'તો. એણે અમારી મંડળી પર જુસ્સાપૂર્વક આક્રમણ કરીને એક પુરુષના પગને સૂંઢ વીંટીને પકડી લીધો. ક્ષણ વારમાં તો એને હાથીની પીઠ પરથી ખેંચી કાઢીને એ કોઈ ધ્વજ હોય એમ હવામાં ફેરવવા માંડ્યો. પોતાને પછાડીને મારી નાખવામાં આવશે એમ સમજીને પેલા પુરુષે ભયભીત બનીને જોરથી ચીસો પાડવા માંડી. એ ચીસો સાંભળીને ગાંડો હાથી સહેજ ગભરાયો. એણે પોતાના શિકારને છોડી દીધો. પેલો પુરુષ જમીન પર પડી ગયો પરંતુ ઈજા ન પામ્યો. એણે બીજા હાથીના પગની વચ્ચે શરણ શોધીને સલામતી મેળવી લીધી. પોતાના શિકારથી વંચિત બનેલો ક્રોધાતુર હાથી વધારે ક્રોધે ભરાયો અને અમારી મંડળીમાં પ્રવેશીને સીધો મારી તરફ આવ્યો. વિવેક વીરતાનો એક ઉત્તમ પ્રકાર છે એવી તમારી કહેવતને કામિયાબ બનાવવાનો એ ઉચિત અવસર હતો. હું મારા હાથીની પીઠ પરથી જમીન પર સરકી પડીને જંગલની ઝાડીમાં દોડી ગયો. ગાંડા હાથીએ પોતાની સૂંઢ હવામાં ઝનૂનપૂર્વક હલાવીને મારી પાછળ દોડવા માંડ્યું. હું પહેલા કદી ન દોડ્યો હોઉં એવી રીતે દોડવા લાગ્યો. મારું શરીર પરસેવે રેબઝેબ થઈ ગયું. મને લાગ્યું કે મારું બીજી કોઈ રીતે રક્ષણ થઈ શકે તેમ નથી ત્યારે મારી સમસ્ત શક્તિ તથા સૂઝબૂઝ એકઠી કરીને હું નાસી છૂટ્યો.'

એ પછીના ત્રણ દિવસો દરમિયાન અમે એ પ્રદેશનાં કેટલાંક બીજાં સ્થળોનો નવેસરથી પ્રવાસ કર્યો. એવી રીતે રાજકુમારની એ પ્રાસંગિક મુલાકાત દરમિયાન મને મારી આજુબાજુના પ્રદેશનો વિશેષ પરિચય થયો અને શારીરિક દૃષ્ટિએ થોડીક આવશ્યક કસરત પણ પ્રાપ્ત થઈ. અમે નીચે દેખાતી ઊંડી ખીણવાળા પર્વતોની સાંકડી પગદંડી પરથી પસાર થયા. પર્વતના શિખરો પર આરોહણ કર્યું, અને ગીચ જંગલમાંથી નીચે ઊતરીને ઊંડા ખીણપ્રદેશને ખૂંદી વળ્યા. અમારા માથા પર, પળેપળે પરિવર્તન પામતા આકાશમાં ગીધપક્ષીઓ ઊડતાં રહેતાં. એ ગીધ પક્ષીઓ આકાશમાં ખૂબ જ ઊંચે ઊડતાં અને પછી પહોળી કરેલી અચળ પાંખોની મદદથી અસાધારણ અંતર સુધી આગળ વધતાં. થોડાક માઈલો સુધી પાંખોને ફફડાવ્યા સિવાય એકસરખી સ્થિર રાખીને એ ત્વરિત ગતિથી આગળ વધતાં. એમને એવી રીતે આગળ વધતાં જોઈને બુદ્ધિ કામ ન કરતી અને આશ્ચર્યચકિત થઈ જવાતું.

*

મધ્યાહ્ન પછીનો એક બીજો ઉજ્જવળ સુંદર સમય શરૂ થયો. સૂર્યનાં સીધાં કિરણો પૃથ્વી પર પડવા માંડ્યાં. આજુબાજુના વાયુમંડળમાં વિહાર કરતાં મધમાખીઓનો ગણગણાટ સંભળાવા લાગ્યો. શેવાળથી છવાયેલાં અરણ્યનાં વિશાળ વૃક્ષો પર વિવિધરંગી વિહંગો કેલિ તેમજ કલરવ કરવા લાગ્યાં. એમના આનંદવર્ધક સુ-સ્વરો સિવાય વાયુમંડળમાં સર્વત્ર મંત્રમુગ્ધ કરનારી શાંતિ હતી. જીવન શુભ, શાંત, સ્નેહમય છે એ સિવાય બીજું કશું માની શકાય તેમ ન હતું. તો પણ ઉત્તરમાં આવેલા દૂર-સુદૂરના યુરોપમાં ભય, ઘર્ષણ અને અશાંતિના ઓળા ઊતરેલા. પૂર્વમાં પણ ચીનમાં એટલે જ અંતરે આંતરવિગ્રહનો વિનાશક વહ્નિ સળગી ઊઠેલો. સભ્યતાનાં શોરબકોરયુક્ત કેન્દ્રમાં વામન જેવી વ્યક્તિઓ આમતેમ દોડ્યા કરતી. એ પોતાની જાતને વધારે પડતું મહત્વ આપતી અને આખરે જેના પર પોતાનો લેશ પણ અધિકાર નથી એવા પૃથ્વીના આ ક્ષુલ્લક પોપડા માટે લડાઈઓ લડતી. મારી આજુબાજુની પૃથ્વી પર પોતાનાં ગૌરવપૂર્ણ શાંત મસ્તકને ઉન્નત રાખીને ઊભેલાં પૂર્ણ પ્રશાંત પર્વતમાળાનાં અસંખ્ય શિખરો એમના સામર્થ્ય, અધિકાર અને દોરદમામથી એકદમ અજ્ઞાત દેખાતાં.

પ્રિન્સ મસૂર સમશેર જંગબહાદુર રાણા અને હું બંને કિંમતી નેતરની પીઠવાળી આરામખુરસી પર બંગલાની ઓસરીની છાયામાં બેસીને રસપ્રદ ભોજનવિધિ પછીનો સહજ સંતોષ અનુભવી રહેલા. આજુબાજુની શાંતિને લીધે કે કોઈ છૂટાછવાયા વિચારતરંગના ઉદભવને લીધે-મને સમજાયું નહિ કે શાને લીધે, પરંતુ રાજકુમારે બુદ્ધ વિશે વાત કરી :

'નેપાળે સંસારને સારી સેના કરતાં કાંઈક વિશેષ આપ્યું છે. તમને ખબર છે કે મહાન ગૌતમ બુદ્ધનો નેપાળ સાથે ઘનિષ્ઠ સંબંધ હતો ? એમનો જન્મ એની સીમમાં થયેલો. એમના જન્મસ્થાનનું પાંચ એકરનું અરણ્ય કરોડો એશિયાવાસીઓને માટે પવિત્ર મનાય છે. એ સ્થાનની પૂણ્યસ્મૃતિમાં આશરે ૨૨૦૦ વરસ પહેલા સમ્રાટ અશોકે તૈયાર કરાવેલો સુંદર શકવર્તી શિલાલેખ એના અણિશુદ્ધ સ્પષ્ટ અક્ષરો સાથે આજે પણ જોઈ શકાય છે.'

'બુદ્ધ ધર્મની સ્થાપના પછીના એક હજારથી વધારે વરસ પછી ભારતમાં એનો નાશ થયો ત્યારે પોતાના પૂર્વજો દ્વારા પ્રાપ્ત ધર્મનો પરિત્યાગ ન કરી શકવાથી કેટલાય સાધુઓએ અને પંડિતોએ પોતાની સલામતી માટે નેપાળના પર્વતીય પ્રદેશનો આશ્રય લીધેલો. એટલા માટે તો આજે પણ અમારા મઠોમાં અને મંદિરોમાં એમણે આણેલી હજારો વિરલ અને પ્રાચીન હસ્તપ્રતો તથા ભોજપત્રોમાં લખાયેલાં પુસ્તકો, મૂર્તિઓ, શિલ્પો તથા પુરાતન લેખો અને કળાકૃતિઓ જોવા મળે છે. નેપાળનો ધર્મ પણ એટલા માટે જ બુદ્ધધર્મ અને હિંદુધર્મના અનોખા સંમિશ્રણરૂપ છે. નેપાળવાસીના મનમાં એ બંને ધર્મો પ્રત્યે કોઈ પ્રકારનો વિરોધ નથી હોતો. એ એક દિવસ હિંદુ મંદિરમાં તો બીજે દિવસે બૌદ્ધ મંદિરમાં પૂજા કરે છે. મારો પોતાનો ધર્મ હિંદુ ધર્મ હોવા છતાં મને બુદ્ધ ધર્મ માટે પણ માન છે.'

'ઉત્તર ભારતની સીમાને પેલે પાર આવેલા નેપાળ, તિબેટ તથા સિક્કીમ બુદ્ધ ધર્મનાં મુખ્ય મથકો જેવાં મનાય છે. તો પણ એક વખત એ ધર્મ ટિહરી ગઢવાલ રાજ્યમાં પણ ફાલેલોફૂલેલો તે જાણો છો ? અહીંથી પચીસેક માઈલ દૂર આવેલા બારહાટ સ્થાનમાં આજે પણ પ્રાચીન દેવમંદિરો અને અન્ય મકાનોના ભગ્નાવશેષો જોવા મળે છે. એમાં પણ એક પિત્તળના મોટા ત્રિશૂળ પર બારમા સૈકામાં એ સ્થાનની યાત્રાએ

આવેલા નેપાળી બૌદ્ધ રાજાઓની મુલાકાતોની માહિતીને અંકિત કરવામાં આવી છે. હ્યુ-એન-સંગ નામનો ચીનનો બૌદ્ધ યાત્રી જણાવે છે કે એના જમાનામાં એ પ્રદેશ બ્રહ્મપુરના સામ્રાજ્ય તરીકે ઓળખાતો અને ત્યાં બીજા પ્રાચીન ધર્મની સાથેસાથે બુદ્ધ ધર્મનું પણ અસ્તિત્વ હતું.'

અમે હિંદુ ધર્મ તથા બૌદ્ધ ધર્મની આશ્ચર્યકારક સમાનતા અને એમના વિચિત્ર વિરોધાભાસ વિષે વાતે વળગ્યા.

એ પછી મેં પ્રિન્સ મસૂરીને અંદર આમંત્રીને એક લાંબી પેટીને ઉઘાડીને બૌદ્ધ કળાકૃતિનું દર્શન કરાવ્યું. એ કળાકૃતિ મને એક મહાનુભાવ તરફથી ભેટ મળેલી. એ મહાનુભાવનું નામ નહિ આપું. એ કળાકૃતિ મારી સાથે હવે પછીની મારી વિશ્વસફરમાં રહેવા સરજાયેલી.

મારા સાથીએ એ કળાકૃતિનું નજદીકથી નિરીક્ષણ કર્યું.

'આ તિબેટના મઠમાં લટકાવવામાં આવતી સાચી વિશ્વસનીય કલાકૃતિ છે.' એમણે ઉદગાર કાઢ્યા ને એના પૃષ્ઠભાગોમાં નિરીક્ષણ કર્યું. ઘેરા લાલ રંગની શાહીથી તિબેટની ભાષામાં લખાયેલી કેટલીક સીધી પંક્તિઓએ એમના નિવેદનનું સમર્થન કર્યું.

એ કળાકૃતિનો પૃષ્ઠભાગ અને એનું આવરણ વખતના વીતવા સાથે શ્યામ પડી ગયેલું તો પણ એનો ચિત્રાંકિત ભાગ કળાકારે એકાદ બે વરસ પહેલાં જ તૈયાર કર્યો હોય એવો તાજો, તેજસ્વી તથા ખુશનુમા રંગોથી ભરેલો લાગતો. એ કળાકૃતિમાં ઉપરથી નીચે સુધીના ભાગમાં સાત સમાંતર પંક્તિઓમાં ભગવાન બુદ્ધનાં આડત્રીસ નાનાં ચિત્રો અંકિત કરાયેલાં. એ બધાં ચિત્રોમાં એ પદ્માસનમાં બેઠેલા, પરંતુ એમના હાથની મુદ્રાઓ જુદી પડતી. પૃષ્ઠભાગ પરનું લખાણ પેલા સુંદર ચિત્રોનું પરિચયાત્મક લખાણ હતું. આખીય કળાકૃતિના કેન્દ્રમાં બુદ્ધનું ખૂબ જ મોટું ચિત્ર અંકિત કરાયેલું. એ ચિત્રમાં પણ બુદ્ધને પદ્માસનમાં બેસાડવામાં આવેલા. એ ઓગણચાળીસમા બુદ્ધ હતા. એ મારે માટે વ્યક્તિગત રહસ્યથી ભરપૂર હતા.

નેપાળના રાજકુમારે વિદાય લેવાની તૈયારી કરી. એ પ્રદેશમાં વૃક્ષો, પર્વતો તથા ખીણોની વચ્ચેના અઠવાડિયાના નિતાંત એકાંતવાસ પછી મને એમની દ્વારા આકસ્મિક રીતે મળેલા આનંદદાયક બૌદ્ધિક લાભ માટે મેં એમનો આભાર માન્યો. એ એમના ઘોડાના જીન પર ચડી ગયા, હાથ છેલ્લીવાર હલાવવા લાગ્યા, અને ઘોડાની લગામ પ્રબળ પવન સામે મજબૂત રીતે પકડી રાખીને મારા બંગલાની નીચેના પ્રદેશમાં વૃક્ષોથી વીંટળાયેલી પગદંડી પરથી પસાર થતાં દેવદારનાં વૃક્ષો પાછળ અદૃશ્ય થયા. રાત પડતાં તારામંડળ આવે અને સવાર પડતાં વિદાય થાય તેમ આવીને વિદાય થયેલા કેટલાક મુલાકાતીઓમાંના એ હિંમતવાન રાજકુમાર એક બની ગયાં. જે દુનિયામાં એ રહેતા તે દુનિયાએ એમની પર અધિકાર કર્યો તો પણ એમના અંતરમાં દુનિયા જેને જાણતી નહોતી ને જાણી શકે તેમ પણ નહોતી એવું કશુંક ઊગી નીકળેલું. એના પર સુકોમળ છોડની જેમ ગુપ્ત રીતે વિકાસ પામતું પુષ્પ પ્રકટવાનું નિશ્ચિત હતું.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૫. પ્રવાસનો પ્રારંભ

કોઈ વ્યક્તિને પાછું એકદમ એકાંતમાં એકલા રહેવાનું થાય ત્યારે એના દિવસો એટલા બધા ઝડપથી પસાર થતા નથી. મંદ ગતિએ પસાર થતા અનોખા વખતને હું જુદાજુદા સુંદર છોડોને અને અનેકવિધ આકારોવાળા પર્વતોના ચિત્રવિચિત્ર શિલાખંડોને નિહાળીને વિતાવતો. જંગલમાં નિશ્ચિંતતાપૂર્વક મુક્ત મને વિહરનારાં અને પ્રસંગોપાત્ત દેખાનારાં કે સામે મળનારાં પશુઓને હું ખૂબ જ રસપૂર્વક જોયા કરતો. આકાશમાં અનવરત રીતે આગેકૂચ કરતા ધુમ્મસના ગોટાઓના અવલોકનમાં મને આનંદ આવતો. મારા જીવનના વિશેષ સુસંસ્કૃત દિવસો દરમિયાન શહેરના સંગીતસમારોહમાં સુસંવાદી સ્વાદુ સ્વરોના શ્રવણની મને ટેવ પડેલી તેવી રીતે, અવારનવાર થતાં તોફાનોની સાથે વરસતા ધોધમાર વરસાદના સુમધુર શબ્દો હું સાંભળ્યા કરતો.

કેટલાક વાર હું ઊભો થઈને ચિત્તાની માફક ઈચ્છાનુસાર આમતેમ ફરવા માંડતો. આધુનિક જીવનમાં ઘડિયાળનું નિરીક્ષણ કરીને ઘડિયાળને કાંટે કરાતા કાર્યક્રમના અનુષ્ઠાનની આવશ્યકતા મને નહોતી લાગતી. સુંદર શિલાખંડ પર બેસીને રાતના દસ, અગિયાર, બાર, એક અને બે વાગ્યાના આકાશમંડળનું તથા ભાત-ભાતના તારામંડળનું દર્શન કરીને હું મારો સમય પસાર કરતો. મારા મસ્તક પર લાખો સજીવ સુપ્રકાશિત સૃષ્ટિઓ પ્રકાશી રહેલી. જે માનવ એમની સુવ્યવસ્થિત સુસંવાદી પ્રવૃત્તિની પાછળ પરમ પથપ્રદર્શન અને સંચાલન નથી જોઈ શકતો તે બૌદ્ધિક રીતે જડ અથવા અંધ હોવો જોઈએ. સૃષ્ટિ સજીવ છે, મૃત નથી. એનો કથિતાર્થ એવો નથી કે કોઈક જાજ્વલ્યમાન મલ્લકાય માનવના રૂપમાં રહેલા ઈશ્વર એનું સંચાલન કે પથદર્શન કરે છે. તારાસમૂહને વ્યવસ્થિત કરનારી શક્તિ તથા પ્રતિભા એમની અંદર રહેલી અને એમના અવિભાજ્ય આત્મારૂપ છે. માનવીની અંદર પણ એ શક્તિ, બુદ્ધિ તથા પ્રતિભા એના આત્માના અવિભાજ્ય અંગરૂપે રહેલી છે. ઈશ્વર એમના સર્જનથી બહાર નથી. તારાઓને એ કઠપૂતળીની પેઠે દોરીની મદદથી નથી ચલાવતા. માનવ અલિપ્તતાપૂર્વક દૂરથી રમવા માટેનું રમકડું નથી.

*

ઘડિયાળની સાથે કૅલેન્ડરનાં કાળપાનાં બદલાવા લાગ્યાં. હિમાલયમાં પણ કાળ પોતાની પુરાણી પરંપરા પ્રમાણે પ્રવાસ કરતો રહ્યો. અઠવાડિયાં એક પછી એક પસાર થવા લાગ્યાં. વરસાદની ઋતુ એ પ્રદેશમાં નજદીક આવવા લાગી. તાપથી તપેલી ભારતની ધરતી આકાશે નવ મહિના સુધી સંઘરેલી નિર્દય વર્ષાધારાની ત્રણ મહિના દરમિયાન અપેક્ષા રાખતી. વરસાદ વધારે વખત સુધી લંબાય તો પાકનો નાશ નોતરે અને કિસાનોને પાયમાલ કરી નાખે અને અતિશય ઓછો પડે તો પણ એવી જ અસરો ઊભી કરે. એક ચોમાસું નિષ્ફળ નીવડે તો હજારો ગામડાંમાં ભૂખમરો ફાટી નીકળે. સમુદ્રતટ પરના નિરીક્ષકોએ ઉલ્લાસપૂર્ણ પ્રચંડ વર્ષાઋતુના અગ્રદૂત જેવા કાળાં, કોપાયમાન દેખાતાં વાદળોની સંગઠિત સેનાની પ્રતીક્ષા કરેલી. ભારતના કેટલાક પ્રદેશો એના આધિપત્ય નીચે આવી ગયેલા.

વર્ષાઋતુના શુભાગમન સાથે મારો સામાન્ય જીવનપ્રવાસ પલટાઈ જવાનો હતો. મારો પર્વતોનો મોટા ભાગનો નિવાસ એ ઋતુમાં ઘરની અંદર જ રહીને કરવાનો હતો. મારે થોડા જ વખતમાં ધોધમાર

વરસાદના, તોફાની વિષમ વાવાઝોડાંના અને રોષપૂર્ણ પ્રખર પવનના સ્વૈચ્છિક કેદી થવાનું હતું. વચ્ચે કલાક બે કલાકના વિશ્રાંતિકાળ દરમિયાન શરમાળ સૂર્ય સંસારને પોતાના અસ્તિત્વની ખાતરી કરાવવા વાદળોમાંથી ડોકિયું કરીને અદૃશ્ય થવાનો હતો. વળી પાછો મૂશળધાર વરસાદ વરસશે અને મારે દિનરાત લગભગ બંદી જેવા બનવું રહેશે. મારી અને સ્વતંત્રતાની વચ્ચે પાણીની દીવાલ તૈયાર થશે. એ સંદર્ભમાં વિચારતાં, ટિહરી ગઢવાલ રાજ્યના અધિકારીઓએ મને રાજ્યની અંદરના ભાગમાં પ્રવેશીને પ્રતાપનગરના ગ્રીષ્મકાલીન રાજપ્રાસાદની પાસેના વિશાળ મકાનમાં વધારે સારી સગવડો વચ્ચે વસવા અનુમતિ આપી એ કેટલું બધું સમયસરનું હતું ? મારા જીવનમાં ખરે વખતે આવશ્યકતા હતી ત્યારે જ મારે માટે વધારે સારા આશ્રયસ્થાનની વ્યવસ્થા કરવા પાછળ દૈવની કેવી દયા સમાયેલી હતી ?

મારા જીવનક્રમમાં તો કશો જ ફેર નહોતો પડવાનો. મારો ધ્યાનનો અભ્યાસ પહેલાંની પેઠે ચાલુ રહેવાનો હતો. મારા સ્વાતંત્ર્યમાં અને એકાંતમાં કોઈ પ્રકારનું પરિવર્તન નહોતું આવવાનું. મારો એકાંતવાસ વધારે પૂર્ણ થવાનો હતો. કારણ કે વરસાદના દિવસોમાં કેવળ મને મળવા માટે કોઈ મુલાકાતી પ્રતાપનગર પહોંચવા પર્વતોને ઓળંગવાની હિંમત કરે તેમ ન હતું. એટલે ત્યાં હું અલભ્ય જેવો બનવાનો હતો.

પ્રતાપનગર રાજપ્રાસાદ મારા વર્તમાન નિવાસસ્થાન જેવા જ એકાંત પ્રદેશમાં ઉત્તુંગ પર્વતશિખર પર તૈયાર કરાયેલો. ટિહરી શહેરમાં અને નરેન્દ્રનગરમાં બીજા વધારે સાનુકૂળ સ્થળમાં બંધાયેલા રાજપ્રાસાદો હોવાથી એનો ઉપયોગ ઘણો ઓછો થતો. મને ખાતરી હતી કે એની આસપાસનો પ્રદેશ અતિશય સુંદર હતો પરંતુ વર્ષા ઋતુના આગમન સાથે મારા પર્યટનોનો અનિચ્છાએ અંત આવવાનો હતો. એમને મનની અંદર ઉચ્ચ વિચારોના પર્વતશિખરોની વચ્ચે અને શાંત ધ્યાનાભ્યાસની ખીણોમાં ચાલુ રાખવાનાં હતાં. મારી અંદર ધીરેધીરે બહાર જવાની વૃત્તિનો લોપ થતો જતો'તો. યોગની સાધનાને અનુસરીને મારો સમય પસાર કરવા મારી પાસે પૂરતો કાર્યક્રમ પડેલો. મારી ઈચ્છા બાહ્ય જગતનું ઓછામાં ઓછું અન્વેષણ કરવાની, શાંતિ રાખવાની, અને આંતરજગતનું અધિક અન્વેષણ કરવાની હતી. એ પ્રયોજનની પૂર્તિ માટે મારા જંગલના વેરાન બંગલા કરતાં વર્ષા ઋતુના દિવસોમાં પ્રતાપનગરનો અભિનવ આવાસ એની વધારે સારી સગવડને લીધે ઉત્તમ થઈ પડે તેમ હતો.

એટલે સૂર્યોદય પછી થોડા સમયે હું દેવદારની છેલ્લી વિદાય લેવા જઈ પહોંચ્યો. એ મારો અત્યાર સુધીનો સાવચેત રાખનારો સંરક્ષક અને શહેનશાહી સલાહકાર હતો. મારા એની સાથેના વાર્તાલાપોનો અંત આવવાનો હતો. એની સળી જેવી પાતળી શાખાઓની નીચેના મારા ધ્યાનના અભ્યાસક્રમો પરિસમાપ્તિ પર પહોંચવાના હતા.

હાથમાં લાકડી લઈને મેં પર્વત પર ચડવા માંડ્યું. એની ઉપર વૃક્ષોની વચ્ચે મારું સુંદર સાધનાસ્થાન આવેલું. મારી એ અંતિમ વિદાયની વૃત્તિ તથા પ્રવૃત્તિ આનંદદાયક ન હતી. મને ખબર નહોતી પડતી કે દેવદાર પર મારી આકસ્મિક વિદાયની પ્રતિક્રિયા કેવી પડશે.

આખરે છૂટાછવાયા શિલાખંડો અને કાંટાવાળી જમીનમાંથી આગળ વધી, સાધનાસ્થળની ખુલ્લી જમીન પાર કરીને મેં અટકીને રાહતનો દમ ખેંચ્યો. દેવદાર પર એક ઊડતો દૃષ્ટિપાત કર્યો. એના શેવાળવાળા વદન પર એક ઠપકાસૂચક રોષવૃત્તિ, એની નીચે નમેલી ગુચ્છાદાર શાખાઓ પર એક કરુણ

નિઃશ્વાસ, અને મને સમજાયું કે એણે મારા વિચારો વાંચી લીધા છે. એનું વદન એટલું બધું વિષાદમગ્ન કેમ હતું ? એને ખબર હતી. મારું મસ્તક શરમથી ઝૂકી ગયું.

હું મારી પુરાણી જગ્યાએ પાંદડાં પર બેસી ગયો. ઝાડ તરફથી મારી દૃષ્ટિ હઠાવી લીધી. મારા ગાલ પર લોહી ઊપસી આવ્યું. મને પણ ખેદ થયો. વિયોગની વેદનાએ મને અસર પહોંચાડી પરંતુ આખરે મેં ઉપર જોયું. પ્રિય દેવદાર ! મને માફ કરજે. તને ખબર છે કે આ જીવન છે. મેળાપ, મિત્રતા, વિયોગ, દુન્યવી જીવનના રણપ્રદેશ પરથી વણઝાર આગળ વધે છે. એના પડાવો એક રાત માટે જ હોય છે. છતાં ખાલી હાથે પાછા ફરવાનું થાય એના કરતાં સફરની સુમધુર સ્મૃતિને સાચવવાનું મને પસંદ પડશે. પ્રિય સન્મિત્ર દેવદાર ! જીવન આવું જ ક્ષણભંગુર છે. આપણે છૂટા પડવું જ પડે છે. આપણે મિત્રતા તથા પ્રેમનો આધાર લઈએ છીએ એ બંનેથી વંચિત થવા માટે. તો પણ આપણા આત્માઓ તો છૂટા નહિ જ પડે. એ પારસ્પરિક પ્રેમનો અનુભવ કરતા અવકાશની અંદરથી માર્ગ કરીને આગળ ઊઠશે.

અમારી આજુબાજુ અસાધારણ નીરવતા ફરી વળી. એણે આખાય વાતાવરણને વીંટી દીધું. દેવદાર વૃક્ષ જાણે કે રડતું હોય તેમ એની શાખાપ્રશાખાઓ પર અશ્રુ જેવા તુષારબિંદુ દેખાવા લાગ્યાં. મને પણ રડવું આવવા લાગ્યું.

મારે માટે તારી પાસે કોઈ સંદેશો છે, દેવદાર ?

અમારી આસપાસ અનંત નિસ્તબ્ધતા, અખંડ અસીમ શાંતિ ફરી વળેલી તે એકાદ ક્ષણ પછી લુપ્ત થવા લાગી. મારા મનમાં પેદા થયેલા વિચારપ્રવાહે એમાં વિક્ષેપ પાડ્યો.

'તમે મારી પાસે જે જગતમાંથી આવ્યા છો તે જગતને હું જાણતું અને સમજતું નથી. મને ખબર હતી કે વહેલા કે મોડા પણ તમે એને તાબે થશો. મારે તમને રોકી રાખવાની ઈચ્છા શા માટે કરવી જોઈએ ? હું એકલા રહેવાનું નથી શીખ્યું ? એકાતમાં રહીને મેં સર્વ કાંઈ સહન કરવાનું સામર્થ્ય નથી મેળવ્યું ? સૂસવાટા કરતા સમીરોની થપ્પડોને અને વિનાશક વીજળીના રોષને, સર્વને સહન કરવાનું સામર્થ્ય મને ક્યાંથી મળ્યું ? એ સામર્થ્ય સૌથી પ્રથમ મારા હૃદયમાં સુષુપ્તાવસ્થામાં પડેલું એને મેં જાગ્રત કર્યું. હવે મને કોઈનોય, સમીપવર્તી મૃત્યુનો પણ ભય નથી લાગતો. હું મારા સિવાય બીજા કોઈની મદદ પર આધાર નથી રાખતું. તમે પણ આત્મનિર્ભર બનો. જ્યાં પણ જાઓ ત્યાં જઈને અંદરના યોગી તરીકે શ્વાસ લો. પછી દુનિયા તમને દુર્બળ નહિ બનાવી શકે. તમને સાંપડેલી શાંતિને તમારી સદાની સહચરી બનાવો અને દૂરના દેશમાં પણ સાથે રાખો. પછી કોઈ પણ તોફાન તમને અસર નહિ પહોંચાડે. તમે પરમાત્માના અંશ છો એનું ધ્યાન રાખો.'

દેવદારના એ છેલ્લા શબ્દો હતા. વિચારસંક્રમણનો એ વ્યાપાર બંધ થયો એટલે હું સૂક્ષ્મ જગતમાં પ્રવેશ્યો. બહારની શાંતિ મારામાં પ્રવેશવા લાગી. હું સંમોહનમાં પડ્યો અને સર્વજાગૃતિમાં સરકી પડ્યો. મારી આગળી ન હાલી. અંગ પણ ન હાલ્યું, અને હું જમીન પર ઊગેલા ઝાડની પેઠે સ્થિર અને અચળ રહ્યો.

મેં ધ્યાન કરવાનો કોઈ પ્રયત્ન ન કર્યો. વિચારનો વેગ રોકવાનો પરિશ્રમ ન કર્યો. મેં અનુભવ્યું કે મારું મન કોઈ પણ પ્રકારના પ્રતિકાર વિના, મારી અંદરની કોઈક ચુંબકીય શક્તિથી અસાધારણ રીતે આકર્ષાઈને અંતર્મુખ બનવા માંડ્યું.

નિર્વાત સ્થાનના દીપકની પેઠે મારું મન વિચારરહિત બની ગયું. નીચેની નીરવ ખીણની પેઠે શાંત થયું. મારી અર્ધઊઘડેલી પાંપણ બંધ કરવાનું કે પૂરેપૂરી ઉઘાડવાનું કાર્ય અશક્ય બની ગયું. એ ભાવસમાધિની દશા એટલી બધી આનંદદાયક હતી કે એમાંથી બહાર આવવાનો મેં કશો પ્રયત્ન જ ન કર્યો. મારાથી પ્રયત્ન કરી જ ન શકાયો. ભાવસમાધિનો એ અસાધારણ અનુભવ એકદમ અવર્ણનીય હતો. મને નવેસરથી સમજાયું કે આપણું અસ્તિત્વ દિવ્યતાથી વીંટળાયેલું છે. અંતરંગ આત્મશાંતિના એ આવરણમાં મને સંપૂર્ણ સર્વાંગી સુખનો અનુભવ થયો. એ અવસ્થામાં કેટલા સમય સુધી રહેવાયું તેની ખબર ન પડી. એટલું સમજાયું કે એ અડધા કલાકથી ઓછો હતો. મન આત્માના પૂરેપૂરા પ્રભાવમાં આવી ગયેલું. કોઈક મહામાનવ જ કાયમને માટે એની ઉદાત્ત અસર નીચે રહી શકે. મારે અનિચ્છાએ ઊઠવું પડ્યું.

એ ઉપસંહાર હતો. મેં ખીણ તરફ, દેવદારની નીચેના પ્રદેશમાં, માર્ગમાં આવતા શિલાખંડોને અને છોડવાઓને બંને હાથે પકડીને ધીમેધીમે ચાલવા માંડ્યું.

મેં મારી સાધનાભૂમિ પર છેલ્લો દૃષ્ટિપાત કરી લીધો. સુંદર પર્વતશિખરો ને નીરવ ખીણપ્રદેશને નિહાળ્યો, અને ચાલવા માંડ્યું.

બંગલામાં આવીને જોયું તો મજૂરો સામાન પોતાની પીઠ પર ચડાવવાની તૈયારી કરીને મારી પ્રતીક્ષા કરતા ઊભેલા. એક મજબૂત બાંધાનો, ઘઉંવર્ણો, પ્રૌઢાવસ્થાએ પહોંચેલો, ઊપસેલા કપાળવાળો, વિશાળ ઘૂંટણ અને સાથળવાળો, ચમકદાર જીનવાળો ઘોડો પણ તૈયાર રખાયેલો. મારે હવે કોઈનીય પ્રતીક્ષા કરવાની નહોતી રહી.

મેં જીન પર ચડીને ઘોડાના પેંગડા પર પગ મૂક્યો. બરાબર ગોઠવ્યો, લગામ હાથમાં લીધી, અને મારા નવા નિવાસસ્થાને પહોંચવા પર્વતોની વચ્ચેના પ્રવાસનો પ્રારંભ કર્યો.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૯. પ્રતાપનગરમાં

આપણે હિમાલયમાં ઘોડા પર ચડીને મુસાફરી કરીએ છીએ એવું કહેવાનું ખરેખર સાચું નથી. આપણે તો કેવળ ઘોડા પર બેસીએ છીએ. અને ઘોડાને એની મંદ ગતિથી આગળ ચાલવા દઈએ છીએ. પર્વતમાંથી કોરી કાઢવામાં આવેલા વાંકાચૂકા, સાંકડા, ચઢાણવાળા માર્ગ પરથી સારી રીતે આગળ વધવા માટે ખીણની દિશાની ધાર તરફ અચોક્કસ રીતે ચાલવું પડે છે. એ દેખીતા ભય ઉપરાંત વાંકાચૂકા ચડાણ-ઊતરાણવાળા માર્ગ પરથી ઘોડા પર બેસીને આગળ વધતી વખતે બીજી પણ કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. એ મુશ્કેલીઓ જાનના જોખમથી ભરેલી હોય છે.

મારી મુસાફરીનું પોણા માઈલ જેટલું અંતર ઘોર જંગલમાંથી કાપ્યા પછી અમે ખુલ્લા પ્રદેશમાં પહોંચી ગયા. એ પ્રદેશ પરથી દૃષ્ટિપાત કરતાં નીચેની ખીણ તરફથી પર્વતના શિખર તરફ આગળ વધતાં કપડાની પટ્ટી જેવી પગદંડી દેખાતી. એ પગદંડી એક તરફ દેખાતી ને બીજી તરફ અદૃશ્ય થઈ જતી. વળી પાછી નીચે જઈને પર્વતની ત્રણે તરફ સર્પાકાર બનીને ફરી વળતી.

મારા મજૂરો જંગલમાં ક્યાંક પાછળ પડી ગયા હોવાથી દેખાતા નહોતા. એમનો મેળાપ બીજા દિવસ સુધી થાય તેમ ન હતો. પ્રતાપનગરનો પ્રવાસ આરામથી કરવામાં આવે તો ઓછામાં ઓછા બે દિવસ લાગે પરંતુ મારી ઈચ્છા પ્રવાસનું એ બધું અંતર એક દિવસમાં જ કાપી નાખવાની હતી, પછી ભલે ને ત્યાં મધ્યરાત્રી પછી પહોંચાય. માઈલો સુધી મુસાફરી કરવા છતાં ભાગ્યે જ કોઈ માણસનો મેળાપ થાય એવા એ એકદમ ઓછી વસતિવાળા પ્રદેશમાં, મારી પાસે નક્શો હોવા છતાં, મારાથી રસ્તો ભુલાય તેમ ન હતું એટલું સારૂં હતું. મારા પ્રવાસપંથમાં કોઈ ભરમાવનારા આડમાર્ગો નહોતા દેખાતા, બીજા માર્ગો ફંટાતા પણ નહોતા, કોઈ પાટિયાં પણ નહોતાં વાંચવાના. કાં તો આગળ વધવાનું હતું કે પછી પાછળ હઠવાનું. બીજો કોઈ વિકલ્પ જ નહોતો દેખાતો. એના સિવાયની બીજી કોઈ પસંદગી માટે અવકાશ જ નહોતો રહ્યો, સિવાય કે કોઈ નીચેના ઊંડા વિશાળ ખીણપ્રદેશમાં ઢળી પડે.

હું વહેલી સવારથી જ ઘોડા પર આગળ વધતો. વહેલી સવારનું ધુમ્મસ પૂરેપૂરું દૂર થયું અને આકાશ નિર્મળ બનતાં દિવસ પૂર્ણપણે પ્રકાશી ઊઠ્યો એ જોઈને મેં રાહતનો દમ ખેંચ્યો. પર્વતના શિખર પરના લાંબા કષ્ટસાધ્ય આરોહણનો અંત આવ્યો અને ઘોડાએ હાંફવાનું બંધ કર્યું. એ સ્થળથી આજુબાજુના અને દૂરના પ્રદેશનો વિસ્તાર વિસ્મયજનક અને વિશાળ દેખાતો. દૂરના ક્ષિતિજ સુધીના વિસ્તારને વિલોકી શકાતો. જમણી બાજુએ હિમાલયની વિશાળ પર્વતમાળા દેખાતી. એ પર્વતમાળા આગળ વધીને ડાબી બાજુએ ટિહરી ગઢવાલ રાજ્યની સીમાને તિબેટની સીમા સાથે સાંધી દેતી. ત્યાં મેઘધનુષના લગભગ બધા જ રંગો જોવા મળતા. અમારી ઉપર પડતાં મધ્યાહ્નના સૂર્યના પ્રખર સીધાં કિરણોને લીધે સઘળું સુપ્રકાશિત બની રહેલું. અમે તૂટેલા પથ્થરો, પોચી જમીન અને અસ્તવ્યસ્ત શિલાખંડો પરથી પસાર થતા થોડી વધારે ત્વરિત ગતિએ નીચેના ઉતરાણ તરફ આગળ વધ્યા.

માર્ગમાં દેવદારનું ગીચ જંગલ આવ્યું. એને નિહાળીને મને મારી સાધનાભૂમિના પેલા વિયોગી મિત્રનું-દેવદારનું-સ્મરણ થયું. અમે પુનઃમળી શકીશું ખરા ?

માઈલો એક પછી એક જતા'તા. મને વિશ્વાસ હતો કે મારી મુસાફરી મધ્યરાત્રી પહેલાં પૂરી થશે. જો કે એ વિશ્વાસ કેવળ અનુમાન પર આધારિત હતો, કારણ કે માર્ગની પરિસ્થિતિથી હું એકદમ અજ્ઞાત હતો.

આખરે સૂર્ય જ્યારે અસ્તાચળ પર પહોંચ્યો અને ઘોડો તથા ઘોડેસવાર બંને ખૂબ જ ભૂખ્યાં, તરસ્યાં તેમજ થાકીને લોથપોથ થઈ ગયાં ત્યારે મેં બીજી વારનો છેવટનો વિશ્રામ કરવાનો નિર્ણય કર્યો. મારા ડાબા હાથ તરફ પર્વતની ઊંચી દિવાલમાંથી વહેતા વિમળ, કલકલ નિનાદોથી આગળ વધતા ઝરણની ઝાંખી એ નિર્ણય માટે કારણરૂપ હતી. ઘોડાએ અતિશય આતુરતાપૂર્વક એનું નાક લીલાછમ પાણીના ભંડારમાં ડુબાડીને પુષ્કળ પાણી પી લીધું. મેં પણ એ શીતળ સ્કુર્તિદાયક સ્વચ્છ ચમકીલા પાણીનો બેચાર પ્યાલા ભરીને સ્વાદ લીધો. એ પછી મેં રાત્રીભોજનની શક્ય સામગ્રી એકઠી કરીને, જેની બુદ્ધિમાની અને આજ્ઞાંકિતતાએ મને ખૂબ જ પ્રસન્ન કરેલો એ ઘોડાની સાથે એનો ભાગ પાડ્યો.

મારી આસપાસના સૌંદર્યને અને ઐશ્વર્યને સત્કાર્યા વિના, એની કદર કર્યા વિના હું ન રહી શક્યો. ચારે તરફ એકદમ એકાંત હતું. એની અંદર અંતરને આરામ આપવાની શક્તિ હતી.

એકવાર ફરીથી મેં મારી મુસાફરી શરૂ કરી. એ મુસાફરી એકદમ ઉતરાણવાળી હતી. મોટા ભાગનો રસ્તો કાંકરા તથા પથરાથી ભરેલો હતો. ઘોડો એ રસ્તા પરથી આગળ વધતી વખતે પોતાના પગ વધારે સાવધાનીપૂર્વક ગોઠવતો. એ રસ્તા પરથી સરકી પડવાનો ભય એના મસ્તક પર સદાને માટે ભમ્યા કરતો એમ કહેવામાં કશી અતિશયોક્તિ નથી થતી.

વારંવાર વળાંક લેતો માર્ગ પ્રમાણમાં સીધો હોવાથી અમે થોડા વખતમાં નીચે ઊતરી ગયા. બે ત્રણ વાર ખૂબ જ જોખમકારક સ્થળે મારે ઘોડા પરથી ઊતરીને એની સાથે ધીમેધીમે ચાલવું પડ્યું. સામાન્ય રીતે કેટલુંક અવનવું જોખમ પણ ઉઠાવવું પડ્યું. મુકામ પર પહોંચવાનું આકર્ષણ એવું અજબ હતું. અમે કોઈ પણ પ્રકારની આપત્તિ વિના પર્વતની ખીણની નીચેના પ્રદેશમાં પહોંચ્યા, ત્યારે પુલની પાસે પ્રતીક્ષા કરતા ઘોડાવાળાએ આગળ આવીને મને આવકાર આપ્યો. એણે મારો પ્રસ્વેદથી લથબથ થયેલો ઘોડો લઈને બદલામાં એક સુદૃઢ ચોકલેટ રંગનો ભૂખરો ઘોડો પૂરો પાડ્યો. એ સાફસૂથરો, તાજો અને સશક્ત હતો.

*

આખરે તૂટ્યાફૂટ્યા શિલાખંડોથી છવાયેલા એકાંત અરણ્યના ખૂબ જ કષ્ટસાધ્ય પ્રવાસની પરિસમાપ્તિ થઈ. અમે વૃક્ષોના વનમાંથી એકાએક બહાર નીકળ્યા અને પર્વતનાં શિખરો પર પહોંચી ગયા, મિત્રતાપૂર્ણ પરિચિત પ્રકાશથી ભરેલા લોચનોવાળા તારામંડળનું દર્શન ફરી વાર કરી શકાયું. ત્યાંની ધરતી બીજી જમીનની સરખામણીમાં સપાટ હતી. ત્યાંથી આગળ ત્રીસથી ચાળીસ વારને અંતરે એક મકાનની રૂપરેખા દેખાઈ. એની આગળ ફાનસનો પીળો પ્રકાશ દેખાયો. મેં સફળતાના સુખદ સાંત્વન સાથે અનુમાન કર્યું કે આ પ્રતાપનગર છે.

થોડા વખત પછી ઘોડાવાળાને ઘોડો સુપરત કરીને મેં શિલ્પની અસંખ્ય આકૃતિઓથી અંકાયેલા મારા એ અભિનવ પાર્થિવ ઘરના આંગણામાં આરામ કરવા માંડ્યો. મારો બિસ્તર હજુ સુધી નહોતો આવ્યો. આવતી કાલ સુધી આવવાનો પણ નહોતો. એટલે જ્યાં સુધી બેચાર કામળા ઉછીના લઈ શકાય ત્યાં સુધી હું નોકરની સાથે વિશાળ હૉલમાં થઈને મારા ખંડમાં પ્રવેશ્યો. ત્યાં એણે ટેબલ પર મૂકેલી પિત્તળની

ચિમનીવાળા દીપકના પ્રકાશની મદદથી જે પથારી દેખાઈ તે, એના પર આડા પડવાથી મને અનોખા નિદ્રાજન્ય સુખની અનુભૂતિ કરાવવાની હતી. એ નિદ્રાજન્ય ઉત્તમ સુખના રૂપમાં મળનારા આનંદદાયક વળતર માટે હું મારી જાતને એટલા પ્રખર પરિશ્રમ પછી હકદાર માનતો હતો.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૭. રીંછનો પ્રસંગ

પ્રતાપનગરના વસવાટના શરૂઆતના થોડાક દિવસો આનંદજનક અન્વેષણના અને પ્રસન્નતાદાયક સ્વાનુભૂતિના દિવસો હતા. હું મારી પરિસ્થિતિનું અવ્યવસ્થિત રીતે નિશ્ચિંત બનીને પરિશોધન કરતો અને સંતોષ મેળવતો કે કુદરત કેટલી બધી સુંદર બની શકે છે અને માનવ દ્વારા કરાતી એની સુધારણા કેટલી બધી સુખકારક થઈ પડે છે.

એ દિવસો દરમિયાન વરસાદનું અળખામણું દર્શન થયું. સૂર્ય એટલો બધો ખુલ્લી રીતે અને પોતાની પૂર્ણ શક્તિથી પ્રકાશતો કે વરસાદનું દર્શન થશે એમ માનવું પણ મુશ્કેલ હતું. ગમે તેમ પણ એ સ્થળનું મારું આગમન ડહાપણપૂર્વકનું હતું અને એને લીધે મારું સ્થૂળ જીવન વધારે સારું બની શક્યું. સભ્ય જીવનની સગવડો પૂરી પાડનારી, જેમનાથી મારે અત્યાર સુધી વંચિત રહેવું પડેલું એવી કેટલીક સુખદ સાધનસામગ્રીઓ ત્યાં ફરી જોવા મળી. ત્યાં ઈલેકટ્રીક લાઈટ ન હતી, ટેપ ન હતી, મોટરમાર્ગો ન હતા, શેરીઓ અને દુકાનો પણ નહોતી, તો પણ શાંત સુઘડ સરસ જીવન માટેની પૂરતી વસ્તુઓ ઉપલબ્ધ હતી. પેલા પાંચ વસ્તુઓની અનુપસ્થિતિની સાથેસાથે ત્યાં અવાજ, ઉચાટ, રાજકીય આંદોલન, તોફાન તેમજ યુદ્ધની અફવાઓનો પણ નિતાંત અભાવ હતો. મારા દરવાજા આગળ કોઈ વાહનોનો અવરજવર કે ઘોંઘાટ નહોતો સંભળાતો. પ્રત્યેક પાંચ મિનિટે ટેલિફોનની ઘંટડી નહોતી વાગતી, વર્તમાનપત્રના સમાચારો પર મારી દૃષ્ટિ પડતી તે પહેલાં તે બધા વાંચકોને એમનું વિસ્મરણ થતું. પોસ્ટ દ્વારા પ્રાપ્ત થતાં એ વર્તમાનપત્રોના સમાચારોનું મને પોતાને પણ વાંચતાંવેંત જ વિસ્મરણ થતું. આજુબાજુના અવકાશમાંથી જે અનેક પ્રકારના શબ્દો સંભળાતા એમને માટે કશું વળતર નહોતું આપવાનું. મારે યુરોપનાં શહેરોની પેઠે ભારતના પર્વતપ્રદેશમાં પોતાનો સુખદ સંસર્ગ ચાલુ રાખનારા પ્રારબ્ધનો ઉપકાર માનવાનો હતો. એને અભિનંદન આપવાના હતાં.

મારા અગાઉના નિવાસસ્થાનની જેમ ત્યાં પણ મારી આજુબાજુ સર્વત્ર હિમાલયનાં ઉત્તુંગ પર્વતશિખરો, પર્વતમાળાઓ અને ખીણોનું દર્શન થતું. નવા સ્થાનમાં વધારામાં જે ઊંડી સુંદર ખીણો હતી એમના અવલોકનનો આનંદ અનેરો હતો. પર્વતની ટોચ પર મારા મકાનની બંને બાજુએ પુષ્પોનું સુંદર ઉપવન હતું. તે જેમ આગળ વધતું તેમ વિશાળ બનતું જતું. દક્ષિણ દિશા તરફ મોટામાં મોટી ખીણ દેખાતી. એના પેટાળમાં પ્રબળ વેગે વહેનારી ભાગીરથી નદીની રૂપેરી રેખા જોઈ શકાતી. એ ખીણના ઢોળાવો ચિત્તાકર્ષક લીલોતરી તથા વનરાજિથી ભરપૂર લાગતા. નદીના પ્રબળ પ્રવાહની થોડેક ઉપર પર્વતોને તોડીને થોડી જમીન ખેતીલાયક કરવામાં આવેલી. લીલી વનરાજીઓ વચ્ચેની એ પીળી જમીન ખૂબ જ શોભી ઊઠતી.

ઓક અને પાઈન વૃક્ષોનું વન તદ્દન પાસે જ હતું. સુરીલા સ્વરવાળા બુલબુલ પક્ષીને સાંભળવાની અપેક્ષા સ્વપ્ને પણ નહોતી રાખી તો પણ વૃક્ષોના સમૂહમાંથી એનું સ્વર્ગીય સંગીત સુખપૂર્વક સાંભળી શકાતું. મકાનની ચારે બાજુએ બારણાં હતાં અને ત્રણ બાજુઓ હતી એટલે એમાંથી દેખાતા અસાધારણ સૌંદર્ય દૃશ્યોનો લહાવો લઈ શકાતો. સૌથી સુંદર દૃશ્ય તો વાદળી વ્યોમની આગળના બરફથી છવાયેલા પર્વતોનું

અને પર્વતોના સુદ્રઢ શિલાખંડોને કોરી નાખીને તીવ્ર ગતિથી નીચે પડતા ગ્લેશિયર્સનું હતું. એમના આસ્વાદની અનુકૂળતા મને પહેલાં કરતાં ઘણી વધારે હતી. મારી ઉત્તર દિશા તરફની બારીમાંથી હું એમનું અવલોકન એકદમ પાસેથી કરી શકતો. મારી દૃષ્ટિ સમક્ષ હિમાચ્છાદિત ઉત્તુંગ પર્વતો પોતાની ભવ્યતા સાથે પોતાની નાનીમોટી વિગતો રજૂ કરતા ઊભા રહેલા. એમની સંનિધિ મને અસાધારણ પ્રેરણા પૂરી પાડતી અને એ જ્યારે વાદળ વિનાના ને વિમળ થઈ જતા ત્યારે અતિશય ચિત્તાકર્ષક લાગતા.

*

મને પર્વતો શા માટે પ્રિય લાગતા ? એનું આંશિક કારણ એ તો નહોતું કે મારા અનિશ્ચિત રીતે કરાતા ધ્યાન દરમિયાન જે નીરવતાનો ને સૌંદર્યનો સ્વાનુભવ થતો તે નીરવતા અને સૌંદર્યનો થોડો અંશ નિશ્ચિત રીતે એમની અંદર પ્રતિબિંબિત બનતો હતો ?

પ્રત્યેક પ્રભાતે મારી બારીમાંથી બહાર જોવાનું કાર્ય મારે માટે પૂજાના કાર્ય જેવું પવિત્ર હતું. પ્રત્યેક દૃષ્ટિપાત વખતે હું હિમાલયને મારી પ્રભાતકાલીન અંજલિ આપતો અને એના પ્રત્યે અસાધારણ આદરભાવ અનુભવતો. એ પર્વતો માનવજાતિ માટે પ્રતીકાત્મક તથા પ્રેરક લાગતા. બરફથી છવાયેલા એ પ્રચંડ પર્વતો એવા ઉચ્ચ ભાવો પ્રત્યે અંગુલિનિર્દેશ કરતા જે ભાવો માનવ પોતાની આજુબાજુની અધમતામાં ફસાય નહિ તે માટે સંદેશો પૂરો પાડતા. એમનો અણિશુદ્ધ શ્વેત રંગ માનવને પવિત્રતાની પ્રાપ્તિની પ્રેરણા પાતો.

*

શિકારીઓએ મને જણાવ્યું કે માનવોની પેઠે વાઘનો સ્વભાવ પણ જુદો પડે છે. બધા વાઘ હુમલો નથી કરતા. કેટલાક તો કેવળ કાયરતાને લીધે પીછેહઠ કરે છે. મારા ખંડની પાસેના હૉલમાં વાઘનું આખું કુટુંબ રહેતું. એ ક્રોધના આવેશમાં આવીને દાંત દેખાડતું. એમના બિલાડી જેવા કાન અત્યંત સાવચેત બનતાં પાછા ખેંચાતા, અને એમના કટાર જેવા હાથીદાંતને મળતા નહોર યુદ્ધ માટે તૈયારી કરતા હોય તેમ બહાર નીકળતા, પરંતુ એ સુંદર રંગના પ્રાણી કલાકાર દ્વારા એવી અદભુત રીતે અંકિત કરવામાં આવેલાં કે કોઈની ઉપર હુમલો કરી શકે તેમ નહોતા. એ એકદમ શાંત હતાં. એમના ચર્મમાં માંસ ન હતું અને મસ્તકમાં જ્ઞાનતંતુઓ નહોતા દેખાતા. એ અસહાય બનીને સફેદ દીવાલ તરફ સૂઈ રહેલાં. કાળા ચટાપટાવાળા એ કુટુંબમાં એક સુંદર પિતાનો, મજબૂત માતાનો, બે પુત્રોનો અને એક પુત્રીનો સમાવેશ થતો હતો. વાઘનું ચર્મ દસ ફૂટ જેટલું લાંબું હતું અને માથું સવા ફૂટ જેટલું. એ જીવતો હોત તો આશરે છસો પાઉન્ડ જેટલા વજનનો થયો હોત, પરંતુ મૃત અને ખાલી હોવાથી એના દસમા ભાગ જેટલો ઘટી ગયેલો. તો પણ એની સુંદરતા તથા ભવ્યતા એવી જ અખંડ રહેલી. એ આખા કુટુંબને કેટલાંક વરસો પહેલાં પ્રતાપનગરની આજુબાજુની પર્વતીય ખીણમાં ગોળીથી વીંધી નાખવામાં આવેલું.

મકાનના સંરક્ષકે જણાવ્યું કે એક વાર મકાનની આસપાસની શાંત લૉન પર દિવસ દરમિયાન એક ચિત્તો આવી પહોંચ્યો અને તાપમાં ઊંઘતા ત્રણ કૂતરા પર એણે આક્રમણ કર્યું. એ કૂતરાઓને એણે મારી નાખ્યા અને ત્રીજાને મદદ પહોંચાડી શકાય તે પહેલાં એ બાજુના જંગલમાં ઘસડી ગયો.

એક દિવસ બપોરે એક પુરુષ દયાજનક દશામાં મારી પાસે આવી પહોંચ્યો. એના પર ધોળે દિવસે અડધા માઈલ જેટલા અંતરે એક વિકરાળ રીંછે હુમલો કરેલો. એનું માથું તોડી નાખવામાં આવેલું, એક આંખ

ફોડી નાંખવામાં આવેલી, અને એના વદન પર, ગળા પર અને બાહુ પર ભયંકર જખમો પડેલા. એનાં કપડાં ફાટી ગયેલાં અને લોહીથી લથબથ થયેલાં. એની છાતી પર બધે જ નહોરની નિશાનીઓ અને ઊંડા ઘા પડેલા. સદભાગ્યે રાજમહેલનાં ડૉકટર એ વખતે પ્રતાપનગરમાં હતા અને થોડા દિવસ પછી રજા પર ઊતરવાના હતા. રીંછનો શિકાર બનેલા એ પર્વતીય પુરુષને મદદ કરવામાં આવી, એના જખમ પર ટાંકા મારવામાં આવ્યા, લોહી અટકાવવામાં આવ્યું, અને એના મસ્તક તથા બાહુ પર પાટા બાંધવામાં આવ્યા. બીજે દિવસે એણે આરામ કરીને કાંઈક રાહત મેળવી એટલે પોતાની આપવીતી કહી સંભળાવી. એ નવયુવાન, સુશિક્ષિત અને બનતાં સુધી બ્રાહ્મણ હતો.

એણે જણાવ્યું : 'હું નિરક્ષરોને પત્રો તથા અરજીઓ લખી આપું છું. બે દિવસ પહેલાં હું મારા ગામથી કોઈક કામ માટે ટિહરી નગરમાં જવા માટે પગરસ્તે નીકળી પડ્યો. મારી સાથે મારો દસેક વરસનો નોકર હતો. ગઈ કાલે સાંજે લગભગ પાંચેક વાગ્યે હું બે રસ્તાઓની પાસે જઈ પહોંચ્યો. એક રસ્તો પર્વતની ટોચ પર આગળ વધીને રાજમહેલ તરફ જતો અને બીજો પર્વતની ખીણમાંથી ટિહરી તરફ આગળ વધતો. અચાનક મેં ભયંકર ઘુરકાટ સાંભળ્યો. મેં જોયું તો ઊંચે પર્વત પર વૃક્ષોની વચ્ચે એક વિશાળકાય કાળું રીંછ એનાં બે બચ્ચાં સાથે ઊભેલું. એ મારી તરફ જોરથી ધસી આવ્યું. એની ભયંકર ગર્જનાઓ ચાલુ જ હતી. મને થયું કે હવે બચવું કઠિન છે. દોડવું નિરર્થક છે. રીંછની આદતોથી હું માહિતગાર હોવાથી મેં મારી રક્ષા કરવાની તૈયારી કરી. મારી પાસે છત્રી સિવાય બીજું કોઈ શસ્ત્ર ન હતું. મારી સાથેના રડતા છોકરાને બચાવવા મેં મારી પાછળ ધકેલીને, મારા મુખને ડાબા હાથથી ઢાંકી દઈને, જમણા હાથે છત્રી આગળ કરી. એકાદ મિનિટમાં તો રીંછ પર્વતની ટોચ પરથી નીચે ઊતરી રસ્તા પર આવી પહોંચ્યું. એ નર નહિ પરંતુ માદા હતું. માદા સદાયે નર કરતાં વધારે ભયંકર અને ક્રૂર હોય છે. એણે મારા પર તરાપ મારી, માથા પર પંજો ફેરવ્યો અને મારા મોઢા અને હાથ પર નહોર માર્યા. મેં એના ક્રોધાતુર મુખ પર છત્રી રાખી તો પણ એણે મારાં કપડાં ફાડી નાખ્યાં. ત્રણચાર મિનિટ સુધીના સંઘર્ષ દરમિયાન રીંછે મને ભયંકર રીતે ઘાયલ કર્યો ત્યારે એને સંતોષ થયો અને એ એના બચ્ચા સાથે જંગલમાં પાછું વળ્યું. મેં છોકરાને ઈજામાંથી બચાવ્યો એનો મને આનંદ થયો. આખે રસ્તે લથડિયા ખાતો લોહી નીંગળતી દશામાં હું પછી અહીં પહોંચ્યો. '

એ અભાગી માનવીની કથા અનોખી હતી. એના પરથી પ્રત્યેક પર્વતીયને આ પ્રદેશમાં જેની માહિતી હોય છે તેને સમર્થન મળ્યું કે રીંછ માનવને મારી નાખતું નથી પરંતુ જીવનપર્યંત કુરૂપ અને અપંગ બનાવી દે છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૮. ઉપસંહાર

છેલ્લાં વીસ વરસ દરમિયાન અનેક વાર મેં ચા પીવાથી થતી પરમ પ્રસન્નતા અનુભવેલી. ચા પીવાની ટેવ એટલી બધી આરામપ્રદાયક લાગતી કે મેં આરામરહિત હિમાલયમાં પણ તે ચાલુ રાખેલી. મારું મન વિશ્રામની ક્ષણોમાં એની સાથે સંકળાયેલા તત્વજ્ઞાનનું મનન કરવામાં મશગૂલ રહેતું.

બૌદ્ધ ધર્મનો મને જેટલો પણ થયેલો તેટલો પરિચય પ્રદાન કરનારા પેલા બૌદ્ધ ધર્મગુરુએ જણાવેલું કે બર્મા, ચીન તથા જાપાનના અનેક બૌદ્ધ વિહારોમાં રાતભરના ધ્યાનના દીર્ઘકાલીન એકધારા અભ્યાસમાં અંતરાય ઊભો ન થાય તે માટે, નિદ્રામાંથી મુક્તિ મેળવવા એ આધ્યાત્મિક સાધનાની સમયમર્યાદા બને તેટલી વધારવા, સાધુઓને વારંવાર ચાના તાજા પ્યાલા પૂરા પાડવાની પ્રથા હતી એમણે આ વિશે વહેતી આવેલી એક વિચિત્ર, આકર્ષક છતાં માન્યામાં ન આવે એવી દંતકથા સંભળાવેલી. એમણે કહેલું કે બોધીધર્મ નામના એક દક્ષિણ ભારતીય સાધુએ આશરે છઠ્ઠા શતકમાં ચીનનો પ્રવાસ કરેલો. એ સાધુ કોરી દીવાલની આગળ ધ્યાન કરતા. મનના લયના સુદીર્ઘ સમય દરમિયાન એક દિવસ એમને જણાયું કે એ ઊંઘણશી બનતા જાય છે ત્યારે એમને ક્રોધ ચડ્યો. એમણે પોતાના દોષપાત્ર પોપચાં કાપીને દૂર ફેંકી દીધાં. એ પોપચાં જ્યાં પડ્યાં ત્યાં ઊગી નીકળ્યા અને તેમાંથી એકદમ અજાણ્યા છોડનો ઉદ્દભવ થયો. એ છોડનાં પાંદડાં માનવને જાગ્રત રાખવાની શક્તિથી સંપન્ન હતાં. એ દંતકથા દિલ બહેલાવનારી હોવા છતાં એનો તથ્યાંશ કેવળ એટલો જ હતો કે ચાના છોડનો ઉદભવ બોધીધર્મે જ્યાં મુકામ કરેલો ત્યાં દક્ષિણ ચીનમાં થયેલો. એમણે વખતના વીતવા સાથે ચાઆન અથવા ઝેમ નામના મહાન સંપ્રદાયની સ્થાપના કરી. એના અનુયાયીઓ જ્ઞાની હોવા ઉપરાંત આજે પણ પુષ્કળ પ્રમાણમાં ચા પીએ છે અને એનું નામ જ ચીની ભાષાના ચા શબ્દના પર્યાયરૂપ છે.

આધ્યાત્મિક વિકાસના માર્ગે આગળ વધનારા સાધકના જીવનમાં એવો તબક્કો પણ આવે છે જ્યારે ધ્યાન દ્વારા સાંપડતી અંદરની શાંતિમાં ભંગ પાડે એવું કોઈપણ પીણું ને પીવાની ઈચ્છા એને નથી થતી. એવા વિશિષ્ટ વખત દરમિયાન ચાનો પ્રભાવ પણ પ્રતિકૂળ પડે છે. એની પ્રતિકૂળ પ્રતિક્રિયામાંથી બચવા માટે એણે ઉપરાઉપરી પિવાતી કડક ચાની ટેવને તિલાજંલિ આપવી જોઈએ.

*

એક દિવસ વહેલી સવારે દૂરના ગગનમાં ગભરાવનારી અમંગલ ગેબી ગર્જનાઓ શરૂ થઈ. એ પાસે ને પાસે પહોંચતી વાવાઝોડા તથા તોફાનમાં પરિણમી. એ અવાજ ચોમાસાના જળપ્રલયના પૂર્વ સમાચારરૂપ અને ઋતુના શકવર્તી પરિવર્તનના પૂર્વ સંકેતરૂપ હતો. મારી ખુલ્લી બારીમાંથી ઠંડા પવનના સૂસવાટા ચાલવા માંડ્યાં. ધારેલા મોસમી મહેમાનનું આગમન એકદમ આકસ્મિક હતું. પાંચ મિનિટ પહેલાં તો મારા ટેબલ પર બેસીને હું બહારનો સુંદર સૂર્યપ્રકાશ નિહાળી રહેલો. હવે પડકાર કરનારા આક્રમણનો અવાજ સાંભળી મેં ફરી વાર ઉપર દૃષ્ટિપાત કર્યો. સૂર્યે વિદાય લીધેલી. આકાશ અગમવાણી સંભળાવતું ગણગણાટ કરવા માંડેલું. ધુમ્મસના સફેદ રૂ જેવા છૂટાછવાયા ગોટા પર ગોટા કોણ જાણે ક્યાંથી નીકળી પડ્યા અને ઊંડી ખીણમાં થઈને મકાન આગળ આવવા લાગ્યા. એમની ઉપરના પર્વતના ઉત્તુંગ શિખરો પર

કાળાં વરસાદી વાદળ ઊમટી પડ્યાં. એમણે એમના કાળા પડદાથી ઊંચા શિખરોને ઢાંકી દીધાં. કાળા અપારદર્શક ધુમ્મસ પર્વતોની પંક્તિઓની વચ્ચે વિમાનોની ટુકડીની પેઠે ફરવા માંડ્યાં. એમણે નીચેના અને આજુબાજુના સમસ્ત પ્રદેશને ગાઢ દૂધ જેવી સફેદ વરાળથી ઢાંકી દીધો. મારા માથા પર તોફાન ચડી આવ્યું, ગર્જના થવા માંડી, ને ચપલા ચમકવા લાગી. કાળા વાદળમાંથી વરસાદની ધારાઓ તૂટી પડી. આકાશમાંથી લાખો કરા ઊડતા મશીનની ઝડપથી નીચે ધરતી પર પડવા લાગ્યા. એમના અવાજ બંદૂકના અવાજનું સ્મરણ કરાવવા લાગ્યો. વરસાદ અભૂતપૂર્વ જુસ્સાથી પોતાની લાંબા વખતની ગેરહાજરીનું વેર વાળવા માંડ્યો.

*

મેં મારો સામાન બાંધી લઈને, મારી દૃષ્ટિ દક્ષિણ તરફ ફેરવીને આકર્ષક, આહ્લાદક આસમાન ને અસંખ્ય વાંકીચૂંકી પર્વતપંક્તિઓવાળી એ દુનિયા છોડીને, ફરી વાર એક અનિકેત પરિવ્રાજક તરીકે પ્રસ્થાન કરવાનો નિર્ણય કર્યો. કારણ કે ઋતુ બદલાવાની હતી, ઠંડી દિનપ્રતિદિન વધવાની હતી. મારા મકાનની આસપાસ સાત ફૂટ ઊંચો સફેદ બરફનો કોટ રચાવાનો હતો, અને શિયાળાના દિવસો દરમિયાન મકાનની અંદર આવવાના અને બહાર જવાના બધા જ રસ્તા બંધ પડવાના હતા. એ નાનકડું રાજ્ય એના ઐશ્વર્ય સાથે અલગ પડી જવાનું હતું. હિમાલયની પ્રચંડકાય પર્વતમાળાઓ વસંતઋતુના પુનરાગમન પર્યંત માનવની મુસાફરી માટે નકામી બનીને પુનઃ અને પરિપૂર્ણપણે કપાઈ જવાની હતી.

મેં મારું પર્વતીય એકાંત છોડ્યું તો ખરું પરંતુ ખેદપૂર્વક.

મને ખબર હતી કે ભાગ્યે મને સમુદ્રપારના પ્રદેશમાં સંશોધન માટે મોકલેલો. એ સંશોધનોએ હિમાલયના એકાંતમાં પ્રવેશ કરાવ્યો. હવે હિમાલય મને મેં છોડેલા વિશાળ વિશ્વના કોલાહલવાળા વાતાવરણમાં ફરી વાર મોકલવા માંડ્યો. વર્તુળ પૂરું થવા આવ્યું. મારા બાહ્ય નિવાસસ્થાનમાંથી હું અદૃશ્ય થઈ જાઉં, મનુષ્યોને મૂકી દઉં, અને સામાજિક જીવનના દાવાઓનો ત્યાગ કરું, એ વખતને હજુ વાર હતી.

હિમાલયમાંથી થનારી મુસાફરી કરતાં પણ મોટી મુસાફરી કરવાનો દિવસ આવશે ત્યારે પણ હું તેને માટે તૈયાર જ હોઈશ. મને ખાતરી હતી કે મને સાંપડેલી શાંતિ મારી સાથે મૃત્યુના જગતમાં પણ રહેવાની હતી અને વૈભવ તથા સંપત્તિ જે પ્રદેશમાં ન પ્રવેશે ત્યાં પણ મારો સાથ કરવાની હતી.

હિમાલયના સંદેશનો અર્ક કાઢવો હોય તો એ અર્કને મૌનમાં સમાવી લેવાય. એવું મૌન અથવા એની શાંતિ જેની અંદર ઈશ્વરનો શ્વાસ સમાયેલો છે. એ શાંતિમાં માનવજાતિને ઈશ્વરના અસ્તિત્વના પુરાવાની અને સર્વવ્યાપક, સર્વશક્તિમાન, સદાને માટે સક્રિય, પ્રકૃતિના સ્વામી, પરમાત્માની વાસ્તવિકતાની પ્રતીતિ થાય છે. મેં એ પ્રદેશમાં વસવાટ કર્યો હોવાથી મારે માટે જીવન સદાને માટે વધારે વિશાળ તથા ઉદાત્ત બનવાનું હતું.

એ પર્વતીય પ્રદેશમાંથી મારે સંભળાવવાના છેવટના સમાચાર પણ ખૂબ જ પુરાતન હતા- ઈશ્વરની સત્યતાના. પરમાત્મા મારે માટે કેવળ માન્યતાનો વિષય નહોતા રહ્યા. એ અપ્રકટ હોવા છતાં એક તથ્ય હતા. પ્રમાણભૂત, શ્રેષ્ઠ અને ઈન્કાર ન કરી શકાય એવા બનેલા.

મને એવું પણ સમજાયું કે મને જે ઉત્તમોત્તમ જ્ઞાન મળ્યું છે તે જ્ઞાન પરમાત્માને ઓળખવાનું અને સર્વસમર્પણ કરવાનું છે. એમને ઓળખવા માટે બાહ્ય જગતમાંથી નિવૃત થઈને એમના આવાસરૂપ અંતરંગ જગતમાં પ્રવેશવાનો પ્રયત્ન કરતાં આપણે રોજ થોડો વખત શાંતિપૂર્વક બેસતાં શીખવું જોઈએ.

મૃત્યુલોકના અપરિચિત આત્માઓ પોતાને સમજે એટલા માટે ઈશ્વર પોતાની વાણીનો સ્તર નીચો નહિ કરે. આપણે એમની ભાષા સમજવી જોઈએ અથવા એમના સંદેશ સિવાય આગળ વધવું જોઈએ. એ આપણી જાત કરતાં વધારે દૂર નથી જ.

એનું તારતમ્ય એ છે કે માનવે પોતાના સંભવિત મૃત્યુનો કદી શોક ન કરવો જોઈએ. અમરતાની આંકાક્ષા શોકરહિત થવાના સાધનરૂપ છે. અમરતાનો એ વિચાર અતીત કાળથી માંડીને આજ સુધી વહેવડાવવામાં આવ્યો છે તો પણ સાચો છે. પર્વતોના શિખર પર ચળકનારા પાતળા ધુમ્મસની પેઠે શરીર પણ શાંત થઈ જશે. પરંતુ એ પોતે દિવ્ય હોવાથી પોતાના અલગ અસ્તિત્વને સાચવી રાખશે. આત્માનો નાશ કદી નથી થતો.

મેં મૌન અથવા સનાતન શાંતિમાં પ્રવેશ કર્યો હોવાથી મને એ સમજાયું. મારા પર્વતીય સાધનાસ્થળમાં હું બેસતો ત્યારે કેટલીકવાર એવું લાગતું કે મારા શરીરની બહાર નીકળીને મારો આત્મા વાયુમંડળમાં ધીરેધીરે ઉપર ચડી રહ્યો છે. હું આજુબાજુના સઘળા પ્રદેશને, સઘળાં પરિચિત દ્રશ્યોને, અરણ્યને, પર્વતમાળાને, ખીણને તથા હિમાચ્છાદિત શિખરોને જોઈ શકતો. હું ઊંઘતો નહોતો અને સ્વપ્ન પણ નહોતો જોતો. તો પણ એક વાર મને નોકરે બોલાવ્યો ત્યારે એને સાંભળવા છતાં હું મારા હાથપગ ન હલાવી શક્યો. મારી આજુબાજુનાં વાતાવરણને એકદમ અલિપ્તભાવે અવલોકવા છતાં મારામાં બોલવાની કે હાલવા-ચાલવાની શક્તિ નહોતી રહી. મારું શરીર મૃત જેવું હોવા છતાં હું જીવંત હતો. એને લીધે મને ખાતરી થઈ કે મારાથી હજારો દલીલોનો સુખદ સામનો કરી શકાશે. એ અનુભવે મને બતાવ્યું કે માનવના મન અથવા અંતરાત્મા માટે જન્મ, મરણ તથા નિદ્રા દરમિયાન શરીરની બહાર અને અંદર સંચાર કરવાનું કેવી રીતે શક્ય છે.

પરમાત્માની પરમ શક્તિ એના સર્જનને કે બ્રહ્માંડને છોડીને ક્યાંય નથી ગઈ. એ સદા શાંતિપૂર્વક કાર્ય કરે છે. વિશ્વની અશાંતિના આ ઘોર સમયમાં આપણને એનું સ્મરણ અને ફરી ફરી સ્મરણ કરવા દો. આજની પરિસ્થિતિ ગમે તેવી હોય તો પણ, પરમાત્માના એ અદૃષ્ટ કાર્યને લીધે જ, મને ખાતરી છે કે માનવજાતિનો આવતી કાલનો ઈતિહાસ એની આજની ઉચ્ચોચ્ચ આશાઓને સાકાર કરશે. મને એવો વિશ્વાસ છે, અને જે શાંતિમાં પ્રવેશીને એના નિઃશબ્દ સ્વરને સાંભળશે એ પણ એવા વિશ્વાસથી સંપન્ન બનશે. એટલા માટે બીજા પદાર્થોને પકડવાનું યોગ્ય ન લાગે ત્યારે પણ આપણે આશાને વળગી રહીએ. દેવતાઓ વિજયી થશે ને વિજયી થવા જ જોઈએ.

હિમાલયે મને એવો સંદેશો પૂરો પાડ્યો. એવું જ્ઞાન પ્રદાન કર્યું.

મારા અંતિમ વાક્યરૂપ પેલા પવિત્ર ભક્તકવિના ઉદગારો હું જરા જુદી રીતે રજૂ કરીશ અને લખીશ કે : 'શાંત બનો અને અનુભવો કે હું ઈશ્વર છું. अहं ब्रह्मास्मि ।'

**(સમાપ્ત)**

## About the Author



(Aug 15th 1921 - Mar 18th 1984)

Author of more than hundred books, Mahatma Shri Yogeshwarji was a self-realized saint, an accomplished yogi, an excellent orator and an above par spiritual poet and writer. In a fascinating life spanning more than six decades, Shri Yogeshwarji trod the path of spiritual attainments single handedly. He dared to dream of attaining heights of spirituality without guidance of any embodied spiritual master and thus defied popular myths prevalent among the seekers of spiritual path. He blazed an illuminating path for others to follow.

Born to a poor Brahmin farmer in a small village near Ahmedabad in Gujarat, Shri Yogeshwarji lost his father at the tender age of 9. He was taken to a Hindu orphanage in Mumbai for further studies. However, God's wish was to make him pursue a different path. He left for Himalayas early in his youth at the age of 20 and thereafter made holy Himalayas his abode for penance for nearly two decades. During his stay there, he came across a number of known and unknown saints and sages. He was blessed by divine visions of many deities and highly illumined souls like Raman Maharshi and Sai Baba of Shirdi among others.

Yogeshwarji's experiences in spirituality were vivid, unusual and amazing. He succeeded in scaling the highest peak of self-realization resulting in direct communication with the Almighty. He was also blessed with extraordinary spiritual powers (siddhis) illustrated in ancient Yogic scriptures. After achieving full grace of Mother Goddess, he started to share the nectar for the benefit of mankind. He traveled to various parts of India as well as abroad on spiritual mission where he received enthusiastic welcome.

He wrote more than 100 books on various subjects and explored all form of literature. His autobiography 'Prakash Na Panthe' - much sought after by spiritual aspirants worldwide, is translated in Hindi as well as English. A large collection of his lectures in form of audio cassettes are also available.

For more than thirty years, Yogeshwarji kept his mother (Mataji Jyotirmayi) with him. Yogeshwarji was known among saints of his time as Matrubhakta Mahatma. Shri Yogeshwarji left his physical body on March 18th 1984, while delivering a lecture at Laxminarayan Temple, Kandivali in Mumbai.

Shri Yogeshwarji left behind him a spiritual legacy in the form of Maa Sarveshwari. It has been ages since we have come across a saint of Yogeshwarji's caliber and magnitude. His manifestation will continue to provide divine inspiration for the generations to come.

*

## શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

**આત્મકથા** પ્રકાશના પંથે ▪ પ્રકાશના પંથે (સંક્ષિપ્ત) ▪ **प्रकाश पथ का यात्री** ▪ Steps towards Eternity

**અનુવાદ** રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં ▪ હિમગીરીમાં યોગી

**અનુભવો** દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ **श्रेय और साधना**

**કાવ્યો** અક્ષત ▪ અનંત સૂર ▪ બિંદુ ▪ ગાંધી ગૌરવ ▪ સાંઈ સંગીત ▪ સનાતન સંગીત ▪ તર્પણ ▪ Tunes unto the infinite

**કાવ્યાનુવાદ** ચંડીપાઠ ▪ રામચરિતમાનસ ▪ રામાયણ દર્શન ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ શિવ પાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ વિષ્ણુસહસ્ત્રનામ

**ગીતો** ફૂલવાડી ▪ હિમાલય અમારો ▪ રશ્મિ ▪ સ્મૃતિ

**ચિંતન** બ્રહ્મસૂત્ર ▪ ગીતા દર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી ▪ શ્રીમદ્ ભાગવત ▪ યોગ દર્શન

**લેખ** આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Gita ▪ ગીતા તત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ પ્રભુ પ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ તીર્થયાત્રા ▪ યોગમિમાંસા

**ભજનો** આલાપ ▪ આરતી ▪ અભિપ્સા ▪ દ્યુતિ ▪ પ્રસાદ ▪ સ્વર્ગીય સૂર ▪ તુલસીદલ

**જીવનચરિત્ર** ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય

**પ્રવચનો** અમર જીવન ▪ કર્મયોગ ▪ પાતંજલ યોગ દર્શન

**પ્રસંગો** ધૂપ સુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંત સમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ

**પત્રો** હિમાલયનાં પત્રો

**પ્રશ્નોત્તરી** અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન

**નવલકથા** આગ ▪ અગ્નિપરીક્ષા ▪ ગોપીપ્રેમ ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ કૃષ્ણ રુકમિણી ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ પરિક્ષિત ▪ પરિમલ ▪ પ્રીત પુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગોનુયોગ

**સુવાક્યો** પરબડી ▪ સર્વમંગલ

**વાર્તાઓ** રોશની

☼ ☼ ☼ ☼ ☼